સ્વાધ્યાય

દીપોત્સવી
અને
વસંતપંચમી

વિ. સં. ૨૦૪૪-૪૫

પુસ્તક ૨૬

અંક ૧-૨

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

(વિગતો સમજવા માટે જુઓ આ અંકમાં
પૃ. ૨૦૮ ઉપરનો લેખ)

આકૃતિ ૧
ક્ષત્રપકાલીન મસ્તક
સાંદરા (દહેગામ)
જિ. અમદાવાદ

સંપાદક
રામકૃષ્ણ તુ. વ્યાસ
નિયામક,
પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

सत्यं शिवं सुन्दरम्

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

સ્વાધ્યાય

દીપોત્સવી અને વસંતપંચમી — પુસ્તક ૨૬ : અંક ૧, ૨

વિ. સં. ૨૦૪૪–૪૫ — નવેમ્બર ૧૯૮૮–ફેબ્રુઆરી ૧૯૮૯

અનુક્રમ

		પૃષ્ઠાંક
૧	અથર્વવેદમાં નિર્દિષ્ટ કેશવર્ધનના ઉપાયો—પ્રજ્ઞા એચ. ઠાકર	... ૧–૬
૨	વેદોમાં સૂર્ય—જયંતીલાલ કરુણાશંકર ભટ્ટ	... ૭–૧૨
૩	રૂપગોસ્વામીકૃત લલિતમાધવ–એક સમીક્ષા—શોભના મજમુદાર	... ૧૩–૧૪
૪	દેવલનિર્દિષ્ટ સાંખ્યયોગના પ્રાચીન તન્ત્રગ્રન્થો—મુકુંદ લાલજી વાડેકર	... ૧૫–૨૨
૫	'યજ્ઞફલમ્'—કર્તૃત્વનો પ્રશ્ન—આર. પી. મહેતા	... ૨૩–૩૨
૬	आदिशंकर भगवत्पादानां मातृभक्ति:—વાસુદેવ વિ. પાઠક	... ૩૩–૩૬
૭	કાવ્યમાં દોષો અને અનૌચિત્ય—અરુણા કે પટેલ	... ૩૭–૪૨
૮	સૌન્દરનન્દ અને બુદ્ધિચરિતનું વિશ્લેષણ–કેટલાક સમાન અંશો—વિજયકુમાર એલ. પંડિત	... ૪૩–૪૬
૯	અભિજ્ઞાન શાકુંતલમાં અનપત્યતા—વસંત સી. પટેલ	... ૪૭–૫૨
૧૦	કાવ્યપરીક્ષામાં કાવ્યવ્યાખ્યા–એક પરીક્ષણ—જાગૃતિ પંડ્યા	... ૫૩–૫૮
૧૧	નાથસંપ્રદાય—યશવંત પી. મૂસળે	... ૫૯–૬૪
૧૨	કવિ સંતકૃત દશમસ્કંધ—કુમુદ પરીખ	... ૬૫–૭૦
૧૩	સંસ્કૃત કવિઓનો કાવ્યચૌર્ય પ્રત્યે આક્રોશ—વિનોદ પી. પંડ્યા	... ૭૧–૭૬
૧૪	પ્રાચીન ભારતમાં ગુલામી પ્રથા—એમ. આર. પટેલ	... ૭૭–૮૪
૧૫	'સત્યમ્ શિવમ્ સુંદરમ્' એક વિવરણ—પ્રદીપસિંહ ચૂંડાવત	... ૮૫–૯૦
૧૬	છોટાઉદેપુરવિસ્તારના આદિવાસી મેળાઓ—સનત ભટ્ટ	... ૯૧–૯૪

		પૃષ્ઠાંક
૧૭	શ્રીમંત મલ્હારરાવ ગાયકવાડ વિશેનું એક ઐતિહાસિક કાવ્ય —વિજયા લેલે	... ૯૫-૧૦૨
૧૮	અમદાવાદનો સમુદ્રકિનારો અને તેની વસવાટ પર અસરો —આર. એન. મહેતા અને ડૉ. રસેશ જમીનદાર	... ૧૦૩-૧૧૨
૧૯	ક્ષત્રપકાલીન મસ્તક—રજની ત્રિવેદી	... ૧૧૩-૧૧૪
૨૦	પ્રાચ્યવિદ્યા મંદિર એક પરિચય—હસુ યાજ્ઞિક	... ૧૧૫-૧૧૮
૨૧	ગ્રન્થાવલોકન	... ૧૧૯-૧૩૩
૨૨	સાભાર સ્વીકાર	... ૧૩૪-૧૩૫

સ્વાધ્યાય

દીપોત્સવી, વસંતપંચમી વિ. સં. ૨૦૪૪-૪૫ પુસ્તક ૨૬

નવેમ્બર ૧૯૮૮–ફેબ્રુઆરી ૧૯૮૯ અંક ૧-૨

અથર્વવેદમાં નિર્દિષ્ટ કેશવર્ધનના ઉપાયો

પ્રજ્ઞા એચ. ઠાકર*

આપણા વેદ, વિશ્વનું કાલાતીત દર્શન છે. તેમાં પણ અથર્વવેદ તો જીવનવિજ્ઞાનનો વેદ હોઈ, જનસમાજનો વેદ કહેવાયો છે. એમાં માનવીની નિરામયતા, તથા સ્વાસ્થ્ય વિશે પણ ઘણું ચિંતન અને પ્રયોગો દેખાય છે.

અથર્વવેદના અનુશીલન ઉપરથી સ્પષ્ટ થાય છે કે તત્કાલીન સમયમાં ઔષધિવિજ્ઞાન પૂરતા પ્રમાણમાં વિકસિત હતું, જે દીર્ઘકાલીન અનુભવ અને પ્રયોગોના પરિણામનું પરિચાયક છે. આયુર્વેદીય ચિકિત્સાવિજ્ઞાનનાં મૂળ અથર્વવેદમાં રહેલાં છે. તેથી જ તો આયુર્વેદને અથર્વવેદનો ઉપવેદ કહે છે.

ચારે ય વેદો પૈકી સૌથી વધુ ઓષધિઓ અથર્વવેદમાં બતાવવામાં આવેલ છે. ઋગ્વેદમાં ૬૭ ઓષધિઓનાં નામ મળે છે. યજુર્વેદમાં–૮૧, અને અથર્વવેદમાં ૨૮૯ ઓષધિઓનાં નામ મળે છે; જ્યાં તેના ગુણ તથા તેની અસરો વગેરેની પણ ચર્ચા છે. વળી મંત્રના જાપમાત્રથી જ માનવીના રોગ દૂર થઈ જાય છે એવું નથી, પરંતુ જે તે મંત્રમાં વર્ણવેલ ઓષધિના પ્રયોગથી તે રોગી ઉપર મનોવૈજ્ઞાનિક અસર પડે છે અને રોગીનો રોગ દૂર થતાં તે શક્તિશાળી બને છે. આ અંગેની ચર્ચા, વિવિધ રોગના ઉપચારો વગેરે અથર્વવેદમાં જોવા મળે છે. તે જ રીતે માથાના વાળની સંભાળ વિશે પણ ઋષિઓએ વિચાર્યું છે.

અથર્વવેદમાં તંદુરસ્ત, મજબૂત, લાંબા, કાળા ને સુંવાળા વાળ માટે ઉપયોગી વનસ્પતિઓનાં વર્ણનો પ્રાપ્ત થાય છે. તે અંગેનું સંશોધન એ પ્રસ્તુત અભ્યાસલેખનો વિષય છે.

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર ૧૯૮૮-ફેબ્રુઆરી ૧૯૮૯, પૃ. ૧-૬.

* મહર્ષિવેદ વિજ્ઞાન અકાદમી, અમદાવાદ.

અથર્વવેદમાં[1] કેશવર્ધિની વનસ્પતિ અંગેનાં કુલ ચાર સૂક્તો પ્રાપ્ત થાય છે. તે આ પ્રમાણે છે. છઠ્ઠાકાંડના સૂક્ત-૨૧ (મંત્ર-૨-૩), સૂક્ત-૩૦ (મંત્ર-૩), સૂક્ત-૧૩૬ (મંત્ર-૧થી ૩) અને સૂક્ત-૧૩૭ (મંત્ર-૧થી ૩), જે આપણે ક્રમશઃ જોઈશું.

પ્રથમ બે સૂકતો-(૧૩૬, ૧૩૭)માં વાળની વૃદ્ધિ કરનારી 'नितत्नी' ઓષધિનું વર્ણન મળે છે. તેમાં સ્પષ્ટ રીતે દર્શાવાયું છે કે, હે દિવ્ય ઓષધિ નિતત્ની! જમીન પર ફેલાયેલી એવી તને અમે વાળને દૃઢ બનાવવા માટે ખોદીએ છીએ.[2] હે ઓષધિ! તું સફેદ થઈ ગયેલ વાળને દૃઢ કર; જ્યાં ટાલ હોય ત્યાં પણ વાળ ઉત્પન્ન કર. અને જ્યાં ઊગેલા વાળ છે તેને તું વધુ લાંબા બનાવ.[3] વાળને વધારવા તેમજ દૃઢ કરવાની ઇચ્છાવાળાઓ! તમારા ખરી પડતા તેમજ મૂળથી જ તૂટી પડતા વાળને, કેશદોષને દૂર કરનારી લતાના રસથી સીંચવું છું[4] અર્થાત્ આ ઓષધિ લગાવવાથી વાળના તમામ દોષો (રોગો) દૂર થઈ જાય છે અને વાળ સુદૃઢ બને છે.

આગળ એવું પણ વર્ણન છે કે વાળને વધારનારી, જમદગ્નિએ પોતાની પુત્રી માટે ખોદેલી તેને જ આયુર્વેદના જ્ઞાતા પુરુષે અસિતોના પરિવારો માટે પ્રાપ્ત કરી છે.[5] જે વાળ આંગળીઓથી માપી શકાતા હતા તે આ ઓષધિના સેવનથી હાથ વડે માપી શકાય તેવા લાંબા થઈ ગયા છે.[6] હે ઓષધિ નિતત્ની! વાળને મજબૂત કર. આગળના વાળને વધુ દૃઢ કર. મધ્યભાગને પણ મજબૂત બનાવ. તારા મસ્તક પર કાળા વાળ નડ ઘાસની જેમ વધો,[7] જેથી તે કયાંયથી તૂટે નહીં. આ ઓષધિથી વાળ ટૂંકા ગાળામાં વધુ લાંબા બને છે તેવું નડ ઘાસના ઉલ્લેખ ઉપરથી લાગે છે.

---

१ (पं.) सातवलेकर श्रीपाद दामोदर, अथर्ववेदका सुबोधभाष्य–द्वितीय भाग, काण्ड–४ से ६ स्वाध्यायमंडण, पारडी, द्वितीयआवृत्ति–१९५८નો ઉપયોગ પ્રસ્તુત લેખમાં કરવામાં આવ્યો છે.

૨ અથર્વ-૬-૧૩૬-૧—देवी देव्यामधि जाता पृथिव्यामस्योषधे । तां त्वा नितत्नि केशेभ्यो दृंहणाय खनामसि ॥

३ અથર્વ-૬-૧૩૬-૨—दृंह प्रत्नान् जनयाजातान् जातानु वर्षीयसस्कृधि ॥

४ અથર્વ-૬-૧૩૬-૩—यस्ते केशोऽवपद्यते समूलो यश्च वृश्चते । इदं तं विश्व भेषज्याभिषिञ्चामि वीरुधा

૫ અથર્વ-૬-૧૩૭-૧—यां जमदग्निरखनद् दुहित्रे केशवर्धनीम् । तां वीतहव्य आभेरदसितस्य गृहेभ्यः ॥

૬ અથર્વ-૬-૧૩૭-૨, ૩—अभीशुना मेया आसन् व्यामेनानुमेयाः । केशा नडा इव वर्धन्तां शीर्ष्णस्ते असिताः परि ॥ २ ॥

૭ "–"—दृंह मूलमाग्रं यच्छ वि मध्यं यामयौषधे । केशा नडा इव वर्धन्तां शीर्ष्णस्ते असिताः परि ॥ ३ ॥

આ 'નિતત્ની' ઓષધિ કેશને દૃઢ કરનારી તથા બલદાતા ઓષધિ છે. **देवी, चुपुणिका** વગેરે તેના પર્યાય છે. તે જમીનની અંદરના ભાગમાં ફેલાયેલી ઓષધિ છે. સાયણે તેનો અર્થ કર્યો છે—'**न्यक् प्रसरणशीला ओषधि: ; काकमाचीप्रभृति ओषधि:**।[८]' આમ કહી સાયણે નિતત્ની દ્વારા '**काकमाची**' ઓષધિનો ઉલ્લેખ કર્યો હોય તેમ લાગે છે. વળી કૌશિક તથા સાયણે વાળના રોગને દૂર કરવા માટે **काकमाची, जीवन्ती** તથા **भृंगराज**નો પ્રયોગ પણ બતાવ્યો છે. વળી **राजनिघण्टु** પ્રમાણે '**देवी**' ઓષધિ - **मूर्वा, स्पृक्का, सहदेवी, देवद्रोणी, केसर** અને **आदित्यभक्ता** એમ ૭ ઓષધિઓ તરીકે ઓળખાય છે તેમજ **काकमाचि**નો અર્થ **काकदनी** પણ લઈ શકાય, કારણ કે **राजनिघण्टु** અનુસાર તેને '**केश्या**' ગણવામાં આવી છે. **नितत्नी** ઓષધિને **केशदृंहणी** તથા **केशवर्धिनी** તરીકે પણ ઓળખવામાં આવે છે.

જો કે હાલમાં આ ઓષધિ ક્યાં ઉત્પન્ન થાય છે, તેનું આધુનિક નામ શું હશે તે સંશોધનનો વિષય છે. પારસ્કર ગૃહ્યસૂત્રમાં ૧/૨૧માં પણ વાળને વધારવા તથા દૃઢ કરવા માટે **काकमाचीफल**ની સાથે ભૃંગરાજને ભેળવી તેનો લેપ દિવસ-રાત કરવો તેમ જણાવ્યું છે.

काकमाचीને ગુજરાતીમાં 'પીલુડી'ના નામે ઓળખવામાં આવે છે. ગિરજાશંકર શાસ્ત્રી દ્વારા અનુવાદિત આયુર્વેદના ઇતિહાસમાં 'દેવીતિતલી' નામની ઓષધિનું કેશ વધારવાના ઉપાય રૂપે વર્ણન છે. તેના ઉપરથી એમ લાગે છે કે 'દેવીતિતલી' એ જ નિતત્ની હશે? કારણ 'દેવીતિતલી' ઓષધિ જણાવી અથર્વવેદના કાંડ-૬, સૂક્ત-૧૩૬-૧૩૭નો સંદર્ભ આપેલ છે અને તે સૂક્તોમાં વાળ વધારનાર **नितत्नी** ઓષધિનું વર્ણન છે. એટલે 'દેવીતિતલી' એ '**नितत्नी**'નું ગુજરાતી નામ હોઈ શકે તેમ લાગે છે.

સૂક્ત-૨૧માં '**रेवती**'[૯] નામની એક અન્ય વાળ વધારનાર વનસ્પતિનો ઉલ્લેખ મળે છે. ત્રણ મંત્રોમાં તેનું વર્ણન છે. તેમાં બળ વધારનારી તેમજ વાળને મજબૂત બનાવનાર અને વૃદ્ધિ

---

૮ शर्मा प्रियव्रत आचार्य, द्रव्यगुणविज्ञान-चतुर्थभाग, चौखम्बा, भारती अकादमी, गोकुलभवन, के-३७/१०९, गोपालमंदिर लेन, वाराणसी, द्वितीय आवृत्ति, १९७७, पृष्ठ नं. २, જુઓ 'नितत्नी'

૯ અથર્વવેદ—સૂક્ત-૨૧, મંત્ર-૧ થી ૩

इमा यास्तिस्रः पृथिवीस्तासां ह भूमिरुत्तमा ।
तासामधि त्वचो अहं भेषजं समु जग्रभम् ॥ १ ॥
श्रेष्ठमसि भेषजानां वसिष्ठं वीरुधानाम् ।
सोमो भग इव यामेषु देवेषु वरुणो यथा ॥ २ ॥
रेवतीरनाधृषः सिषासवः सिषासथ ।
उत स्थ केशदृंहणीरथो ह केशवर्धनीः ॥ ३ ॥

કરનાર તરીકે ' रेवती 'ને વર્ણવવામાં આવી છે. તેને સર્વ ઓષધિઓમાં શ્રેષ્ઠ કહી છે. તે ત્વચાના રોગ માટે પણ ઉત્તમ ઓષધિ છે. આ ઓષધિ પણ આજકાલ ક્યાંય જોવા મળતી નથી અથવા કાળના પ્રવાહમાં તેનું તે નામ ભૂંસાઈ જતાં આજે કદાચ તે અન્ય નામે પણ ઓળખાતી હોય એ શક્ય છે, જેથી આપણે તેનાથી અનભિજ્ઞ રહ્યા છીએ.

સૂક્ત ૩૦માં ' शमी ' તેમજ ' शतावरी 'નો ઉલ્લેખ પણ જોવા મળે છે. તે આ પ્રમાણે છે. હે शमी ઓષધિ! તારો આનંદદાયક રસ કેશ વધારનારો છે, જેનાથી લોકો પ્રસન્ન થાય છે. તારી આસપાસ ઊગેલાં અન્ય વૃક્ષોને તારી પાસેથી હું દૂર કરું છું, જેથી તું અનેક શાખાઓવાળી થઈને વધતી રહે.[૧૦] આગળ કહે છે – હે મોટા પત્તાવાળી ઉત્તમ તેજસ્વી શતાવરી, શમિ! માતા પુત્રને પ્રેમ કરે તેમ તું કેશને સુખ આપ.[૧૧] આ મંત્રમાં વાળની રક્ષા અને વૃદ્ધિ કેવી રીતે થાય તે દર્શાવ્યું છે.

' वैदकशब्दसिन्धुः 'માં ' शमी 'ના પર્યાય તરીકે शक्तुफला, केशहन्त्री, लक्ष्मी, शमीर, केशमथनी વગેરે દર્શાવ્યા છે. ગુજરાતીમાં તેને ખીજડો, ખીજડી કે સમડી કહે છે. આ ઉપરાંત તે बृहत्पलाश, सुभगा તથા ऋतावरी તરીકે પણ જાણીતી છે. राजनिघण्टु પ્રમાણે शमीને–' स्वादु, रुक्षम् उष्णं केशघ्नञ्च ' અર્થાત્ સ્વાદિષ્ટ, રુક્ષ, ઉષ્ણ તથા કેશનો નાશ કરનારી કહી છે, જ્યારે सुश्रुत सूत्रपाठ–४६ अमां–' शमीफलं गुरु स्वादु रुक्षीणं केशनाशनम् ' અર્થાત્ ' शमी 'નું ફળ મોટું તેમજ સ્વાદિષ્ટ હોય છે. તે રુક્ષ થઈ ગયેલા વાળનો નાશ કરનાર પણ છે તેવો ઉલ્લેખ મળે છે. એટલે કે રુક્ષ થયેલા વાળનો નાશ કરી તે જગ્યાએ નવા વાળ ઉગાડવાનું કામ શમી કરે છે એમ કહી શકાય.

આમ આ સૂક્તમાં शमी તથા शतावरीની પ્રશંસા કરી છે. शतावरी પણ બળવર્ધક તથા વાળ વધારનારી છે. वरी, नारायणी, अतिरसा તથા केशिका એ નામોથી પણ ઓળખાય છે. આમ અથર્વવેદનાં ચાર સૂક્તોમાં કેશ વધારનારી વનસ્પતિઓના પ્રયોગ જોવા મળે છે.

---

૧૦ અથર્વ—૬/૩૦/૨

यस्ते भेदाऽवकेशो विकेशो येनाभिहस्यं पुरुषं कृणोषि ।

आरात् त्वदन्या वनानि वृक्षि त्वं शमि शतवेल्शा विरोह ॥

૧૧ અથર્વ—૬/૩૦/૩

बृहत्पालाशे सुभगे वर्षवृद्ध ऋतावरि ।

मातेव पुत्रेभ्यो मृड केशेभ्यः शमि ॥

આ ઉપરાંત કેશ કાળા કરવા માટેનો એક પ્રતીકાત્મક પ્રયોગ અથર્વવેદના કૌશિકસૂત્રમાં[૧૨] પણ બતાવ્યો છે. નિતત્નીના ફળનું **जीवी** અને **मलाका** એ બંને છોડવા સાથેનું મિશ્રણ બનાવવામાં આવે છે. તે મિશ્રણને, જેણે કાળું અન્ન ખાધું હોય તેમજ કાળાં કપડાં પહેર્યાં હોય તેવો વૈદ્ય કાગડા જાગે તે સમયે દર્દીના માથા ઉપર સીંચે છે. અહીં કાળા રંગનો ઉલ્લેખ તે કાળા વાળનું પ્રતીક છે. વળી સાયણ **जीवन्ती**ના બદલે **जीवी** શબ્દનો પ્રયોગ કરે છે. જ્યારે '**मलाका**'ના બદલામાં '**भृंगराज**' શબ્દ વાપરે છે. આ પ્રયોગ પરથી એવું સ્પષ્ટ થાય છે કે **नितत्नी**નું ફળ, **जीवन्ती**નું ફળ તથા **भृंगराज** (ભાંગરો) એ ત્રણેયનું મિશ્રણ વાળ વધારે છે તેમજ દૃઢ બનાવે છે.

કૌશિકસૂત્ર[૧૩] ૩૦–૮–૯–૧૦માં જણાવે છે કે (**केशवृद्धिकामम्–सायाग**) અર્થાત્ કેશ વધારવાની ઈચ્છાવાળી વ્યક્તિએ આ મંત્ર બોલતાં બોલતાં (ઝાડની નીચે ઊગેલાં), જમીન પર ઊગેલા છોડવાને બાળીને ગરમ કરેલ પાણી વડે વાળને ધોવાથી વાળની વૃદ્ધિ થાય છે. તેમજ '**निकटा**' નામના છોડમાંથી બનાવેલ પ્રવાહીમાંથી પણ માથું ધોવામાં આવે છે. Nikatā–Plantsનો અર્થ કેશવ '**दारुहरिद्राहरिद्रे च द्वाभ्यां क्वाथयित्वा अवसिञ्चति ।**' અર્થાત્ 'હળદર' અને 'દારુ હળદર' એવો કરે છે. જ્યારે સાયણાચાર્ય **निकटा**નો અર્થ–**हरिद्राक्वाथोदकेन अवसिञ्चेत् ।**' એવો કરે છે. આ **निकटा** ઓષધિ પીળા રંગની હોવી જોઈએ. કારણ કે કેશવ અને સાયણ મુજબ તેનો yellow curcuma એવો અર્થ થાય છે.

આ પ્રયોગ પરથી એમ લાગે છે કે **निकटा, भृंगराज** તથા **नितत्नी**ના ફળના મિશ્રણથી વાળ લાંબા તથા કાળા બને છે. છતાં નિતત્નીનો સ્પષ્ટ અર્થ અથવા તો તે અત્યારે કયા નામે ઓળખાતી હશે તે કહી શકાય તેમ નથી. કારણ ઓષધિઓની સંખ્યા હજારોમાં હતી. તેને જાણનાર ઘણા હતા. તેમ છતાં ઘણી ઓષધિઓ અજ્ઞાત રહી હતી. આ લેખમાં દર્શાવેલ **रेवती** તથા **नितत्नी** નામની વનસ્પતિઓ પણ દેશ, કાળ અને પરિસ્થિતિ પ્રમાણે જુદાં જુદાં નામોથી ઓળખાતી હોય તે બનવા જોગ છે.

---

12 Bloomfield Maurice, The Kauśika Sūtra of Atharva Veda–Motilal Banarasidass, Delhi, first Edition–1889 (Reprint–1972)–31/28.

देवी देव्यां यां जमदग्निरिति मन्त्रोक्ता फलं जीव्यलोकाभ्याममावास्यायां कृष्णवसन: कृष्णभक्ष: पुरा काकसंपातादवनक्षत्रेऽवसिञ्चति ॥

१३ कौशिकसूत्रम् ३०/८,९,१०

शीर्षं फाण्टाक्षै: ॥९॥, निकटाभ्याम् ॥१०॥
रमा यास्तिस्र इति वृक्षभूमौ जाताज्वालेनावसिञ्चति ॥८॥

આમ અથર્વવેદમાં ઓષધિઓનાં અંગપ્રત્યંગનું સુંદર વિવેચન જોવા મળે છે. એ યુગમાં ઋષિઓનું ઓષધિજ્ઞાન કેટલું ઊંડું હતું તે આ વેદના અભ્યાસ પરથી જોઈ શકાય છે જે દ્વારા અથર્વવેદ આયુર્વેદનો એક પ્રાચીનતમ સ્રોત જણાય છે.

અથર્વવેદનું અધ્યયન પ્રાચીન ભારતીય જીવનની દૃષ્ટિએ ખૂબ ઉપયોગી છે, કારણ જન્મથી માંડી મૃત્યુપર્યંત અને મૃત્યુ પછી પણ જીવન વિશેની અનેક વાતો કાવ્યાત્મક રીતે આ વેદમાં વર્ણવી છે તેવી અન્ય ક્યાંય જોવા મળતી નથી. તેમાં આત્મચિંતન અને બ્રહ્મચિંતનની બાબતમાં પણ અન્ય સંહિતાઓ કરતાં વધારે જાણવા મળે છે. જો ઋગ્વેદમાં પ્રાચીન ભારતનો જ્ઞાનરાશિ છે, તો તેની સંજીવની શક્તિ અથર્વવેદમાં રહેલી છે.

વેદોમાં સૂર્ય

જયંતીલાલ કરુણાશંકર ભટ્ટ*

આર્યો અનાદિકાળથી પંચદેવ (ગણેશ, વિષ્ણુ, રુદ્ર, દેવી અને સૂર્ય)ની પૂજા કરતા આવ્યા છે. પ્રત્યેક સંસારી કોઈને કોઈ દેવની ઉપાસના દ્વારા શાન્તિ પ્રાપ્ત કરવા મથે છે. ઉપાસના કે ભક્તિથી આત્મતુષ્ટિ અને બીજાનું અનિષ્ટ ન થાય તેવી એક ભદ્ર વિચારસરણિ જન્મે છે. પ્રાચીનકાળમાં જ્યારે સંસ્કૃતિ અને સભ્યતાનો વિકાસ ન હતો ત્યારે પણ આર્યો પ્રકૃતિનાં તત્ત્વોની પૂજા કરીને અનિષ્ટોથી બચવા કોશિશ કરતા હતા. તેમાંથી ધીમે ધીમે મનુષ્યે વિકાસ સાધ્યો અને પંચદેવની સવિધિ પૂજા શરુ થઈ તેમાંપણ 'સૂર્યનારાયણ' એ સાક્ષાત્ દેવ હોઈને ઋષિ-મુનિઓથી આરંભીને સહુ સાધારણ લોકો પ્રાતઃકાળમાં ભગવાન ભુવનભાસ્કરને અર્ઘ્ય આપી કૃતાર્થતા અનુભવતા હતા. 'સંધ્યા' આમ નિત્યકર્મમાં સમાવેશ પામી.

ભગવાન સૂર્ય પ્રત્યક્ષ દેવ છે. આપણે નિત્ય સૂર્યોપાસના કરીએ છીએ. કારણ કે સૂર્ય એ આપણાં શુભાશુભ કર્મોના સાક્ષી દેવ છે.[1] આપણું કોઈ કર્મ સૂર્યથી અદૃશ્ય નથી. પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયંકાળ ત્રિપદા ગાયત્રીના માધ્યમથી આપણે સૂર્યનારાયણની ઉપાસના કરીએ છીએ.

સૂર્ય આરોગ્યના અધિષ્ઠાતા દેવ છે. મત્સ્યપુરાણ પ્રમાણે[2] આરોગ્યની કામના સૂર્ય પાસેથી કરવી. વેદો કહે છે કે પરમાત્માની આંખોમાંથી સૂર્યની ઉત્પત્તિ થઈ છે.[3] ભગવાન સૂર્યની પૂજામાં પ્રયુક્ત પ્રચલિત અને પ્રિય મંત્ર

आकृष्णेन रजसा वर्तमानो निवेशयन्नमृतं मर्त्यं च ।
हिरण्मयेन सविता रथेना देवो याति भुवनानि पश्यन् ॥ (ઋગ્વેદ ૧.૩૫.૨)

સૂર્ય વિષે ઘણી સુંદર માહિતી આપે છે. કૃષ્ણવર્ણ રજોગુણ દ્વારા તેઓ સંસારમાં મરણ અને અમરત્વ બન્નેના નિયામક (Controller) છે. સોનાના રથમાં બેસીને તે હમેશાં ભુવનમંડલમાં

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર ૧૯૮૮- ફેબ્રુઆરી ૧૯૮૯, પૃ. ૭-૧૨.

* સંસ્કૃત વિભાગ, મહર્ષિ વેદવિજ્ઞાન અકાદમી, અમદાવાદ.

१ ॐ नमो विवस्वते ब्रह्मन् भास्वते विष्णुतेजसे ।
जगत्सवित्रे शुचये नमस्ते कर्मसाक्षिणे ॥ (આદિત્યહૃદય શ્લોક-૪)

२ आरोग्यं भास्करादिच्छेत् । (મત્સ્યપુરાણ ૬૭.૭૧)

३ चक्षोः सूर्योऽजायत । (ઋગ્વેદ ૧૦.૯૦.૧૩)

ભ્રમણ કરે છે. સમસ્ત જગતના તે '**પ્રેક્ષક**' અને '**પ્રેરક**' છે. ચૌદ ભુવનોને નિહાળતા તે પોતાનો વ્યવહાર ચલાવે છે તેથી જ મહર્ષિ પતંજલિએ 'યોગદર્શન' 'વિભૂતિપાદ'(૨૬)માં કહ્યું છે –'**भुवनज्ञानं सूर्ये संयमात्**' અર્થાત્ સૂર્યમાં સંયમ કરવાથી સમસ્ત ભુવનોનું જ્ઞાન થાય છે. ૨૭ નક્ષત્રો, ૧૨ રાશિઓ અને નવગ્રહો બધાં જ 'સૂર્ય'ના આધિપત્યમાં કામ કરે છે. તેથી જ તો **सूर्य आत्मा जगतस्तस्थुषश्च**। (ઋગ્વેદ ૧.૮.૭.૧ અને શુક્લ યજુર્વેદ ૭.૪૨) સૂર્ય એ સ્થાવર-જંગમ સમગ્ર પ્રાણીમાત્રનો આત્મા છે એમ વેદો કહે છે.

વેદોમાં સૂર્યનાં અનેક નામો છે. તેમાં 'સવિતા' પણ એક નામ છે. ગાયત્રી મન્ત્રના તે દેવતા છે. **भानुर्हंसः सहस्रांशुस्तपनः सविताऽऽ रविः** (અમરકોશ ૧.૩.૩૮) એ સૂર્યના પર્યાયવાચી શબ્દો છે. 'સવિતા' એટલે સૂર્ય છે કે સૂર્યમંડલાન્તર્ગત સૂર્યાભિમાની વિશિષ્ટ ચેતન દેવતા છે. **योऽसावादित्ये पुरुषः सोऽसावहम्** (શુક્લ યજુર્વેદ સંહિતા ૪૦.૧૭) અર્થાત્ જે આદિત્યમાં પુરુષ છે તે હું પોતે જ છું આમ સૂર્ય સાક્ષાત્ બ્રહ્મ છે.

'સૂર્ય' શબ્દની વ્યુત્પત્તિ યાસ્કએ પોતાના 'નિરુક્ત'માં **सूर्यः सर्तेर्वा सुवतेर्वा स्वीर्य्यतेर्वा**। (નિરુક્ત ૧૨-૧૪) કરી છે. સિદ્ધાન્તકૌમુદીના 'કૃત્યપ્રકરણ'માં **राजसूय-सूर्यमृषोद्यरुच्यकुप्यकृष्टपच्याव्यथ्याः**। (પા. સૂ. ૩.૧.૧૧૪) દ્વારા '**सृ**' **गतौ** ધાતુથી **सरत्याकाशे इति सूर्यः** એ વિગ્રહમાં **कर्तरि क्यप्** થતાં નિપાતનથી ઉત્વ થતાં **हलि च** (પા. સૂ. ૮.૨.૭૭)થી દીર્ઘ થઈને 'સૂર્ય' રૂપ બન્યું છે. બીજી રીતે **षू प्रेरणे** પ્રેરણાર્થક (તુદાદિ છઠ્ઠો ગણ) ધાતુમાંથી **सुवति कर्मणि लोकं प्रेरयति इति** '**सूर्यः**'માં '**क्यप्**' પ્રત્યય કરી 'રુટ્' આગળ કરીને '**सूर्यः**' રૂપ બનાવાય છે. બીજી પણ નીચે પ્રમાણે અનેક નિરુક્તિઓ બને છે.

सते श्रियमिति सूर्यः (વિષ્ણુસહસ્રનામ ૧૦૭ પરનું ભાષ્ય) તથા **स्वरति आचरति स्वीर्य्यते अर्च्यते भक्तैरिति सूर्यः** (નિઘંટુ–૩.૧) પણ એક સરસ વ્યુત્પત્તિ છે. બૃહદ્દેવતા ૭.૧૨૮.૧માં એક સરસ વ્યુત્પત્તિ રજૂ થયેલી છે.[૪] એટલે સૂર્ય સમગ્ર સંસારને પ્રેરણા આપનાર સાક્ષીસ્વરૂપ તથા ગતિશીલ ચેતનદેવ છે. આ સંપૂર્ણ વિશ્વ સૂર્ય ઉપર આશ્રિત છે. પરબ્રહ્મ પરમાત્માના પ્રતીકસ્વરૂપે ભગવાન સૂર્યનારાયણ છે. પ્રમુખ વૈદિકોપાસનાઓમાં સૂર્યોપાસનાને શ્રેષ્ઠ ગણી છે. માનવજીવનનાં નિત્ય–નૈમિત્તિક–કામ્યાદિ બધાં કર્મોનો મૂળ આધાર સૂર્યનારાયણ છે. ચાર પ્રકારના કાળ (માનુષકાળ, પિતકાળ, દેવકાળ અને બ્રાહ્મકાળ)ના નિયામક સૂર્ય જ છે. દિવસ અને રાત, શુક્લ અને કૃષ્ણોથી, છ ઋતુઓ અને ૧૨ માસના નિયામક પણ સૂર્યનારાયણ જ છે.

---

૪ **सूर्यं सरति भूतेषु सुवीरयति तानि वा ।**
सु ईर्यत्वाय यो ह्येषः सर्वकर्माणि सन्दधत् ॥

(બૃહદ્દેવતા ૭.૧૨૮.૧)

આવા સૂર્યનારાયણ વિષે વેદોમાં અનેક સૂક્તોથી ઋષિઓએ તેમની સ્તુતિ અને ગુણાનુવાદો ગાયા છે. ઋગ્વેદના ૧.૧૧૫.૧–માં સૂર્યનું મહનીય વર્ણન જોવા મળે છે.[૫] પ્રકાશમાન કિરણોનો સમૂહ અથવા તેજસ્વી દેવગણ સૂર્યમંડલના રૂપમાં ઉદય પામે છે. તે મિત્ર, વરુણ અને અગ્નિ તથા સમસ્ત વિશ્વના પ્રકાશક જ્યોતિઃસ્વરૂપ નેત્રરૂપે છે. તેમણે (સૂર્યનારાયણે) ઉદય પામીને દ્યુલોક, પૃથ્વીલોક અને અન્તરિક્ષલોકને પોતાના તેજથી ભરી દીધાં. આ મંડલની અંદર સ્થિત સૂર્ય છે તે '**અન્તર્યામી**' હોઈને, સર્વના પ્રેરક, સાક્ષી તેમજ સ્થાવર–જંગમના આત્મા છે. આ દિવ્ય મંત્ર (ઋગ્વેદ ૧.૧૧૫.૧) સૂર્યની દિવ્યતાને પ્રગટ કરનાર અદ્ભુત મંત્ર છે. બ્રાહ્મણો સંધ્યાવંદનમાં ઉપસ્થાનવેળા આ મંત્ર ભણે છે અને સ્વયં તેજઃસ્વરૂપ બની શકે તે માટે નિત્ય પ્રાર્થે છે.

શતપથ બ્રાહ્મણમાં[૬] ભગવાન 'સૂર્ય'ને '**ત્રયીમય**' કહેલ છે. આ શ્રુતિમાં ભગવાન સૂર્યના દિવ્ય ગૃહસ્થાનીય મંડલની સ્તુતિ કરવામાં આવી છે. મંડલની સ્તુતિ દ્વારા મંડલાભિમાની દેવતાની સ્તુતિ અને તે દ્વારા અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્માની સ્તુતિ સહજપણે થઈ જાય છે. છાંદોગ્ય ઉપનિષદ્ (૧.૬.૬-૭)માં આદિત્યસ્વરૂપે અન્તર્યામી પરબ્રહ્મ પરમાત્માનું જ ઉદાત્ત વર્ણન કરવામાં આવેલું છે.[૭]

ઋગ્વેદનું (૧/૧૧૫) સૂર્યસૂક્ત તો સંપૂર્ણરીતે સૂર્યનારાયણની સાક્ષાત્ બ્રહ્મ સ્વરૂપે ઝાંખી કરાવે છે. આ સૂક્ત (૧/૧૧૫)ના ૬ મંત્રો છે તેના પ્રથમ મંત્રની ચર્ચા અગાઉ કરી છે પરંતુ પછીના મંત્રોમાં[૮] ઉષાની પાછળ સૂર્યનું આગમન, લોકોનું પોતપોતાના કામમાં પ્રાતઃકાળે પરોવાઈ જવું, તેનું નિરંતર આકાશમાં પરિભ્રમણ કરવું, બધાને નમીને ચાલવું, તેની સ્વતંત્ર સત્તા, કર્મનું સાક્ષીપણું, કર્તવ્યકર્મનો પ્રેરક ઉપદેશ, રાત્રિના અંધકારને દૂર કરીને આગળ વધવું,

---

૫ चित्रन्देन्वानामुदगादनीकं चक्षुर्मित्रस्य वरुणस्याग्नेः । आप्राद्यावापृथिवी अन्तरिक्षं सूर्य आत्मा जगतस्तस्थुषश्च ।

ઋગ્વેદ–૧.૧૧૫.૧

૬ यदेतन्मण्डलन् तपति । तन्महदुक्थं ता ऋचः स ऋचां लोकोऽथ यदेतदर्चिर्दीप्यते तन्महाव्रतं तानि सामानि स साम्नां लोकोऽथ य एष एतस्मिन्मण्डले पुरुषः सोऽग्निस्तानि यजूंषि स यजुषां लोकः ॥

(શતપથ બ્રાહ્મણ ૧૦.૫.૨.૧)

૭ य एषोऽन्तरादित्यथे हिरण्मयः पुरुष दृशयते हिरण्यश्मश्रुर्हिरण्यकेश.

य एवं वेद–છાં. ૩૫૦ (૧.૬.૬-૭)

૮ सूर्यो देवीमुषसं रोचमानाम्
भद्रा अश्वा हरितः सूर्यस्य......
तत् सूर्यस्य देवत्वम्......
तन्मित्रस्य वरुणस्याभिचक्षे......
अद्या देवा उदिता सूर्यस्य...... ઋ. ૧.૧૧૫.૨-૬

પાપો અને કુવિચારોથી સૂર્યકિરણો જ બચાવે છે વગેરે ઉત્તમ વિચારો દ્વારા સૂર્યની '**દિવ્યતા**' અને '**પરબ્રહ્મત્વ**' આપણી સમક્ષ પ્રગટ થયા વગર રહેતાં નથી. મૃત્યુથી બચાવનાર મિત્ર, અનિષ્ટોથી રક્ષણ આપનાર રાત્રિ, અભિમાની દેવ વરુણ, અને 'સિન્ધુ' તથા 'દ્યૌ' આપણને અનિષ્ટો-કુવિચારોથી બચાવે તેવી મહનીય પ્રાર્થના આ સૂર્યસૂક્ત (૧/૧૧૫)માં કુત્સ-આંગિરસ ઋષિએ કરી છે અને આપણને સૂર્ય-ઉપાસનાનો પ્રેરક સંદેશ આપ્યો છે.

તૈત્તિરીય આરણ્યકમાં પણ સૂર્યદેવને સમગ્ર જગતમાં પ્રાણ-સંચાર કરનાર, અંધકારનો નાશ કરનાર દેવ તરીકે વર્ણવેલ છે.[૯] સૂર્યનારાયણ સમગ્ર ભુવનોને પ્રાણોથી ચેતનવંતા બનાવી અંધકારને દૂર કરે છે. લોકો સોત્સાહ કાર્યપરાયણ થઈ કામે લાગી જાય છે. રોગી પણ નિરોગી-પણાનો અનુભવ કરે છે. તેથી સૂર્ય ખરેખર વંદ્ય છે, સેવનીય છે.

વેદોમાં અનેક પ્રકારે સૂર્યની સ્તુતિ કરી છે. (૧) અંધકારના નાશક, (૨) દુઃખો અને રોગોના નાશક તરીકે, (૩) રાક્ષસોના વિનાશક સ્વરૂપે, (૪) નેત્રજ્યોતિની વૃદ્ધિ કરનારા દેવ સ્વરૂપે, (૫) ચરાચર-જગતના આત્મારૂપે અને (૬) આયુષ્યની વૃદ્ધિ તથા લોકોને ધારણ કરનાર તરીકે વગેરે.

ઋગ્વેદના ૧૦/૩૭/૪માં અભિતપા સૌર્ય ઋષિ પ્રાર્થે છે—હે સૂર્ય! તમે જે તમારા તેજઃ-પુંજથી અંધકારનો વિનાશ કરો છો અને પ્રકાશ દ્વારા સમગ્ર સંસારને આલોકિત કરો છો તથા સ્ફુર્તિ આપો છો, તે શક્તિથી આપ અમારા રોગો તેમજ દુઃસ્વપ્નોને દૂર કરો અને અન્નના અભાવ તથા યજ્ઞના અભાવને દૂર કરો.[૧૦]

મહર્ષિ અગસ્ત્ય સૂર્યની સ્તુતિ કરતાં કહે છે[૧૧] દષ્ટ અને અદષ્ટ બધા જ રાક્ષસોનો નાશ કરનાર સૂર્યદેવ ઉદય પામે છે. તે જ પ્રમાણે 'રોગનિવારક સૂર્ય' પણ ઋગ્વેદમાં સ્તુતિ પામે છે. સૂર્યના પ્રકાશથી હૃદયરોગ નાશ પામે છે. વિટામિન–ડીનો એવો પ્રભાવ છે કે ઘણા રોગો તેનાથી થતા અટકે છે પણ આજકાલ કીડીઓની જેમ ઉભરાતી શહેરોની વસતીને તે પણ

---

૯ येन चितो अर्णगाग्निर्बभूव
येन सूर्यं तमसो निर्मुमोच ।
येनेन्द्रो विश्वा अजह्वादराती-
स्तेनाहं ज्योतिषा ज्योतिरानशानि आक्षि ॥

(તૈત્તિરીય આરણ્યક ૨.૩.૭)

१० येन सूर्य ज्योतिषा बाधसे तमो जगच्च विश्वमुदियर्षि भानुना । तेनास्मद् विश्वामनिरामनाहुतिमपामीवामप दुष्ष्वाप्न्यंसुव ॥

(ઋગ્વેદ, ૧૦.૩૭.૪)

११ उत पुरस्तात्–सूर्यं एति विश्वदृष्टो अदृष्टहा । अदृष्टान्त्सर्वाञ्जम्भयन्त्सर्वाश्च यातुधान्यः ॥

(ઋગ્વેદ ૧.૧૯૧.૮)

દુર્લભ છે. સૂર્ય આંખોનું તેજ વધારે છે. आदित्याय विद्महे सहस्रकिरणाय धीमहि तन्नः सूर्यः प्रचोदयात् । એ મંત્રનો નિત્યપાઠ સૂર્યના અનુગ્રહથી આંખનું તેજ વધારે છે. उद्यन्तमस्तं यन्तमादित्यम भिध्यायन् कुर्वन् ब्राह्मणो विद्वान् सकलं भद्रमश्नुते । (तै. आरण्यक प्र. २ अ. २)માં ઉદય પામતા અને અસ્ત પામતા સૂર્યના દર્શનથી સર્વપ્રકારના કલ્યાણની પ્રાપ્તિની વાત લખી છે.

ઋગ્વેદમાં તો સૂર્ય અંગે લગભગ ચૌદ સૂક્તો આવેલાં છે જેમાં સૂર્યનો દિવ્ય મહિમા મંત્રદ્રષ્ટા મહર્ષિઓએ સ્વાનુભૂતિના આધારે વર્ણવ્યો છે. અથર્વવેદ (૫.૯.૭)માં પણ સૂર્યને પરમાત્માનાં નેત્ર તરીકે વર્ણવેલ છે.[12] તદુપરાંત અથર્વાઋષિ કહે છે 'જેમ અગ્નિ વનસ્પતિઓના, સોમ લતાઓના, વાયુ અંતરિક્ષના તેમ સૂર્યદેવના નેત્રના અધિપતિ છે[13] વગેરે.

લોકોના ધારક તરીકે પણ સૂર્યદેવ પ્રસિદ્ધ છે.[14] હે સૂર્ય! તમે કિરણોથી ચમકતા દ્યુલોકના સુંદર સ્થાન પર પહોંચી ગયા છો. તમે બધાં કર્મોના સાધક છો અને સમગ્ર લોકોના ધારક છો. છેવટે સૂર્યની પ્રાર્થનાના પણ મંત્રો ઋગ્વેદમાં આપ્યા છે.

એટલે આરોગ્યના સાધક, અંધકાર (અજ્ઞાનરૂપી અંધકારના પણ) નિવારક, રોગોના વિનાશક ભગવાન સૂર્યનારાયણની ઉપાસના કરવી એ પ્રાણીમાત્રને માટે શ્રેયસ્કર છે એમ કહેવામાં લેશમાત્ર ખોટું નથી. વૈદિકસાહિત્યમાં આમ સૂર્ય વિષે અનેક ઉલ્લેખો જોવા મળે છે.

---

१२ सूर्यो म चक्षुर्वातः प्राणोऽन्त-
रिक्षमात्मा पृथिवी शरीरम् ॥
१३ सूर्यश्चक्षुषामधिपतिः स मावतु ॥

(અથર્વવેદ ૫.૨૪.૯)

१४ विभ्राजञ्ज्योतिषा स्वरगच्छो रोचनं दिवः । येनेमा विश्वा भुवनान्याभृता विश्वकर्मणा विश्वदेव्यावता ॥

(ઋગ્વેદ ૧૦.૧૭૦.૪)

શ્રી સયાજી સાહિત્યમાળા

		રૂ. પૈ.
૩૩૩	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૩=૦૦
૩૩૪	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—(સ્વ.) શ્રી. કનૈયાલાલ ભા. દવે	૫=૫૦
૩૩૫	**ઐતિહાસિક લેખસંગ્રહ**—(સ્વ.) શ્રી પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૮=૦૦
૩૩૬	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૧૧=૦૦
૩૩૭	**માનવસર્જિત વસ્તંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૬૪)	૧૦=૫૦
૩૩૮	**ભવાઈના વેશની વાર્તાઓ**—(સ્વ) શ્રી. ભરતરામ ભા. મહેતા	૩=૦૦
૩૩૯	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ): ભાગ ૧, સ્કંધ ૧-૩**—(સ્વ.) શ્રી નાગરદાસ અમરજી પંડ્યા (૧૯૬૫)	૮=૦૦
૩૪૦	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા, ભાગ ૧** (૧૯૬૫)	૯=૦૦
૩૪૧	**આધુનિક ગુજરાતના સંતો ભાગ ૧**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૬૬)	૯=૦૦
૩૪૨	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પ્ર. પુરોહિત (૧૯૬૭)	૭=૫૦
૩૪૩	**ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા (૧૯૬૭)	૧૫=૫૦
૩૪૪	**મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર	૧૭=૦૦
૩૪૫	**ઓખામંડળના વાઘેર**—(સ્વ.) શ્રી કલ્યાણરાય ન. જોશી (૧૯૭૦)	૧૩=૦૦
૩૪૬	**પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ (૧૯૭૦)	૧૩=૦૦
૩૪૭	**પંચદશી તાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી (૧૯૭૧)	૬=૦૦
૩૪૮	**અખો અને મધ્યકાલીન સંતપરંપરા**—(સ્વ.) ડૉ. યો. જ. ત્રિપાઠી	૧૪=૫૦
૩૪૯	**શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—(સ્વ.) નાગરદાસ અ. પંડ્યા (૧૯૭૨)	૧૧=૫૦
૩૫૦	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૩)	૨૬=૦૦
૩૫૧	**ગુજરાતનો પૉટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પી. પુરોહિત (૧૯૭૫)	૮=૭૫
૩૫૨	**ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫)	૧૫=૦૦
૩૫૩	**ભારતીય વીણા**—(સ્વ.) પ્રો. રસિકલાલ એમ. પંડ્યા (૧૯૭૮)	૩૧=૦૦
૩૫૪	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૯)	૯૬=૦૦
૩૫૫	**ચાંપાનેર: એક અધ્યયન**—ડૉ. રમણલાલ ના. મહેતા (૧૯૮૦)	૩૬=૦૦
૩૫૬	**દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ**—(સ્વ.) શ્રી ક. ન. જોષી	૪૪=૦૦
૩૫૭	**આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૨**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૭૯)	૪૫=૦૦
૩૫૮	**સૂર્યશક્તિ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૮૧)	૫૨=૫૦
૩૫૯	**કવિ ગિરધર: જીવન અને કવન**—ડૉ. દેવદત્ત જોશી	૫૧=૦૦
૩૬૦	**વનૌષધિકોશ**—પ્રો. કે. કા. શાસ્ત્રી	૩૫=૭૫
૩૬૧	**સહસ્રલિંગ અને રુદ્રમહાલય**—(સ્વ.) શ્રી કનૈયાલાલ ભા. દવે	૭૯=૦૦
૩૬૨	**વૈષ્ણવતીર્થ ડાકોર**—(સ્વ.) ડૉ. મંજુલાલ ર. મજમુંદાર	૪૮=૦૦
૩૬૩	**વૃદ્ધત્રયી અને લઘુત્રયી**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય	૩૩=૦૦

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧

રૂપગોસ્વામીકૃત લલિતમાધવ–એક સમીક્ષા

લે. શોભના મજમુદાર*

ધર્મ અને દર્શનના પાયા પર ટકેલું શ્રીકૃષ્ણચરિત્ર કવિતા અને કળાની સંભાવનાઓથી એટલું ભરપૂર છે કે તેની રસરચનામાં કવિઓ, ચિત્રકારો અને સંગીતકારોને અપૂર્વ આહ્લાદ પ્રાપ્ત થાય છે.

પ્રેમ, સંઘર્ષ અને ભક્તિની ત્રિવેણીથી સમન્વિત શ્રીકૃષ્ણચરિત્રથી, પુરાણ અને પુરાણેતર સાહિત્યથી લઈને ભાષાનાં આધુનિકતમ રૂપો પણ અલિપ્ત રહી શકયાં નથી.

જયદેવે "ગીતગોવિંદ"ની રચના કરીને, સંસ્કૃતસાહિત્યમાં સમકાલીન પ્રવાહો કરતાં ભિન્ન નિરૂપણ કરી પરવર્તી સંસ્કૃત સાહિત્ય માટે અભિનવ કલ્પનાઓ રજૂ કરવાનો માર્ગ ખુલ્લો કર્યો છે. "ગીતગોવિંદ"થી પ્રભાવિત થયેલા રૂપગોસ્વામીએ રાધા–કૃષ્ણની પ્રણયલીલાઓને નિર્બંધ રીતે વ્યક્ત કરી છે. તેમણે પોતાની કાવ્યપ્રતિભા દ્વારા એક અલૌકિક કલ્પનાજગત રચ્યું, જેમાં હંમેશાં રાધા–કૃષ્ણની આનંદમય દિવ્યલીલાઓ થાય છે.

રૂપગોસ્વામીએ શ્રીકૃષ્ણના જીવનના અન્ય પ્રસંગો કરતાં ગોકુળમાં શ્રીકૃષ્ણે કરેલી લીલાને વધુ મહત્ત્વ આપ્યું. તેમણે યમુના નદી, વૃંદાવનની કુંજો, ગોકુળ ઇત્યાદિ સ્થળોએ શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે જે લીલા કરી તેને અત્યધિક મહત્ત્વ આપી ત્રણ સુંદર નાટ્યકૃતિઓ રચી. પ્રસ્તુત શોધપત્રમાં રસની દૃષ્ટિએ "લલિતમાધવ" રૂપકની સમીક્ષા કરી છે.

"લલિતમાધવ" રૂપગોસ્વામીનું દશઅંકી નાટક છે. વિસ્તારભયે નાટકનું અંકવાર કથાવસ્તુ આપવું શક્ય નથી, પણ નાટકમાં રાધા–કૃષ્ણના પ્રણય અને ઐક્યનું નિરૂપણ છે. સામાન્ય મંતવ્ય મુજબ શ્રીકૃષ્ણ ગોકુળ છોડયા પછી ફરી કોઈ પણ વાર રાધાદિ ગોપીઓને મળ્યા નથી, પરંતુ રૂપગોસ્વામીને સાચા પ્રણયીઓનો કાયમી વિરહ થાય એ રુચ્યું નહીં એટલે તેમણે દ્વારકાની ૧૬, ૧૦૮ શ્રીકૃષ્ણની પરિણીત રાણીઓ અને રાધાદિ ૧૬, ૧૦૮ ગોપીઓ તત્ત્વતઃ એક જ છે એમ આ નાટકમાં સિદ્ધ કર્યું છે.

રૂપગોસ્વામીનું આ માધુર્યભાવપરક નિરૂપણ કૃતિને અનુપમ સૌંદર્ય અર્પે છે, પરંતુ આ કૃતિ, પારંપારિક નાટ્યશાસ્ત્રની રૂઢ માન્યતાઓને તોડતી હોવાથી કેટલાક પ્રશ્નો ઉદ્ભવે છે.

આનંદવર્ધનના મતે સાહિત્યમાં કોઈપણ પ્રકારના અનૌચિત્યનું નિરૂપણ રસભંગનું કારણ હોઈ, અનૌચિત્ય હોય ત્યાં રસાભાસ થાય છે. ઉપપતિ પ્રત્યેનો કે પરકીયા નાયિકા પ્રત્યેનો પ્રેમ આનંદવર્ધનના મતે સ્પષ્ટપણે રસાભાસ બને છે. તે મુજબ ઉપર્યુક્ત રૂપકમાં રાધા પરિણીત

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧–૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર ૧૯૮૮–ફેબ્રુઆરી ૧૯૮૯, પૃ. ૧૩–૧૪.

* સંસ્કૃત અનુ. વિભાગ, સરદાર પટેલ યુનિ. વલ્લભવિદ્યાનગર.

હોવાથી શ્રીકૃષ્ણ પ્રત્યેની રતિનાં અનૌચિત્યને કારણે રસાભાસ થશે જ, પરંતુ આ કૃતિને આપણે જુદી રીતે મૂલવીશું.

કૃતિમાં આવેલ રાધા-કૃષ્ણનાં ઉદ્દામ શૃંગારિક વર્ણનોમાં Strangeness અર્થાત્ અદ્‌ભુતતાનું નિરૂપણ છે. એટલે જ રાધા-કૃષ્ણનાં ઉદ્દામ શૃંગારવર્ણનોમાં ગૂઢતાનો આભાસ જન્મે છે. પરિણામે આ કૃતિમાં રહસ્યવાદ ઉદ્‌ભવે છે.

રહસ્યવાદ એટલે દિવ્યતત્ત્વનો સાક્ષાત્ અને આંતરિક અનુભવ, જે વાણી દ્વારા વ્યક્ત કરી ન શકાય. ગોપીઓને રાસલીલાના સમયે આવો અવર્ણનીય સાક્ષાત્કાર થયો હતો એટલે ભક્તિમાર્ગમાં રહસ્યવાદ ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. રાધાદિ ગોપીઓ અને શ્રીકૃષ્ણના ઐક્યમાં કામનું તત્ત્વ નથી પણ પ્રેમનું તત્ત્વ છે. પ્રેમ એટલે પ્રભુ સાથેના માનસિક તાદ્રુપ્યથી અનુભવાતી મધુર અને વિશુદ્ધ આનંદની અનુભૂતિ. ગોપીઓનો આ આનંદ દુન્યવી ઈચ્છાઓથી ઘણો વધારે ઊર્ધ્વ સ્થિતિ પરનો છે. શ્રીકૃષ્ણનો ચંદ્રાવલી, રાધાદિ સાથેનો પ્રેમ, દુન્યવી પ્રેમ કરતાં સાવ ભિન્ન છે અને ભક્તિમય રહસ્યવાદનું પરિણામ છે.

રૂપગોસ્વામીએ આ પ્રકારના ભક્તિમય રહસ્યવાદને શાસ્ત્રબદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેને પરિણામે ભરતના નાટ્યશાસ્ત્ર કરતાં અલગ વૈષ્ણવરસશાસ્ત્રનો ઉદ્‌ભવ થયો. રૂપગોસ્વામીએ નાટકચંદ્રિકા, ભક્તિરસામૃતસિન્ધુ અને ઉજ્જવલનીલમણિ નામના ગ્રંથોની રચના કરી ભક્તિરસનું શાસ્ત્રીય નિરૂપણ કર્યું છે. ભક્તિરસના પાંચ મુખ્ય અને સાત ગૌણ એમ બાર પ્રકાર પાડ્યા છે. વૈષ્ણવરસશાસ્ત્ર માધુર્યભાવ ઉપર વિશેષ ભાર મૂકે છે અને તે મહાભાવનું વારંવાર વર્ણન કરે છે તથા તેને મધુર કે ઉજ્જવળ ભક્તિરસ તરીકે ઓળખાવે છે.

વૈષ્ણવરસશાસ્ત્ર મુજબ શ્રીકૃષ્ણની મથુરાલીલા કે દ્વારકાલીલા કરતાં વ્રજલીલા ઉત્તમ છે. ગોપીઓ સાથે લીલા કરતા નવતારૂણ્યયુક્ત શ્રીકૃષ્ણ ઉત્તમ નાયક છે. શ્રીકૃષ્ણ અપ્રાકૃત નાયક છે. એટલે અપ્રાકૃતનાયકની પ્રાકૃતનાયક સાથે તુલના થવી ન જોઈએ એમ સ્પષ્ટપણે રૂપ માને છે. તેથી તેમાં પ્રાકૃતનાયકવત્ ઔચિત્ય અનૌચિત્યના પ્રશ્નો જ ઉદ્‌ભવતા નથી.

અપ્રાકૃતનાયકની આ દિવ્યપ્રણયલીલાનું શ્રવણ અને દર્શન ભક્તોના હૃદયને આનંદથી પરિપૂર્ણ બનાવે છે. તેના દર્શનથી ભક્તોના હૃદયમાં કોઈ વિકાર ઉત્પન્ન થતો નથી અહીં તો માત્ર ઉજ્જવળ કે મધુર ભક્તિરસ જ ઉદ્‌ભવે છે.

"લલિતમાધવ"માં રજૂ થયેલી અત્યંત ઊર્ધ્વગામી અને ઉન્નત અનુભૂતિની કોટિને પ્રાપ્ત કરેલ સૃષ્ટિ નૈતિક અને લૌકિક દુનિયાથી સાવ પર છે. વાસ્તવિક જગત સાથે તેને કંઈ લેવાદેવા નથી.

સંદર્ભ ગ્રંથ :

रुपगोस्वामीकृत ललितमाधवम्, संपा. बाबुलाल शुक्ल शास्त्री, प्रका. चौखंबा संस्कृत सीरिज आफिस, वाराणसी, १९६९.

દેવલનિર્દિષ્ટ સાંખ્યયોગના પ્રાચીન તન્ત્રગ્રન્થો

મુકુંદ લાલજી વાડેકર*

પ્રાસ્તાવિક :

સાંખ્ય અને યોગનું પ્રાચીન તન્ત્રગ્રંથો પર આધારિત વિસ્તૃત વિવેચન પોતાના ગ્રંથમાં આપનાર દેવલ એક મહાન્ સ્મૃતિકાર છે. એની પ્રાચીન સ્મૃતિ મૂળસ્વરૂપમાં આજે ઉપલબ્ધ નથી. ધર્મશાસ્ત્રના નિબંધગ્રંથોના આધાર પર એનાં ઉદ્ધરણોનો એક વિશાળ સંગ્રહ પ્રસ્તુત લેખકે એના પ્રબંધમાં કરેલો છે.[1] પરમહંસ પરિવ્રાજક શંકરાચાર્ય દેવલનો ઉલ્લેખ 'પ્રધાનકારણવાદ' અર્થાત્ સાંખ્યસિદ્ધાન્તને સ્વગ્રંથમાં આશ્રય આપનાર ધર્મસૂત્રકાર તરીકે બ્રહ્મસૂત્રભાષ્યમાં (૧. ૪. ૨૮) કરે છે.[2] તેમજ શંકરાચાર્યની 'वेदानुसारिभिश्च कैश्चिच्छिष्टैः' આ ભાષ્યપંક્તિની વ્યાખ્યામાં આનંદગિરિ અને ગોવિન્દાનન્દ પણ દેવલનો ઉલ્લેખ સાંખ્યસિદ્ધાન્તનો સ્વીકાર કરનાર વેદાનુસારી શિષ્ટોમાં કરે છે.[3] મહાભારત (સંશો. ૧૨. ૩૦૬. ૫૬–૫૭, ૧૨. ૨૬૭. ૩૮) અને બ્રહ્મવૈવર્તપુરાણમાં (૪. ૧૩. ૧૮) દેવલનો નિર્દેશ સાંખ્યપ્રવર્તક મુનિ તરીકે કરેલો છે.[4] મહાભારત (૯. ૪૮. ૨૩, ૯. ૪૯. ૧–૬૫) અને પુરાણોમાં

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧–૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર ૮૮–ફેબ્રુઆરી ૮૯, ૧૯૮૯, પૃ. ૧૫–૨૧

* પ્રાચ્ય વિદ્યામંદિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા.

૧ 'Devalasmṛti Reconstruction and Critical Study'—મ. સ. વિશ્વવિદ્યાલયમાંથી પીએચ. ડી. માટે માન્ય થયેલો પ્રબંધ, વડોદરા, ૧૯૮૩.

૨ देवलप्रभृतिभिश्च कैश्चिद्धर्मसूत्रकारैः स्वग्रन्थेष्वाश्रितः ।
આચાર્ય નારાયણ રામ, (સં.) બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય, ૧-૪-૨૮. નિર્ણયસાગર પ્રેસ, તૃતીય આવૃત્તિ, મુંબઈ, ૧૯૪૮.

૩ शिष्टैर्देवलप्रभृतिभि :—રત્નપ્રભા બ્ર. સૂ. શાં. ભા. ૨-૧-૪-૧૨.
देवलप्रभृतयः शिष्टाः—આનંદગિરીય વ્યાખ્યા બ્ર. સૂ. શાં ભા. ૨-૧-૪-૧૨.
ધૂપેકર રામચન્દ્ર શાસ્ત્રી અને બર્કે મહાદેવ, બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય (રત્નપ્રભા, ભામતી અને ન્યાયનિર્ણય વ્યાખ્યાઓ સાથે), નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ૧૯૦૪.

૪ पञ्चविंशं यदेतत्ते प्रोक्तं ब्राह्मणसत्तम ।
....
जैगीषव्यासितस्य देवलस्य मया श्रुतम् ॥ મહાભારત ૧૨-૩૦૬-૫૬-૫૭
पुण्यपापक्षयार्थं हि सांख्यज्ञानं विधीयते ।
तत्क्षये ह्यस्य पश्यन्ति ब्रह्मभावे परां गतिम् ॥ મહાભારત ૧૨-૨૬૭-૩૮
મહાભારત સંશોધિત આવૃત્તિ, ભાણ્ડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, પુના, ૧૯૩૩-૫૯.
दुर्वासाः कर्दमस्त्वं वा वसिष्ठो गर्ग एव वा ।
जैगीषव्यो देवलो वा कपिलो वा स्वयं विभुः ॥ બ્રહ્મવૈવર્તપુરાણ ૪-૧૩-૧૮
મરાઠે વાસુદેવ શાસ્ત્રી અને રાનડે પુરુષોત્તમ શાસ્ત્રી (સં.) બ્રહ્મવૈવર્તપુરાણ, આનંદાશ્રમ, પુના, ૧૯૩૫.

(હરિવંશ–૧૩. ૨૨, કૂર્મપુરાણ પૂર્વ. ૧૯. ૫ અને ૧૬.૧૬) એક મહાન્ યોગાચાર્ય તરીકે પણ દેવલનાં વર્ણનો પ્રાપ્ત છે.[૫] સાંખ્યકારિકાની (કા. ૭૧) માઠરવૃત્તિમાં દેવલનો સાંખ્યાચાર્યોની પરંપરામાં ઉલ્લેખ છે,[૬] જેના ઉપરથી પં. ઉદયવીર શાસ્ત્રી, ડૉ. ટી. જી. માઈણકર, ડૉ. હરદત્ત શર્મા, ડૉ. વ્રજમોહન ચતુર્વેદી વગેરે વિદ્વાનો દેવલને સાંખ્યકારિકાના પૂર્વકાળમાં એટલે કે બીજી સદી પહેલાં મૂકે છે.[૭]

દેવલદ્વારા સાંખ્યયોગના તન્ત્રગ્રંથોનો સ્પષ્ટ ઉલ્લેખ—

શંકરાચાર્યના ઉપર્યુક્ત ઉલ્લેખ પ્રમાણે જ દેવલના ગ્રંથમાં ખરેખર સાંખ્યયોગના પ્રાચીન સિદ્ધાન્તોનું વિવરણ હતું, એવું દેવલનાં ઉદ્ધરણોના સંગ્રહ પરથી જોવા મળે છે. દેવલ સ્વયં સ્વગ્રંથમાં એક સૂત્રમાં જણાવે છે—

एतौ सांख्ययोगौ चाधिकृत्य यैर्युक्तितः समवतश्च पूर्वप्रणीतानि विशालानि गम्भीराणि तन्त्राणि इह संक्षिप्योद्देशतो वक्ष्यन्ते ।[૮]

---

૫ **असितो देवलश्चैव तस्मिन्नेव महातपाः ।**
परमं योगमास्थाय ऋषिर्योगमवाप्तवान् ॥ —મહાભારત (સંશો.) ૯-૪૮-૨૩.
प्राप्तवान्परमां सिद्धिं परं योगं च भारत । —મહા. ૯-૪૯-૬૧.
—મહાભારત (સંશો.) જુઓ ૯-૪૯-૧-૬૫
नाम्ना वै देवलः पुत्रो योगाचार्यो महातपाः । —કૂર્મપુરાણ પૂર્વ ૧૯.૫
देवलो भगवान्योगी प्रत्यूषस्याभवत्सुतः । —કૂર્મ. (પૂ.) ૧૬.૧૬
આચાર્ય રામશંકર (સં.) કૂર્મપુરાણ, ઈન્ડોલૉજીકલ બુકહાઉસ, વારાણસી, ૧૯૬૮.
पत्नी दत्ता महाब्रह्मन्योगाचार्याय धीमते । —હરિવંશ (સંશો.) ૧૩-૨૨.
હરિવંશ, Vol. I સંશોધિત આવૃત્તિ, ભાણ્ડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ, પુના, ૧૯૬૯.

૬ **शिष्यपरम्परयागतमिति । कपिलादासुरिणा...ततः पञ्चशिखेन, तस्माद् भार्गवोलूकवाल्मीकिहारीतदेवलप्रभृतीनागतम् । ततस्तेभ्य ईश्वरकृष्णेन प्राप्तम् ।**
—શર્મા વિષ્ણુપ્રસાદ (સં.) સાંખ્યકારિકા (માઠરવૃત્તિ સાથે) ચૌખમ્બા સંસ્કૃત સીરિઝ, બનારસ ૧૯૨૨, કા. ૭૧, પૃ. ૮૪.

૭ શાસ્ત્રી ઉદયવીર, સાંખ્યદર્શનકા ઇતિહાસ, વિરજાનંદ વૈદિક સંસ્થાન, જબલપુર, સહરનપુર ઉ. પ્ર. વિક્રમ સં. ૨૦૦૭, પૃ. ૨૧૧-૨૧૩.
માઈણકર ટી. જી, (સં.) સાંખ્યકારિકા (ઈશ્વરકૃષ્ણકૃત) ગૌડપાદ ભાષ્ય સાથે, ઓરિએન્ટલ બુક એજન્સી, દ્વિતીય આવૃત્તિ, પુના ૧૯૭૨, પ્રસ્તાવના પૃ. ૧૯
શર્મા હરદત્ત, (સં.) સાંખ્યકારિકા (ગૌડપાદ ભાષ્ય સાથે), ઓરિએન્ટલ બુક એજન્સી, પુના, ૧૯૩૩, પ્રસ્તાવના પૃ. ૧૯
ચતુર્વેદી વ્રજમોહન, (સં.) સાંખ્યકારિકા, નેશનલ પબ્લિશિંગ હાઉસ, દિલ્હી, ૧૯૬૯, પ્રસ્તાવના પૃ. ૪૪

૮ દેવલસ્મૃતિ (Reconstructed Text Sr. No. 2290) અપરાર્ક યાજ્ઞ. સ્મૃ. વ્યા. Vol. II, પૃ. ૯૮૬-૯૮૮

આ સંદર્ભ ઉપરથી નીચેનાં અનુમાનો થઈ શકે છે.

૧ દેવલના પૂર્વકાલીન આચાર્યોના સાંખ્ય અને યોગ વિષયને લગતા તંત્રગ્રંથો અસ્તિત્વમાં હતા.
૨ આ ગ્રંથોમાં સાંખ્ય અને યોગનું વિવેચન પ્રાયઃ અલગ અલગ સ્વરૂપમાં નહિ, પણ સમાનરૂપે એક ઠેકાણે કરવામાં આવેલું.
૩ આ ગ્રંથો વિશાળ અને ગંભીર હતા.
૪ બહુવચન બતાવે છે કે આવા એક બે નહિ, પણ પ્રાયઃ અસંખ્ય ગ્રંથો હતા.
૫ દેવલને એ ગ્રંથો કેવળ જ્ઞાત જ નહિ પણ ઉપલબ્ધ હતા કારણ એ ગ્રંથોનો દેવલે આધાર લીધો છે.
૬ મૂળગ્રંથો વિશાળ અને ગંભીર હોઈ, દેવલે એમનો સાર આપેલો છે.
૭ એ ગ્રંથોમાં યુક્તિવાદ અને સમયના આધારપર વિષયનું પ્રતિપાદન કરેલું હતું.

ઉલ્લિખિત સાંખ્યયોગતંત્રો ઉપલબ્ધ સાંખ્યગ્રંથો નથી—

સાંખ્ય–યોગદર્શનના ઉપલબ્ધ ગ્રંથો દેવલ દ્વારા ઉલ્લિખિત સાંખ્યતંત્રો તરીકે સ્વીકારી શકાય તેમ નથી. કારણ દેવલના સ્પષ્ટ શબ્દોથી એ નિશ્ચિત છે કે દેવલે પોતાનું વિવેચન પ્રાચીન તંત્રગ્રંથોના આધારે કરેલું હતું; સાંખ્યકારિકા, સાંખ્યસૂત્ર, તત્ત્વસમાસસૂત્ર કે યોગસૂત્ર–આ ઉપલબ્ધ સાંખ્યયોગદર્શનના ગ્રંથોના આધાર પર નહીં. દેવલના સંદર્ભમાં આવતાં સૂત્રો ઉપલબ્ધ સાંખ્યગ્રંથોમાં આવતાં સૂત્રો કે વાક્યો સાથે–ક્યાંક–શબ્દની તો કેટલેક ઠેકાણે અર્થની સમાનતા ધરાવે છે.[૯] પણ કેટલાક એવા સિદ્ધાન્તો અને સૂત્રો પણ છે, જે આજના સાંખ્ય–

૯ દેવલ	સાંખ્યકારિકા	સાંખ્યસૂત્ર	તત્ત્વસમાસસૂત્ર
त्रीणि प्रमाणानि R.T. २२२७	त्रिविधं प्रमाणमिष्टं ४	त्रिविधं प्रमाणम् १/८७	त्रिविधं प्रमाणम् २३
त्रिविधं दुःखम् २२२८	दुःखत्रयाभिघातात् १	अथ त्रिविधदुःख १/१	त्रिविधं दुःखम् २४
तुष्टिर्नवविधा २२३३	तुष्टिर्नवधा ४७	तुष्टिर्नवधा ३/३९	नवधा तुष्टिः १६
सिद्धिरष्टविधा २२३४	अष्टधा सिद्धिः ४७	सिद्धिरष्टधा ३/४०	अष्टधा सिद्धि : १७
अशक्तिरष्टाविंशतिविधा २२३२	अशक्तिश्च...अष्टाविंशतिभेदा ४७	अशक्तिरष्टाविंशतिधा तु ३/३८	अष्टाविंशतिविधा अशक्तिः १५

(જુઓ અપરાર્ક या. स्मृ. व्या. Vol. II. પૃ. ૯૮૬-૯૮૮)

ભટ્ટાચાર્ય રામશંકર, (સં.) સાંખ્યસૂત્ર (વિજ્ઞાનભિક્ષુની વ્યાખ્યા, તત્ત્વસમાસસૂત્ર સવ્યાખ્યા, સાંખ્યસાર સાથે) ભારતીય વિદ્યા પ્રકાશન, વારાણસી, સં. ૨૦૨૨

યોગ ગ્રંથોમાં જોવા મળતાં નથી. ઉદા. બે પ્રકારના બન્ધરાગ, ચાર પ્રકારના માતૃજ અને ચાર પ્રકારના પિતૃજ કોશોનો ઉલ્લેખ[૧૦]–આવા વિષયો ઉપલબ્ધ પ્રાચીન ગ્રંથોમાં દેખાતા નથી. દસ મૂલિકાર્થોનો કેવળ નિર્દેશ તત્ત્વસમાસમાં (સૂ. ૧૮) મળે છે, પણ મૂલિકાર્થ કારિકા, જે દેવલના સંદર્ભમાં આવે છે,[૧૧] તે સાંખ્યકારિકા અને સાંખ્યસૂત્ર વગેરે પ્રાચીન ગ્રંથોમાં મળતી નથી. સામાન્યતઃ Classical સાંખ્યસિદ્ધાન્તમાં પ્રાયઃ નિરીશ્વરવાદી દ્વૈતવાદનું પ્રતિપાદન જોવા મળે છે, તો દેવલના વિવેચનમાં સેશ્વરવાદી સિદ્ધાન્તનું અને પ્રકૃતિ–પુરુષ ઉપરાંત ધ્યેય બ્રહ્મનું પણ વર્ણન જોવા મળે છે.[૧૨] આવા પ્રકારના સાંખ્યસિદ્ધાન્તનું પ્રતિપાદન Classical સાંખ્યનાં પૂર્વકાલીન–મહાભારત, ચરક, બુદ્ધચરિત વગેરેમાં આવતાં સાંખ્યવિવરણોમાં ઉપલબ્ધ છે.[૧૩] દેવલનું વર્ણન એની સાથે ઘણી સમાનતા ધરાવે છે.

---

૧૦ द्वौ बन्धरागौ । चतस्रश्चतस्रो मातृजाः पितृजाश्च कोशाः ।

देवलस्मृति (R.T. ૨૨૨૬ અને ૨૨૨૧, જુઓ અપરાર્ક या. स्मृ. व्या. Vol. II પૃ. ૯૮૬-૯૮૮).

૧૧ अस्तित्वमेकत्वमथार्थवत्त्वं परार्थमन्यत्वमथो निवृत्तिः ।
योगो वियोगो बहवः पुमांसः स्थितिः शरीरस्य च शेषवृत्तिः ॥
इति दश मूलिकार्थाः ।

देवलस्मृति (R.T. ૨૨૩૬-૨૨૩૭ જુઓ અપરાર્ક या. स्मृ. व्या. Vol. II પૃ. ૯૮૬-૯૮૮)

૧૨ त्यक्त्वा कलेवरं ध्यायन्परं याति महेश्वरम् ।
एकान्तात्यन्तकं सांख्यं परं ब्रह्म सनातनम् ॥

देवलस्मृति (R.T. ૨૪૭૩, જુઓ કૃત્યકલ્પતરુ મોક્ષકાણ્ડ પૃ. ૨૫૫)

૧૩ મહાભારત (સંશો.) ૧૨.૨૬૭.૩૮ જુઓ ફૂટનોટ ૪
गतिर्ब्रह्मविदां तच्चाक्षरमलक्षणम् ।
ज्ञानं ब्रह्मविदां चात्र नाज्ञस्तज्ज्ञातुमर्हति ॥

ચરક (શારીર ૧/૧૫૫-૧૫૬)

निवृत्तिरपवर्गस्तत्परं प्रशान्तं तक्षरं तब्रह्म स मोक्षः ।

ચરક (શારીર ૫/૨૧)

विपापं विरजः शान्तं परमक्षरमव्ययम् ।
अमृतं ब्रह्मनिर्वाणं पर्यायैः शान्तिरुच्यते ॥

ચરક (શારીર ૫/૩૩)

પદે શંકર દાજી (સં.) ચરકસંહિતા, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ૧૮૬૭.

एतत्तत्परमं ब्रह्म निर्लिङ्गं ध्रुवमक्षरम् ।
यन्मोक्ष इति तत्त्वज्ञाः कथयन्ति मनीषिणः ॥

બુદ્ધચરિત (અશ્વઘોષકૃત) ક્લેરેન્ડન પ્રેસ, કેમ્બ્રીજ ઑક્સફર્ડ, ૧૨/૬૫, ૧૮૯૨.

યોગ શબ્દની વ્યાખ્યાથી માંડી–પ્રત્યાહાર, ધ્યાન વગેરે યોગનાં અંગોનું વિવરણ પણ સેશ્વર સાંખ્યને અનુકૂલ એવી વ્યાખ્યાઓથી સભર છે.[૧૪] અણિમાદિ સિદ્ધિઓનું વિસ્તૃત વિવરણ, દશ ઉપસર્ગોનું વિવેચન વગેરેમાં યોગસૂત્રોમાં અપ્રાપ્ય અથવા એનાથી અલગ પ્રકારનાં વિવેચનો દેવલના સંદર્ભમાં જોવા મળે છે. તેથી જ આ બધા ગ્રંથોને દેવલ ઉલ્લિખિત તંત્ર ગ્રંથો તરીકે સ્વીકારવા યોગ્ય નથી. સાંખ્યકારિકાને જ સાંખ્યદર્શનના પ્રાચીનતમ ઉપલબ્ધ ગ્રંથ તરીકે વિદ્વાનો સ્વીકારે છે; પણ સાંખ્યકારિકા દેવલની માફક જ અનેક પૂર્વસૂરિઓના વિચારોના અને વિશાલ ષષ્ટિતન્ત્રો પર આધારિત સિદ્ધાન્ત પ્રતિપાદન કરતી હોવાથી[૧૫] એને દેવલ ઉલ્લિખિત પ્રાચીન તન્ત્ર ગ્રંથ તરીકે સ્વીકારી શકાય નહી.

પં. ઉદયવીર શાસ્ત્રીનો મત—

પં. ઉદયવીર શાસ્ત્રી 'સાંખ્યસૂત્ર' ગ્રંથનેજ 'ષષ્ટિતંત્ર' નામક પ્રાચીન સાંખ્યગ્રંથ તરીકે સ્વીકારી, એની પ્રાચીનતાનો–સાંખ્યકારિકાની પૂર્વતાનો દાવો કરે છે. દેવલ દ્વારા ઉલ્લેખ કરવામાં આવેલાં 'तन्त्राणि' એટલે ષષ્ટિતન્ત્ર હોઈ એ સાંખ્યસૂત્રના સ્વરૂપમાં આજે ઉપલબ્ધ છે અને એના આધારે જ દેવલે પોતાનો સિદ્ધાન્ત પ્રસ્તુત કર્યો છે, એવી દલીલ કરે છે, જે વિવાદાસ્પદ છે. દેવલનાં સૂત્રો અને સાંખ્યસૂત્રો વચ્ચે કેટલાંક સૂત્રોની સમાનતા એમને આવા નિષ્કર્ષ માટે પ્રેરે છે. આમ પં. ઉદયવીર શાસ્ત્રી સાંખ્યસૂત્ર અને તત્ત્વસમાસસૂત્રને સાંખ્યકારિકાના પૂર્વકાળમાં મૂકવાનો પ્રયાસ કરે છે અને સાંખ્યસૂત્રને જ ષષ્ટિતન્ત્ર તરીકે સ્વીકારી એને પ્રાચીનતમ ઉપલબ્ધ સાંખ્યગ્રંથ અને દેવલના વિવેચનનો આધાર માને છે.[૧૬]

પણ પં. ઉદયવીર શાસ્ત્રીના ઉપર્યુક્ત વિચારોને વિદ્વાનોની માન્યતા મળી નથી. બધાજ વિદ્વાનો સાંખ્યકારિકાને જ ઉપલબ્ધ પ્રાચીનતમ સાંખ્યગ્રંથ તરીકે સ્વીકારે છે. દેવલ સાંખ્યકારિકાના પૂર્વકાળમાં થયા છે, એ સિદ્ધાન્ત પણ ઘણા વિદ્વાનોને માન્ય છે જ, પણ પં. ઉદયવીર શાસ્ત્રીની માફક સાંખ્યસૂત્રને 'ષષ્ટિતન્ત્ર' તરીકે સ્વીકારવા માટે કોઇ તૈયાર નથી.

---

૧૪ विषयेभ्यो निवृत्याभिप्रेतेऽर्थे मनसोऽवस्थापनं योगः ।

દેવલસ્મૃતિ (R.T. ૨૨૦૭ quot. અપરાર્ક ૯૮૬-૯૮૮, કૃ. ક. મોક્ષ. ૧૬૫)

अणुत्वाच्चापल्याल्लाघवाद् बलवत्वाद् वा योगभ्रष्टस्य मनसः पुनः प्रत्यानीयार्थे योजनं प्रत्याहारः ।

દેવલસ્મૃતિ (R.T. ૨૪૦૮ quot. કૃ. ક. મોક્ષ. ૧૭૩)

........मनसा तच्चिन्तनं ध्यानम् ।

દેવલસ્મૃતિ (R.T. ૨૪૧૦ quot. કૃ. ક. મોક્ષ. ૧૮૧)

૧૫ एतत्पवित्रमग्र्यं मुनिरासुरयेऽनुकम्पया प्रददौ ।
आसुरिश्च पञ्चशिखाय तेन च बहुधा कृतं तन्त्रम् ॥
शिष्यपरम्परयागतमीश्वरकृष्णेन चैतदार्याभिः ।
संक्षिप्तमार्यमतिना सम्यग्विज्ञाय सिद्धान्तम् ॥
सप्तत्यां किल येऽर्थास्तेऽर्थाः कृत्स्नस्य षष्टितन्त्रस्य ।
आख्यायिकाविरहिताः परवादविवर्जिताश्चापि ॥ —સાંખ્યકારિકા ૭૦-૭૨

૧૬ શાસ્ત્રી ઉદયવીર–સાંખ્યદર્શનકા ઇતિહાસ, પૃ. ૨૦૯

દેવલ દ્વારા ઉલ્લિખિત તન્ત્રો એટલે ષષ્ટિતન્ત્ર–જે સાંખ્યસૂત્રના સ્વરૂપમાં આજે ઉપલબ્ધ છે–એવો પં. ઉદયવીર શાસ્ત્રીનો મત સ્વીકાર્ય નથી. આવા વિધાન માટે તેમણે દેવલ અને સાંખ્યસૂત્ર વચ્ચેના વિચારોની સમાનતા આધારભૂત માની છે. પણ દેવલનાં સૂત્રોમાં જે સિદ્ધાન્તો ઉપલબ્ધ સાંખ્યગ્રંથોમાં અનિર્દિષ્ટ છે અથવા એનાથી અલગ છે, એનો વિચાર એમણે કરેલો નથી. પં ઉદયવીર શાસ્ત્રીની દલીલો વિદ્વન્માન્ય થયેલી નથી. દેવલનો આધાર સાંખ્યસૂત્ર નહીં, પણ પ્રાચીન વિશાલ ગંભીર અને અત્યારે અનુપલબ્ધ એવા સાંખ્ય–યોગ તન્ત્રગ્રંથો જ છે.

તન્ત્રોના અસ્તિત્વના પુરાવાઓ—

દેવલે ઉલ્લેખ કરેલો છે, એવા–વિશાલ અને ગંભીર સાંખ્યયોગ તન્ત્રો હતાં, એના અસ્તિત્વનાં પ્રબલ પ્રમાણો જુદા જુદા પ્રાચીન ગ્રંથોમાં ઉપલબ્ધ છે. દુર્ભાગ્યે એ પ્રાચીનતમ તન્ત્રગ્રંથો આજે ઉપલબ્ધ નથી. શંકરાચાર્ય કપિલના તન્ત્રનો સ્પષ્ટ ઉલ્લેખ બ્રહ્મસૂત્રભાષ્યમાં કરે છે.[17] સાંખ્યકારિકાની અંતિમ કારિકાઓમાં કેવળ સાંખ્યના પ્રાચીન આચાર્યો જ નહીં, ષષ્ટિતન્ત્રનો પણ ઉલ્લેખ છે. આ સિવાય બીજા ઘણા સંદર્ભો જુદા જુદા ગ્રંથોમાં આવે છે, જેમના આધાર પર પણ આવાં પ્રાચીન તન્ત્રોનું અસ્તિત્વ સિદ્ધ થઈ શકે છે.[18]

---

૧૭ स्मृतिश्च तन्त्राख्या परमर्षिप्रणीता शिष्टपरिगृहीता...
—બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય, ૨.૧.૧.

૧૮ बृहच्चैवमिदं शास्त्रमित्याहुर्विदुषो जनाः । —મહાભારત (સંશો.) ૧૨/૨૯૫/૪૪.
सांख्यं विशालं परमं पुराणम् । —મહાભારત (સંશો.) ૧૨/૨૯૦/૧૦૯.
सांख्यं च योगं च सनातने द्वे । —મહાભારત (સંશો.) ૧૨/૩૩૭/૬૮
षष्टितन्त्राण्यथैकैकमेषां नानाविधं मुने । —અહિર્બુધ્ન્યસંહિતા ૧૨/૩૦
विष्णुसंकलपरुपं च महद्योगानुशासनम् । —અહિર્બુધ્ન્યસંહિતા ૧૨/૩૧-૩૮

રામાનુજાચાર્ય એમ. ડી., (સં.) અહિર્બુધ્ન્યસંહિતા-અડયાર લાયબ્રેરી, મદ્રાસ, ૧૯૧૬, Vol. 1.

पञ्चशिखेन मुनिना बहुधा कृतंतन्त्रम्-षष्टितन्त्राख्यं षष्टिखण्डं कृतमिति । तत्रैव हि षष्टीरर्थाः व्याख्याताः ।

શર્મા એમ., (સં.) જયમંગલા (સાંખ્યસપ્તતિ ઉપરની શંકરાચાર્યની વ્યાખ્યા) કલકત્તા ઓરિએન્ટલ સીરિઝ, કલકત્તા, ૧૯૨૬ કા. ૭૦.

तत्त्वं जिज्ञासमानाय विप्रायासुरय मुनिः ।
यदुवाच महातन्त्रं दुःखत्रयनिवृत्तये ।
न तस्याधिगमः शक्यः कर्तुं वर्षशतैरपि ॥

પાણ્ડે રામચંદ્ર, (સં.) યુક્તિદીપિકા (સાંખ્યકારિકા વ્યાખ્યા), મોતીલાલ બનારસીદાસ, દિલ્હી, ૧૯૬૭, પૃ. ૧

तथा चोक्तम् । आदिविद्वान्निर्माणचित्तमधिष्ठाय कारुण्याद्भगवान् परमर्षिरासुरये जिज्ञासमानाय तन्त्रं प्रोवाच ।

બાબા બંગાલી, યોગસૂત્ર (પતંજલિકૃત) વ્યાસભાષ્ય સાથે, ૧.૨૫અંગ્રેજી ભાષાંતર અને નોટ્સ સહિત, મોતીલાલ બનારસીદાસ, દિલ્હી, ૧૯૭૬.

ઉપસંહાર :

દેવલે સાંખ્ય અને યોગના વિશાલ અને ગંભીર એવા તન્ત્રગ્રંથોના આધારપર સાંખ્ય-યોગનું વિવેચન કરેલું છે. આ તંત્રગ્રંથોનું અસ્તિત્વ અન્ય પ્રમાણોથી સિદ્ધ થઈ શકે છે અને પં. ઉદયવીર શાસ્ત્રીનો સાંખ્યસૂત્રને જ ષષ્ટિતન્ત્ર માની, દેવલના આધાર તરીકે, પ્રસ્તુત કરેલો મત અસ્વીકાર્ય છે.

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાળા

		રૂા. પૈ.
૧	**પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ	૧૦=૫૦
	વિદ્યાર્થી આવૃત્તિ; ગુજરાતી ટાઈપ	૬=૫૦
૨	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ—સં.** : ડૉ. ભો. જ. સાંડેસરા	૯=૫૦
૩	**ભાલણકૃત નલાખ્યાન** (ત્રીજી આવૃત્તિ)—સં.: પ્રો. કે. કા. શાસ્ત્રી	૧૧=૫૦
૪	**ઉદયભાનુકૃતવિક્રમચરિત્રરાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર	૨=૫૦
૫	**ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી (૧૯૭૧)	૮=૦૦
૬	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા	૧૦=૫૦
૭	**પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૨૪=૦૦
૮	**સિંહાસનબત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ	૧૫=૫૦
૯	**હમ્મીરપ્રબન્ધ**—સં.: ડૉ. ભો. જ. સાંડેસરા અને ડૉ. સો. પારેખ	૬=૦૦
૧૦	**પંચદંડની વાર્તા**—સં. ડૉ. સોમાભાઈ ધૂ. પારેખ (૧૯૭૪)	૩૧=૦૦
૧૧	**વાગ્ભટાલંકાર બાલાવબોધ**—સં. ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા	૧૨=૦૦

સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

૧	વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧	૨=૫૦
૨	,, ,, ,, ૨	૨=૫૦
૩	,, ,, ,, ૩	૬=૫૦
૪	**નિરુત્તમા**	૨=૫૦
૫	**વિક્રમોર્વશી**—(અનુવાદ: મનનિકા સહિત)	૨=૫૦
૬	**પ્રવેશકો, ગુચ્છ પહેલો**	૪=૫૦
૭	**પ્રવેશકો, ગુચ્છ બીજો**	૩=૦૦
૮	**અંબડ વિદ્યાધર રાસ**	૪=૦૦
૯	**મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ: બીજું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૦	**આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૧	**નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૨	**પ્રો. બ. ક. ઠાકોર ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી	૨=૦૦
૧૩	**પ્રો. બ. ક. ઠાકોર અધ્યયનગ્રન્થ**	૧૫=૫૦
૧૪	**પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૨**—સંપાદક : ડૉ. હર્ષદ ત્રિવેદી	૬=૭૫
૧૫	**વિવેચક**—પ્રો. બલવન્તરાય ઠાકોર	૨૫=૦૦

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧

'યજ્ઞફલમ્' કર્તૃત્વનો પ્રશ્ન

આર. પી. મહેતા*

ઈ. ૧૯૨૪માં[1] રાજવૈદ્ય જીવરામ કાલિદાસ શાસ્ત્રીને પોતાના ગોંડળ (કાઠિયાવાડ)ના રસશાળા ઔષધાશ્રમના હસ્તપ્રતભંડારમાંથી આ નાટક 'યજ્ઞફલમ્'ની બે હસ્તપ્રત પ્રાપ્ત થઈ. ત્યાર પછીનાં સત્તર વર્ષ દરમિયાન તેમને બનારસ, સુરત અને પંજાબથી અનેક પ્રતો મળી આવી. આ હસ્તપ્રતોમાં આ નાટકનાં બે શરીરો જોવા મળ્યાં હતાં.

રાજવૈદ્યને ઉપલબ્ધ ગોંડળમાંની બંને હસ્તપ્રતો દેવનાગરીમાં હતી. આમાંની એક–જેને તે હસ્તપ્રત क કહે છે–ઈ. ૧૬૭૦માં સ્વામી શુદ્ધાનંદતીર્થએ લખી હતી. બીજી–જેને તે હસ્તપ્રત ख કહે છે–ઈ. ૧૮૦૨માં હસ્તિનાપુરના દેવપ્રસાદ શર્માએ લખી હતી. તેણે હસ્તપ્રત क ને જ જૂલાઈ–૧૯૪૧માં ગ્રંથરૂપે પ્રકાશિત કરી. હસ્તપ્રત खના પાઠ જ્યાં क થી જુદા પડતા હતા, ત્યાં આવાં પાઠાંતરને પૃષ્ઠમાં નીચે પાદટીપમાં આપ્યાં. પુસ્તકમાંનાં આ પાઠાંતરો અને બીજાં ટિપ્પણો રાજવૈદ્યના મિત્રવર્ય અલ્મોડાવતની પંડિત શ્રી ગોપાલદત્ત શાસ્ત્રીએ તૈયાર કર્યાં.

આ નાટકના કર્તૃત્વ અંગે રાજવૈદ્યે 'પ્રાગ્વક્તવ્ય'માં દૃઢ માન્યતા પ્રગટ કરી, કે આ નાટક ભાસે રચેલું છે. આ માટે તેણે જે કારણો આપ્યાં, તેમાંનું નોંધપાત્ર કારણ આ છે; કે બાણભટ્ટ વગેરેએ ભાસની જે વિશેષતાઓ ગણાવી છે, તે આ નાટકમાં છે.

બાણે[2] ભાસની જે વિશેષતાઓ દર્શાવી છે, તે પ્રસિદ્ધ છે: સૂત્રધાર દ્વારા નાટકનો પ્રારંભ, બહુભૂમિકતા અને પતાકાઓ. આ નાટકનો પ્રારંભ સૂત્રધારથી થાય છે. તેમાં પાત્રોની બહુલતા છે. પાત્રસંખ્યા ૪૫ છે. તેમાં પતાકાઓ છે; જેમકે દશરથની રાણીઓ સાથેની મંત્રણા, રાવણ દ્વારા રામનાં અસ્ત્રોની નિષ્ફળતા, વિશ્વામિત્રનો યજ્ઞ વગેરે.

જયદેવે[3] ભાસની જે વિશેષતા દર્શાવી છે, તે પ્રસિદ્ધ છે: હાસ્યરસ. આ નાટકમાં હાસ્યરસ વિદૂષકના નિમિત્તે તેમજ ચાર વૈતાલિકોના સંવાદનિમિત્તે અભિવ્યક્તિ પામ્યો છે.

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧–૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, એપ્રિલ–સપ્ટેમ્બર ૧૯૮૯, પૃ. ૨૩–૩૨.

* એ, ૧૧, અંજની સોસાયટી; શિશુમંગલ પાસે, જૂનાગઢ ૩૬૨૦૦૧.

१ शास्त्री कालिदास जीवराम राजवैद्य, यज्ञफलम्, रसशाला औषधाश्रम, गोंडल, काठीयावाड, १९४१; प्रथमावृत्ति : આધારસ્થાન

२ Kane P. V., Harshacharita; Motilal Banarsidass, Delhi 7, 1973. second reprint from first edition. p. 2

३ शर्मा शेषराज आचार्य, प्रसन्नराघवम्, चौखंबा विद्याभवन, वाराणसी, १९६३, द्वितीय संस्करण, पृ. ३१

અભિનવગુપ્તની નોંધ છે—

महाकविना भासेनापि स्वप्रबन्ध उक्तः—
त्रेतायुगं तद्धि न मैथिली सा
रामस्य रागपदवी मृदु चास्य चेतः ।
लब्धा जनस्तु यदि रावणमस्य कायं
प्रोत्कृत्य तंत्र तिलशो न वितृप्तिगामी ॥ इति ॥[४]

આ પદ્ય ભાસને નામે પ્રસિદ્ધ 'પ્રતિમા'–'અભિષેક'માં નથી. કે. હ. ધ્રુવનું[૫] અનુમાન છે કે આ પદ્ય 'પ્રતિમા'માં અને પુસાલકરનું[૬] અનુમાન છે કે 'અભિષેક'માં હતું; પરંતુ લહિયાની ગફલતથી અત્યારે છૂટી ગયું છે. કુપ્પુસ્વામી[૭] માને છે કે અભિનવગુપ્ત જેનાથી પરિચિત હોય તે ભાસનાટકમાં આ પદ્ય હોવું જોઈએ, જે આ ત્રિવેન્દ્રમનાટકોમાં નથી.

પરંતુ 'યજ્ઞફળ'ના એક પદ્યમાં આમાંની એક પંક્તિ છે :—

रक्षांसि निर्दयमनांसि महाबलानि ।
रामस्य रागपदवी मृदु चैव चेतः ॥
सिद्धं कथं भवतु तेऽध्वररक्षणं तत् ।
शक्या हि नैव वनजेन वनाग्निशान्तिः ॥ ४–४० ॥

આ નાટકને બીજાં ભાસનાટકો સાથે સામ્ય છે; તે આ પ્રમાણે છે—

૧ લઘુવિસ્તારી પ્રસ્તાવના ૨ પ્રસ્તાવનાનું સ્વરૂપ 'પ્રયોગાતિશય' ૩ પ્રસ્તાવનાને બદલે स्थापना શબ્દ ૪ રંગસૂચન–नान्द्यन्तेतः प्रविशति सूत्रधारः । ૫ સૂત્રધાર દ્વારા પ્રારંભ ૬ નાન્દીશ્લોકમાં મુદ્રાલંકાર ૭ પ્રસ્તાવનામાં અને બીજે નાટ્યકારના નામનો અભાવ ૮ પૂજનીય બ્રાહ્મણ માટે શબ્દ महाब्राह्मण ૯ પ્રતિહારીનું નામ विजया ૧૦ રંગસૂચન निष्क्रम्य प्रविश्य ૧૧ રંગસૂચનમાં એકાળજી ૧૨ બ્રાહ્મણો અને ભટો દ્વારા પરોક્ષપ્રસંગનું નિરૂપણ ૧૩ પાત્રોમાં વિભક્ત શ્લોકપંક્તિઓ ૧૪ કેટલાંક વાક્યો–एवमविज्ञातानि दैवतान्यभिभूयन्ते । ૧૫ સંવાદની કેટલીક વિશેષતાઓ–(कर्णे) एवमिव । ૧૬ કેટલાંક વર્ણનો–સંધ્યા, તપોવન, ગ્રામજીવન, યજ્ઞ, કથાનાયકની કામાવસ્થા ૧૭ કેટલીક ઉપમાઓ–ગજરાજ-દ્વારા વશીભૂત મૃગેન્દ્ર ૧૮ કેટલાક વિચારો–રાજાની ફરજો, સુપાત્રની પ્રાપ્તિથી દાતાને સુખપ્રાપ્તિ, રાજ્ય એ ભાર છે. ૧૯ ભરતવાક્યમાં–राजसिंह દ્વારા સાગરાન્ત પૃથ્વીનું પ્રશાસન ૨૦ પુષ્પિકા–समाप्तमिदं यज्ञनाटकम्.

---

४ नाट्यशास्त्रम् १, ६-६३ वृत्ति, परिमल पब्लिकेशन्स, दिल्ली, अहमदाबाद, १९८१

૫-૬ Pusalkar A. D.; Bhâsa A Study, Munshiram Manoharlal, Delhi 6 1968, Second edition, pp. 526-7.

૭ S. Kuppuswami Sastri; Ascharyachudamani, The Shri Balamanorama Press, Madras, 1933, Second edition, આધારસ્થાન.

બે પ્રતિષ્ઠિત ભાસ-અભ્યાસીઓ-એ. ડી. પુસાલકર અને એ. એસ. પી. અય્યર-[૮] એક તબક્કે આ નાટકને ભાસરચિત માનવા પ્રેરાઈ જાય; તેવું આ નાટક છે. ડિસેમ્બર-૧૯૪૧ની હૈદરાબાદ ખાતેની ઑલ ઇન્ડિયા ઓરિ. કૉન્ફ.માં પુસાલકરે આને ભાસરચિત પુરવાર કર્યું. આ વક્તવ્ય લેખરૂપે જર્નલ ઑફ ધ બોમ્બે બ્રાન્ચ ઑફ ધ રૉયલ એશિ. સો. ૧૯૪૨માં પ્રકાશિત થયું. રાજવૈદ્યે ઉપયોગમાં લીધેલી બંને હસ્તપ્રતોની અસલિયત વિષે દાંડેકરે લેખ લખેલો. તેને આધારે અય્યરે, પુસાલકર પર લખેલા જૂન ૧૯૫૫ના પત્રમાં નાટકને ભાસરચિત હોવાની સંભાવના સ્વીકારી હતી. જી. કે. ભટે[૯] આ નાટકનો વસ્તુલક્ષી અભ્યાસ કર્યો. દશરથની રાણીઓ સાથેની મંત્રણા, તપોવન અને ગ્રામજીવનનાં વર્ણન, ત્રીજા અંકમાં દાસીઓનો પ્રસંગ -આ બધામાં તેને ભાસનાટકો સાથે સામ્ય જણાયું. તેણે જણાવ્યું (જર્નલ ઑફ ધ યુનિ. ઑફ બોમ્બે ૧૯૫૧ પૃ. ૬૪-૭૫) કે આમાં ભાસનાટકોનાં બધાં જ લક્ષણો છે, તેથી આ ભાસનાટક હોવાનું દઢ અનુમાન છે. તેણે[૧૦] એ પણ જણાવ્યું (એનલ્સ ઑફ ધ ભાંડાર. ઓરિ. રિ. ઇન્સ્ટિ. પૂના. વૉ. ૩૫, ૧૯૫૫) કે ભાસનાં રામનાટકોનો રામાયણ મુજબનો ક્રમ આ છે: યજ્ઞફળ, પ્રતિમા, અભિષેક. વરરુચિના વ્યાકરણને આધારે 'સ્વપ્નનાટક' અને 'યજ્ઞફળ'ના પ્રાકૃતનો અભ્યાસ કરીને વી. જી. રાહુર્કરે[૧૧] જણાવ્યું (કેવલાનંદ સરસ્વતી કોમે. વૉ. પૃ. ૨૨૩-૬) કે બંને પ્રાકૃત એક જ કલમની નીપજ છે; આ રીતે 'યજ્ઞફળ' પણ ભાસકર્તૃક છે. આચાર્ય રામચન્દ્ર મિશ્રની[૧૨] માન્યતા છે, કે 'યજ્ઞફળ' ભાસરચિત છે અને આ સાથે ભાસ-નાટકોની સંખ્યા ચૌદ થાય છે.

ઈ. સ. ૧૯૪૧ના અંતમાં પં. ગોપાલદત્ત શાસ્ત્રી પૂનાની ભાંડાર. ઓરિ. ઇન્સ્ટિ.માં આવ્યા. ડૉ. વી. એસ. સુખથંકર અને ડૉ. ગોડેને જણાવ્યું[૧૩] કે 'યજ્ઞફળ' ખરેખર પોતાની રચના છે. કર્તૃત્વના પોતાના દાવાના સમર્થનમાં તેણે ત્રણ પ્રયુક્તિઓ દર્શાવી હતી. ૧ 'પ્રાગ્વક્તવ્ય'માં શરૂઆતથી ૧૯ વાકયો સુધી ક્રમશઃ ૮મો અક્ષર વાંચતાં વાકય આવું બને છે: **बलात् ग्रन्थ लेकर उपोद्‌घात भी मेरे से ही लिखाया ।** ૨ શ્લોક ૧/૨૮ના પ્રત્યેક ચરણના પાંચમા અક્ષરને ક્રમશઃ વાંચવાથી આ શબ્દ બને છે: **गोपालस्य** ૩ શ્લોક ૭/૧ થી ૭/૫ સુધીના પાંચ શ્લોકની પ્રથમ પંક્તિના ૮મા અક્ષરને ક્રમશઃ વાંચવાથી આ શબ્દ બને છે: **भासानुकारी.**

---

૮ Pusalkar, Bhāsa, p. 510, 527

૯ Ibid pp. 526-7

૧૦ Bhat G. K., Bhāsa Studies, Maharashtra Granth Bhandar, Kolhapur, 1968, First edition, p. 106

૧૧ Pusalkar, Bhāsa, p. 527

१२ मिश्र रामचन्द्र आचार्य, अविमारकम्; चौखंबा विद्याभवन, वाराणसी १, १९७३, द्वितीयावृत्ति, भूमिका, पृ. ८

૧૩ Pusalkar, Bhāsa, p. 510-513

પંડિતના દાવાને માન્ય રાખી શકાય તેમ નથી. હસ્તપ્રતવિદ્યામાં નિષ્ણાત ડૉ. આર. એન. દાંડેકર અને ડૉ. ગોડે–બંનેએ[૧૪] નિર્ણય આપ્યો કે હસ્તપ્રત क પોતાનો લેખનસમય ઈ. ૧૬૮૦ બતાવે છે, તે સાચો છે. તેનો કાગળ, લેખનપદ્ધતિ અને પૃષ્ઠમાત્રાઓનો ઉપયોગ આ સમય સૂચવે છે. રાજવૈદ્ય પંડિત પાસે પ્રેસકોપી તૈયાર કરાવી હતી. એટલે પંડિત પ્રાગ્વક્તવ્યમાં પ્રયુક્તિ કરી શકે તેમ હતા. ૧/૨૮ શ્લોકમાં गोपालस्य થતું નથી. ૭/૧ થી ૭/૫ શ્લોકને આધારે નહિ; પરંતુ ૨/૧ થી ૨/૫ને આધારે भासानुकारी વંચાય છે. પણ તેનો અર્થ 'ભાસના અનુકરણમાં રચાયેલું (નાટક)' લેવો જરૂરી નથી. રાજવૈદ્યના ૧૫ નવે. ૧૯૫૧ના પુસાલકરપરના પત્રમાં[૧૫] જણાવાયું છે, તેમ તેના અર્થ આ પણ થઈ શકે: ૧ ભાસે પુનઃ લખેલું ૨ ભાસે તેર નાટકો પછી લખેલું ૩ ભાસના પુત્રે અથવા શિષ્યે તેની પાસે રહીને લખેલું ૪ ભાસના કાચા મુસદ્દાને આધારે તેના પુત્રે અથવા શિષ્યે લખેલું.

પ્રા. જી. સી. ઝાલાએ[૧૬] અભિપ્રાય વ્યક્ત કર્યો (જર્નલ ઑફ ધ બોમ્બે બ્રાન્ચ ઑફ ધ રોયલ એશિ. સોસાયટી, વૉ. ૨૯, ભાગ ૧, ૧૯૫૪) કે 'યજ્ઞફળ' ભાસનાટકોનું આધુનિક અનુકરણ છે. કારણ કે ભાસના સમયમાં અસ્તિત્વમાં ન હોય, તેવી વિગતો આમાં છે. સીતાના વિવાહપ્રસંગે જનક સભાસદોને જણાવે છે કે તમે આમાં સંમત હો, તો ત્રણ વાર स्वस्तिનું ઉચ્ચારણ કરો. ધનુર્ભંગ પૂર્વે ઉદ્યાનમાં રામસીતા પ્રણયસ્વીકાર કરે છે. રામ સીતાને પ્રથમવાર જોઈને દુષ્યન્તની જેમ શંકા કરે છે કે આ બ્રહ્મર્ષિની કન્યા છે. રામલક્ષ્મણ ગ્રામનારીને પ્રણામ કરે છે. વિશ્વામિત્ર નગરજીવનની અપેક્ષાએ ગ્રામજીવનની પ્રશંસા કરે છે. વિશ્વામિત્રને રાજાને મળવા માટે પ્રતીક્ષા કરવી પડે છે.

'યજ્ઞફળ'માં આધુનિક વિચારો અને અભિવ્યક્તિઓ છે, તેમ માનીને ડોલરરાય માંકડ (નૈવેદ્ય, અલિયાબાડા, ૧૯૬૨, પૃ. ૧૬૬) અને વા. વિ. મિરાશીએ[૧૭] (નવભારત, જાન્યુ. ૧૯૫૩, પૃ. ૧–૧૦) આને ભાસનું આધુનિક અનુકરણ જણાવ્યું. મિરાશીએ દૃષ્ટાન્ત આપ્યું કે વિશ્વામિત્રને સુમન્ત્ર नमस्ते કહે છે; ઉત્તરભારતમાં વડીલોનું આ રીતે અભિવાદન થાય છે. સી. કુન્હન રાજા[૧૮] આને સાંપ્રત લેખકની રચના માને છે. એચ. આર. અગરવાલની[૧૯] માન્યતા છે કે ભાસની શૈલીમાં કોઈ આધુનિક અભ્યાસુએ કરેલી આ છેતરપિંડી છે.

---

૧૪ Ayyar A. S. P., Bhāsa, V. Ramaswamy Sastrulu and Sons Madras 1; 1957, Second edition, pp. 20-1

૧૫ Pusalkar, Bhāsa, p. 518

૧૬ Ayyar, Bhāsa, pp. 21-2

૧૭ Pusalkar, Bhāsa, p. 528

૧૮ Raja C. Kunhan, Suryay of Sanskrit Literature, Bharatiya Vidya Bhavan, Bombay; 1962, First edition, p. 330

૧૯ Aggarwal H. R., A Short history of Sankrit Literature, Munshiram Manoharlal, Delhi 6, 1963, Second edition. p. 61

એ. એસ. પી. અય્યરની[૨૦] માન્યતા છે: શક્તિભદ્રના કોઈ ઉત્તરભારતીય શિષ્યે સંભવત: ઈ. ૧૧મી–૧૨મી સદીમાં ભાસનાં રામનાટકોના અનુકરણમાં 'આશ્ચર્યચૂડામણિ'ને ખ્યાલમાં રાખીને આ નાટકની રચના કરી છે; આમાં 'દશકુમારચરિત'ની રોમાંચક પ્રણય-ભાવનાનો સમાવેશ કર્યો છે. ભાષા ભાસનાટકો કરતાં ઊતરતી છે. શ્લોકો સામાન્ય કક્ષાના છે, સંખ્યામાં પણ ઘણા છે. 'વિશ્વામિત્ર બ્રાહ્મણ ન હતા, તેથી બ્રાહ્મણોએ રાક્ષસોને તેના યજ્ઞમાં વિઘ્ન સર્જવા ઉશ્કેર્યા હતા,' આ જાતનું નિરૂપણ છેક ઈ. ૭મી સદી પછી દક્ષિણભારતમાં પ્રગટેલા બ્રાહ્મણ–અબ્રાહ્મણ–સંઘર્ષને અનુરૂપ છે. કથાનક કેટલીક વિગતોમાં ભાસનાં રામનાટકોથી જુદું પડે છે. વિદુષકનો મોદકપ્રસંગ ભાસના 'પ્રતિજ્ઞાયૌગંધરાયણ (અંક ૩)'ના વિદૂષક–મોદક–પ્રસંગને આધારે રચાયો છે.

એ. કે. વોર્ડરને[૨૧] 'યજ્ઞફળ'ના ભાસકર્તૃત્વ સામે ગંભીર વાંધો છે: ઈ. ૪થી સદીમાં થયેલા પતંજલિનો આમાં ઉલ્લેખ છે. નાટક યુદ્ધ અને હિંસાથી દૂર રહે છે. જીવંત પ્રસંગોને સ્થાને દલીલો છે. કાવ્યાત્મક કલ્પનાઓ કંટાળાજનક છે. રસ શાંત છે. નાટ્યલક્ષી બાબતોનો કલાત્મક વિનિયોગ નથી. ભાસના આ અનુકરણમાં નાટ્યકૌશલ કરતાં પ્રચારતત્ત્વ વધુ છે.

ડૉ. એન. પી. ઉન્નીનો[૨૨] મત છે: 'યજ્ઞફળ'એ કુશળ છેતરપિંડી છે. ભાસનાટકોની ૨૦૦ હસ્તપ્રતો તેણે જોઈ, તેમાં આ નાટકની કોઈ ન હતી. કેરાળા કે દક્ષિણમાં આને કોઈ જાણતું નથી. અહીંના પાઠ્યગ્રંથો બીજાં ભાસનાટકોમાંથી અવતરણ આપે છે; આમાંથી નહિ.

એમ. આર. કવિની[૨૩] માન્યતા છે (જર્નલ ઑફ શ્રી વેંકટેશ્વર ઓરિ. ઇન્સ્ટી., તિરૂપતિ, વૉ. ૨, પૃ. ૪૭૪–૫): ભાસનાટકો મોટે ભાગે શુદ્ધ શૌરસેની પ્રયોજે છે; જ્યારે આમાં જે શૌરસેની છે, તે મોટેભાગે માગધીથી મિશ્રિત છે. આમાં પ્રાકૃત શ્લોક ૧/૨માં નવો માત્રાવૃત્ત છે. પિંગળ, વીરહાંક કે સ્વયંભૂ તેને ઓળખતા નથી.

આચાર્ય બલદેવ ઉપાધ્યાય[૨૪] માને છે: કોઈ પરવર્તીએ ભાસના અનુકરણમાં આની રચના કરી છે. નાટકમાં જ એક સ્થળે 'भासानुकारी' લખાયું છે.

---

૨૦ Ayyar, Bhāsa, pp. 23-4, 28-9

૨૧ Warder, A. K., Indian Kavya literature, Vol. 2, Motilal Banarsidass, Delhi 7, 1974, First edition, pp. 325-6

૨૨ Wani (Dr.) N. P., New Problems in Bhasa Plays, College Book house, Trivendrum, 1978, આવૃત્તિ નથી આપી, p. 223

૨૩ Pusalkar, Bhāsa; p. 527

૨૪ उपाध्याय बलदेव आचार्य, महाकवि भास: एक अध्ययन, चौखंबा विद्याभवन, वाराणसी १. १९६४, प्रथम संस्करण, पृ. २१

નાટકના ભાસકર્તુત્વના વિરોધમાં આ દલીલ અપાય છે:[૨૫] આના સિવાય કોઈ ભાસનાટકની દેવનાગરી હસ્તપ્રત મળી નથી. નાટકમાં ગુજરાતીનું સંસ્કૃત રૂપાંતર હોય, તેવા શબ્દો છે. જેમકે-પૂરેપૂરું=पूर्ण; ભણવુંભણાવવું=शिक्षण; ક્રિયા=कर्म; કામમાં આવે તેવું= उपयोगि; અસલ=वास्तविक; થાક=श्रम.

ભાસકર્તૃત્વના વિરોધમાં પ્રસ્તુત ઉપરની બધી દલીલો વિચારણાને પાત્ર છે.

૧ કોઈ પણ કુશળ લેખક બીજાની રચનાઓ સાથે આટલી હદે સામ્ય લાવી ન શકે.

૨ ઉદ્યાનમિલન કે स्वस्ति ઉચ્ચાર જેવા પ્રસંગ કલ્પનાથી ઉપજાવવામાં આવે, તો તે આધુનિક થઈ જતું નથી. 'રામાયણ'થી છૂટા પડીને પ્રસંગો કલ્પવામાં 'યજ્ઞફળ' ભાસનાટકો જેવું જ છે. 'રઘુવંશ' વાલ્મીકિરામાયણથી જુદું પડતું હતું; ત્યાં એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી હતી કે કાલિદાસ પાસે વાલ્મીકિની નહિ, તેવી રામકથા હોવી જોઈએ. અશ્વઘોષે[૨૬] આવા રામકથાકાર મહર્ષિ ચ્યવનનો ઉલ્લેખ કર્યો જ છે. 'રઘુવંશ'નાં જેવું 'યજ્ઞફળ'ની બાબતમાં બન્યું હોય તે પણ સંભવિત છે.

૩ 'શાકુન્તલ'માંથી 'યજ્ઞફળ'માં ઉછીનું લેવાયું છે; એમ કહેવામાં આવે છે, ત્યારે ડૉ. એસ. કૃષ્ણસ્વામી આયંગરે[૨૭] આપેલી ચેતવણી (૮મી ઑલ ઈ. ઑરિ. કૉ. મદ્રાસ, પૃ. ૨૯) યાદ રાખવી જોઈએ કે, બે રચનાઓમાંથી લીધેલાં છૂટાંછવાયાં અવતરણોને આધારે એકનું બીજા પર અમુક અંશે ઋણ છે, તેવો દષ્ટિકોણ છોડવો જરૂરી છે અને ઇચ્છનીય છે. 'શાકુન્તલ'ને પોતાને ભાસનાટકો સાથે સામ્ય છે. જેમકે[૨૮]

'પ્રતિમા'-सर्वशोभनीयं सुरूपं नाम ।

'शाकुन्तल'-किमिव हि मधुराणां मण्डनं नाकृतीनाम् ।

૪ ગ્રામજીવનની અપેક્ષાએ નગરજીવનની પ્રશંસાનો વિચાર અર્વાચીન નથી. આપસ્તંબ ધર્મસૂત્રમાં[૨૯] જણાવ્યું છે કે ભરચક શહેરોમાં રહેતા અને ધૂળછાયા વાયુમંડળમાં શ્વાસ લેતા લોકો પરમ શુદ્ધ પરમેશ્વર વિષે વિચારી શકતા નથી. આપસ્તંબનો સમય ઈ. પૂ. ૬૦૦-૩૦૦[૩૦]

૨૫ Ayyar, Bhāsa, p. 19, Pusalkar, Bhāsa; pp. 528-9.

૨૬ Johnston E. S., The Buddhacarita, Motilal Banarsidas, 5 Delhi. 7, 1972, Repript from Firstedition, p. 4

૨૭ Pusalkar, Bhāsa, p. 152

૨૮ भासनाटकचक्रम्, प्रतिमा, प्रथमोङ्कः: Oriental Book Agency, Poona-2, 1962, આવૃત્તિ નથી આપી.

अभिज्ञानशाकुन्तलम्; १-१४, Motilal Banarsidass, Delhi-7, 1967, Tenth edition,

૨૯ Ayyar, Bhāsa, p 24

૩૦ काणे पाण्डुरङ्ग वामन, अनु. अर्जुन चौबे काश्यप; धर्मशास्त्रोका इतिहास-१, हिन्दी समिति, उ. प्र. लखनउ, સાલ લખી નથી. द्वितीय संस्करण, पृ. १३.

છે. ગ્રામજીવનની આવી ઉદાત્તતા 'પંચરાત્ર' અને 'બાલચરિત'માં પણ જોવા મળે છે. વસુદેવ નંદગોપને કહે છે–'તમે ઘોષવાસને લીધે પ્રકૃતિથી શુદ્ધ જ છો.'[૩૧]

૫ વિશ્વામિત્રને રાજાની પ્રતીક્ષા કરવી પડી; તેવું કથન યોગ્ય નથી. દશરથ અગ્નિ-શાળામાં આશિષપ્રાપ્તિથી કૃતાર્થ થવા આવે છે. ઋષિ ઊભા થતા નથી. રાજા પ્રણામ કરે છે. પછી આશિષ આપવા ઊભા થતા ઋષિને રાજા બેસવા વિનંતિ કરે છે.

૬ અભિવાદન માટે **नमस्ते**નો ઉપયોગ અર્વાચીન નથી. 'ઉત્તરરામચરિત'માં[૩૨] સીતા અષ્ટાવક્રને **नमस्ते** કહે છે.

૭ 'આશ્ચર્યચૂડામણિ' 'યજ્ઞફળ' માટે આદર્શ નથી. 'આશ્ચર્યચૂડામણિ'નું વસ્તુગ્રથન સુગ્રથિત નથી, 'યજ્ઞફળ'નું છે. 'આશ્ચર્યચૂડામણિ' રામાયણ સાથે બહુ છૂટ લેતું નથી, 'યજ્ઞફળ' લે છે. 'આશ્ચર્યચૂડામણિ' નાટ્યકલાની રીતે 'યજ્ઞફળ' કરતાં ઊતરતું છે. 'આશ્ચર્યચૂડામણિ' પર સમગ્રપણે ભવભૂતિની અસર છે, 'યજ્ઞફળ' પર નથી.

૮ 'દશકુમારચરિત'માં પ્રણયનું સ્વરૂપ–સુશીલકુમાર દેના[૩૩] મતે Illicit છે. 'યજ્ઞફળ'માં રામ-સીતાના પ્રણયને આ વિશેષણ ઘટતું નથી.

૯ 'યજ્ઞફળ'ની જે બે હસ્તપ્રતો રાજવૈદ્યએ ઉપયોગમાં લીધી, તેનું સંસ્કૃત અતિપ્રાચીન છે, એવું તેમણે 'પ્રાગ્વક્તવ્ય'માં જણાવ્યું છે.

૧૦ પદ્યો–પદ્યાત્મક સંવાદો–નો અતિરેક ભાસની આ પ્રારંભની રચના હોવાની સંભાવનાનું સાધક પ્રમાણ છે, તેવો પુસાલકરનો[૩૪] મત છે. રાજવૈદ્યના તેની પરના ૧૫ નવે. ૧૯૫૧ના પત્રમાં છે કે આ નાટકમાં પદ્યો પ્રક્ષિપ્ત હોય, તે સંભવિત છે; **भासानुकारी** અક્ષરો ધરાવતા પાંચ શ્લોક પ્રક્ષિપ્ત છે. મધ્યકાલીન સંસ્કૃત નાટકોની લાક્ષણિકતા પદ્યોનો અતિરેક છે. 'પ્રબુદ્ધરૌહિણેય (ઈ. ૧૧૮૪)'ના[૩૫] ૭ અંકમાં ૧૭૭ પદ્યો છે. લિપિકારે સમકાલીન પ્રભાવમાં આવી જઈને પદ્યો ઉમેર્યાં હોય, તે સંભવિત છે.

---

३१ घोषवासात् प्रकृत्या शुचिरेव भवान्। भासनाटकचक्रम्, बालचरितम्, प्रथमोङ्कः

૩૨ Bhat G. K., Uttararāmacharita; The Popular Publishing house, Surat 1965, Second edition, p. 8

૩૩ De S. K., A History of Sanskrit Literature, Vol. I, Uni. of Calcutta, Calcutta, 1964, Second edition, p. 213

૩૪ Pusalkar, Bhāsa, p. 526

૩૫ पुण्यविजयजी, प्रबुद्धरौहिणेयम्, श्री जैन आत्मानन्दसभा भावनगर, १९१८, આવૃત્તિ લખી નથી–આધારસ્થાન

પરીખ ર. છો., સોલંકીકાલ, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ–૯, ૧૯૭૬, પ્રથમ સંસ્કરણ, પૃ. ૩૦૪

૧૧ બ્રાહ્મણ–અબ્રાહ્મણસંઘર્ષના વિચારો ભાસના સમયમાં ઉદીયમાન સ્થિતિમાં હતા. 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ'માં વિદૂષક પોતે જ કહે છે–'(આ સમયમાં) બ્રાહ્મણ તરીકે અસ્તિત્વ હોવું, એ પાપરૂપ છે.'[૩૬]

૧૨ 'યજ્ઞફળ'ના અને 'પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ'ના મોદકપ્રસંગમાં સામ્ય આટલું જ છે કે બંનેમાં વિદૂષક આ નિમિત્તે હાસ્ય પ્રગટાવે છે; પ્રસંગો બંનેમાં જુદા છે. વિદૂષક મોદકનિમિત્તે હાસ્ય પ્રગટાવે, તે સંસ્કૃત નાટક માટે નવું નથી.

૧૩ કથાસમયમાં પતંજલિનું અસ્તિત્વ ન હતું; એ ખરું. પરંતુ લેખક પોતાના સમયમાં અસ્તિત્વ ધરાવતી રચનાનો ઉલ્લેખ તેની કૃતિમાં કરે છે, આવું આ નાટકમાં બન્યું છે, તેવી સ્પષ્ટતા રાજવૈદ્યએ 'પ્રાગ્વક્તવ્ય'માં કરી છે. ડૉ. એ. પી. બેનર્જી શાસ્ત્રી (જર્નલ ઑફ ધ બિહાર ઍન્ડ ઓરિસ્સા રિસર્ચ સોસા., વૉ. ૯, ભા. ૧, ૧૯૨૩, પૃ. ૬૮–૭૧) અને ર. છો. પરીખ[૩૭] પતંજલિને ભાસના પુરોગામી માને છે. આ શક્ય છે. કારણ કે પતંજલિ ઈ. પૂ. ૨જી સદીમાં[૩૮] થયા છે અને કોનો, સરૂપ, ભાંડારકર, યાકોબી, જૉલી, દેવધર, બાર્નેટ, પીશરોટી, કાણે, રામાવતાર શર્મા, રેડ્ડી શાસ્ત્રી,[૩૯] કીથ, વિંટરનિત્સ, રાજા, વૉર્ડર[૪૦] વગેરે ભાસને આ સમય પછી મૂકે છે.

૧૪ નાટકમાં અમુક પ્રસંગ ન હોય, તે તેના કર્તૃત્વ અંગેની શંકા માટે વાજબી કારણ નથી.

૧૫ ભાસનાં ઉપલબ્ધ નાટકો બધાં જ નાટ્યકલાની રીતે એકસરખાં સફળ નથી. પ્રારંભિક રચનાઓમાં ઊણપ જોવા મળતી હોય છે, 'માલવિકાગ્નિમિત્ર' તેનું દૃષ્ટાન્ત છે. પુસાલકરે 'યજ્ઞફળ'ને ભાસની પ્રારંભિક રચનાહોવાની સંભાવના કરી છે. રાજવૈદ્ય તો

---

૩૬ अद्य ब्राह्मणभावः । भासनाटकचक्रम्, प्रतिज्ञा यौगन्धरायणम्, तृतीयोङ्कः

૩૭ પરીખ ર. છો., સંસ્કૃત નાટ્ય સાહિત્ય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૧૪, ૧૯૮૦. પ્રથમ આવૃત્તિ, પૃ. ૫૨, ૬૧

૩૮ Benarji S. C.; A Companion to Sanskrit Literature;Motilal Banarsidass, Delhi 7, 1971. First edition, p. 79

૩૯ Pusalkar, Bhāsa, p. 63, fn. 2

૪૦ પુરોહિત ન. ભો., કીથ કૃત સંસ્કૃત નાટક, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૬૦, આવૃત્તિ ૧લીનું પ્રથમ પુનર્મુદ્રણ, પૃ. ૧૨૧

Winternitz M., Tr. Subhadra Jha, A history of Indian Literature, Vol. III, p. I, Motilal Banarsidass, Delhi 7; 1977, Second edition, p. 229

Raja, Survay, p. 157

Warder, literature, p. 264

'પ્રાગ્વક્તવ્ય 'માં જણાવ્યું છે કે આમાં વસ્તુસંકલ્પના શ્રેષ્ઠ છે; ભાવ, અલંકાર વગેરે નાટ્યાંગો સૌથી વધુ મનોહર છે; આ ભાસરચના હોવાનું એક પ્રમાણ આ પણ છે.

૧૬ કોઈ પ્રદેશમાંથી હસ્તપ્રત ન મળવી, એ કર્તૃત્વ માટેની શંકાનું વાજબી કારણ નથી. રાજવૈદ્ય 'પ્રાગ્વક્તવ્ય 'માં જણાવ્યું છે કે તેને બનારસ, સૂરત અને પંજાબમાંથી અનેક હસ્તપ્રતો મળી છે. અય્યરે આનું સમર્થન કર્યું છે.

૧૭ અમુક પ્રદેશના પાઠ્યગ્રંથોમાં અવતરણોનો અભાવ હોય, તેથી તેના કર્તૃત્વ અંગે શંકા થઈ ન શકે. 'ઋતુસંહાર 'માંથી અવતરણો ક્યાંય લેવામાં આવ્યાં નથી, છતાં તે કાલિદાસરચિત મટી જતું નથી.

૧૮ 'યજ્ઞફળ' જે પ્રાકૃત પ્રયોજે છે, તે મોટેભાગે શૌરસેની છે અને તે માગધીથી મિશ્રિત છે. ડૉ. ડબલ્યૂ ઇ. કલાર્ક (જર્નલ ઑફ ધ અમેરિકન ઓરિ. સોસા., ન્યૂ હવેન; ૪૪; પૃ ૧૦૧) ને અનુસરીને પુસાલકર[૪૧] માને છે કે ભાસનાટકોમાં પણ આ બંનેનું મિશ્રણ છે.

૧૯ ભાસનાટકોની દેવનાગરી હસ્તપ્રત નથી મળતી, આ નિર્ણયાત્મક પુરાવો નથી. નથી મળતી, તેવું પણ નથી. ડૉ. એન. પી. ઉન્નીએ[૪૨] ભાસનાટકોની કુલ ૨૩૩ હસ્તપ્રતો જોઈ; તેમાંની કેટલીક દેવનાગરી પણ છે. પુસાલકરને[૪૩] ઉત્તર ભારતમાંથી એક ભાસનાટકની દેવનાગરી હસ્તપ્રત મળી હતી.

૨૦ ગુજરાતીમાંથી સંસ્કૃતમાં રૂપાન્તર હોય, તેવા શબ્દો નાટકમાં નથી. ઊલટું ગુજરાતીમાં સંસ્કૃતને આધારે આ શબ્દો બન્યા છે. કારણ કે બીજી પ્રાન્તીય ભાષાઓમાં એના સમાનાર્થક શબ્દો મળે છે. પ્રશિષ્ટ સંસ્કૃતમાં આ શબ્દો આ અર્થમાં વપરાય જ છે. જેમકે, વા. શિ. આપ્ટેના શબ્દકોષમાં[૪૪] ૧ **पूर्ण** = પૂરેપૂરું, 'રઘુવંશ' ૩/૩૮ ૨ **शिक्षण** = ભણવું, ભણાવવું 'માલવિકાગ્નિમિત્ર' ૪/૯, ૩ **कर्म** = કૃત્ય 'માલવિકાગ્નિમિત્ર' ૪ **उपयोगिन्** = કામમાં આવે તેવું ૫ **वास्तविक** = અસલ ૬ **श्रम** = થાક 'મેઘદૂત' ૧૭.

'યજ્ઞફળ 'ને બીજાં ભાસનાટકો સાથે સામ્ય છે. તે બાબત નિઃશંક છે. આ સામ્યને કૃત્રિમ ગણીને તેની ઉપેક્ષા કરવી મુશ્કેલ છે. ભાસકર્તૃત્વના વિરોધમાં પ્રસ્તુત દલીલો–પુસાલકરના

---

૪૧ Pusalkar, Bhāsa, p. 131.

૪૨ Gupta Dharmendra Kumar; Recent Studies in Sanskrit and Indology, Ajanta Publication, Delhi 110007, 1982, First Published, p. 108.

૪૩ Ayyar, Bhāsa, p. 19

૪૪ आप्टे वामन शिवराम, संस्कृत हिन्दी कोश, मोतीलाल बनारसीदास, दिल्ली, १७७७, द्वितीय संस्करणका पुनर्मुद्रण, पृ. २०९, ६२१, ६४७, ९२३, १०१५, १०३५.

શબ્દોમાં[૪૫]—મોટાભાગની Subjective છે અને તે Objectively થઈ નથી. આમાંની કેટલીક નિષેધાત્મક છે. નિષેધાત્મક બાબતોને સાધક પ્રમાણ તરીકે મહત્ત્વ અપાવું ન જોઈએ. પ્રાચીનવાદીની માન્યતા છે જ, કે આ નાટક ભાસરચિત જ છે. તેને સ્વીકારવામાં કદાચ ખચકાટ થાય, તો પણ આટલું તો નિશ્ચિત જણાય છે; કે આ નાટકની રચના ભાસે કરેલી હોય અને અનુકાલીન લિપિકારોએ તેમાં સંભવતઃ સમકાલીન પ્રવાહોને અનુરૂપ પરિવર્ધનો કર્યાં હોય. પુસાલકર પાસેથી[૪૬] આવો સંકેત મળે છે; કે નાટક જે મુદ્રિત સ્થિતિમાં ઉપલબ્ધ બન્યું છે, તે સ્વરૂપમાં જ ભાસે રચ્યું હોય, તેમ જણાતું નથી. અત્રે એ યાદ રાખવું જરૂરી છે કે કે. રામ પિશરોટી સાથે સંમત થઈને કૃપ્પુસ્વામી શાસ્ત્રીએ જણાવ્યું છે કે આ ત્રિવેન્દ્રમ–નાટકો જે સ્વરૂપમાં ઉપલબ્ધ બન્યાં છે, તે સ્વરૂપમાં ભાસે રચેલાં નથી.

૪૫-૪૬ Pusalkar, Bhāsa, p. 529

આદિશંકર ભગવત્પાદની માતૃભક્તિ

વાસુદેવ વિ. પાઠક*

અનુવાદ : દેવદત્ત જોશી*

को नाम प्रभवेत् ज्ञातुं दिव्यानां दिव्य--जीवनम् ।
सर्वं ह्यभिमतं येषां तेषां स्यात् करुणा शुभा ॥

(દિવ્ય લોકોનું દિવ્ય જીવન જાણવા માટે કોણ સમર્થ છે? જેમનું સમગ્ર જીવન માન્ય છે તેમની કરુણા પણ શુભંકરી છે.) લોકોત્તર પુરુષોનાં ચિત્તને જાણવા માટે કોણ સમર્થ હોય છે?[1] વગેરે મહાકવિ ભવભૂતિએ વાસંતીના મુખે ભગવાન શ્રીરામચન્દ્રજીના સંદર્ભમાં કહ્યું તે પરમાદરણીય આદિશંકર ભગવત્પાદના વિષયમાં પણ સાચું છે. એક બાજુ का मे जननी को मे तात:[2] (કોણ મારી માતા અને કોણ મારા પિતા?) એમ કહે છે, બીજી બાજુ क्षुधातृषार्ता जननीं स्मरन्ति[3] (ભૂખતરસથી પીડાતા લોકો માને યાદ કરે છે) એમ કહે છે. એ ઉપરાંત कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति[4] (કુપુત્ર હોઈ શકે પણ કુમાતા હોઈ શકે નહિ) વગેરે શબ્દોમાં માતાને ભજે છે. આ સંદર્ભમાં

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किञ्चन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि[5] ॥ (गीता, ३. २२)

(હે અર્જુન ! મારે ત્રણે લોકમાં કંઈ પણ કર્તવ્ય નથી અને કંઈ પણ પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ અપ્રાપ્ત નથી તેમ છતાં હું કર્મમાં જ પ્રવૃત્ત છું.) એમ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે જે ઉપદેશ આપ્યો છે એનો જ વિચાર કરવા જેવો છે.

આદ્ય શંકરાચાર્યે સંન્યાસીજીવનનો સ્વીકાર કરવા છતાં, કશું જ કરવા જેવું નથી એ સત્યનો સ્વીકાર કરવા છતાં સ્વઆચરણ દ્વારા સંસારીઓને ઉપદેશ આપવા માટે માતા આર્યામ્બાના

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧-૨, દીપોત્સવી અંક અને 'વસંતપંચમી અંક, નવેમ્બર ૧૯૮૮-ફેબ્રુઆરી ૧૯૮૯, પૃ. ૩૩-૩૬.

* બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૧.

* ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ, મ. સ. યુનિ., વડોદરા.

૧ ભવભૂતિ, ઉત્તરરામચરિતમ્, ૨.૭.

૨ શંકરાચાર્ય, ભજ ગોવિન્દમ્. ૧૧.

૩ દેવીઅપરાધક્ષમાપનસ્તોત્રમ, ૨.

૪ એજન, ૧૦.

૫ શ્રીમદ્ ભગવદ્ ગીતા, ૩.૨૨.

પરમસંસ્કારસ્વરૂપનું કાર્ય તેમણે કર્યું. એમ કરીને ભગવત્પાદે પ્રતીતિ કરાવી કે માતા જ પરમ ઉપકારિણી છે. તેણે આપેલ દેહ અને સંસ્કાર ધારણ કરતા આપણે સંસારવ્યવહાર, સ્વધર્માચરણ, મુક્તિ માટે યત્ન પણ કરીએ છીએ. પોતાનાં સંતાનોનાં સુખ માટે, શરીરસૌષ્ઠવ માટે જે કંઇ તેણે સહન કર્યું છે તેના ઋણને ફેડવાનું કોઈ પણ રીતે અશક્ય છે. એક સારી માતા ગુરુ કરતાં સોગણું મહત્ત્વ ધારણ કરે છે.[૬] માતાના સત્પ્રભાવથી જ શંકરાચાર્યવર, શિવાજી જેવા નરવરો શ્રેષ્ઠત્વથી દીપી ઊઠ્યા. **सहस्रं तु पितॄन् माता गौरवेणातिरिच्यते**[૭] (પિતા કરતાં માતાનું ગૌરવ સહસ્રગણું છે) એમ પણ કહેવાયું છે. **मातृदेवो भव** એમ ઋષિઓ, મનીષિઓ, ક્રાન્તદર્શીઓએ સૌ પ્રથમ કહ્યું. એ પછી પિતા, આચાર્ય, અતિથિ વગેરેનું સ્થાન છે.[૮] **जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी**[૯] (જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ ચઢિયાતાં છે) વગેરે લક્ષ્મણ પ્રત્યે કહીને ભગવાન રામે જનનીનું જ મહત્ત્વ પહેલાં સ્વીકાર્યું છે. **मातुः समानं न किञ्चित् पृथिव्याम्** (માતા સમાન પૃથ્વીમાં કંઇ નથી) એવા ભાવને અનુરૂપ ગુજરાતી કવિએ સાચું જ ગાયું છે.[૧૦] વસ્તુતઃ '**तत्त्वज्ञानस्य सागरः श्रीमच्छंकराचार्यः**' (ફિલસૂફીના સાગર શ્રીમદ્ શંકરાચાર્ય) એ નામના લેખમાં[૧૧] શ્રી. યશોધર મહેતા **माता सत्यं जगन्मिथ्या** (માતા સત્ય છે, જગત મિથ્યા છે) એવા ભાવનિરૂપણ દ્વારા શંકર ભગવત્પાદે પણ આ જ અનુભવ્યું હતું એમ સૂચવે છે. અહીં માતાને બ્રહ્મસ્વરૂપ જ જાણેલું છે, કોઈ ભૌતિક, વ્યાવહારિક સંબંધ નહિ. સંબંધીઓના વિરોધ હોવા છતાં સંન્યાસરત એમણે યોગાગ્નિ પ્રજવાળી માતાનો અગ્નિસંસ્કાર કર્યો. પરમમાતૃસ્વરૂપ માતાને ગુરુ તરીકે ઉપદેશ આપ્યો. તેમના દેહનો પંચમહાભૂતોમાં વિલય કર્યો અને સંન્યાસ કોઈ દિવસ પરપીડન માટે હોતો નથી તો પોતાની માતાના પરિપીડન્ માટે તો હોઇ જ કેવી રીતે શકે? એટલે યથાશક્ય માતાના મનનું સમાધાન કરવું એવી ભાવના હૃદયમાં રાખી તે વખતે ભગવત્પાદે પ્રતિજ્ઞા કરી કે "માતાના નિર્વાણકાળે અંત્યેષ્ટિસંસ્કાર માટે જ્યાંથી ત્યાંથી કોઈપણ સ્થળેથી હું જાતે હાજર થઈશ." વિધવા માતા માટે તે વેળા પુત્ર સિવાય બીજો કોઈ આધાર ન હતો. સંન્યાસ માટેની અનુમતિ તો અશક્ય હતી. એકના એક પુત્રનો આવો વંશવિસ્તારનો ઉન્મૂલક સંકલ્પ માતા માટે દારુણ હતો. આમ હોવા છતાં **सोपानमार्गं मोक्षस्य, मानुष्यं प्राप्य दुर्लभम् न मोचयति चात्मानं तस्मात्पापतरोऽत्र कः** (મોક્ષનું સોપાન અને દુર્લભ એવું મનુષ્યત્વ પ્રાપ્ત કરીને જે પોતાને મુક્ત કરતો નથી એનાથી વધારે મોટું પાપ કયું?) એવા ભાવથી વિચારીને[૧૨] **आत्मार्थे पृथिवीं त्यजेत्** (આત્માને માટે પૃથ્વીનો પણ ત્યાગ કરવો જોઈએ) એવી ધારણાથી

---

૬ One good mother is hundred times more than any teacher—નેપોલિયન.

૭ મનુસ્મૃતિ, ૨.૧૪૫.

૮ તૈત્તિરીયોપનિષદ, શિક્ષાધ્યાય, અગિયારમો અનુવાક, મંત્ર ૨.

૯ વાલ્મીકિ રામાયણ.

૧૦ બોટાદકર દામોદર "જનનીની જોડ જગે નહીં જડે રે લોલ"

૧૧ મહેતા યશોધર ન., "ગુજરાત સમાચાર" (અમદાવાદ)માં પ્રકાશિત લેખ (ઉદ્ધૃત-રાવલ સી. વી '**શ્રીમદ્ શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન**' પ્રથમાવૃત્તિ, ૧૯૭૪, પૃ. ૩).

૧૨ ગોસ્વામી તુલસીદાસ, "**साधनधाम मोक्ष कर द्वारा**" વગેરે.

निजगृहात् तूर्णं विनिर्गम्यताम्[13] (પોતાના ઘરમાંથી તાત્કાલિક નીકળી જવું જોઈએ) એવી પોતાની ઉક્તિ અનુસાર **यदहः विरजेत् तदहः प्रव्रजेत्** (જ્યારે વૈરાગ્ય જાગે ત્યારે પ્રવ્રજ્યા કરવી) એવી વૃત્તિથી શંકર ભગવત્પાદે સંસારત્યાગ તો મનથી સ્વીકાર્યો જ હતો. કેવળ સ્થૂળ દૃષ્ટિએ જ સંસારવિસર્જન બાકી હતું. **हरति निमेषात् कालः सर्वम्**[14] (આંખના પલકારામાં કાળ સર્વને તાણી જાય છે) એવું જાણતા છતાં ય **मायामयमिदमखिलं हित्वा, ब्रह्मपदं त्वं प्रविश विदित्वा**[15] (આ બધું માયામય છે, તેને છોડીને બ્રહ્મપદને જાણીને એમાં પ્રવેશ કર) અને **इति परिभावय सर्वमसारम्**[16] (આ બધું અસાર છે એમ જાણી લે) એવો ઉપદેશ કરવા છતાંય જેને અનાસક્તિ જાગી નથી ત્યારે **येषां चित्ते नैव विवेकः ते पच्यन्ते नरकमनेकम्**[17] (જેના ચિત્તમાં વિવેક નથી તે અનેક નરકો ભોગવે છે) એમ જ કહેવું પડશે. આ માટે પણ માતાની અનુમતિની અપેક્ષા હતી. સુજ્ઞ ભગવત્પાદે વચલો માર્ગ કાઢ્યો. **सर्वनाशे समुत्पन्ने अर्धं त्यजति पण्डितः**[18] (સર્વનાશસમયે પંડિતો અરધું છોડી દે છે) એ ન્યાયથી માતાને આશ્વાસન પણ મળે અને કાર્યસિદ્ધિ પણ થાય. તેમણે પોતાના આત્મબળથી ચમત્કાર સર્જ્યો. મગરની દાઢોમાં પોતાના પગ દર્શાવ્યા. માતા પણ મગરરૂપી મૃત્યુના મુખમાં પુત્રને પડેલો જોઈને તીવ્ર સંતાપ કરવા લાગી. પુત્રએ પણ અંતિમસમયની ઇચ્છા વ્યક્ત કરી અને તે મૃત્યુ પહેલાં ગૃહત્યાગપૂર્વકનો સંન્યાસ સ્વીકાર કરવો. જીવનના અંતસમયે આપત્સંન્યાસ વ્યવહારમાં સ્વીકારાયેલો છે, જે આવકાર્ય પણ છે. મા તે મા જ. અત્યારે એને માટે કોઈ વિકલ્પ ન હતો. તેણે એનો પ્રેમથી સ્વીકાર કર્યો. હવે પુત્ર માયિક એવા મગરના બંધનથી અને સંસારબંધનથી મુક્ત થયો. એનો તો હવે પુનર્જન્મ જ થયો. માતાની આવી પ્રેમાળ અનુમતિ જ માતામાં પરામ્બાનું દર્શન કરાવે છે. ભગવત્પાદે સ્તુતિ પણ કરી **कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति**[19] વગેરે. એ જ કામાક્ષીસ્વરૂપા માતા, જેના કૃપાકટાક્ષથી પ્રેરિત થઈને ભગવાન શંકરાચાર્યએ સનાતન ધર્મની સુદૃઢ પ્રતિષ્ઠા કરવા માટે દિગ્વિજય વગેરેનો પ્રારંભ કર્યો. **पुन्नाम्नः नरकात् त्रायते स पुत्रः**[20] (પુત્ નામના નરકમાંથી જે રક્ષે તે પુત્ર) એવી શ્રદ્ધા ધરાવતી માતા પુત્ર હોવા છતાં નરકમાંથી રક્ષણ મળ્યું નહિ એવો અનુભવ શી રીતે કરે? એમ વિચારીને જ ભગવત્પાદે માતાની પરમક્રિયા કરવાની પ્રતિજ્ઞા કરી હશે.

---

૧૩ શંકરાચાર્ય, સાધનપંચકમ્

૧૪ શંકરાચાર્ય, દ્વાદશપંજરિકા-૪.

૧૫ એજન, ૪.

૧૬ શંકરાચાર્ય, ભજ ગોવિન્દમ્, ૧૧.

૧૭ શંકરાચાર્ય, દ્વાદશપંજરિકા, ૧૩.

૧૮ શ્રી સુભાષિતસુધારત્નભાંડાગારમ્, ચતુર્થ ભાંડમ્, શ્લોક ૯૦, પ્રકાશક-ખેમરાજ શ્રીકૃષ્ણદાસ, મુંબઈ, ૧૯૦૫.

૧૯ દેવીઅપરાધક્ષમાપનસ્તોત્રમ્—૨.

૨૦ पुंन्नाम्नो नरकाद्यस्मात् पितरं त्रायते सुतः :
तस्मात्पुत्र इति प्रोक्तः पितॄन् यः पाति सर्वतः ॥ વાલ્મીકિ રામાયણ

વિધવા માતાને માટે તેના પતિનું એકમાત્ર સ્મરણ પુત્ર શંકર જ હતો. આવી જ રીતે કોઈ પણ માતા પુત્રની પુષ્ટિથી પોતે પુષ્ટ થઈ હોય અને પુત્રના નાશથી પોતે નાશ થઈ એવી ભાવના અનુભવે છે. પરાશ્મ્માના મનમાં શંકરને વિષે અપૂર્વ ભાવ હતો. તેનો વિરહ ત્રાસ જ ઉત્પન્ન કરે. સુજ્ઞ શંકરે મનોવૈજ્ઞાનિક બુદ્ધિથી માતાની હૃદયવેદના જાણી. તેની વેદના દૂર કરવા સહૃદયતાથી તેમણે પ્રયત્ન કર્યો.

एतेनापत्यसंस्मरणेनोच्छ्वसितप्रस्नुतस्तनी तयोश्च पितुः संनिधानेन क्षणमात्रं संसारिण्यस्मि संवृत्ता (બન્ને બાળકો સાંભરી આવવાને લીધે મારી છાતી ઉભરાઈને પાનો ચઢી આવતાં તેમ જ એમના પિતા સમીપમાં છે એથી ઘડીભર હું સંસારિણી બની ગઈ છું!) વગેરે સીતાએ ભગવતી તમસા પ્રતિ જે કહ્યું અને એ સંદર્ભમાં તમસાએ જે કહ્યું—

प्रसवः खलु प्रकर्षपर्यन्तः स्नेहस्य । परं चैतदन्योन्यसंश्लेषणं पित्रोः ।
अन्तःकरणतत्त्वस्य दम्पत्योः स्नेहसंश्रयात् ।
आनन्दग्रन्थिरेकोऽयमपत्यमिति बध्य ॥[२१]

(સ્નેહ કરતાં દંપતીના ઉરતત્ત્વની એક આનંદની ગ્રંથિ બંધાય છે તે જ તો આ અપત્ય છે) વગેરે કહ્યું. અહીં પણ માતાના હૃદયમાં પુત્રનું અનન્ય સ્થાન સૂચવે છે. આવું બધું આધ્યાત્મિક ભગવત્પાદ કેવી રીતે અવગણશે? હું એનો પુત્ર છું એમ વિચારીને માતાના મનનું સમાધાન એમણે નિશ્ચિતપણે કર્યું, આચર્યું.

આ નિર્ણય જનની વસુંધરાની કૃતાર્થતા માટે પણ હોઈ શકે.[૨૨] આ પ્રસંગનાં જે કંઈ કારણ હોય પણ મુખ્યત્વે લોકસંગ્રહની જ ભાવના જોઈ, લોકસંગ્રહદૃષ્ટિથી જ માતાની મહત્તાનો પરિચય કરાવતાં સર્વથા નિર્લેપતાથી જ પરોપકારબુદ્ધિથી ભગવત્પાદ આદિ શંકરાચાર્યે જે આ કાર્ય કર્યું તે એમના જીવનમાં સૌથી મહત્ત્વનું છે એમ અહીં સાદર નિવેદન કરું છું.

પરમપૂજ્ય ભગવત્પાદનું સમગ્ર જીવન માર્ગદર્શક અને પરોપકારપૂર્ણ છે તેથી જ એમનું સમગ્ર જીવન માન્ય છે પરંતુ માતાની ભક્તિના પ્રસંગમાં તો ભગવત્પૂજ્યપાદની પરમ કરુણા જ જણાતી હોવાથી વિશેષ માન્ય છે.

---

૨૧ ભવભૂતિ, ઉત્તરરામચરિતમ્, ૩.૧૭.

૨૨ कुलं पवित्रं, जननी कृतार्था, वसुन्धरा पुण्यवती च तेन ।
अपारसंवित्सुखसागरेऽस्मिन् लीनं परे ब्रह्मणि यस्य चेतः ।

કાવ્યમાં દોષો અને અનૌચિત્ય

અરુણા કે. પટેલ*

दुष् (दिवादिગણ = બગાડવું) ધાતુ પરથી દોષ શબ્દ બન્યો છે. કાવ્યમાં ક્વચિત્ એવાં તત્ત્વો પ્રવેશી જાય છે, જે કાવ્યસમગ્રને દૂષિત કરે છે, મલિન કરે છે. કાવ્યના અનવદ્ય સૌંદર્યને હાનિ પહોંચાડી કાવ્યને વિરૂપ બનાવી દે છે. આ તત્ત્વોને આપણે કાવ્યદોષો તરીકે ઓળખીએ છીએ. કાવ્યદોષો શબ્દાર્થરૂપી કાવ્યદેહની શોભાને વિનષ્ટ કરીને કાવ્યના આત્મારૂપી રસને પણ દૂષિત કરે છે. આથી જ દોષોને કાવ્યના અપકર્ષક માનવામાં આવ્યા છે અને અદોષતા કે નિર્દોષતાને કાવ્યનું ભૂષણ કે અલંકરણ ગણવાની પરંપરા કાવ્યશાસ્ત્રના આરંભકાળથી જ પ્રચલિત બની છે. ભામહ, દંડી વગેરે કાવ્યાચાર્યોએ કાવ્યમાં નાનકડો દોષ પણ પ્રવેશી ન જાય, તે અંગે ચેતવણી આપતાં જણાવ્યું છે કે જેમ સુંદર શરીર પર કોઢનો નાનકડો ડાઘ પણ તેના સૌંદર્યને હાનિરૂપ છે, તેમ નાનકડા દોષને પણ કાવ્યમાં પ્રવેશી જતો અટકાવવો જોઈએ, તેની જરા પણ ઉપેક્ષા કરવી જોઈએ નહિ. કાવ્યમાં રહેલ એકાદ દોષ પણ કુપુત્રની પેઠે કવિને માટે અપકીર્તિરૂપ છે. દોષયુક્ત કુકવિત્વ સાક્ષાત્ મૃત્યુ સમાન છે.

મનુષ્ય કાણો, લંગડો, ઠુંઠો હોય, તો કાણાપણું વગેરે તેના દેહને વરવો બનાવી દે છે. તો મનુષ્યમાં મૂર્ખતા, જડતા, અપ્રામાણિકતા, શાઠ્ય વગેરે દુર્ગુણો હોય, તો તે મનુષ્યના આત્માને વિરૂપ બનાવે છે તે જ રીતે શ્રુતિદુષ્ટ આદિ શબ્દદોષો કાવ્યના દેહને, અને વ્યભિચારી ભાવોનું સ્વશબ્દમાં કથન, વિવક્ષિત રસનો અપરિપોષ વગેરે કાવ્યના આત્માને હાનિકર્તા છે. આમ છતાં, કાણાપણું વગેરે દેહની ખામીઓ તેમજ મૂર્ખતા વગેરે સ્વભાવદોષો હોવા છતાં, મનુષ્યનું મનુષ્યત્વ નષ્ટ થતું નથી, તે જ પ્રમાણે દોષયુક્ત કાવ્ય અકાવ્ય બની જતું નથી. કાવ્યમાંથી દોષોને વાળી–ઝૂડીને સાફ કરવાનો પૂર્વાચાર્યોનો અતિ આગ્રહ થોડી વિચારણા માગી લે છે. મહાકવિઓની રચનામાં પણ દોષો તો હોય છે, આમ છતાં કાવ્ય તેના રસનિરૂપણથી, તેની નૂતન કલ્પનાઓથી કવિની ચિત્રાત્મક શૈલીથી સહૃદય વાચકને આકર્ષે છે. અને ત્યારે સહૃદય વાચક વિદગ્ધ વિવેચકની પેઠે દોષદર્શન કરવા બેસી જતો નથી. ઉદાહરણ તરીકે, કવિકુલગુરુ, કાલિદાસના "કુમારસંભવ"માં સમાધિસ્થ શિવનું રમણીય અને તાદૃશ ચિત્ર આલેખવામાં આવ્યું છે. તેમાંનો જ એક શ્લોક લઈએ.

"स देवदारुद्रुमवेदिकायां शार्दूलचर्मव्यवधानवत्याम् ।
आसीनमासन्नशरीरपातस्त्रियम्बकं संयमिनं ददर्श ॥"[1]

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧–૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર ૧૯૮૮–ફેબ્રુઆરી ૧૯૮૯, પૃ. ૩૭–૪૨.

*દત્ત મંદિર સામે, ચિત્તલરોડ, અમરેલી–૩૬૪૬૦૧.

1 Kālidasa, Kumārasaṃbhavam—S. R. Sehgal, Navayug Publications, Jullundur, 1959, 3.44

અહીં મહાકવિએ છંદદોષથી બચવા **त्रिअम्बक** શબ્દ યોજ્યો છે. કવિ છંદદોષથી તો બચ્યા, પરંતુ અશુદ્ધ શબ્દપ્રયોગ કરીને અન્ય મોટો દોષ વહોરી લીધો ! આશ્ચર્યની વાત એ છે કે કાલિદાસ જેવા પ્રતિભાવાન કવિને છંદોભંગ તેમજ અશુદ્ધ શબ્દપ્રયોગના દોષથી બચવા **त्रिलोचन** જેવો અતિપ્રસિદ્ધ શબ્દ તે ક્ષણે સૂઝયો જ નહિ. પ્રતિભાવાન કવિઓના કાવ્યમાં આવા દોષો જોવા મળે તો તેથી તેમના કવિત્વને ખાસ હાનિ થતી નથી. વળી, પ્રત્યેક કાવ્યના પ્રત્યેક શબ્દમાં કે વાક્યમાં દોષદર્શન કરવા બેસી જઈએ, તો પછી તદ્દન દોષરહિત કાવ્ય મળવું અસંભવ થશે. અને આ પ્રકારનું પાંડિત્યપૂર્ણ દોષદર્શન બહુ ઉચિત પણ નથી. ઉદાહરણ તરીકે, આનંદવર્ધને જેને ધ્વનિકાવ્યના ઉત્તમ નમૂનારૂપે જે પદ્ય દર્શાવ્યુ છે, તે પદ્યમાં આચાર્ય વિશ્વનાથે વિધેયાવિમર્શ દોષ નિહાળ્યો છે.[૨] તે સુપ્રસિદ્ધ પદ્ય આ પ્રમાણે છે :

> "न्यक्कारो ह्ययमेव मे यदरयस्तत्राप्यसौ तापसः
> सोऽप्यत्रैव निहन्ति राक्षसकुलं जीवत्यहो रावणः ।
> धिग्धिक्च्छक्रजितं प्रबोधितवता किं कुम्भकर्णेन वा
> स्वर्गग्रामटिकाविलुण्ठनवृथोच्छूनैः किमेभिर्भुजैः ॥"

પોતાના વીર સૈનિકોની ભર્ત્સના કરવા માટે અને શત્રુઓની ક્ષુદ્રતા સૂચવવા માટે, સૈનિકોને ઉત્તેજિત કરતી રાવણની આ ગર્વપૂર્ણ ક્રોધોક્તિ છે. પદ્યમાં નામ, સર્વનામ, ઉપસર્ગ, નિપાત, કારક, વચન, લિંગ, કાળ, કૃત્ અને તદ્ધિત પ્રત્યયોના ઔચિત્યપૂર્ણ વિનિયોગથી પદ્ય શોભાયમાન છે. આમ છતાં તેમાં દોષ રહેલો છે. એ જ રીતે કાલિદાસના "શાકુંતલ"ના ચતુર્થ અંકના એક શ્લોકની નીચેની પંક્તિ :—

> "मम विरहजां न त्वं वत्से शुचं गणयिष्यसि ॥"[૩]

અહીં પણ વિદ્વાનોએ **विरहजां** શબ્દમાં શ્રુતિદુષ્ટ અને કલ્પનાદુષ્ટ દોષો દર્શાવ્યા છે. આમ છતાંયે વિશ્વનાથે સ્વીકાર્યું છે કે :—

> "कीटानुविद्धरत्नादि साधारण्येन काव्यता ।
> दुष्टेष्वपि मता यत्र रसाद्यनुगमः स्फुटः ॥"[૪]

રત્ન કીડાથી કોતરાઈ ગયેલું હોવા છતાં, તે રત્ન છે, તેમ દોષોની બાબતમાં રસ વગેરેનો સ્પષ્ટ અનુભવ થતો હોય, તો ત્યાં દોષો હોવા છતાં કાવ્યત્વ માનવામાં આવ્યું છે. કાવ્યશાસ્ત્રના ઇતિહાસમાં ભામહથી માંડીને વિશ્વનાથ સુધીના આચાર્યોએ કાવ્યમાં અદોષતાનો આગ્રહ રાખ્યો છે.

---

૨ विश्वनाथः, साहित्यदर्पणः, सरस्वती पुस्तक भंडार, अहमदाबाद, १९७४, पृ. २८

3 Kālidāsa, Abhijñāna Śākuntala A B. Gagendragadkar, The Popular book store, Surat, Sixth edition, 4.19

४ विश्वनाथ, साहित्यदर्पणः, पृ. ३०

અને ભોજ, મમ્મટ, હેમચંદ્ર, જયદેવ, વાગ્ભટ પ્રથમ વગેરે આચાર્યોએ કાવ્યવ્યાખ્યામાં "અદોષતા" તેમજ "નિર્દોષતા"ને સહેતુક સ્થાન આપ્યું છે. એટલું જ નહિ, જે આચાર્યોએ કાવ્યવ્યાખ્યામાં "અદોષતા"નો નિર્દેશ નથી કર્યો, તેમણે વિસ્તૃત દોષમીમાંસા આપીને પરોક્ષ-રૂપે અદોષતાનો આગ્રહ વ્યક્ત કર્યો છે.

દોષમીમાંસાનું અન્ય વિચારણીય પાસું એ છે કે વિસ્તારથી દોષમીમાંસા રજૂ કરનાર આચાર્યો એ બાબતનો સ્વીકાર કરે છે કે દોષો કવચિત્ ગુણરૂપ બની જાય છે. ઉદાહરણ તરીકે પુનરુક્તિ શબ્દદોષ વકતાના ભય, શોક, હર્ષ, ઇર્ષ્યા, વિસ્મય આદિ ભાવોને વ્યક્ત કરે, ત્યારે તે દોષરૂપ નથી.[5] આચાર્ય રુદ્રટે સુંદર બે ઉદાહરણશ્લોકો આપીને સ્પષ્ટતા કરી છે:

"वद वद जितः स शत्रुर्न हतो जल्पंश्च तव तवास्मीति ।
चित्रं चित्रमरोदीद्धा हेति परा हते पुत्रे ॥
जय जय वैरिविदारण कुरु कुरु पादं शिरःसु शत्रूणाम् ।
धिग्धिक्तमरिं यस्त्वामप्रणमन्स्वं विनाशयति ॥"[6]

અહીં પ્રથમ શ્લોકમાં હર્ષ, ભય, વિસ્મય અને શોક તેમજ દ્વિતીય શ્લોકમાં સ્તુતિ અને નિંદાના ભાવોને મૂર્તિમાન કરવા માટે પુનરુક્તિ દોષ સહેતુક યોજ્યો હોય, તેમ જણાય છે. અનુકરણના પ્રસંગે બધા જ દોષો દોષપણું ત્યજી દે છે, તેવું આચાર્યોએ સ્વીકાર્યું છે.

રુદ્રટના ટીકાકાર નમિસાધુએ એક રોચક ઉદાહરણ આપ્યું છે "વિકટનિતંબા" નામની સ્ત્રીના પતિનો પરિચય આપતાં તેની સખી વિકટનિતંબાના પતિની ભાષાનું અનુકરણ કરે છે:

"काले माषं सस्ये मासं वदति शकासं यश्च सकाशम् ।
उष्ट्रे लुम्पति रं वा षं वा तस्मै दत्ता विकटनितम्बा ॥"[7]

અર્થાત:

"કાળવાચક "માસ" શબ્દ માટે જે "માષ" શબ્દ બોલે છે અડદ માટે પ્રયોજાતા "માષ" શબ્દ માટે જે "માસ" શબ્દનો પ્રયોગ કરે છે, 'સકાશ"ને માટે "શકાસ" શબ્દ પ્રયોજે છે અને ઉષ્ટ્રના ઉચ્ચારમાં કયારેક "ર"નો તો કયારેક "ષ'નો લોપ કરી દે છે, તેને વિકટનિતંબા પરણાવવામાં આવી છે." આમ, દોષો દોષરૂપ ન રહેતાં કવચિત્ ગુણરૂપ બની જાય છે. દોષોની આવી સ્થિતિસ્થાપકતા પાછળ, દોષોની નિત્યતા–અનિત્યતાના

---

५ भामहः, काव्यालङ्कार, सं. देवेन्द्रनाथ शर्मा, बिहार राष्ट्रभाषा परिषद्, पटना, १९६२, पृ. ४३

६ रुद्रट, काव्यालङ्कार, सं. सत्यदेव चौधरी, वासुदेव प्रकाशन, मोडेल टाउन, दिल्ली, १९६५ ६.३०, ६.६१.

૭ નમિસાધુ, रुद्रटप्रणीत काव्यालङ्कार, પૃ. ૧૮૨ પર ટીકા

વિચાર પાછળ ઔચિત્યદષ્ટિ રહેલી છે. ભોજનિર્દિષ્ટ વૈશેષિક ગુણો[૮] પણ દોષમીમાંસામાં ઔચિત્યના ખ્યાલની ઉત્ક્રાંતિ સૂચવે છે. જયદેવે જેને દોષાંકુશ[૯] નામ આપ્યુ છે, તે પણ દોષોની સ્થિતિસ્થાપકતાનું પરિષ્કૃત સ્વરૂપ છે. સંક્ષેપમાં, દોષોનું દોષપણું ગુણપણું કે અનુભવપણાનું નિર્ણાયક ઔચિત્ય છે, અને દોષો સાથે ઔચિત્યનો ખ્યાલ ગાઢ સ્વરૂપે સંકળાયેલો છે.

હવે, દોષો અને અનૌચિત્યને કેવા પ્રકારનો સંબંધ છે, તેના પર દૃષ્ટિપાત કરીએ. રુદ્રટે "ગ્રામ્યત્વ" અર્થદોષમાં આઠ પ્રકારનું અનૌચિત્ય દર્શાવ્યું છે :

"ग्राम्यत्वमनौचित्यं व्यवहाराकारवेषवचनानाम् ।
देशकुलजातिविद्यावित्तवयः स्थानपात्रेषु ॥"[१०]

અર્થાત્ :

"ગ્રામ્યત્વ એ દેશ, કુળ, જાતિ, વિદ્યા, ધન, વય સ્થાન તેમજ પાત્ર એ આઠ તત્ત્વોનું વ્યવહાર, આકાર, વેષ અને વચનગત અનૌચિત્ય છે."

અહીં રુદ્રટે "ગ્રામ્ય" અર્થદોષના મિષે અનૌચિત્યનો વ્યાપ દર્શાવ્યો છે. અન્ય આચાર્યોએ પણ અનૌચિત્યમૂલક દોષો નિરૂપ્યા છે અને ઉદાહરણશ્લોકો આપ્યા છે. પંડિતરાજ જગન્નાથે અનૌચિત્યનું વિસ્તૃત ફલક નિરૂપતાં જણાવ્યું છે કે :

"अनौचित्यं तु रसभङ्गहेतुत्वात्परिहरणीयम् । भङ्गश्च
पानकरसादौ सिकतादिनिपातजनितेवारुन्तुदता । तच्च
जातिदेशकालवर्णाश्रमवयोऽवस्थाप्रकृतिव्यवहारादेः
प्रपञ्चजातस्य तस्य तस्य यल्लोकशास्त्रसिद्धमुचितद्रव्यगुणक्रियादि तद्भेदः ।"[११]

અર્થાત્ :

"અનૌચિત્ય રસભંગનું કારણ હોઈને ત્યજી દેવું. રસભંગ એટલે પાનકરસ વગેરેમાં રેતીના કણ પડી જવાથી જે ઉદ્વેગ થાય, તે, અને તે (અનૌચિત્ય) જાતિ, દેશ, કાળ, વર્ણ, આશ્રમ, વય, અવસ્થા, પ્રકૃતિ, વ્યવહાર આદિના પ્રપંચથી ઉત્પન્ન થયેલ, લોકોમાં તેમજ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ એવું યોગ્ય દ્રવ્ય, ગુણ, ક્રિયા વગેરેથી યુક્ત સ્વરૂપ તે (ઔચિત્યનો) ભંગ."

---

૮ ભોજ, सरस्वती कण्ठाभरणम्. सं. डॉ. कामेश्वरनाथ मिश्र, चौखम्बा ओरियन्टालिया, वाराणसी, १९७६, १.८९

૯ જયદેવ, चन्द्रालोकः, व्या. सुबोधचन्द्र पन्त, मोतीलाल बनारसीदास, दिल्ली, १९७१, २.४०.

१० रुद्रट, रुद्रटप्रणीत काव्यालङ्कार ११.९

૧૧ જગન્નાથ, રસગંગાધર ખંડ પહેલો, સં. રા. બ. આઠવલે, અનુ. નગીનદાસ પારેખ, ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ૧૯૭૪, પૃ. ૧૫૮.

પંડિતરાજે અનૌચિત્યની સૌથી વધારે વિગતપ્રચુર ચર્ચા કરી છે. સૌ પ્રથમ, આનંદવર્ધને રસભંગ માટે જવાબદાર એવું એક માત્ર તત્ત્વ તે અનૌચિત્ય એમ જણાવ્યું છે. અને અનુગામી આચાર્યોએ એ મંતવ્યને સ્વીકારીને જ વિશેષ ચર્ચા કરી છે. એમ તો રસાભાસના કારણરૂપ અનૌચિત્યની વિગતે ચર્ચા કરવાનો યશ અભિનવગુપ્તને મળે છે. અને અનુગામી આચાર્યોએ રસાભાસના કારણરૂપ વિવિધ પ્રકારનાં અનૌચિત્યોની વિગતપ્રચુર ચર્ચા કરી છે. પરંતુ રસાભાસના કારણરૂપ અનૌચિત્યમાં મુખ્યત્વે નૈતિક દૃષ્ટિબિંદુ જવાબદાર હોઈને, અનૌચિત્યના પરિણામરૂપ રસાભાસ આસ્વાદ્ય છે, તે કાવ્યવિઘાતક તત્ત્વરૂપે નથી. કાવ્યવિઘાતક તત્ત્વરૂપે અનૌચિત્ય મહદંશે કાવ્યના સ્વરૂપને સ્પર્શે છે. અને આ પ્રકારના અનૌચિત્યની પરિભાષા આપવાનો પ્રયત્ન પણ થયો છે. અનૌચિત્યની સૌ પ્રથમ પરિભાષા આપવાનો યશ 'નાટ્યદર્પણકાર'ને ફાળે જાય છે. તેણે અનૌચિત્યના સ્વરૂપ અંગે વિધાન કર્યું છે કે:

"सहृदयानां विचिकित्साहेतु कर्मानौचित्यं "[12]–x–x– ।

એટલે કે "સહૃદયોને સંદેહ પેદા કરનારું કર્મ, તે અનૌચિત્ય" અલબત્ત, ધ્વનિસંપ્રદાયપૂર્વેના આચાર્યોએ, વિશેષત: ભામહ દંડી વગેરેએ સહૃદયોને ઉદ્વેગકર્તા ન હોય, તેવા દોષોને સ્વીકાર્ય ગણ્યા છે, ત્યાં પરોક્ષરૂપે અનૌચિત્યનું સ્વરૂપ વર્ણવાયું છે જ. જયદેવે અનૌચિત્ય નામક દોષના બે પ્રકારો વર્ણવતાં અનૌચિત્યની પરિભાષા આપી દીધી છે કે:

"अनौचित्यं कीर्तिलतां तरङ्गयति य: सदा ।–x–x– ॥
अनौचित्यं अयोग्यसम्बन्ध: ।[13]

આમ, જયદેવના મતે કવિની કીર્તિરૂપી લતાને દોલાયમાન કરી નાખનાર તત્ત્વ તે અનૌચિત્ય અને અનૌચિત્ય એટલે અયોગ્ય સમ્બન્ધ." (કાવ્યમાં તેનાં અંગોનો અયોગ્ય પ્રકારે વિનિયોગ.) ભારતીય કાવ્યમીમાંસામાં મહિમભટ્ટનો અનૌચિત્યવિષયક ખ્યાલ નિરાળો છે. તેણે કાવ્યદોષોના પર્યાયરૂપે અનૌચિત્ય શબ્દ પ્રયોજ્યો છે.[14] અને પછી વિસ્તારથી દોષમીમાંસા આપી છે. જો કે મહિમભટ્ટનું દોષો માટે "અનૌચિત્ય" એવું નામાભિધાન ક્રાન્તિકારી અને આકર્ષક જણાતું હોવા છતાં તે યથાર્થ કે ગ્રાહ્ય બની શક્યું નથી. તેમાં અતિવ્યાપ્તિ દોષ રહેલો છે. અનૌચિત્ય દોષોનું કારક છે, તે દોષોનું જનક છે, અને છતાંયે અનૌચિત્યનો વ્યાપ અને સીમા દોષો કરતાં ક્યાંયે વિશાળ છે, સુંદરવર્તી છે.

અનૌચિત્યને રસવિઘાતક, કાવ્યવિઘાતક તરીકે ઓળખવામાં આવ્યું છે, આ ઉપરાંત તેમાંથી અનેક દોષો આવિર્ભાવ પામે છે. હમણાં જ નોંધ્યું તેમ અનૌચિત્ય અને દોષો વચ્ચે

---

12 રામચંદ્ર ગુણચંદ્ર–नाटचदर्पण, व्या. आचार्य विश्वेश्वर, दिल्ली विश्वविद्यालय, दिल्ली, १९६१, ३.२३નો વૃત્તિભાગ

13 જયદેવ, चन्द्रालोक: ૨.૩૪ અને તેનો વૃત્તિભાગ

14 મહિમભટ્ટ, व्यक्तिविवेक:, सं. रेवाप्रसाद द्विवेदी, चौखम्बा संस्कृत सीरीज़ आफिस, बाराणसी, १९६४, पृ. १७९

જનક–જન્ય સંબંધ છે, કારક–કાર્ય સંબંધ છે. વિભિન્ન પ્રકારના કાવ્યદોષો એ તો અનૌચિત્યનાં સંતાનો જેવા છે અનૌચિત્યના વ્યાપક ફલકમાંથી આવિર્ભૂત થતા વિવિધ પ્રકારના દોષો વિષે ડૉ. નગેન્દ્રે તેમના "रीतिकाव्य की भूमिका" માં જણાવ્યું છે કે[૧૫]—

"બધા જ દોષોનું મૂળ ઔચિત્યનો વ્યતિક્રમ છે. સાહિત્યમાં ઔચિત્ય અનેક પ્રકારનું હોય છે. પ્રથમ, પદવિષયક ઔચિત્ય જે શબ્દ અને અર્થના સામંજસ્ય પર નિર્ભર છે. બીજું વ્યાકરણવિષયક ઔચિત્ય, જે પદોની આર્થી વ્યવસ્થા પર નિર્ભર છે. ત્રીજું બૌદ્ધિક ઔચિત્ય જે આપણી જ્ઞાનવૃત્તિઓના સમન્વયનું પરિણામ છે. ચોથું ભાવનાવિષયક ઔચિત્ય, જે ભાવોની અન્વિતિ સાથે સુસંબદ્ધ છે. આ ઔચિત્ય જ્યાં ખંડિત થાય, ત્યાં દોષો આવિર્ભાવ પામે. જેમકે પદવિષયક ઔચિત્યના ભંગથી શ્રુતિકટુત્વ વગેરે પદદોષો, વ્યાકરણવિષયક ઔચિત્યના ભંગથી ન્યૂનપદ, સમાપ્ત પુનરાત્ત આદિ વાક્યદોષો, બૌદ્ધિક ઔચિત્યના ભંગથી પ્રસિદ્ધિત્યાગ, ભગ્નપ્રક્રમ, અપુષ્ટ, કષ્ટાર્થ વગેરે દોષો અને ભાવનાવિષયક ઔચિત્યના ભંગથી રસદોષો અશ્લીલતા, ગ્રામ્યત્વ વગેરેની સૃષ્ટિ નિર્મિત થાય છે." સંક્ષેપમાં, અનૌચિત્યની લીલા એટલે દોષોની સૃષ્ટિનું નિર્માણ. ગીતામાં મનુષ્યની દૈવી સંપત્તિ અને આસુરી સંપત્તિનું વિવરણ છે. કાવ્ય માટે આપણે કહી શકીએ કે કાવ્યમાં આવશ્યક એવાં બધાં જ અલંકરણોનો ઉચિત પ્રકારે વિન્યાસ, તે તેની દૈવી સંપત્તિ છે. અને આ જ અલંકરણોનો અનુચિત વિનિયોગ, તે આસુરી સંપત્તિ છે. મહિમભટ્ટે ઔચિત્યને કાવ્યસ્વરૂપનિરૂપણસામર્થ્યસિદ્ધ[૧૬] તત્ત્વ તરીકે ઓળખાવીને તેને કાવ્યથી પૃથક્ ઉપાદાન સામગ્રીરૂપે અલગ ઓળખવાનો ઇન્કાર કર્યો છે. આમ, ઔચિત્ય કાવ્યવિધાયક તત્ત્વ છે, તો અનૌચિત્ય કાવ્યવિનાશક તત્ત્વ છે. કારણ કે તે દોષોરૂપી આસુરી સંપત્તિનું સર્જન કરે છે. આમ, અનૌચિત્ય સર્વથા નિંદ્ય તત્ત્વ છે. દોષો અને અનૌચિત્યની ચર્ચા કરતાં એમ જણાય છે કે અનૌચિત્ય અને દોષો વચ્ચે નિત્ય સંબંધ છે.

અનૌચિત્યની ભૂમિ પર પેદા થયેલા દોષો નિત્યદોષોરૂપે રહે છે અને તે દોષો પરિસ્થિતિવશાત્ ગ્રાહ્ય બની શકતા નથી. આથી આપણે અનૌચિત્ય અને દોષોનો સંબંધ આ પ્રકારે દર્શાવી શકીએ :

'अनौचित्यादच्युता नित्यं भवन्त्येव दोषा दोषाः ।

એટલે કે અનૌચિત્યની આધારશિલા પર સ્થિર ઊભેલા દોષો સર્વથા દોષરૂપે જ રહે છે.

---

૧૫ ડૉ. જનાર્દનસ્વરૂપ અગ્રવાલ, काव्यदोष, चौखम्बा अमरभारती प्रकाशन, वाराणसी ૧૯૭૮, પૃ. ૫૬, ૫૭ પરથી આભાર

૧૬ મહિમભટ્ટ, व्यक्तिविवेक: પૃ. ૧૪૨

સૌન્દરનન્દ અને બુદ્ધચરિતનું વિશ્લેષણ– કેટલાક સમાન અંશો

વિજયકુમાર એલ. પંડિત*

ઈ. સ.ની પ્રથમ સદીની શરૂઆતમાં થઈ ગયેલા અશ્વઘોષના બુદ્ધચરિત અને સૌન્દરનન્દ–એ બે મહાકાવ્યો વચ્ચે ખૂબ જ સમાનતા જોવા મળે છે. આ બન્ને કાવ્યો એકબીજાનાં પૂરક હોય તેમ જણાય છે. જેમ કે, બુદ્ધચરિતમાં ભગવાન બુદ્ધના જીવનનું સાંગોપાંગ વિવેચન છે; પરંતુ સૌન્દરનન્દમાં ખૂબ જ ટૂંકાણમાં બુદ્ધનું જીવન વર્ણવાયું છે. સૌન્દરનન્દમાં કપિલવસ્તુના રાજ્યની સ્થાપનાનું વિશદ વર્ણન મળે છે પરંતુ બુદ્ધચરિતમાં આ વર્ણન ખૂબ જ ટૂંકું છે. બુદ્ધચરિતમાં નન્દનું વર્ણન ટૂંકાણમાં છે પરંતુ સૌન્દરનન્દમાં તો તેના જીવનનું સંપૂર્ણ ચિત્ર કવિએ ખડું કર્યું છે.

આ બન્ને કાવ્યોમાં કેટલીક બાબતોમાં સમાનતા જોવા મળે છે.

બન્નેમાં ભગવાન બુદ્ધ, શુદ્ધોદન તથા નન્દનાં પાત્રો આવે છે. બન્નેમાં સિદ્ધાર્થની માતા માયાનો ઉલ્લેખ થયો છે.

બન્ને કાવ્યોમાં સિદ્ધાર્થના જન્મ-પ્રસંગનું વર્ણન લગભગ સરખું છે. બન્નેમાં ગૌતમના ગૃહત્યાગની વાત આવે છે. બન્નેમાં ગૌતમ તપોવનમાં જાય છે અને ત્યાંથી પાછો ફરે છે તેનું નિરૂપણ છે. બન્નેમાં અરાડ અને ઉદ્રક સાથેની મુલાકાતની વાત આવે છે. બન્નેમાં ગૌતમની દુષ્કર તપશ્ચર્યાનો ઉલ્લેખ છે. તપશ્ચર્યાનો ત્યાગ કરી અન્ન ગ્રહણ કરવાની વાત બન્નેમાં છે. બન્નેમાં ગૌતમ ધ્યાન માટે પીપળાના વૃક્ષ પાસે બેસે છે તેનો ઉલ્લેખ છે. બન્નેમાં મારને પરાજિત કર્યાનો ઉલ્લેખ છે. બન્નેમાં ગૌતમે બુદ્ધત્વ પ્રાપ્ત કર્યાની અસરનું વર્ણન છે. બુદ્ધચરિતમાં બુદ્ધ કાશી (વારાણસી) નગરીમાં જાય છે તેનું વર્ણન છે. સૌન્દરનન્દમાં બુદ્ધ વારાણસીથી ઘેરાયેલી પુરી નગરીમાં ગયા તેનો ઉલ્લેખ છે. બન્નેમાં અનેક શિષ્યોને દીક્ષા આપવી, પિતૃનગરમાં જવું, પિતાને ચમત્કારો બતાવવા વગેરે પ્રસંગો સમાન છે.

બન્ને કાવ્યોમાં વર્ણનોની બાબતમાં પણ સામ્ય છે. બન્નેમાં શુદ્ધોદન, માયાદેવી, વસંત-ઋતુ, વન, વગેરેનાં વર્ણનો આવે છે. બુદ્ધચરિતના આઠમા સર્ગમાં અંતઃપુર-વિલાપનું વર્ણન છે તો સૌન્દરનન્દના છઠ્ઠા સર્ગમાં ભાર્યા-વિલાપનું વર્ણન આવે છે.

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર ૧૯૮૮-ફેબ્રુઆરી ૧૯૮૯, પૃ. ૪૩-૪૬.

* આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ.

બન્ને કાવ્યોનો મુખ્ય રસ શાંત છે. બન્નેમાં શૃંગાર, વીર, કરુણ, અદ્ભુત વગેરે ગૌણ રસો પણ પ્રયોજાયા છે.

બન્નેમાં શબ્દાલંકાર અને અર્થાલંકારનો પ્રયોગ થયો છે. તેવી જ રીતે બન્નેમાં અનુષ્ટુભ, ઉપજાતિ, વંશસ્થ, રુચિરા, પ્રહર્ષિણી, શિખરિણી પુષ્પિતાગ્રા, અપરવક્ત્ર જેવા સમાન છંદો પ્રયોજાયા છે.

બન્ને કાવ્યોમાં ભાષા અને શૈલીની દૃષ્ટિએ સમાનતા જોવા મળે છે. બન્નેમાં વૈદર્ભી શૈલી છે. બન્નેમાં સરળ અને પ્રાસાદિક ભાષા છે. બન્નેમાં पुष्ण, वर्ष, प्रविद्ध, तर्ष જેવા વિચિત્ર શબ્દપ્રયોગોમાં પાણિનીય વ્યાકરણના નિયમોનું ઉલ્લંઘન થયું છે. બન્નેમાં उपपदनો પ્રયોગ જન્મના અર્થમાં, स्थाનો પ્રયોગ ઊભા રહેવાના અર્થમાં અને परि + णम्નો પ્રયોગ સમય પસાર કરવાના અર્થમાં થયેલો જોવા મળે છે. બન્નેમાં બૌદ્ધધર્મ અને બૌદ્ધ તત્ત્વજ્ઞાનનું નિરૂપણ છે. બુદ્ધચરિતમાં બૌદ્ધધર્મને લગતી પરિભાષા જોવા મળે છે જ્યારે સૌન્દરનન્દમાં બૌદ્ધ તત્ત્વજ્ઞાન સરળ ભાષામાં સમજાવ્યું છે. બન્નેમાં કલ્પનાનું તત્ત્વ છે. બન્ને મહાકાવ્યનાં લક્ષણોને અનુસરે છે. બન્ને કાવ્યો બૌદ્ધધર્મના પ્રચારાર્થે લખાયાં છે અને બન્નેનો ઉદ્દેશ નિર્વાણપ્રાપ્તિનો છે.

બન્ને કાવ્યોમાં વૈદિક અને પૌરાણિક વૃત્તાન્તોના ઉલ્લેખની બાબતમાં પણ સમાનતા છે. કાલી પ્રતિ પરાશરની આસક્તિનો ઉલ્લેખ બુદ્ધચરિત, ૪. ૭૬માં અને સૌન્દરનન્દ, ૭ ૨૯માં થયો છે[1] બુદ્ધચરિત ૪. ૭૭ અને સૌન્દરનન્દ, ૭. ૨૮માં વસિષ્ઠની આસક્તિનો ઉલ્લેખ થયો છે. તેવી જ રીતે પાંડુની આસક્તિનો ઉલ્લેખ બુદ્ધચરિત ૪. ૭૯ અને સૌન્દરનન્દ, ૭. ૪૫માં થયો છે. બુદ્ધચરિત, ૪. ૧૯ અને સૌન્દરનન્દ, ૭. ૩૪માં ઋષ્યશૃંગ અને શાન્તાનો ઉલ્લેખ થયો છે. બુદ્ધચરિત, ૪. ૨૦ અને સૌન્દરનન્દ, ૭. ૩૫માં વિશ્વામિત્ર અને ઘૃતાચી અપ્સરાનો ઉલ્લેખ આવે છે. બુદ્ધચરિત, ૧૧. ૧૫ અને સૌન્દરનન્દ, ૭. ૩૮માં બુદ્ધના પુત્ર ઐડ (પુરુરવા) અને સ્વર્ગની અપ્સરા ઉર્વશીની વાત આવે છે. બુદ્ધચરિત ૨૫. ૧૨ અને સૌન્દરનન્દ, ૧૧. ૪૪માં સ્વર્ગમાંથી ભ્રષ્ટ થતા નહુષનો ઉલ્લેખ છે. બુદ્ધચરિત ૯. ૨૫ અને સૌન્દરનન્દ, ૭. ૪૪માં ભીષ્મપિતામહનો ઉલ્લેખ છે. બુદ્ધચરિત, ૯. ૨૫ અને સૌન્દરનન્દ, ૯. ૧૭માં

---

१ (अ) कालीं चैव पुरा कन्यां जलप्रभवसंभवाम् ।
जगाम यमुनातीरे जातरागः पराशरः ॥

બુદ્ધચરિત, ૪.૭૬

E. H Johnston, Motilal Banarsidass, Delhi, 1972.

(ब) पराशरः शापशरस्तथर्षिः कालीं सिषेवे झषगर्भयोनिं ।
सुतोऽस्य यस्यां सुषुवे महात्मा द्वैपायनो वेदविभागकर्ता ॥

સૌન્દરનન્દ, ૭.૨૯

E. H. Johnston, Motilal Banarsidass, Delhi, 1975.

ભૃગુપુત્ર પરશુરામનો ઉલ્લેખ છે. બુદ્ધચરિત ૪. ૧૬ અને સૌન્દરનન્દ, ૭. ૩૦માં વ્યાસ મુનિ અને કાશીની વેશ્યા-વધૂનો ઉલ્લેખ છે.

આ બન્ને કાવ્યોમાં કેટલાક શ્લોકોમાં પણ ખૂબ જ સામ્ય જોવા મળે છે. જેમ કે :

१ (अ) कृतागसोऽपि प्रतिपाद्य वध्यान्नाजीघनन्नापि रुषा ददर्श ।
बबन्ध सान्त्वेन फलेन चैतांस्त्यागोऽपि तेषां ह्यनयाय दृष्टः ॥

બુદ્ધચરિત, ૨.૪૨

(ब) कृतागसोऽपि प्रणतान्प्रागेव प्रियकारिणः ।
अदर्शत्स्निग्धया दृष्टया श्लक्ष्णेन वचसासिचत् ॥

સૌન્દરનન્દ, ૨.૨૪

અહીં બન્નેમાં कृतागसोऽपि શબ્દ સમાન છે અને બન્નેની નિરૂપણની પદ્ધતિમાં પણ સામ્ય છે.

२ (अ) काष्ठं हि मन्थन् लभते हुताशं भूमि खनन्विन्दति चापि तोयम् ।
निर्बन्धिनः किञ्चन नास्त्यसाध्यं न्यायेन युक्तं च कृतं च सर्वम् ॥

બુદ્ધચરિત, ૧૩. ૬૦

(ब) अन्तर्भूमिगतं ह्यम्भः श्रद्दधाति नरो यदा ।
अर्थित्वे सति यत्नेन तदा खनति गामिमां ॥

સૌન્દરનન્દ, ૧૨.૩૩

અહીં બન્નેમાં પાણી મેળવવા માટે પૃથ્વીને ખોદવાની વાત સમાન છે. બન્નેમાં સમાન ભાવ છે અને નિરૂપણની બાબતમાં પણ સામ્ય છે.

ઉપરોક્ત સામ્યને ધ્યાનમાં લેતાં આ બન્ને કાવ્યો એક જ લેખકની કૃતિઓ છે એમ નિશ્ચિતપણે કહી શકાય. બન્ને કાવ્યોના તુલનાત્મક અધ્યયન ઉપરથી એમ લાગે છે કે બુદ્ધચરિત કરતાં સૌન્દરનન્દની કાવ્યકલા વધારે વિકસિત અને વિશેષ આકર્ષક છે. છંદવૈવિધ્ય, શૈલી, શબ્દસંસ્કારિતા વગેરેની દૃષ્ટિએ સૌન્દરનન્દની કાવ્યકલા વધારે ઉત્કૃષ્ટ છે. સૌન્દરનન્દમાં કેટલીક જગ્યાએ તેના વ્યાકરણના પ્રયોગો અટપટા છે, છતાં તેની કોમલ અભિવ્યક્તિ અનુપમ છે. આમ સૌન્દરનન્દમાં અશ્વઘોષની કાવ્યકલા વિશેષરૂપે વિકાસ પામેલી હોવાથી તેની રચના બુદ્ધચરિત પછી થઈ હશે એમ માની શકાય. વળી સૌન્દરનન્દમાં કાવ્યતત્ત્વનો જે વિકાસ થયો છે તે જોતાં પણ સૌન્દરનન્દની રચના બુદ્ધચરિત પછી થઈ હશે એમ કહી શકાય. બન્ને કાવ્યોની ભાષા તથા

શૈલીની સમાનતાને આધારે પણ કહી શકાય કે, આ બન્ને કૃતિઓ એકજ લેખકની છે. આ લેખક તે અશ્વઘોષ છે કવિએ તેના કાવ્યના અંતે પુષ્પિકામાં તેના નામનો ઉલ્લેખ કર્યો છે.[२]

---

२ (अ) आर्यसुवर्णाक्षीपुत्रस्य साकेतस्य भिक्षोराचार्यभन्दन्ताश्वघोषस्य महाकवेर्महावादिनः कृतिरियं ॥

સૌન્દરનન્દ મહાકાવ્યની પુષ્પિકા, એજન.

(ब) The Work of the Venerable medicant and teacher, Aśvaghoṣa of saketa, the son of suvarnākṣi, the great poet, eloquent and of universal renown.

The Buddhacarita or Acts of the Buddha–Part–II.

E. H. Johnston, Motilal Banarsidass, Delhi, New Enlarged Edition, 1984.

અભિજ્ઞાન શાકુંતલમાં અનપત્યતા*

વસંત સી. પટેલ*

મહાકવિ કાલિદાસના પ્રમુખ નાટક અભિજ્ઞાનશાકુંતલનું શીર્ષક શકુંતલાનું અભિજ્ઞાન સૂચવે છે. પ્રથમાંકમાં શકુંતલાનું અભિજ્ઞાન થાય છે. મૃગયા રમવા જતાં કણ્વના આશ્રમમાં રાજા દુષ્યંત ભ્રમરબાધાપ્રસંગે શકુંતલાના પરિણયમાં પડે છે પણ તે કોણ છે, તે જાણતો હોતો નથી. આ વખતે નાયિકાની બે સખી અનસૂયા અને પ્રિયંવદાના સંવાદ પરથી રાજાને અભિજ્ઞાન થાય છે કે તે વિશ્વામિત્ર તથા અપ્સરા મેનકાથી ઉત્પન્ન થયેલી અને ત્યજાયેલી પુત્રી હોવાથી પોતાને માટે ગ્રાહ્ય છે. રાજા તે સમયે સ્વ-અક્ષરાંકિત મુદ્રા આપવા ઇચ્છે છે, જે પ્રિયંવદા રાજા પાસે જ રહેવા દે છે. આથી સખીઓને રાજાનું અભિજ્ઞાન થાય છે. ચતુર્થાંકમાં દુર્વાસાના શાપને કારણે શકુંતલા પર દુર્દૈવ રૂઠે છે. તેની પાસે રાજાની વીંટી હોવાથી સખીઓ તેને શાપની વાતથી અજ્ઞાત રાખે છે અને પાંચમા અંકમાં શક્રઘાટ પર શચીતીર્થનાં પાણીને વંદન કરતાં ચોક્કસ વીંટી સરી પડવાથી શકુંતલા અભિજ્ઞાન [વીંટી] રાજાને બતાવી શકતી નથી અને રાજા તેનો અસ્વીકાર કરે છે. છઠ્ઠા અંકમાં માછીમાર પાસેથી વીંટી મળતાં જ રાજાને શકુંતલાનું સ્મરણ થાય છે અને વિયોગ સાલે છે. અંતે સાતમા અંકમાં ઇન્દ્રના રથમાં બેસીને આકાશમાર્ગે પૃથ્વી પર પ્રત્યાવર્તન કરતાં માર્ગમાં રાજા મારીચના તપોવનમાં રોકાય છે, જ્યાં એને શકુંતલાના પુત્રનું અભિજ્ઞાન થાય છે અને તેથી નાયક-નાયિકાનું સપુત્ર મિલન થાય છે. આમ શકુંતલાનું અભિજ્ઞાન અને તેની આસપાસ નાટકના પ્રસંગો રચાયા છે.

આમ છતાં સમગ્ર નાટકમાં શકુંતલાના અભિજ્ઞાનની સાથે સાથે રાજા દુષ્યન્તની અનપત્યતાનું પણ મહત્ત્વ સવિશેષ છે અને આ અનપત્ય-નિવારણ માટે જ નાટકના પ્રસંગોની રચના કરી છે એમ કહી શકાય.

પ્રથમ તો કહી શકાય કે પ્રથમાંકમાં રાજા દુષ્યંતના અંતઃપુરમાં અનેક રાણીઓ હોવા છતાં રાજાને અનપત્યતા સાલે છે. આથી અંતઃપુરથી અકળાયેલો રાજા મૃગયા રમવા બહાર જાય છે, જેથી તે પુત્ર ન હોવાના દુઃખને તેટલો સમય ભૂલી શકે; તો જ તે કણ્વના આશ્રમમાં જઈ શકે, શકુંતલાના પ્રેમમાં પડી શકે, ગાંધર્વલગ્ન કરી શકે અને શકુંતલા સગર્ભાવસ્થા ધારણ કરી શકે. નિરપરાધી મૃગો પર પ્રહાર કરવાનું ટાળવા માટે કણ્વના આશ્રમમાં વૈખાનસો એને આશીર્વાદ આપે છે–" પુરુવંશમાં જન્મેલા તને આ અત્યંત યોગ્ય છે; એવા જ ગુણોવાળો

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર ૧૯૮૮-ફેબ્રુઆરી ૧૯૮૯, પૃ. ૪૭-૫૨

*કાછિયાવાડી, મુ. ચોવીસી, વાયા-નવસારી.

ચક્રવર્તી પુત્ર તું પામજે "[1] આમ અપુત્રવાન રાજાને ચક્રવર્તી પુત્રના આશીર્વાદ મળવાથી એવા પુત્રને જન્મ આપનારી શકુંતલા સાથે રાજાનું મિલન થશે એવી આશા બંધાય છે. વનજ્યોત્સ્નાને લાગણીથી લાંબો સમય શકુંતલાએ નિહાળતાં પ્રિયંવદા સૂચન કરે છે–" જેમ વનજ્યોત્સ્ના પોતાને યોગ્ય એવા આમ્રવૃક્ષની સાથે સમાગમ પામી તેમ હું પણ મારે યોગ્ય એવા વરને પામું. "[2] સાથે જ ' આપમેળે વરનાર વધૂ નવમાલિકા '–એવા શબ્દો સહેતુક મૂકયા છે, કેમકે કણ્વની ગેરહાજરીમાં શકુંતલા આપમેળે જ દુષ્યંતને વરે છે, ગાંધર્વલગ્ન કરે છે. આમ પ્રથમાંકમાં રાજાની અનપત્યતા દૂર કરવા શકુંતલા સાથેના પ્રણયસંગોની રચના કરી છે.

અનપત્યતાનું દુઃખ માત્ર રાજાને જ છે, એમ નથી. રાજમાતાને પણ તે સાલે છે. આથી દ્વિતીયાંકમાં રાજમાતા કરભક દ્વારા આગામી ચોથા દિવસે પુત્રપિંડનપાલનવ્રત વખતે દુષ્યંતને હાજર રહી માન આપવાનો સંદેશો પાઠવે છે. રાક્ષસો યજ્ઞમાં વિઘ્ન કરતા હોવાથી રાજા રક્ષણના બહાને આશ્રમમાં જ રહે છે અને વિદૂષકને રાજમાતા પુત્ર સમાન માનતી હોવાથી નગરમાં મોકલી આપે છે. આમ દ્વિતીયાંકમાં પણ રાજાની સાથે રાજમાતાના હૃદયમાં અનપત્યતાની વ્યથાનો તાર ઝણઝણે છે તેનો તથા વાત્સલ્યભાવનો ખ્યાલ આવે છે.

તૃતીયાંકમાં પૌરવકુળના ભૂષણરૂપ ઉચિતતમ પાત્રની શકુંતલાની પસંદગી માટે સખીઓની અનુમતિ મળવાથી નાયિકા પ્રેમમાં આગળ વધે છે. અનસૂયા રાજાને અનેક પત્નીઓ હોવાની વાત કરે છે ત્યારે રાજા શકુંતલાને પોતાના કુળની પ્રતિષ્ઠાસમી ગણાવે છે. આથી સખીઓને નિરાંત થાય છે. આ જ સમયે હરણબાળ માને ખોળતું હોય તેને માભેગું કરવાની વાત પ્રિયંવદા કરી ચાલી જાય છે ત્યારે પણ આપણને માતા અને અપત્ય ન હોવાની વાત ચાલે છે. વળી શકુંતલા કણ્વની ગેરહાજરીની વાત કરે છે ત્યારે રાજા આશ્વાસન આપે છે–" ઘણી રાજર્ષિ-કન્યાઓ ગાંધર્વવિવાહથી પરણી અને તેમના વડીલોએ તે માટે તેમનું અભિનંદન કર્યું એમ સંભળાય છે."[3] આમ પ્રથમાંકની આપમેળે વરવાની વાતને પુષ્ટિ મળે છે. પણ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિમાં વિઘ્નો આવે છે. " પ્રણયમાં વિઘ્નો તો આવે જ "– એ ન્યાયે આર્યા ગૌતમી શકુંતલાની તબિયત જોવા આવે છે, આથી બંનેને છૂટા પડવું પડે છે.

ચતુર્થાંકમાં વિષ્કંભકના પ્રારંભે અનસૂયાને બીક છે કે ' આજે યજ્ઞ પૂરો થતાં ઋષિઓથી વિદાય પામેલ તે રાજર્ષિ પોતાના નગરે જઈને પોતાના અંતઃપુરના સમાગમમાં આવતાં આશ્રમની

---

१ वैखानसः—जन्म यस्य पुरोर्वंशे युक्तरूपमिदं तव ॥
पुत्रमेवंगुणोपेतं चक्रवर्तिनमाप्नुहि ॥ १.१२ ॥
इतरौ—(बाहू उद्यम्य) सर्वथा चक्रवर्तिनं पुत्रमाप्नुहि ।

२ प्रियंवदा—यथा वनज्योत्स्नानुरूपेण पादपेन संगता, अपि नामैवमहमप्यात्मनोऽनुरूपं वरं लभेयेति ।

३ राजा—गान्धर्वेण विवाहेन बह्व्यो राजर्षिकन्यकाः । श्रूयन्ते परिजीतास्ताः पितृभिश्चाभिनन्दिताः ॥ ३.२२ ॥

હકીકત સંભારશે કે નહીં ?[૪] આમ ચતુર્થાંકમાં જ આગામી અસ્વીકારનો સંદેહ મળી રહે છે. પણ બંને સખીઓને નિરાંત છે કે કણ્વ તેમને સંમતિ આપશે; આગળ દુર્વાસાના શાપની તથા તેના અનુગ્રહની વાત આવે છે. રાજાએ જતી વખતે વીંટી યાદગીરી તરીકે આપેલી હોવાથી બંને સખીઓ દિલાસો પામે છે અને શકુંતલાને શાપની વાત કરતી નથી, એમાં સખીને દુઃખી ન કરવાની કાળજી તથા કઠોર કર્મ કરવાની સખીની અનિચ્છા જણાય છે. પ્રવાસથી પાછા ફરેલ કાશ્યપ સંમતિ આપે છે, પણ શકુંતલા શાપથી અજ્ઞાત હોવાથી સહૃદયી છૂપું દુઃખ અનુભવ્યા વગર રહી શકતો નથી કારણ **दुष्यन्तपरिणीतामापन्नसत्त्वां** શકુંતલાને ભાવિ બનાવની ખબર નથી.

વિદાયપ્રસંગે તાપસી આશીર્વાદ આપે છે—**वत्से, वीरप्रसविनी भव। वत्से भर्तुर्बहुमता भव।** ગૌતમીના શબ્દોમાં કાશ્યપ વરદાન આપે છે.—"શર્મિષ્ઠા જેમ યયાતિની, તેમ તું, પતિની બહુમાનીતી થજે અને તે શર્મિષ્ઠા જેમ પુત્ર પુરુને પામી તેમ તું સમ્રાટ થનાર પુત્રને પામજે."[૫] આ જ પ્રસંગે પ્રસૂતિની ચિન્તા પણ જોવા મળે છે. સામાની મુઠ્ઠીઓથી ઉછેરેલો પુત્ર જેવો ગણેલો મૃગબાળ તેનો પીછો છોડતો નથી, તેમાં આપણને જોવા મળે છે કે કેટલી ચીવટથી તેણે અપત્ય માટેનું માતૃકાર્ય કર્યું હતું. જે વાત્સલ્યભાવ વ્યક્ત કરે છે, માત્ર કમલિનીના પાંદડાથી ઢંકાયેલા પોતાના સહચરને ન જોઈ શકતી ચક્રવાકી જે વ્યાકુળ થઈને બૂમ પાડે છે તેમાં પણ આપન્નસત્ત્વા શકુંતલાનો, દુર્વાસાના શાપથી દુષ્યંત અસ્વીકાર કરશે ત્યારે તે ચક્રવાકીની જેમ વ્યાકુળ થવાની છે તેનું સૂચન મળે છે. છતાં અસ્વીકૃત શકુંતલા કેવળ આશાબન્ધથી ટકી શકશે એવું આશ્વાસન અનસૂયાના શબ્દોમાં મળે છે.[૬] આમ ચોથા અંકમાં અપત્યહીન રાજા થકી શકુંતલા આપન્નસત્ત્વા બની છે, વડીલોની સંમતિ મળી છે અને દુર્વાસાના શાપથી ભાવિ સુખદ નથી બનવાનું, એની સૂચના પણ મળે છે.

પાંચમા અંકમાં હંસપદિકાના ગીત દ્વારા શકુંતલાનો પ્રેમ જાણે અદશ્ય રહીને રાજાના આંતર્મનના બારણે ટકોરા મારે છે, પણ શાપવશ તે અસહાય બની સ્વીકારવાનો નથી એનું સૂચન કવિ આપે છે. સાથે જ રાજાનું અનપત્યતાનું દુઃખ, સુખ વેંત છેટું હોવા છતાં, ચાલુ જ રહે છે. રાજા સમક્ષ શકુંતલાનું અભિજ્ઞાન થતું નથી. ઘૂંઘટ દૂર કરવા છતાં રાજાને તેનું સ્મરણ થતું નથી. શક્રઘાટ પર શચીતીર્થનાં પાણીને વંદન કરતાં વીંટી સરી પડી હોવાથી શકુંતલા અભિજ્ઞાન (વીંટી) બતાવી રાજાના સંશયને દૂર કરી શકતી નથી. તાપસો તેને છોડીને જવા લાગતાં પુરોહિત સમાધાન આપે છે—'એમને પ્રસૂતિ સુધી આપણે ત્યાં રહેવા દઈએ. એમ કેમ એમ પૂછતા હો તો, સત્પુરુષોએ તમને આગળથી જ કહ્યું છે કે તમારો પુત્ર ચક્રવર્તી લક્ષણવાળો હશે. કણ્વ ઋષિનો દૌહિત્ર જો તે લક્ષણવાળો હશે તો એમનું અભિનંદન કરીને એમને અંતઃપુરમાં પ્રવિષ્ટ કરાવશો. એનાથી ઊલટું બને તો એમને પિતાને ત્યાં મોકલવાનું

---

૪ अनसूया—अद्य स राजर्षिरिष्टिं परिसमाप्य ऋषिभिर्विसर्जित आत्मनो नगरं प्रविश्यान्तःपुरसमागत इतोगतं वृत्तान्तं स्मरति वा न वेति ।

५ काश्यपः—ययातेरिव शर्मिष्ठा भर्तुर्बहुमता भव ।
सुतं त्वमपि सम्राजं सेव पूरुमवाप्नुहि ॥ ४.७ ॥

६ अनसूया—गुर्वपि विरहदुःखमाशाबन्धः साहयति ॥ ४.१६ ॥

નિશ્ચિત જ છે.'૭ શકુંતલા ત્યક્તા તથા શંકાસ્પદ ચારિત્ર્યવાળી સ્ત્રી તરીકે જીવવા કરતાં મરવાનું પસંદ કરે છે, પણ એ પણ એને સુલભ નથી, કારણ તો નાટકના નાયકના અપત્યનું શું થાય ? શાપની શક્તિનું આવરણ હોવા છતાં રાજાને અસ્વસ્થ બનાવી મૂકનાર શકુંતલાની અદૃશ્ય સ્નેહની શક્તિ શકુંતલાનું ભાવિ નિરાશામય નથી એમ સૂચવે છે કારણ કે એક સ્ત્રીની આકૃતિ ધારણ કરતું તેજ તેને ઊંચકીને અપ્સરસ્ તીર્થ તરફ લઈ જાય છે. આમ અપત્ય ન હોવાના દુઃખવાળાની સામે આપન્નસત્ત્વા પત્ની આવે છે, પણ શાપવશાત્ રાજા મોહમાં પડી અસ્વીકાર કરે છે.

છઠ્ઠા અંકમાં પકડાએલા માછીમાર પાસેથી મળેલી વીંટી જોવાથી રાજાને શકુંતલાનું સ્મરણ થાય છે અને દુર્વાસાનો શાપ દૂર થાય છે. પણ શકુંતલા ક્યાં ? એનું મિલન ક્યાં અને કેવી રીતે થાય ? પશ્ચાત્તાપ સાથે પ્રબળ મનોવ્યથા અનુભવતા રાજાને વિદૂષક, વીંટીની જેમ અવશ્ય અણધાર્યો સમાગમ થશે, એવું આશ્વાસન આપે છે, છતાં રાજાએ વસંતોત્સવ ઉજવવાની મનાઈ ફરમાવી છે. અપ્સરા સાનુમતી રાજાની આંસુ સારવાની ક્રિયા, શકુંતલા પ્રત્યેની સ્નેહની લાગણી તથા નિષ્ઠા નિહાળી આનંદ અનુભવે છે અને માને છે કે તેના દુઃખના દિવસો પૂરા થવા આવ્યા છે.

બિનવારસ વેપારી ધનમિત્ર વહાણ ભાંગી જવાથી મૃત્યુ પામે છે. સંતાનવિહીન તેનું ધન રાજાને મળવું જોઈએ એમ અમાત્ય જણાવે છે. પણ રાજાને એના જેવું જ અનપત્યતાનું દુઃખ છે. 'कष्टं खल्वनपत्यता ।' આથી બહુપત્નીવાળા તેની કોઈ પત્ની ગર્ભવતી હોય તો તેના પુત્રને વારસાહક આપવાની વાત કરે છે. આમ સ્વાનુભવેલા દુઃખથી દુઃખી બને છે અને સમદુઃખી પ્રત્યે સમભાવ કેળવે છે. સંતાનના ઉચ્છેદથી નિરાધાર થયેલા કુટુંબોની સંપત્તિ, મૂળ પુરુષનું અવસાન થતાં પારકાના હાથમાં જાય તેનું તેને દુઃખ છે– 'મારા મરણ પછી પણ પુરુવંશની સંપત્તિની એ જ દશા થવાની !"૮ 'દુષ્યંતે આપેલા પિંડ લેનાર પૂર્વજો સંશયમાં પડ્યા છે. કેમકે, એના પછી વૈદિક વિધિથી કરેલું તર્પણ, અમારા કુળમાં અમને કોણ આપશે ? એવો વિચાર કરતા મારા પિતૃઓ, સાચે જ સંતાનવિહોણા મેં આપેલું પાણી આંસુ ધોતાં બાકી રહેલું પીતા હશે."૯ આમ અનપત્યતાનું દુઃખ વધુ તીવ્રતર થાય છે અને દુર્જયનો નાશ કરવા, ઈન્દ્રને મદદ કરવા દુષ્યંત જાય છે.

સપ્તમાંકમાં હેમકૂટ પર્વત પર ઈન્દ્રને વિજય અપાવી પાછા ફરતા મારીચના આશ્રમમાં બાળકનું અભિજ્ઞાન (શકુંતલાનું નહિ) ક્રમશઃ થાય છે. સિંહના દાંત ગણવાની વાત કરતા બાળક પ્રત્યે રાજાની અનપત્યતા વાત્સલ્યભાવ પેદા કરે છે. રાજા તેના હાથમાં ચક્રવર્તીનું લક્ષણ

---

૭ पुरोहित—अत्र भवती तावदाप्रसवादस्मद्गृहे.....
समीपनयनमवस्थितमेव । [अं. ५]

८ राजा ममाप्यन्ते पुरुवंशश्रीयः एष वृत्तान्तः । [अं. ६]

९ राजा—अस्मात्परं बत यथाश्रुति......
धौताश्रुशेषमुदकं पितरः पिबन्ति ॥ ६.२५ ॥

નિહાળે છે. બાળકનાં અંગોને સ્પર્શવાથી તે આનંદ અનુભવે છે ત્યારે એની અનપત્યતા એના મુખમાંથી બોલાવે છે–" કોઈના પણ કુળના અંકુર સમા આનાં અંગોનો સ્પર્શ થતાં મને આવું સુખ થાય છે, તો પછી જે ધન્ય પુરુષના શરીરથી આનો જન્મ થયો છે તેના મનમાં કેવો આનંદ થતો હશે " ૧૦ તાપસીને રાજાની સાથે બાળકની આકૃતિ મળતી આવતી લાગે છે; માતાના નામમાં પણ સામ્ય જોવા મળે છે. બાળકનું રક્ષાકરંડક માતાપિતા વિના કોઈ લે તો સર્પ થઈને કરડે. પણ ઊંચકવા છતાં રાજાને કાંઈ થતું નથી. આથી રાજાની અનપત્યતાનું દુઃખ દૂર થાય છે અને તે બોલી ઊઠે છે–" મારા પૂર્ણ થયેલા મનોરથને હું આવકાર કેમ ન આપું ? "૧૧ આમ તે પિતૃત્વની નજીક છે. વાત્સલ્યની હેલી આવે છે અને તે બાળકને ભેટી પડે છે. આશાના સાગરમાં ડૂબકી મારે છે. ' આ મારો જ પુત્ર છે '–એવી ખાતરી થાય છે. પાસે આવતા પિતા–પુત્રને જોઈને શકુંતલા દૈવની દયા માને છે. રાજા શકુંતલાને વીંટી આપવા ઇચ્છે છે, પણ શકુંતલા સ્વીકારતી નથી, કારણ ખરે વખતે કામ ન આવી તે વીંટીનો ભરોસો કેવો ? ' દુષ્યંતે ધર્મપત્નીને દુર્વાસાના શાપથી તરછોડી હતી, નહીં કે બીજા કારણથી '–એમ મારીચે જણાવતાં શકુંતલાને ખાતરી થાય છે કે પોતાની કે દુષ્યંતની ભૂલ ન હતી. મારીચ ગાલવ મારફત કણ્વને સંદેશો મોકલે છે કે પુત્રવતી શકુંતલાનો, તેનો શાપ દૂર થતાં સ્મૃતિ પામેલા દુષ્યંતે સ્વીકાર કર્યો છે. આમ અંતમાં પણ પુત્રવતી શકુંતલાનો ઉલ્લેખ છે જે અનપત્યતા દૂર થયાનું સૂચવે છે અને નાટકનો સુખદ અંત આવે છે.

ઉપરોક્ત અનુશીલન પરથી કહી શકાય કે નાટકના પ્રારંભથી અંત સુધીના પ્રસંગો અનપત્યતાને કેન્દ્રમાં રાખીને રચાયા છે.–" પ્રારંભમાં રાજા દુષ્યંતને અનપત્યતાનું દુઃખ, તે દૂર કરવા મૃગયા રમવા જવું, ત્યાં ચક્રવર્તી પુત્ર થવાના આશીર્વાદ મળવા, તેવા પુત્રને જન્મ આપનારી શકુંતલા સાથે પ્રણય અને તેની વૃદ્ધિ, રાજમાતાને પણ અનપત્યતાનું દુઃખ અને પરિણામે પુત્રપિંડપાલનવ્રતની ઉજવણી, નાયક–નાયિકાના ગાંધર્વલગ્ન, આપન્નસત્ત્વા શકુંતલાનો અસ્વીકાર અને તેમાં દુર્વાસાનો શાપ કારણભૂત, માછીમાર પાસેથી વીંટીનું મળવું અને આપન્નસત્ત્વા શકુંતલાનું સ્મરણ, બિનવારસ ધનમિત્ર વેપારીનું મૃત્યુ અને અનપત્યતાના દુઃખની તીવ્રતા, મારીચના આશ્રમમાં અપત્યનું અભિજ્ઞાન અને શકુંતલાનું મિલન તથા સુખદ અંત. "

નાટકના શીર્ષકના શાકુંતલ શબ્દને અપત્ય સાથે જોડીએ તો કહી શકાય કે ' શાકુંતલ ' શબ્દ ' શકુંતલાના પુત્ર ' માટે વપરાયો છે કારણ સાતમા અંકમાં અંતે અભિજ્ઞાન સર્વદમનનું થાય છે અને તેથી શકુંતલા સાથે મિલન થાય છે. આમ કહી શકાય કે " शकुन्तलायाः अपत्यं

---

१० राजा––(आत्मगतम्) अनेन कस्यापि कुलाङ्कुरेण
स्पृष्टस्य गात्रेषु सुखं ममैवम् ।
कां निर्वृत्तिं चेतसि तस्य कुर्या-
द्यस्यायमङ्गात्कृतिनः प्ररूढः ॥ ७.१९ ॥

११ राजा.—(सहर्षम् । आत्मगतम्) कथमिव संपूर्णमपि मे मनोरथं नाभिनन्दामि
(इति बालं परिष्वजते ।)

पुमान् असौ इति शाकुन्तलः वा भरतः वा सर्वदमनः । अभिज्ञानेन प्राप्तः शाकुन्तलः । तमधिकृत्य कृतं नाटकं अभिज्ञानशाकुन्तलम् ।"

ભારતીય દર્શનની દૃષ્ટિએ કાલિદાસને કેવળ પ્રેમમાં જ રસ નથી. 'હુતાહુતીમાં' જ રસ નથી, પણ સંતતિમાં રસ છે. કામને જાણનારો કાલિદાસ સંતતિનો વિરોધી નથી. તે પ્રણયના ઊંડાણની વાતો કરે છે પણ તેનો ઢાળો સંતતિ ઉપર છે. કાલિદાસ સમાજની ચાલના મહાન કવિ છે. રસરાજ શૃંગારનો કવિ હોવા છતાં સમાજની ચાલ માટે અપ્સરાની પુત્રી શકુંતલાએ પુત્ર આપી જવો એમા જ ઔચિત્ય છે. 'જેમ સરસ્વતીનો સ્રોત અનાર્ય દેશમાં લુપ્ત થઈ જાય તેમ રાજાનો વંશ લુપ્ત થઈ જશે ?'–કાલિદાસ તેની ચિંતા કરે છે. કાલિદાસને (અંગ્રેજ વિદ્વાન અનુસાર) "Blossom and fruit"માં રસ છે, જેથી ભારતીય સંસ્કૃતિમાં છે તે લુપ્ત થઈ ન જાય. સાહિત્યશાસ્ત્રી ધનંજયે દશરૂપકમાં કહ્યું છે– 'ફળ ઉપર સ્વામિત્વ ધરાવવું એનું નામ અધિકાર; જે ફળ ઉપર સ્વામિત્વ ધરાવે તે અધિકારી'[12] આ અનુસાર અભિજ્ઞાન-શાકુંતલ નાટકના અધિકારી રાજા દુષ્યંતને આધિકારિક વસ્તુ અનુસાર શકુંતલા સાથેના પ્રણયનું શું ફળ મળ્યું ?–'ચક્રવર્તી પુત્ર.' આમ અનપત્યતાનિવારણાર્થે. અભિજ્ઞાનશાકુંતલ સવિશેષ મહત્ત્વ ધરાવે છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

---

१२ अधिकारः फलस्वाम्यमधिकारी च तत्प्रभुः ॥
तन्निर्वर्त्यमभिव्यापि वृत्तं स्यादाधिकारिकम् ॥ [दशरूपकम् १:१२]

* સંસ્કૃત સેવા સમિતિ, અમદાવાદના આશ્રયે 'આષાઢસ્ય પ્રથમ દિવસે'ના યોજાયેલા છઠ્ઠા પરિસંવાદમાં રજૂ કરેલ શોધ-નિબંધ. તા. ૨૬, ૨૭, ૨૮ જુન ૧૯૮૭. સ્થળ–એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ સૂરત.

काव्यपरीक्षा માં કાવ્યવ્યાખ્યા–એક પરીક્ષણ

જાગૃતિ પંડ્યા

શ્રી વત્સલાંછન ભટ્ટાચાર્યકૃત કાવ્યપરીક્ષા' એ કંઈક અંશે પ્રકાશમાં નહીં આવેલ સાહિત્યશાસ્ત્રીય ગ્રંથ છે. 'કાવ્યપ્રકાશ' ઉપર લખાયેલ 'સારબોધિની' ટીકા દ્વારા વિશેષ જાણીતા શ્રી વત્સલાંછને જાણે કે, 'કાવ્યપ્રકાશ'ની લઘુ આવૃત્તિરૂપે આ ગ્રંથની રચના કરી છે. 'કાવ્યપ્રકાશ'ના દસ ઉલ્લાસોમાં ચર્ચાયેલ વિષયો શ્રીવત્સે 'કાવ્યપરીક્ષા'ના પાંચ જ ઉલ્લાસોમાં આવરી લીધા છે. તે પૈકી 'કાવ્યવ્યાખ્યા'નું પરીક્ષણ અત્રે પ્રસ્તુત છે.

'કાવ્ય પરીક્ષા[1]'ની પ્રથમ જ કારિકામાં, સૌ પ્રથમ, કાવ્યસ્વરૂપ સ્પષ્ટ કરતાં, તેઓ તેની આ પ્રમાણે વ્યાખ્યા આપે છે :—

> **काव्यमास्वादजीवातुः पदसंदर्भ उच्यते ।**
> **सालंकार गुणादोषौ शब्दार्थाविति केश्चन ॥**

काव्यपरीक्षा १.१

આસ્વાદ એ જેના પ્રાણરૂપ છે તેવો પદોનો સંદર્ભ કાવ્ય કહેવાય છે, જ્યારે કેટલાકને મતે અલંકાર અને ગુણથી યુક્ત તથા દોષરહિત શબ્દ અને અર્થ (એ કાવ્ય છે)

આ રીતે પોતાને અભિમત કાવ્યવ્યાખ્યા પ્રથમાર્ધમાં આપ્યા બાદ દ્વિતીયાર્ધમાં તેઓ બીજાઓએ આપેલ કાવ્યવ્યાખ્યા પણ ટાંકે છે.

આ કાવ્યવ્યાખ્યા ઉપરની સ્વોપજ્ઞ વૃત્તિમાં તેઓ નોંધે છે કે–કાવ્ય કરે છે, કાવ્ય વાંચે છે, કાવ્ય સાંભળે છે, જેવા વ્યવહારને લીધે શબ્દ એ જ કાવ્ય એવું પ્રાચીનો માને છે તો કેટલાક વળી–આસ્વાદને વ્યંજિત કરવાની ક્ષમતાને કાવ્યત્વનું પ્રયોજક માને છે, તથા તે (= આસ્વાદ-વ્યંજકત્વ) શબ્દ તથા અર્થમાં એકસરખું હોવાથી શબ્દની જેમ અર્થમાં પણ કાવ્યત્વ સ્વીકારે છે. (પરંતુ) 'કાવ્ય કરે છે' વગેરે પ્રયોગમાં 'કાવ્ય' પદ શબ્દપરક જ છે–એમ કહે છે[2]

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧–૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર ૧૯૮૮–ફેબ્રુઆરી ૧૯૮૯, પૃ. ૫૩–૫૮.

૧ પ્રસ્તુત લેખમાં काव्यपरीक्षाની શ્રી પરશુરામ શર્મા દ્વારા સંપાદિત, મિથિલા વિદ્યાપીઠ ગ્રંથમાલા, દરભંગા-પ્રકાશિત, ઈ. સ. ૧૯૫૬ની આવૃત્તિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

૨ 'કાવ્યપરીક્ષા'–૧. ૧ ઉપરની વૃત્તિ, પૃ. ૧.

केचित्तु आस्वादव्यञ्जकत्वमेव काव्यत्वप्रयोजकं तत्तु शब्दे चार्थे चाविशिष्टमिति शब्दवदर्थेऽपि काव्यत्वम्, काव्यं करोतीत्यादौ काव्यपदस्य शब्दमात्रपरत्वमित्याहुः ।

કાવ્યની વ્યાખ્યાના સંદર્ભમાં જે બે વિચારપરંપરાઓ પ્રાપ્ત થાય છે, તેમાં એક શબ્દ અને અર્થનું એકસરખું પ્રાધાન્ય સ્વીકારતી ભામહ વગેરેની પરંપરા છે (જેનાં મૂળ કદાચ એથી પણ પુરાણાં હોઈ શકે) તો બીજી પરંપરા દંડી વગેરે આલંકારિકોના કાવ્યલક્ષણમાં પ્રવર્તતી જણાય છે, જે શબ્દને જ કાવ્ય કહે છે (તે પણ દંડીથી પુરાણી હોઈ શકે). અલબત્ત, આ બંને વિચારપરંપરાઓ પરસ્પર વિરોધી નથી, બલ્કે એકમેકની પૂરક છે, અને શબ્દનું જ કાવ્યત્વ સ્વીકારતા આલંકારિકો શબ્દને અર્થનિરપેક્ષ માનતા નથી જ. તેઓ તો શબ્દને કાવ્યનો વ્યાવર્તક ધર્મ લેખે છે, તે ભૂલવું ન જોઈએ.

'કાવ્યપરીક્ષા'કાર શ્રીવત્સ આ બીજી પરંપરાને અનુમોદન આપતા જણાય છે. તેમણે જે કાવ્યવ્યાખ્યા આપી છે, તે અક્ષરશઃ 'કાવ્યપ્રકાશદીપિકા'કાર ચંડીદાસે આપેલ કાવ્ય-વ્યાખ્યાને મળતી આવે છે. શ્રી ચંડીદાસે 'કાવ્યપ્રકાશ'કારની કાવ્ય-વ્યાખ્યાની ચર્ચા દરમ્યાન તેમનાથી જુદા પડીને પોતાની રીતે કાવ્યલક્ષણ આપ્યું છે.

તેઓ કહે છે :—

एतदुक्तं भवति-आस्वादजीवातुः पदसंदर्भः काव्यम् ।[3]

સ્પષ્ટ રીતે જ શ્રીવત્સ ચંડીદાસને અનુસરતા જણાય છે.

અહીં જે आस्वादजीवातुः પદ છે, તેમાં રસનો સંદર્ભ વાંચી શકાય. રસ એટલે જ આસ્વાદ; અને તે જેના પ્રાણરૂપ છે તેવો પદસંદર્ભ કાવ્ય બને છે. આનંદવર્ધન વગેરેએ રસ-ધ્વનિને પણ કાવ્યના આત્મસ્થાને મૂકી આપેલ છે, તેનો જ પ્રભાવ શ્રીવત્સમાં જણાય છે. આ દ્વારા તેઓ રસનું સર્વાધિક મહત્ત્વ સ્વીકારે છે અને રસથી યુક્ત હોય તેવાં પદને જ કાવ્યત્વક્ષમ લેખે છે. 'वाक्यं रसात्मकं काव्यम्' કહેતા વિશ્વનાથ અહીં સહજ યાદ આવી જાય છે. વિશ્વ-નાથમાં પણ शब्दः काव्यम्ની પરિપાટી દૃષ્ટિગોચર થાય છે. તેઓ શ્રીવત્સના નજીકના પુરોગામી કે અનુગામી અથવા તો સમકાલીન હોવા સંભવ છે. ટૂંકમાં, ચંડીદાસ–શ્રીવત્સ ને વિશ્વનાથની પરિપાટી એકસરખી જણાય છે, જેનો ચરમ ઉત્કર્ષ પાછળથી જગન્નાથમાં જોઈ શકાય.

કાવ્યલક્ષણ અંગે સામાન્ય ચર્ચા કર્યા પછી શ્રીવત્સ પોતાની વૃત્તિમાં, પોતે આપેલ કાવ્યલક્ષણની વિશેષ સમજૂતી આપવાનું જરૂરી લેખતા નથી, અને અન્યોના કાવ્યલક્ષણમાં આવતા પદ–अदोषौ......વગેરેની ચર્ચા આરંભે છે.

તેઓ જણાવે છે કે[4]

---

૩ 'કાવ્યપરીક્ષા'ની ભૂમિકા–પૃ. ૧૨ ઉપર ઉદ્ધૃત.

૪ 'કાવ્યપરીક્ષા'–૧.૧ ઉપરની વૃત્તિ, પૃ. ૧

अथादोषाविति किं यत्किंचिद्दोषाभावो यावद्दोषा भावो वा । नाद्यः । अव्यावर्तकत्वात् । यत्किंचिद्दोषाभावस्य सर्वत्र सुलभत्वात् । नान्त्यः । तथा सति काव्यलक्षणं निर्विषयं विरलविषयं, वा स्यादिति चेदुच्यते । दुष्टेष्वपि रसोद्बोधात् काव्यत्वदर्शनाददोषाविति काव्यलक्षणे न देयमेव किं तु यत्नतो दोषाभावः काव्ये कर्तव्य इति एतावन्मात्रपरमिति टीकाकृतः ।

अदोषौ દ્વારા શું અભિપ્રેત છે?–થોડા દોષનો અભાવ કે દોષમાત્રનો અભાવ? પ્રથમ વિકલ્પ લઈએ તો તે બરાબર નથી, કેમ કે, થોડા દોષનો અભાવ તો બધે જ પ્રાપ્ત હોઈ, તે વ્યાવર્તક લક્ષણ બની શકે નહીં. અર્થાત્ મોટેભાગે કાવ્યમાત્રમાં થોડા દોષની ઉપસ્થિતિ તો જણાય જ છે. તો બીજો વિકલ્પ પણ શક્ય એટલા માટે નથી કે દોષમાત્રના અભાવનો આગ્રહ રાખીએ તો કાવ્યનું ક્ષેત્ર કાં તો નિર્વિષય બની જશે અથવા તો સ્વલ્પવિષય બની રહેશે. વાસ્તવમાં તો દોષયુક્ત કાવ્યમાં પણ રસનો બોધ થતો હોવાથી કાવ્યત્વ જણાય છે તેથી 'अदोषौ' પદ કાવ્યલક્ષણમાં મૂકવું યોગ્ય નથી. પરંતુ, કાવ્યને પ્રયત્નપૂર્વક દોષમુક્ત રાખવું જોઈએ એટલું જ એનું પ્રયોજન હોઈ શકે.

કહ્યું પણ છે કે,

कीटानुविद्धरत्नादिसाधारण्येन काव्यता ।
दुष्टेष्वपि मता यत्र रसाद्यनुगमः स्फुटः ॥

અર્થાત્ વેધવાળા રત્નને પણ રત્ન કહેવાય જ છે એ પ્રમાણે દોષયુક્ત કાવ્યને વિષે પણ, જો રસાદિનું ગ્રહણ સ્ફુટ રીતે થતું હોય તો, કાવ્યત્વ રહેલું જ છે.

બીજા વળી, એક જ કાવ્યના જે ભાગમાં દોષનો અભાવ હોય તેટલા ભાગમાં કાવ્યત્વ ને જ્યાં દોષ જણાય તેટલા અંશને કાવ્યત્વરહિત માને છે. એટલે કે, એકનું એક કાવ્ય–'કાવ્ય' હોવાની સાથે જ 'અકાવ્ય' પણ મનાય એવી સ્થિતિ સર્જાય છે. જેમ એક જ જ્ઞાન પ્રમા પણ હોય ને અપ્રમા પણ હોય તેમ. તેથી, 'દોષસામાન્ય'નો અભાવ લક્ષણમાં નિર્દિષ્ટ હોય એટલું પૂરતું છે.[5]

શ્રીવત્સ આગળ નોંધે છે કે, કાવ્યમાં કોઈ વિશેષ અલંકાર ન હોય તો પણ સામાન્ય અલંકારની હાજરીને લીધે તેનું કાવ્યત્વ ટકી રહે છે.[6]

જેમ કે, यः कौमारहरः......વગેરેમાં વક્રોક્તિ નામના સામાન્ય અલંકારને લીધે જ તેનું કાવ્યત્વ જળવાય છે.

આ સંદર્ભમાં તેઓ ભામહમાંથી નીચેનું ઉદ્ધરણ ટાંકે છે—

सैषा सर्वत्र वक्रोक्तिरनयार्थो विभाव्यते ।
यत्नोऽस्यां कविना कार्यः कोऽलंकारोऽनया विना ॥

---

૫ 'કાવ્યપરીક્ષા' ૧.૧ ઉપરની વૃત્તિ, પૃ. ૧

एकस्मिन्नेव पद्ये यदंशे दोषाभावस्तदंशे काव्यत्वं यदंशे दोषस्तदंशेऽकाव्यत्वम् । तथा चैकमेव पद्यं काव्यमकाव्यं च । यथैकमेव ज्ञानं प्रमा चाप्रमा चेति दोषसामान्याभाव एव लक्षणे प्रवेश्य इत्याहुः ।

૬ 'કાવ્યપરીક્ષા' ૧.૧ ઉપરની વૃત્તિ, પૃ. ૧–૨

अत्र विशेषालंकारविरहेऽपि सामान्यालंकारसत्त्वान्न काव्यत्वहानिरिति स्मर्तव्यम् । यथा 'यः कौमारहरः' इत्यत्र वक्रोक्तिनामकसामान्यालंकारसत्त्वादेव काव्यत्वम् ।

તથા, કુન્તકના–' **वक्रोक्तिः काव्यजीवितम्** 'નો ઉલ્લેખ કરે છે અને ચમત્કાર સર્જનારી ઉક્તિને તેઓ વક્રોક્તિ કહે છે.

वक्रोक्तिश्चमत्कारकारिण्युक्तिरित्यर्थः ।[૭]

કોઈ વિશેષ ચર્ચા કર્યા સિવાય જ તેમણે જે આ બે ઉદ્ધરણો આપ્યાં છે, તે દ્વારા તેઓને કાવ્ય સવક્રોક્તિ–અર્થાત્ ચમત્કારયુક્ત ઉક્તિવાળું–હોવું ઘટે, તેમ અભિપ્રેત હશે.

अदोषौ પદની ઉપર્યુક્ત છણાવટ કર્યા પછી તરત જ–કોઈ નોંધ વગર જ–**सालंकारौ**ની વાત તેઓ આરંભે છે, અને પછી છોડી દે છે. **अदोषौ**ની ચર્ચા કરતાં, છેલ્લે તેઓ જણાવે છે કે, કાવ્યમાં દોષસામાન્યનો અભાવ હોવો જરૂરી છે અને પછી તરત, કોઈ વિશિષ્ટ અલંકાર ન હોવા છતાં સામાન્ય અલંકારથી કાવ્યત્વની સિદ્ધિ વર્ણવે છે. આ 'સામાન્ય અલંકાર' દ્વારા 'અલંકાર' શબ્દનો વ્યાપક ખ્યાલ જ તેમને અભિપ્રેત હોઈ શકે. અર્થાત્, અલંકારનું અલંકારત્વ જે ભામહને મન અતિશયોક્તિ–વક્રોક્તિરૂપ હતું, જે દંડી અને વામને પણ પોતાની રીતે પુરસ્કાર્યું છે, એ જ અહીં 'સામાન્ય અલંકાર' રૂપે સ્વીકારાય છે. **यः कौमारहरः......** વગેરે ઉદાહરણમાં મમ્મટે અસ્ફુટ અલંકાર જોયો છે અને વિશ્વનાથે સંદેહસંકર જોવા પ્રયત્ન કર્યો છે, પણ આ 'સ્ફુટાલંકારવિરહ'ને ય 'સામાન્ય અલંકાર'માં સમાવી શકાય. ટૂંકમાં, શ્રીવત્સ એમ સૂચવે છે કે, જેમ કોઈ ખાસ અર્થાત્ સ્ફુટ અલંકાર ન હોય તો પણ સામાન્ય અલંકાર વડે કાવ્યત્વ ટકી રહે છે તેમ સામાન્યતઃ દોષનો અભાવ હોય અને કદાચ ક્યાંક કોઈક દોષ જણાય તો પણ કાવ્યત્વનો લોપ થતો નથી. આપણે મમ્મટના શબ્દોનો પ્રતિઘોષ પાડતાં અહીં ટિપ્પણ ઉમેરી શકીએ કે—

सर्वत्र सालंकारौ क्वचित् स्फुटालंकारविरहेऽपि सामान्यालंकारसद्भावे काव्यत्वं, तथैव दोषसामान्याभावे क्वचित् कथमपि सदोषत्वेऽपि काव्यत्वं स्यात् ।

'**शब्दार्थौ**'–વાળા પક્ષની જે આલોચના શ્રીવત્સે આપી છે તેમાં મમ્મટ જ કેન્દ્રમાં હોય તેવું જણાય છે. 'સારબોધિની'માં પણ તેમણે આ ચર્ચા આપી છે. જો કે, તેનો ઝોક જુદો જણાય છે.

તેમાં રજૂઆત આ પ્રમાણે કરવામાં આવી છે:—

કેટલાકના અભિપ્રાય પ્રમાણે–' કવિકર્મ તે કાવ્ય ' એવી સમજૂતીના અનુસંધાનમાં કાવ્યત્વ ફક્ત 'શબ્દ' વિષે જ માની શકાય, અર્થ વિષે નહિ, કારણ કે શબ્દ કવિના કૃત્યથી સાધ્ય બને છે. આથી, 'આસ્વાદ જેનો પ્રાણ છે તેવો પદસંદર્ભ તે કાવ્ય'-એવું કાવ્યલક્ષણ જે અપાયું છે, તે બરાબર નથી, કેમ કે, આસ્વાદના ઉદ્બોધક થવું એ જ કાવ્યત્વનું પ્રયોજક છે. અર્થાત્, જેના વડે આસ્વાદ પ્રયોજાય તે કાવ્ય અને અહીં તે શબ્દ અને અર્થ બંને વિષે અભિન્ન રીતે રહેલું છે. શબ્દ અને અર્થ બે ભેગા મળીને આસ્વાદ પ્રયોજે છે માટે બંનેનો સહભાવ તે થયું કાવ્ય. અર્થને વિષે પણ રસના ઉદ્બોધક હોવાનો ધર્મ સ્વીકારાયો છે. તેથા અર્થને વિષે પણ, જેમ 'દૃશ્ય કાવ્ય'ને 'કાવ્ય' કહીએ છીએ તેમ કાવ્યત્વનો વ્યવહાર થાય છે.

૭ 'કાવ્યપરીક્ષા' ૧–૧ ઉપરની વૃત્તિ, પૃ. ૨

એટલે કે, શબ્દની માફક અર્થ પણ કાવ્યવ્યવહારનો એકસરખો પ્રયોજક છે. વળી, 'શબ્દ' અંગે કવિના કર્મ હોવા અંગેનો જે વ્યવહાર છે તે વાસ્તવમાં તો કવિકર્મ વડે પ્રકાશિત થતો હોવાને લીધે લાક્ષણિક જ છે જે લોકો શબ્દને નિત્ય માને છે, તેમને મતે પણ, કાવ્યને શબ્દરૂપ માનવામાં આવે તો પણ, તેને કવિકર્મ માનવા અંગેનો વ્યવહાર તો લાક્ષણિક જ છે. (= શબ્દ એ કવિનું કર્મ છે એમ કહેવું એ લક્ષણાવ્યવહાર છે, કારણ વાસ્તવમાં નિત્ય કે અનિત્ય એવો શબ્દ કવિકર્મ વડે પ્રકાશિત થતો હોય છે, કવિકર્મરૂપ નથી હોતો. આથી લક્ષણા માનવી પડે). આ રીતે, અર્થને વિષે પણ કાવ્યત્વ સિદ્ધ થાય છે ત્યારે પણ 'કાવ્ય વાંચે છે,' 'કાવ્ય રચે છે', 'કાવ્ય સાંભળે છે' વગેરે વ્યવહારમાં તો 'કાવ્ય' પદ શબ્દમાત્રપરક જ છે. અર્થાત્, જે તે વ્યવહારની દૃષ્ટિએ તો છેવટે 'કાવ્ય' દ્વારા શબ્દ જ અભિપ્રેત હોઈ શકે.[૮]

આગળ ઉપર વળી તેઓ નોંધે છે કે

"જે કેટલાક લોકોએ કહ્યું છે કે—'આસ્વાદ જેનો પ્રાણ છે તેવો પદસંદર્ભ કાવ્ય છે', તે બરાબર નથી, કેમ કે, 'આસ્વાદ જીવાતુ' ધર્મના અવચ્છેદક રૂપનો પરિચય ન હોય તો તે જાણી શકાય નહિ તેનો પરિચય હોય તો ફક્ત તેને જ લક્ષણરૂપ માનવું પડે અને તે સ્વરૂપ તો અદોષત્વ વગેરે ત્રણ ધર્મોને બાદ કરતાં અન્યને વિષે સંભવતું જ નથી".[૯]

આમ, શ્રીવત્સે 'કાવ્યપરીક્ષા'માં જે કાવ્યવ્યાખ્યા આપી છે, તેનું જ વિશ્લેષણ નૈયાયિક ઢબે 'સારબોધિની'માં કર્યું છે, જે તેમના ખુલ્લા માનસની અને બૌદ્ધિકતાની પ્રતીતિ કરાવે છે. છતાં, એટલું ચોક્કસ કે, તેમની કાવ્યવ્યાખ્યામાં 'शब्दः काव्यम्' ની પરિપાટી ઝીલાતી જણાય છે. તેમણે આપેલ કાવ્યવ્યાખ્યા—आस्आदजीवातुः पदसंदर्भः काव्यम्—ને તેમણે કરેલી, 'કાવ્યપ્રકાશ' ઉપરની ટીકા—'સારબોધિની'ના જે તે ભાગ અને વિશ્વનાથની કાવ્યવ્યાખ્યાની સાથે મૂકવાથી એક સબળ પરંપરા પ્રત્યક્ષ થાય છે.

---

૮ 'કાવ્યપ્રકાશ, (टीकात्रयसंवलित)—ડૉ. ગોપરાજુ રામા તથા ડૉ. જગન્નાથ પાઠક દ્વારા સંપાદિત, ગંગાનાથ ઝા કેન્દ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ, પ્રયાગ દ્વારા પ્રકાશિત, ઈ. સ. ૧૯૭૬ની આવૃત્તિ, પૃ. ૧૦

अत्र केचित्–कविकर्म काव्यमिति समाख्यानुरोधात् शब्दे एव काव्यत्वं नार्थे । तस्य तत्कृत्यसाध्यत्वात् । तस्मादास्वादजीवातुः पदसंदर्भः काव्यमिति काव्यलक्षणमिति वदन्ति । तन्न । तथाहि, आस्वादोद्बोधकत्वमेव काव्यत्वप्रयोजकरूपम् । तच्छब्दे चार्थे चाविशिष्टम् । तत्रापि रसोद्बोधकत्वाङ्गीकृतेरित्यर्थेऽपि दृश्यकाव्य इव काव्यत्वम् । कविकर्मत्वव्यवहारस्तु तत्प्रकाश्यत्वात् भाक्त एव । शब्दनित्यत्ववादिमत शब्दरूपेऽपि काव्ये कविकर्मत्वव्यवहारस्य भाक्तत्वात् । एवमर्थेऽपि काव्यत्वे सिद्धे काव्यं पठति काव्यं रचयति काव्यं शृणोतीत्यादिव्यवहारस्तु काव्यपदस्य शब्दमात्र-परत्वम् ।

૯ 'કાવ્યપ્રકાશ' આગળ નિર્દિષ્ટ આવૃત્તિ, પૃ. ૧૧

यत्तु कैश्चिदुक्तं आस्वादाजीवातुः पदसंदर्भः काव्यमिति तन्न आस्वादाजीवातुतावच्छेदकरूपापरिचये तस्य ज्ञातुमशक्यत्वात् । तत्परिचये तस्यैव लक्षणत्वसंभवात् अदोषत्वादिधर्मत्रयमन्तरेणान्यस्य तस्यासंभवाच्च ।

લેખકોને :

૧ પાનની એક જ બાજુએ, ટાઈપ કરેલા અને એ શક્ય ન હોય તો શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા. ટાઈપ નકલમાં ટાઈપકામની ભૂલોને સુધાર્યા પછી જ લેખ મોકલવો. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણે જોડણી રાખવી આવશ્યક છે. લેખની મૂળ પ્રત જ મોકલવી. લેખની કાર્બન નકલ મોકલો ત્યારે તે અંગેનું સ્પષ્ટ કારણ જણાવવું.

૨ લેખમાં અવતરણો, અન્ય વિદ્વાનોનાં મંતવ્યો ટાંકવામાં આવે તો તે અંગેનો સંદર્ભ પૂરેપૂરી વિગત સાથે આપવો અનિવાર્ય છે. પાદટીપમાં એ સંદર્ભની વિગત આપતાં લેખક અથવા સંપાદક/સંશોધક (અટક પહેલી), ગ્રંથ, પ્રકાશક, પ્રકાશનવર્ષ, આવૃત્તિ, પૃષ્ઠ, એ ક્રમ જાળવવો જરૂરી છે.

૩ 'સ્વાધ્યાય'માં છપાયેલ સર્વ લેખોનો કૉપીરાઈટ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા હસ્તક છે. લેખકે અથવા અન્ય કોઈએ લેખમાંનો કોઈ અંશ લેખિત પરવાનગી વગર પુનર્મુદ્રિત કરવો નહીં.

૪ સંક્ષેપશબ્દો પ્રયોજતા પહેલાં એ શબ્દો અન્ય સ્થાને પૂરેપૂરા પ્રયોજેલા હોવા જોઈએ.

૫ પાદટીપોનો ક્રમ સળંગ રાખી જે તે પૃષ્ઠ ઉપર તે તે પાદટીપોનો નિર્દેશ જરૂરી છે.

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક : **રામકૃષ્ણ તુ. વ્યાસ**

વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

લવાજમ :

—ભારતમાં...રૂા. ૨૦=૦૦ પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં...યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે...૬ ડૉલર (ટપાલખર્ચ સાથે)

—યુરોપ અને અન્ય દેશો માટે...પૌં. ૨.૫૦ (ટપાલખર્ચ સાથે)

આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા ગ્રંથ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ વર્ષ નવેમ્બરથી ઑક્ટોબર સુધીનું ગણાય છે, જે આ સરનામે મોકલવું—**નિયામકશ્રી, પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨.**

જાહેરાતો :

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મંદિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨

નાથસંપ્રદાય

યશવંત પરશુરામ મુસળે*

સંપ્રદાયનું નામઃ—આદિનાથ શિવ આ સંપ્રદાયનો સ્થાપક અને ઉપાસ્ય દેવતા હોવાથી એને નાથસંપ્રદાય નામ પ્રાપ્ત થયું. આ સંપ્રદાય યોગપ્રધાન છે. યોગમાર્ગ દ્વારા સિદ્ધાવસ્થા કે અવધૂતાવસ્થા પ્રાપ્ત કરવી એ આ સંપ્રદાયનું અંતિમ ધ્યેય છે. તેથી એ યોગ-સંપ્રદાય, સિદ્ધ-સંપ્રદાય અને અવધૂતસંપ્રદાય નામોથી પણ ઓળખાય છે.

કાલઃ—*ઈસવીસનના નવમા-દશમા સૈકામાં આ સંપ્રદાયનો પ્રભાવ ભારતભરમાં હતો.* તે વખતે ભારતમાં બૌદ્ધ, શાક્ત, કાપાલિક, જૈન, શ્રાવક, વેદાન્તી વગેરે મતપ્રણાલિકાના લોકો હતા. તેમાંય વૈદિક ધર્મનું પ્રાબલ્ય સવિશેષ હતું. વૈદિક સનાતન ધર્મમાં સ્નાનસંધ્યા, જપજાપ્ય વગેરે કર્મકાંડનો અતિરેક થયો હતો. સમાજમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું. ઊંચ-નીચતા, સ્પૃશ્યાસ્પૃશ્યતા પરાકોટિએ ગઈ હતી. ધર્મગ્રંથો સંસ્કૃતમાં હોવાથી સામાન્ય લોકો સમજી શકતા ન હતા. એવી પરિસ્થિતિમાં નાથસંપ્રદાયે જાતિભેદ નષ્ટ કરી મોક્ષનો માર્ગ સ્ત્રી, શૂદ્ર સૌને માટે ખુલ્લો કર્યો, તેથી ઘણાખરા લોકો નાથસંપ્રદાય સ્વીકારવા લાગ્યા. ઉત્તર ભારતમાં ઉદય પામેલા આ સંપ્રદાયનો ધીરે ધીરે દક્ષિણમાં આંધ્ર, કર્ણાટક, મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોમાં સંચાર થયો. નવમા સૈકામાં ઉદય પામેલા નાથસંપ્રદાયનો પ્રભાવ લગભગ તેરમા સૈકા સુધી રહ્યો. તે પછી મહારાષ્ટ્રમાં જ્ઞાનેશ્વર મહારાજે સ્થાપેલા વારકરીપંથમાં તે વિલીન થયો.

ભારતમાં બંગાળ, ઉત્તર પ્રદેશ, પંજાબ, મહારાષ્ટ્ર, આંધ્ર, કર્ણાટક, તેમ જ ભારત બહાર સરહદ પ્રાંત, અફઘાનિસ્તાન, નેપાળ વગેરે પ્રદેશોમાં નાથસાધુઓ દ્વારા નાથસંપ્રદાયનો પ્રસાર થયો. બંગાળનો રાજા ગોપીચંદ અને રાજમાતા મૈનાવતી, ઉજ્જયિનીનો રાજા ભર્તૃહરિ એમણે નાથસંપ્રદાયનો સ્વીકાર કર્યો હતો.

સ્વરૂપઃ—આ સંપ્રદાયમાં યોગવિદ્યા અને મંત્રતંત્ર પર વિશેષ શ્રદ્ધા છે. શક્તિયુક્ત શિવ અથવા આદિનાથ સંપ્રદાયનું અંતિમ સત્ય છે. ગોરક્ષનાથ આ સંપ્રદાયનો પ્રવર્તક હોઈ તેણે લખેલ 'સિદ્ધસિદ્ધાન્તપદ્ધતિ' ગ્રંથ સંપ્રદાયનો ધર્મગ્રંથ છે. તે સંસ્કૃતમાં છે. સાંપ્રદાયિકોની રસવિદ્યામાં વિશેષ ગતિ હોઈ તેઓ વૈદક જાણે છે. આ સંપ્રદાયનો ઉગમ આઠમા સૈકાના પ્રારંભમાં બંગાળમાં થયો હોવો જોઈએ. આદિનાથ શંકર પાસેથી મત્સ્યેન્દ્રનાથને અદ્વૈત–

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧–૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર ૧૯૮૮–ફેબ્રુઆરી ૧૯૮૯, પૃ. ૫૯–૬૪

* શિવકૃપા, નીલકંઠ મહાદેવ પોળ, માણિકરાવ અખાડા પાસે, દાંડિયા બજાર, વડોદરા.

બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થઈ, જેને શાંભવી વિદ્યા કે શાંકરી વિદ્યા કહેવામાં આવે છે. જ્ઞાનેશ્વર મહારાજે જ્ઞાનેશ્વરી ગ્રંથમાં આ વિદ્યાને 'શાંભવ અદ્વયાનંદ' તરીકે સંબોધી છે. અદ્વયાનંદ, યોગવિદ્યા અને વૈરાગ્ય એ ત્રણ નાથસંપ્રદાયનાં પ્રમુખ લક્ષણો છે. બંગાળમાં એક વટવૃક્ષ છે. તેના પર ચોસઠ કળા, મંત્રતંત્ર અને સિદ્ધિઓના દેવતાઓ વાસ કરતા હતા. ત્યાં તપ કરીને સાધકો મંત્રતંત્ર સાધ્ય કરી લેતા.

સંપ્રદાયની ગુરુશિષ્યપરંપરા અને કાર્ય:—પુરાતન કાળમાં આદિનાથ શંકરે પ્રસ્થાપિત કરેલ નાથસંપ્રદાયનો પ્રથમ ઐતિહાસિક પુરુષ ગુરુ મત્સ્યેન્દ્રનાથ છે. મત્સ્યેન્દ્રનાથની ઉત્પત્તિ વિષે અનેક આખ્યાયિકાઓ છે. એક આખ્યાયિકા પ્રમાણે ક્ષીરસિંધુના કાંઠે ભગવાન શંકર પાર્વતીને ગુહ્યજ્ઞાન કહેતા હતા. નજીક જ મત્સ્યરૂપમાં મત્સ્યેન્દ્રનાથ પાણીમાં ફરતા હતા. તેમણે સ્થિર થઈ તે યોગોપદેશ સાંભળ્યો. શંકર ભગવાને એ જોઈ મત્સ્ય પર જળસિંચન કર્યું. અને તેને દિવ્ય માનવરૂપ આપ્યું. એ જ સિદ્ધપુરુષ મત્સ્યેન્દ્રનાથ નાથસંપ્રદાયમાં નવ નાથ, અને ચોરાશી સિદ્ધ પુરુષ છે. મત્સ્યેન્દ્રનાથ ગોરક્ષનાથ, જાલંદરનાથ, કાનિફનાથ, ચરપટીનાથ, નાગેશનાથ, ભરતનાથ, રેવણનાથ અને ગહિનીનાથ એ પ્રમુખ નવ નાથને નરનારાયણના અવતાર માનવામાં આવે છે. જાલંદરનાથ એ મત્સ્યેન્દ્રનાથના ગુરુબંધુ અને ગોરક્ષનાથ તેમના શિષ્ય હતા. મત્સ્યેન્દ્રનાથે 'કૌલજ્ઞાન-નિર્ણય' નામક ગ્રંથ લખ્યો. કુલ એટલે શાક્ત, અકુલ એટલે શિવ. કુલ (શાક્ત)નો અકુલ (શિવ) સાથે સંબંધ જોડવો એનું નામ કૌલજ્ઞાન. મત્સ્યેન્દ્રનાથે પંજાબ, મહારાષ્ટ્ર અને મલબારમાં નાથસંપ્રદાયનો પ્રસાર કર્યો. કદલીબન નામક પ્રદેશમાં યોગિનીકોલ નામક સ્ત્રીરાજ્યમાં તાંત્રિક યોગિનીઓની જાળમાં મત્સ્યેન્દ્રનાથ ફસાયા. તેમના શિષ્ય ગોરક્ષનાથે ત્યાંથી તેમને બહાર કાઢ્યા અને તે પછી મત્સ્યેન્દ્રનાથ સંપ્રદાયના કાર્યમાં ફરીથી જોડાઈ ગયા. મહારાષ્ટ્રના વિદ્વાન સંશોધક શ્રી રા. ચિં. ઢેરેએ સાબિત કર્યું છે કે આંધ્રમાં શ્રીશૈલ મલ્લિકાર્જુનનો પરિસર એટલે કદલીબન. દક્ષિણ મહારાષ્ટ્રમાં સાતારા જિલ્લામાં મત્સ્યેન્દ્રગઢ પર મત્સ્યેન્દ્રનાથની સમાધિ છે. ત્યાં દર વર્ષે ચૈત્ર વદ પાંચમના દિવસે મત્સ્યેન્દ્રનાથનો મેળો ભરાય છે. આ ગઢ પર 'ગોરખ આમલી' નામક એક વૃક્ષ છે. કૃષ્ણા નદીના કાંઠે કર્‍હાડની આસપાસ જે જવારી પાકે છે તેને 'મત્સ્યેંદ્રી જવારી' કહેવામાં આવે છે.

ગોરક્ષનાથને નાથસંપ્રદાયના પ્રવર્તક માનવામાં આવે છે. એમના જન્મ વિશે સંશોધકોમાં ભિન્ન ભિન્ન મત પ્રવર્તે છે. ઉત્તર પ્રદેશમાં હરદ્વાર પાસે ગોરખપુર એ તેમના કાર્યનું કેંદ્ર હતું. ગોરક્ષનાથે બંગાળ, બિહાર અને નેપાળમાં ફરીને યોગમાર્ગનો પ્રસાર કર્યો. ગોરક્ષનાથે હિન્દી અને સંસ્કૃતમાં ગ્રંથરચના કરી છે. તેમનો 'સિદ્ધસિદ્ધાન્તપદ્ધતિ' નામક સંસ્કૃત ગ્રંથ નાથસંપ્રદાયનો પ્રમાણભૂત ગ્રંથ છે. મહારાષ્ટ્રમાં નેવાસેના ડુંગરમાં ગોરક્ષનાથની સમાધિ છે. નેપાળના ગુરખાઓ મત્સ્યેન્દ્રનાથ અને ગોરક્ષનાથને દેવ માને છે. નેપાળમાં તેમનાં ઘણાં મઠમંદિરો છે. ઉજ્જયિનીનો રાજા ભર્તૃહરિ ગોરક્ષનાથનો શિષ્ય હતો. જ્ઞાનેશ્વર મહારાજે ગોરક્ષનાથને 'યોગાબ્જિની સરોવર' (યોગરૂપી કમલિનીનું સરોવર) અને 'વિષયવિધ્વંસૈકવીર' (વિષયવાસનાનો વિધ્વંસ કરનાર એકમેવ વીર નામોથી નવાજી તેમનાં યોગવિદ્યા અને વૈરાગ્યની પ્રશંસા કરી છે.

મત્સ્યેન્દ્રનાથના ગુરુબંધુ જાલંદરનાથનો જન્મ પંજાબમાં થયો. તેમણે બંગાળમાં નાથસંપ્રદાયનો પ્રસાર કર્યો. બંગાળના રાજા ગોપીચંદ અને રાજમાતા મૈનાવતીને જાલંદરનાથે સંપ્રદાયનો અનુગ્રહ આપ્યો.

મહારાષ્ટ્રના પ્રખર વિદ્વાન લ. રા. પાંગારકર મહારાષ્ટ્રમાં નાથસંપ્રદાયના પ્રચાર વિશે માહિતી આપતાં કહે છે કે સંત જ્ઞાનેશ્વર અને તેમના વડીલ બંધુ નિવૃત્તિનાથ નાથસંપ્રદાયી હતા. આદિનાથ, મત્સ્યેન્દ્રનાથ, ગોરક્ષનાથ, ગહિનીનાથ, નિવૃત્તિનાથ અને જ્ઞાનનાથ અથવા જ્ઞાનેશ્વર એ પ્રમાણે તેમની શિષ્યપરંપરા છે. મહારાષ્ટ્રમાં બારમા સૈકામાં નાથસંપ્રદાયનો સારો એવો પ્રચાર થયો. મુકુંદરાજ અને જ્ઞાનેશ્વર તેના પ્રમુખ પ્રચારક હતા. જ્ઞાનેશ્વરના પ્રપિતામહ ત્ર્યંબકપંતને ગોરક્ષનાથે નાથસંપ્રદાયનો અનુગ્રહ શકે ૧૧૨૯-ઈ. સ. ૧૨૦૭માં આપ્યો. જ્ઞાનેશ્વરના પિતામહ ગોવિંદપંતને ગહિનીનાથે અનુગ્રહ આપ્યો. ત્ર્યંબકેશ્વર પાસે બ્રહ્મગિરિનો પહાડ છે. ત્યાં ગોદાવરીના ઊગમ નજીક ગોરક્ષનાથની ગુફા અને ગહિનીનાથનો મઠ છે. અહીં ગહિનીનાથે, નિવૃત્તિનાથને અનુગ્રહ આપ્યો અને નિવૃત્તિનાથે પોતાના બંધુ જ્ઞાનેશ્વરને અનુગ્રહ આપ્યો. સમય જતાં ભક્ત નામદેવના સંગાથથી જ્ઞાનેશ્વર વિઠ્ઠલ ભક્તિ તરફ ઝૂકયા. નાથસંપ્રદાયના યોગ અને અદ્વૈત-સિદ્ધાન્ત સાથે નામભક્તિનો સંયોગ કરી જ્ઞાનેશ્વર મહારાજે મહારાષ્ટ્રમાં ભાગવતધર્મ કે વારકરી-પંથની સ્થાપના કરી.

ત્ર્યંબકેશ્વર નજીક બ્રહ્મગિરિની તળેટીમાં નિવૃત્તિનાથની સમાધિ છે. ત્યાં દર વર્ષે પોષ માસમાં મોટો મેળો ભરાય છે. જ્ઞાનનાથ કે જ્ઞાનેશ્વરની સમાધિ પુણે નજીક આળંદીમાં છે. મત્સ્યેન્દ્રનાથ, ગોરક્ષનાથ અને ગહિનીનાથે મહારાષ્ટ્રના નાશિક, નગર અને સાતારા જિલ્લાઓમાં ફરી ફરીને લોકોને નાથસંપ્રદાયનાં અદ્વૈતમાર્ગ અને યોગસાધનાનું માર્ગદર્શન આપ્યું.

ચરપટીનાથ એ રસાયનવાદી સિદ્ધ હતા. સંપ્રદાયનાં બાહ્ય ચિહ્નોને તેઓ વ્યર્થ આડંબર સમજતા હતા. ચૌરંગીનાથ એ ગોરક્ષનાથના ગુરુબંધુ હતા. સાવકી માએ ચૌરંગીનાથના હાથપગ કાપી તેમને કૂવામાં નાખ્યા હતા. મત્સ્યેન્દ્રનાથે તેમના હાથપગ સાજા કરી તેમને પૂર્ણ-અવયવી બનાવ્યા એવી દંતકથા પ્રવર્તે છે. (જ્ઞાનેશ્વરી ૧૮-૧૭૫૪).

સાંપ્રદાયિક વેશ : નાથપંથીય યોગીઓ વિશિષ્ટ પ્રકારનો વેશ પહેરે છે અને ચિહ્નો ધારણ કરે છે. કંથા નામક ગોદડી જેવું ગેરુઆ રંગનું વસ્ત્ર તેઓ શરીર પર ઓઢે છે. કાનમાં માટીનાં, ધાતુનાં કે હરણનાં શિંગડાનાં કુંડલ પહેરે છે. વસંતપંચમીના શુભ દિવસે મંત્રસંસ્કાર-પૂર્વક મુદ્રા ધારણ કરવામાં આવે છે, તે સમયે ગુરુ ઉપદેશ આપે છે. આ વિધિને 'કર્ણમુદ્રા-સંસ્કાર' કહે છે. પંથના યોગીઓની પત્નીઓ અને વિધવા સ્ત્રીઓ પણ મુદ્રા ધારણ કરે છે. નાથયોગીઓ રુદ્રાક્ષની માળા પહેરે છે, જેમાં બત્રીસ, ચોસઠ કે એકસોઆઠ રુદ્રાક્ષ હોય છે. કાંડામાં બાંધવા માટે અઢાર કે અઠ્ઠાવીસ રુદ્રાક્ષની નાની માળાઓ હોય છે. તેમને 'સ્મરણી' કહે છે. માથામાં 'ધંધારી' નામક લોઢાનું ચક્ર હોય છે. યોગીઓ કમરે મેખલા બાંધે છે અને કૌપીન પહેરે છે. શરીર પર વિભૂતિ ચોળે છે. તેઓ કાળી મેંઢીના ઊનની જનોઈ પહેરે છે. તેમના પગમાં પાવડી હોય છે. બગલમાં ઝોળી અને હાથમાં ભિક્ષા લેવા ઠીકરું કે કાંસાનું

પાત્ર હોય છે. તે ઉપરાંત કુબડી, ધૂણીમાંથી અંગાર ઉપાડવા નાનકડો ચીપિયો, પાણી માટે અમૃતપાત્ર તેઓ રાખે છે કિંગરી નામક સારંગી જેવું વાદ્ય વગાડી ભર્તૃહરિનાં ગીતો ગાતા તેઓ ફરે છે. ભિક્ષા લેતી વખતે તેઓ હરણના શિંગડાથી બનાવેલી શૃંગી વગાડે છે અને 'અલ્લખ' પુકારે છે

સંપ્રદાયના ગ્રંથો : નાથસંપ્રદાયના સિદ્ધાન્તો અને સાધનાની માહિતી આપનારા અનેક સાંપ્રદાયિક ગ્રંથો છે. તેમાં ગોરક્ષનાથે લખેલ 'સિદ્ધસિદ્ધાન્તપદ્ધતિ' પ્રમુખ ગ્રંથ છે. ઉપરાંત ગોરક્ષપદ્ધતિ, ગોરક્ષસિદ્ધાન્તસંહિતા, હઠયોગપ્રદીપિકા અને મત્સ્યેન્દ્રનાથનો કૌલજ્ઞાન-નિર્ણય આ ગ્રંથો વિશેષ પ્રચલિત છે. ગોરક્ષનાથે પોતાના 'હઠયોગપ્રદીપિકા' ગ્રંથમાં આસનો, મૂલબંધ, જાલંદરબંધ, ઉડ્ડિયાનબંધ, અને ખેચરી મુદ્રા, સહજોલી મુદ્રા તથા અમરી મુદ્રા વગેરે યૌગિક ક્રિયાઓની માહિતી આપી છે.

સંપ્રદાયના ઉપાસ્ય દેવતાઓ : આદિનાથ શિવ નાથસંપ્રદાયના સ્થાપક હોવાથી મુખ્ય દેવતા ગણાય છે કાલી, અંબા, જગદંબા, દુર્ગા વગેરે શક્તિના અવતાર તથા ભૈરવ, કાળભૈરવ, નંદભૈરવ અને એકલિંગ વગેરે શિવના અવતારોની ઉપાસના નાથસાંપ્રદાયિકો કરે છે. નેપાળમાં મત્સ્યેન્દ્રનાથની અવલોકિતેશ્વર તરીકે પૂજા કરે છે. ભારતમાં ગોરક્ષનાથનાં અનેક મંદિરો છે જેમાં મત્સ્યેન્દ્રનાથ અને દત્તાત્રેયની મૂર્તિઓ પણ જોવા મળે છે.

યાત્રાનાં સ્થળો : નાથસંપ્રદાયના યોગીઓ પ્રયાગ, અયોધ્યા, હરદ્વાર, બદ્રીનાથ, કેદારનાથ, પશુપતિનાથ, અમરનાથ, વૃંદાવન, પુષ્કર, દ્વારકા, રામેશ્વર વગેરે સ્થળોની યાત્રા કરે છે. તેઓ શિવ, ભૈરવ અને શક્તિનાં મંદિરોમાં દર્શનાર્થે જાય છે. મહારાષ્ટ્રમાં નગર જિલ્લામાં વૃદ્ધેશ્વરના ડુંગરો, ત્ર્યંબકેશ્વર પાસે બ્રહ્મગિરિ, જનાર્દનસ્વામીનું દેવગિરિ, સમર્થ રામદાસની ચંદ્રગિરિની શિવઘર ગુફા વગેરે સ્થળોને નાથસાંપ્રદાયિકો પવિત્ર માને છે અને ત્યાં યાત્રાએ જાય છે.

સંપ્રદાયની શાખાઓ : સમય જતાં જુદા જુદા પ્રાંતોની આચારભિન્નતાના કારણે સંપ્રદાયની જુદી જુદી શાખાઓ થઈ. તેમાંની પ્રમુખ બાર શાખાઓ આ પ્રમાણે છે—સત્યનાથી, ધર્મનાથી, રામપંથ, નાટેશ્વરી, કન્હડ, કપિલાની, વૈરાગપંથ, માનનાથી, આઈપંથ, પાગલપંથ, ધ્વજપંથ, અને ગંગાનાથી.

આમ બંગાળ, ઉત્તર પ્રદેશ, પંજાબ, મહારાષ્ટ્ર, આંધ્ર, કર્ણાટક, તેમજ ભારત બહાર સરહદપ્રાંત, અફઘાનિસ્તાન, નેપાળ વગેરે પ્રદેશોમાં નાથસંપ્રદાયનો પ્રસાર નાથસાધુઓ દ્વારા થયેલો હતો.

નાથસંપ્રદાયના સિદ્ધાન્તો : ગોરક્ષનાથનો 'સિદ્ધસિદ્ધાન્તપદ્ધતિ' નામક સંસ્કૃત ગ્રંથ સંપ્રદાયનો સર્વમાન્ય ગ્રંથ છે. તેમાં સંપ્રદાયના કેટલાક મૂળ સિદ્ધાન્તોની માહિતી છે તે આ પ્રમાણે :—

૧ શક્તિયુક્ત આદિનાથ શિવ એ અંતિમ સત્ય છે. તે દિક્કાલાતીત, અદ્વય, અનંત અને અવિનાશી છે. શિવતત્ત્વ શક્તિયુક્ત છે—એટલે કે શક્તિ શિવમાં અંતર્ગત છે. વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય શક્તિ વડે થાય છે. શક્તિયુક્ત શિવ એ પિંડબ્રહ્માંડનો આધાર છે.

शिवस्याभ्यन्तरे शक्तिः शक्तेरभ्यन्तरे शिवः ।
अन्तरं नैव जानीयात चन्द्रचन्द्रिकयोरिव ॥

—'सिद्धसिद्धान्तपद्धति' ४–२६

(શિવના અંતર્ભાગમાં શક્તિ છે અને શક્તિના અંતર્ભાગમાં શિવ છે. ચંદ્ર અને ચાંદનીની માફક બન્ને અભિન્ન છે.)

૨ જે તત્ત્વ બ્રહ્માંડમાં છે, તે જ બધા પિંડોમાં છે. સત્ત્વ, રજ, તમ, કાળ અને જીવ (પ્રાપ્તશક્તિ)ના ઓછાવત્તા પ્રમાણને કારણે પિંડોમાં ભિન્નતા દેખાય છે.

૩ પિંડ અને બ્રહ્માંડના અંતર્ગત શિવ સાથે સમરસ થઈ અમરત્વ પ્રાપ્ત કરવું એ નાથયોગીઓનું પરમ ધ્યેય છે, એને જ 'જીવન્મુક્તિ' કહે છે. હઠયોગની સાધનાથી તે પ્રાપ્ત કરી શકાય એમ ગોરક્ષનાથે કહ્યું છે :

સાધના : સાધકે કઠોર બ્રહ્મચર્ય, વાણીનો સંયમ, શરીરની શુદ્ધિ, માનસિક શુદ્ધિ, જ્ઞાનનિષ્ઠા, માદક પદાર્થનો અને માંસનો ત્યાગ વગેરેનું પાલન કરવું જોઈએ. ગુરુનો આદર કરી તેમના માર્ગદર્શન પ્રમાણે સાધના કરવી જોઈએ. માનવીશરીરમાં કુંડલિની શક્તિ કમર નીચે મૂલાધારચક્રમાં સુષુપ્તાવસ્થામાં હોય છે. જાગૃતિ, સુષુપ્ત અને સ્વપ્ન એ ત્રણે માનવની અવસ્થામાં કુંડલિની શક્તિ નિશ્ચેષ્ટ પડી રહી શરીરધારણાનું કાર્ય કરે છે. સાધક ધ્યાનધારણા કરી, પ્રાણાયામ અને ષટ્કર્મો દ્વારા નાડીશોધન કરવાથી સુષુમ્ણા માર્ગ ખુલ્લો થાય છે. આથી કુંડલિની જાગૃત થઈ મસ્તક તરફ દોડે છે. મસ્તકમાં સહસ્રાર ચક્રમાં શિવનો વાસ હોય છે. કુંડલિની શક્તિ સહસ્રાર ચક્રમાં પ્રવેશી જ્યારે શિવ સાથે એકરૂપ થાય છે, ત્યારે સાધકને પરમાનંદ પ્રાપ્ત થાય છે, આને જ સમાધિ અવસ્થા કહે છે. સમાધિ અવસ્થા એ સાધકનું અંતિમ સાધ્ય છે. તે માટે ચાર પ્રકારના યોગ કરવાના હોય છે. મંત્રયોગ, હઠયોગ, લયયોગ અને રાજયોગ. હઠયોગ એ આત્મપ્રાપ્તિનું સાધન હોઈ તેનાં આઠ અંગો છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. પ્રાણોનું નિયમન કરી મનને અવ્યક્તમાં વિલીન કરવું એ હઠયોગનું કે અષ્ટાંગયોગનું પ્રમુખ લક્ષણ છે.

સારાંશ, ઈસવીસનના નવમા સૈકાથી બારમા સૈકા સુધી ૪૦૦ વર્ષ ભારતભરમાં નાથસંપ્રદાયની વિશેષ બોલબાલા હતી. યોગવિદ્યા, વૈરાગ્ય અને અદ્વયાનંદ નાથસંપ્રદાયનાં પ્રમુખ લક્ષણો છે. સ્ત્રી અને શૂદ્રોને પણ નાથસંપ્રદાયમાં સાધનાનું સ્વાતંત્ર્ય છે. સંસ્કૃત ઉપરાંત બંગાળી, નેપાળી અને હિન્દી જેવી લોકભોગ્ય ભાષાઓમાં પણ સંપ્રદાયના ગ્રંથો છે. ઉત્તર ભારતમાં કબીર અને નાનક એ મહાપુરુષોની વિચારસરણી પર નાથસંપ્રદાયનો વિશેષ પ્રભાવ છે. તેથી તેમના ધર્મપંથો પર એ વિચારધારાની અસર થયેલી જણાય છે.

OUR LATEST MONUMENTAL PUBLICATIONS

RAJPUT PAINTING : 2 Vols.—ANAND K. COOMARASWAMY,
—with a Foreword by KARL J. KHANDALAVALA
pp. 108 *text.* 7 *Multi-coloured plates,* 96 *plates, Delhi,* 1976 *Cloth Rs.* 500
A valuable guide to understand Rajput Painting of the 14th Century A.D.; the book portrays the popular religious motifs and offers information on Hindu Customs, Cstumes and Architecture.

A HISTORY OF INDIAN PHILOSOPHY : 5 Vols.—S. N. DASGUPTA
pp. 2,500: *Delhi,* 1975: *Rs.* 200
A comprehensive study of Philosophy in its historical perspective. The author traces the origin and development of Indian Philosophy to the very beginnings, from Buddhism and Jainism, through monistic dualistic and pluralistic systems that have found expression in the religions of India.

THE HINDU TEMPLE : 2 Vols.—STELLA KRAMRISCH
pp. 308, 170 (*text*) + 81 *plates, Delhi,* 1976, *Cloth Rs.* 250
The work explains the types of the spiritual significance of the Hindu Temple architecture, traces the origin and development of the same from the Vedic fire altar to the latest forms, discusses the superstructure, measurement, proportion and other matters related to temple architecture.

TAXILA : 3 Vols.—SIR JOHN MARSHALL
pp. 420, 516, 246 *plates, Delhi,* 1975, *Cloth Rs.* 400
The book records the political and cultural history of N. W. India (500 B.C.—A.D. 500), the development of Buddhism, the rise and fall of political powers—Aryans, Greeks, Sakas etc. and illustrates the archaeological remains by 246 photographs.

JAIN AGAMAS : Volume 1 Acaranga and Sutrakrtanga (Complete)
Ed. by MUNI JAMBU VIJAYAJI, *pp.* 786: *Delhi,* 1978, *Cloth Rs.* 120
The volume contains the Prakrit Text of the two agamas, Exposition by Bhadrabahu in Prakrit, the Sanskrit Commentary by Śilāṅka, Introduction Appendices etc. by Muni Jambu Vijayaji Maharaja.

ANCIENT INDIAN TRADITION AND MYTHOLOGY (in English translation) (Mahāpurāṇas)—General Editor: PROF. J. L. SHASTRI. *App. In Fifty Volumes Each Vol. Rs.* 50 *Postage Extras pp.* 400 *to* 500 *each Vol.*: *Clothbound with Gold Letters and Plastic Cover.* In this series 12 Vols. have been published: Clothbound with Gold letters. Vols. 1-4 Śiva Purāṇa; Vols. 5-6 Liṅga Purāṇa, Vols. 7-11 Bhāgavata Purāṇa, Vol. 12 Garuda Purāṇa (Part I).

INDIA AND INDOLOGY: Collected Papers of PROF. W. NORMAN BROWN—Ed. by PROF. ROSANE ROCHER: *pp.* 38 + 304, *Cloth Rs.* 190
The book contains important contributions of Prof. W. Norman Brown to Indology: Vedic Studies and Religion, fiction and folklore, art and philology, the book contains a biographical sketch of Prof. Norman Brown and a bibliography of his writings.

ENCYCLOPAEDIA OF INDIAN PHILOSOPHIES: Ed. KARL H. POTTER *Vol. I Bibliography. pp.* 811, *Rs.* 80, *Vol. II Nyāya Vaiseṣika, pp.* 752, *Rs.* 150
This is an attempt by an international team of scholars to present the contents of Indian Philosophical texts to a wider public. Vol. I contains the Bibliography of the works on Indian Philosophies. Vol. II gives a historical resume, nature of a philosophical system and summaries of works beginning from Kāṇāda.

SERINDIA : *Demy Quarto, Vols. I-III Text, Appendices, Indices, Illustrations* 545, (*pp.* 1-1580): *Vol. IV Plates* 175, *Vol. V Maps* 94 (Shortly)
This book is based on a report of explorations carried out by Sir Aurel Stein in Central Asia and Western most China and contains scholarly analysis of the finds by experts in their respective fields.

PLEASE WRITE FOR OUR DETAILED CATALOGUE
MOTILAL BANARSIDASS
Indological Publishers and Booksellers
Bungalow Road, Jawahar Nagar, DELHI-110007 (INDIA

કવિ સંતકૃત દશમસ્કંધ

કુમુદ પરીખ

ભીમે 'હરિલીલાષોડશકલા'માં આખા ભાગવતપુરાણનો સાર બાંધ્યા પછી એવો સ્વતંત્ર પ્રયત્ન બહુ ઓછા કવિઓએ કર્યો છે. ભીમ પછી અને વલ્લભ ભટના પદબંધ ભાગવત પૂર્વે સંત[1] નામના કવિએ આવો પ્રયત્ન કર્યો જણાય છે.

આ સંત કવિ કઈ જ્ઞાતિનો, ક્યાંનો વતની, ક્યારે થયો, એનું નામ સંત કે બીજું કંઈ—ઈ. વિશે કશું જ નિશ્ચિતરૂપે કહી શકાતું નથી. એના પ્રાપ્ત થતા ૧, ૨, ૩, ૪, ૮, ૯, ૧૧–એ આખા સ્કંધોમાં કોઈ માહિતી મળતી નથી. માત્ર દરેક અધ્યાયને અંતે 'સંત' એટલો નામોલ્લેખ મળે છે.

બારમા સ્કંધનો અંતભાગ તૂટક છે, એટલે જો એણે કાંઈ આપ્યું હોય તો એ આજે પ્રાપ્ય નથી. દશમા સ્કંધનો પણ આદિ-અંત તૂટક છે. પણ સદ્ભાગ્યે ૧લા અધ્યાયના અંતમાં માત્ર નીચે મુજબની હકીકત મળે છે.

ભટ વૃંદાવન ભગ્વદભક્ત, કૃષ્ણપૂત્ર થૈ કરૂણાયુક્ત
દીધુ આશ અનુગ્રહ કરી, તેથી વાણિ વિશેષે સ્ફુરી—૪

કવિ આમાં ભટ્ટ વૃંદાવન નામના ગુરુનો ઉલ્લેખ કરે છે, જેના પિતાનું નામ 'કૃષ્ણ' જણાય છે. આ વૃંદાવન જ્ઞાતિએ અયાચક નાગર-બ્રાહ્મણ લાગે છે. એણે કૃપા કરીને સંતને ભાગવત સંભળાવ્યું છે, જે ઉપરથી સંતે ભાગવત–સાર પદ્યમાં લખ્યો છે. ઉપરોક્ત અવતરણની કડી-૩–માં 'ષષ્ટીપાઈ પૂરારક સ્થાન'નો અર્થ સંદિગ્ધ રહે છે, જેમાં કદાચ વૃંદાવનના વતનનો બોધ હશે, જે કદાચ સંતનું પણ વતન હોય.

'દશમસ્કંધ'ની મળેલી હસ્તપ્રતના આરંભનાં પાન નં. ૧, ૩–નથી. પાન ૨ અને ૪ આજુબાજુથી ફાટેલાં વચમાંથી જરા કરપાયેલાં છે. આ કૃતિમાં કવિએ મોટેભાગે ભાગવતનો સારાનુવાદ આપવાનો પ્રયત્ન કર્યો છે. કેટલાક પ્રસંગો જોઈએ.

કંસ જ્યારે વસુદેવ પાસેથી બાળકીને લઈને શિલા ઉપર પછાડે છે ત્યારે :

ઉપરિ શિલા આછોટ યદા, કરિથી કન્યા તલકી તદા
અષ્ટભુજા આકાશે જઈ, દરશન આપ્યું દિવ્યા થૈ—૧૦

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧–૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર ૧૯૮૮– ફેબ્રુઆરી ૧૯૮૯, પૃ ૬૫-૭૦.

*૨૧ ભગવદ્નગર, ગોધરા.

૧ વિ. સં. ૧૭મા શતકનો પૂર્વાર્ધ હસ્તલિખિત પ્રત નં. ૭૬૨ -ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ

એ યોગમાયા જતાં જતાં ભાવષ્યવાણી સંભળાવે છે:

મુંહુંને મારે શું સૂખ હશે, તાહારો અરિ અન્યત્રં વસે—૧૪

કૃષ્ણનો જન્મ થતાં નંદને ઘેર ઉત્સવ ઉજવાય છે. ગોપીએ ઉર્વશીની જેમ શૃંગાર સજીને નીકળી પડી છે. દુંદુંભિ વાગે છે, ગાયો અને વાછરડાંઓને 'હેમાંબર' ઓઢાડયાં, વિવિધ રંગોથી શિંગડાં અને પૂછડાં રંગ્યાં.

ધજાપતાકા ધામે ધામ, શ્રૃંગ તોરણ મણિમુક્તા દામ
... ...
ગોપી મનિ ગમતા શણગાર, રૂચતાં અંબર રાજકુમારિ
જીવો ઘણું યશોદાનંદ પુત્ર તહ્મારો પૂનિંમચંદ
દૂધ દધી ઘૃત ઘોલ્યાં તાય, માંહોમાં છાંટે સહુ કોય. પૃ. ૧૬, ૧૭

ઉદાર મનવાળા નંદજી 'સુત માગધ બંદીજન' ને ધેનુ, અલંકાર, અંબર વ. નાં દાન આપે છે.

ત્યાં કુટિલ બુદ્ધિવાળા કંસથી પ્રેરિત પૂતના માયારૂપ ધરી, કમનીય કાયા ધારી, કુંજરગતિએ ગોકુલ આવે છે.

નેત્ર કમલની નંદા કરે, હાવ ભાવિં મન મહીજન હાર
લીલાકમલ રમાડે પાંણિ, લાવણિરૂપે લક્ષ્મી જાંણિ પૃ. ૧૯

આવી સૌંદર્યવતી પૂતનાને જોઈ કૃષ્ણે પોતાનાં મૃદુ લોચન મીચ્યાં. માતા તો તેની સામે 'ટગટગ' જોઈ જ રહી, તેના સૌંદર્યથી મનમાં વિસ્મય પામી પણ તેનું કપટ પારખી ના શકી. ત્યાં તો પૂતનાએ —

પુત્રને દુગ્ધ કરાવ્યું પાંન, હૈયે હરિ હણવા ધ્યાંન
શ્રી ભગવાને સ્તન બે ગ્રહી, પ્રાણ સહિત પય સીધૂં સહી. પૃ. ૧૯

પણ પ્રાણ ચૂસાતાં, ત્રાસ પામેલી પૂતના ભોંય પર હાથપગ પ્રસારી પછડાઈ, નેત્રો બંધ થયાં, શરીરમાં સ્વેદ વહી ચાલ્યો. પડતાં ભયાનક નાદ થયો. તેથી—

ધ્રૂજી ધર ધરાધર ધ્રૂજ્યા, અમરાદિક આસાંનથી ખસ્યા
તારા ગણ્ય ગ્રહૂ ઘટતી જ્યોતિ, દસે દિશાથે અલ્પ ઉદ્યોત પૃ. ૧૯

તો એના રાક્ષસી રૂપનું વર્ણન પણ યથાર્થ લાગે—

પ્રૌઢા સ્તન પર્વતના શ્રૃંગ, લૂખા કેશ અતિ રાતે રંગ
ઊંભે નયન અંધારા કૂપ, જંઘા પુલીન સરીત ગીરીરૂપ—૨૩ પૃ. ૨૦

આવું 'કુરુપ' જોઈ લોકો કકળી ઊઠયા. તેને જોવા લોકો ઊમટયા. જોયું તો તેની છાતી પર બાલક રમી રહ્યું છે. તેને લેવા ગોપીએ ધસી.

બાલકૃષ્ણે શકટ ભાંગી શતખંડ કર્યા, તેનો ઘોર નવખંડમાં પ્રસર્યો. નંદ, ગોપ વ. સર્વ ધસી આવ્યાં. રડતા બાલકે લાત મારી, શકટ ભાગી નાખ્યું.

બાલકૃષ્ણનાં નટખટ તોફાનો પણ કવિએ સુંદર વર્ણવ્યાં છે. કૃષ્ણે ગાયો ને વાછરડાંને છોડી મૂકયાં, તેનાં પૂચ્છ તાણીને ખેંચ્યાં. તેને ચોરીને ખાવાનું ખૂબ ગમે છે.

ચોરી ખાવા ઉપરે ચીત્ર, સ્વાદ ઘણો સુખ માને નીત્ય.

દૂધ દહીં મહી માંખણ જેહ, ખંતિ ખોલી કાઢે તેહ
પોતે પ્રીતમ સાથે ભખે, રહે તે મૂંકે મર્કટ મુખે—૩૬ પૃ. ૨૭

જો કોઈને ત્યાં માખણ ન મળે તો તેનાં પાત્ર ભાંગીને ભૂકો કરે. પહોંચાય નહિ તો ઉખલ લાવી તેના ઉપર ચઢે. તોય ના પહોંચે તો લાકડી લાવી છિદ્ર કરે. એકવાર પયપાન કરાવતાં માતા દૂધ ઉભરાતાં કૃષ્ણને નીચે મૂકીને દોડે છે ત્યારે ક્રોધથી કૃષ્ણે પથ્થર વડે દહીંનું ભાજન તોડયું, માખણ ખાધું ને બધે ઢોળાયું. માતા આવીને જુએ છે તો 'મંદિર મધ્ય મંદાકિની વહી' ને કૃષ્ણ તો—

શીકેથી લ્યઈ નૃપ નવનીત પોષે મર્કટ પૂરણ પ્રીત્ય
ચપલ નેત્ર ચીંતે ચહોદિશ, જાણે મનિ માતા આવશે—૧૧ પૃ. ૨૯

કોઈ જાણે નહિ તેમ માતા હાથમાં લાકડી લઈ ધીમે પગલે કૃષ્ણને પકડવા ગયાં, પણ તેમને જોતાં જ હરિ નાઠા :

યમ યમ નરહરિ નાઠા જાય, ત્યમ ત્યમ માતા પૂઠે ધાય—૧૪ પૃ. ૨૯

છેવટે દયા લાવી પકડાયા.

નાગદમણના પ્રસંગમાં કૃષ્ણ કદંબ ઉપર ચઢી યમુનામાં ઝંપલાવે છે ત્યારે

—કીધો તેજલિ ઝંપાપાત, ઉદક ઉછલ્યૂં અતિ આઘાત—૯
શત શત ધનુષ સલીલ સંચાર, ચાલ્યૂં બલિ ચાંપી દિશિચાર પૃ. ૫૯

અવાજ સાંભળી નાગ આવ્યો અને જગતને જોવા જેવું રૂપ તેણે નીરખ્યું. ક્રીડા કરતા કેશવને જોયા :

જલદ પટલ આભા અંગે, રાચે પટરુચીર વિકરરંગ
શ્રીરેખા વક્ષસ્થલ વિષે સસ્મિત વચનુચ્ચાર મુખે—૧૨ પૃ. ૫૯

નાગને નાથી તેના પર નૃત્ય કરતા કૃષ્ણને જોવા સિદ્ધો, ચારણો, ગણો, કિન્નરો, નક્ષત્રો અને અપ્સરાઓ આવ્યાં. સર્વેએ પુષ્પાંજલિથી દેવને પૂજ્યા અને સુઘોષ વાદ્ય સાથે :

ઉચ્ચસ્વરિ આરંભ્યા ગાંન માંહાંમાંહિ મ્યલતાં તાંન પૃ. ૬૧

ફુલેલી ફણા નહીં નમતાં, કૃષ્ણે તેને ચાંપીને નમાવી. આથી નાગણીઓએ પોતાના અપરાધી પતિને મુકાવવા માટે વિનંતી કરી :

અનન્ય ભાવી આવી શરણિ, સંપૂટ કર શર નામિ ચરણિ—૪૯ પૃ. ૬૨

વનમાં બંસીનું ગાન સાંભળી, ઘેર ઘેરથી દોડી આવતી ગોપીઓનું ચિત્ર ખૂબ વાસ્તવિક છે :

કો દોહોતી કો પ્રોતી હાર, કો મુખ જોતી મુકર મુઝારિ—૭
કોણે મથતાં મૂકી મહી કોણે શશુ સ્તન પાયો નહિ
અવળાં પેહેરયાં અંગન્યાભરણ નૂપુર કાંનિ કુંડલ વર્ણ્ય
પહેરેયાં પટ પાલવ ભૂલસે શ્વેદ ઝરત નિસાસે શ્વસે પૃ. ૯૮

આટલી રાત્રિએ કેમ ત્યાં, કહી ભગવાને જ્યારે તેમને ઘેર જવાનું કહ્યું ત્યારે :

ભગ્ન કલ્પના થૈ ભાંગ્યની ચ્યંતા ચાંપી ચંદ્રાનની
નીચૂં જોઈ પદનખે કરી ખણુ ભોમિ અતિ ક્ષોભે ભરી—૪૩
લોચનિથી જલધારા સરિ, ભીંજે કજ્જલ કર્દમ કરે
અણબોલ્યા ઉભાં થ રહ્યાં, પ્રયના અપ્રયવાચક સહ્યાં,
આંસૂ લોહી આંણી ક્રોધ, ગદગદ કંઠે ગલે થયો રોધ—૪૪ પૃ. ૧૦૧

'રોસ પૂરીત રામા' છેવટે કહેવા લાગી કે આવાં ક્રૂર વચન કાઢો છો તે ઘટતું નથી. માટે હવે તમે પ્રસન્ન થાઓ :

અધર તહ્મારા અમૃત પૂર, અહ્મને કાંપે કદર્થે ક્રૂર
વિરહજન્ય જે વપૂને લગ્ન તો સીંચી સદ્ય શમાવો અગ્ન—૫૬ પૃ. ૧૦૧

અને ગોપીઓ સાથે શ્રીકૃષ્ણ રાસ રમવા લાગ્યા. સસ્મિત વદનથી પરિહાસ કરતો, પ્રેમકટાક્ષ કરતા કેવા શોભતા હતા !

યમ ઉડુમંડલિ અંતરિ ઈંદુ, ત્યમ ગોપી ગણમાંહિ ગોવ્યંદ
ગોપી ચ્યલતાં પોતિ ગાય, શરખાં સ્વર સુણતાં સુખદાય—૭૨ પૃ. ૧૦૨

જ્યારે અક્રૂર કૃષ્ણને લેવા ગોકુલ આવે છે ત્યારે હરિના વિયોગથી તેઓ વ્યાકુળ થઈ જાય છે :

એકલ કંકણ કબરી શ્રથલ, વિરહ વિકલ ગતિ ઇંદ્રિય શ્રથલ
શુન્ય મના થૈ સહુ સુંદરી દુઃખે દેહ દશા વીસરી—૨૨ પૃ. ૧૩૨

આથી જ એમને અક્રૂર ક્રૂર સ્વરૂપનો લાગે છે :

આવ્યો એ અક્રૂરી રૂપ પણ દીસે કો ક્રૂર સ્વરૂપ પૃ. ૧૩૨

જ્યારે ઉદ્ધવ કૃષ્ણનો સંદેશો લઈ ગોકુલ આવે છે ત્યારે ગોપીઓ તેમને કહે છે કે ભલેને સોંસરું શર લાગે પણ જેમ પારાધના નાદમાં મૃગ મોહિત થાય છે, એવો શ્રીકૃષ્ણનો મોહન મંત્ર અમને લાગ્યો છે. અમારું લોભી મન એમનામાં લાગી રહ્યું છે, ક્ષણ પણ અળગું થતું નથી.

> અરે એ કાલા કૃષ્ણશું પ્રીતિ થ્યા ઘણી પામ્યા
> તથાપિ તેહની ગુણકથા ઉ ત્યજી ન જાય 	પૃ. ૧૫૮

આમ 'મનસાવાચાકર્મણા'થી પૂર્ણ પ્રેમવાળી ગોપીઓ ભ્રમરને ઉપાલંભ આપતાં કહેવા લાગી કે:

> હે ધૂરત બંધુ ધૂર્તના શે આવ્યો શું કાંમ
> ઉદ્યમ તહારો અફલ છે કુચે કુંકુમ લાગ
> મેહેલા કેહેમ ઓલખ્યું સાપત્નીક સૌભાગ્ય—૨૨ 	પૃ. ૧૫૯

આ 'દશમસ્કંધ'ની પ્રતમાં કુલ પૃ. ૨૯૪ છે. પૃ. ૨૯૧ પર કવિ લખે છે:

> અધ્યાનો આરો જેટલો અનુસાર આણ્યો તેટલો
> સંક્ષેપી કહું સંત સંબંધ નવ્યાસી અધ્યા દશમસ્કંધ

નેવુંમા અધ્યાયમાં બે-ચાર પાન ખૂટતાં લાગે છે. કૃતિમાં વચ્ચેવચ્ચે પણ કેટલાંક પાનાં કરપાયેલાં છે. દશમસ્કંધ સિવાયના બીજા સ્કંધો બહુ સંક્ષિપ્ત છે અને તેથી સાર માત્ર જ છે. પણ દશમસ્કંધ પ્રાયઃ શબ્દશઃ સારાનુવાદ જેવો લાગે છે. જો કે દશમસ્કંધની રમણીયતાને લક્ષ્યમાં લઈ, કવિએ તેનો અનુવાદ વિસ્તૃત અને રોચક આપ્યો છે. બેશક, એમા એણે પોતાના તરફના રંગ ભાષાની દૃષ્ટિએ પૂર્યા પણ જણાય છે. એણે દોહા-પૂર્વછાયો અને ચોપાઈબંધ સ્વીકારેલ છે, જે ભીમ વગેરેના અનુકરણને આભારી કદાચ હોઈ શકે.

એની ભાષામાં આવતા 'અંતરિ' વગેરે પ્રયોગથી આ કવિ, શ્રી કે. કા. શાસ્ત્રીને મતે[૨] ૧૭મા શતકના પૂર્વાર્ધથી આ બાજુ નહિ થયો હોય. એની ભાષા મધ્યકાલીન ગુજરાતીની ૪થી ભૂમિકાની આ કૃતિમાં દેખાય છે જ.

કવિ સંસ્કૃતભાષાનો જાણકાર લાગે છે. એણે સંસ્કૃત તત્સમ શબ્દો છૂટથી વાપર્યા છે-ઉ.ત. નવનીત, મલ્લિકા, કદલી, કુંતલ, લીલાકમલ, પાણિ, શતં શત ધનુષ, સુઘોષ, ચંદ્રાનની, કજ્જલ, કર્દમ, અધરામૃત-૪. તો કવિએ ઘણા અધ્યાયમાં વચ્ચે વચ્ચે સંસ્કૃત શ્લોકો મૂકયા છે. કયાંક તે અન્ય પાત્રોની સ્તુતિરૂપે મળે છે. ઉ. ત. દશમા અધ્યાયમાં-મણિગ્રીવ અને નલકુબેરની સ્તુતિમાં—

---

૨ શાસ્ત્રી કે. કા.—'કવિચરિત', પ્ર. ગુજરાત વર્નાકયુલર સોસાયટી, અમદાવાદ, ૧૯૪૧, પૃ. ૪૦૪

(૧) नमः परमकल्याणं नमः परम मंगलम्
वासुदेवाय शांताय यदुनां पतये नमः—१ पृ. ૩૩

(२) जले विष्णुः स्थले विष्णुः विष्णु पर्वत मस्त्रके (मस्तके)
जले स्थले यमाकाशे सर्वविष्णुमयं जगत् ॥ પૃ. ૪૨

(३) अहो भाग्यमहोभाग्यं नंदगोपव्रजौकसां
यन्मीत्र परमानंदं पूर्णब्रह्मसनातनं ॥ પૃ. ૫૧

તો ક્યાંક સંસ્કૃતમાં શ્લોક આપી, તેની નીચે તેનું ગુજરાતી ચોપાઈમાં આપે છે. ઉ. ત :

સંસ્કૃત શ્લોક : वाण गुणानुकथने श्रवणैकथायां

ગુજરાતી : વાણી તવ ગુણે રંઝ્યતા, શ્રવણો કથા તહ્મારી સુણો
કર તવ કર્મ કરે કરુણેશ, તવ ચરણાંબુજે ચીત્રનીવિશ ! પૃ. ૩૩

કવિ પાસે સુંદર વર્ણનશક્તિ છે. ઉ. ત. મથન કરતી માતાનું ચિત્ર જોઈએ :

સુંદર પટ પેહેરી સુંદરી શ્રોણી શૃંખલ ખલકેસરી
સ્તનથી પય સુત સ્નેહિ સ્રવે પ્રગટ પ્રેમરસધારા દ્રવે—૨
કાંપે કાયા મથતા મહી, જવ તાંણે રીજુ પાંણે ગ્રહી
તેણે કંકણ કુંડલ ચળે શુભવેણીથી સુમનસ ગળે
શ્રમજલ કણિકા સંયુત આસ્યા, અધર અરુણને ષષદ હાસ્ય પૃ. ૨૯

એવું જ રમણીય કૃષ્ણનું વર્ણન મળે છે :

જે કેશવના કુંતલ સ્યામ, આવૃત્ત આનન રુચીર લલામ,
કપોત સુંદર શુભ નાસિકા, શોક શમાવ સ્વલ્પ હાસિકા પૃ. ૧૩૨

કવિએ કેટલાક અલંકારો પણ સુંદર આપ્યા છે. ઉ. ત. કૃષ્ણે ગોળી ફોડતાં—

જોએ જાતૂં માતા મહી, મંદિર મધ્ય મંદાકિની વહી પૃ. ૨૯
લોચનથી જલધારા સહિ, ભીંજે કજ્જલ કર્દમ કરે પૃ. ૧૦૧
નેત્ર કમલની નંદા કરે, હાવભાવિ મન મહીજન હાર પૃ. ૧૯

આ કવિની આ સિવાય બીજી કોઈ કૃતિ જાણવામાં નથી. આ એક કૃતિ પણ એને યશ આપનારી છે એમાં સંદેહ નથી.

"સંસ્કૃત કવિઓનો કાવ્યચૌર્ય પ્રત્યે આક્રોશ"*

વિનોદ પી. પંડ્યા*

સામાન્ય રીતે સમાજમાં સાહિત્ય અને સાહિત્યકારનું સમુચિત સન્માન થતું હોય છે. સૌએ કવિકર્મગૌરવને પ્રમાણ્યું છે. કવિપ્રતિભા કવિના વ્યક્તિત્વને એક આયામ અને પરિમાણ અર્પે છે. કવિને યશ, વિત્ત અને સદાશ્રય મળતાં હોય છે. આ કારણે કવિ બનવાની-કવિ તરીકે ઓળખાવાની-એક પ્રબળ ઈચ્છા, શક્તિહીનને પણ પ્રવૃત્ત કરે છે. પણ કવિની સજ્જતાથી-કાવ્યસમુલ્લાસના કારણથી-તે વંચિત હોય છે ત્યારે અન્ય કવિઓના કાવ્યોનું અપહરણ કરે છે. ઉઠાંતરી, લૂંટ કરે છે અને 'કવિ' હોવાનો દેખાવ કરે છે. પણ તેનાં આ 'પરાક્રમો' જાહેર થઈ જતાં તે 'કવિ' મટી 'ચોર' ઠરે છે. આવા કાવ્યચોરની ભારે હાંસી થાય છે.

સંસ્કૃત આલંકારિકોએ કાવ્યાપહરણની ઘણી નિંદા કરી છે. ભામહ, આનંદવર્ધન, રામચંદ્ર અને વિશેષતઃ રાજશેખર આ બાબત પર વિશેષ લક્ષ્ય આપતા જણાય છે. વળી આલંકારિકોએ કરેલ નિરૂપણની પણ ઠીક ઠીક ચર્ચા થઇ છે. પરંતુ સંસ્કૃત કવિઓએ કાવ્ય-ચૌર્ય પરત્વે જે આક્રોશ વ્યક્ત કરેલ છે તે બાબત પણ રસનો વિષય છે. કવિઓને આ બાબતમાં શું કહેવું છે તે જાણી, આ સંબંધી અન્ય પક્ષ પણ જાણી શકાય છે. માટે થોડી ચર્ચાનો આ ઉપક્રમ છે.

કાવ્યચોર પ્રત્યે કવિઓનો જે અણગમાનો સૂર છે, તેને, સૌ પ્રથમ કોઈએ બુલંદ કર્યો હોય તો તે બાણભટ્ટ છે. તે કહે છે:

> अन्यवर्णपरावृत्त्या बन्धचिह्ननिगूहनैः ।
> अनाख्यातः सतां मध्ये कविश्चोरो विभाव्यते ॥[1]

અહીં બાણ અન્ય કવિઓના શબ્દોની ફેરબદલી કરનાર અને રચનાચિહ્નો વડે તેને છુપાવવાના પ્રયાસ કરનારને ચોર કહે છે. આવા કવિઓના ગમે તેટલા પ્રયાસો હોય તો પણ તેઓ વિદ્વાનોની આંખોમાં ધૂળ નાંખી શકતો નથી અને પકડાઈ જાય છે એમ પણ બાણને વિશ્વાસ છે. મૌલિક સર્જકને બાણ ઊર્ધ્વપાદ શરભ સાથે સરખાવે છે. જ્યારે કેવળ યથાર્થ વર્ણન કરનાર કવિને તે અમેધ્ય ભક્ષણ કરનાર કૂતરા સાથે સરખાવે છે. તે કહે છે:

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર ૧૯૮૮-ફેબ્રુઆરી ૧૯૮૯, પૃ. ૭૧-૭૬.

* આર્ટ્સ-સાયન્સ કૉલેજ, અમરેલી.

૧ કાણે (ડૉ.) (સં.) પી. વી., हर्षचरित ઉચ્છ્વાસ ૧-૬ શ્લોક ૧-૬, મોતીલાલ બનારસીદાસ પ્રકાશન, બીજી આવૃત્તિ, ૧૯૬૫, પૃષ્ઠ-૧.

सन्ति श्वान इवासङ्ख्या जातिभाजो गृहे गृहे ।
उत्पादका न बहवः कवयः शरभा इव ॥[२]

બાણ આમ કહે તે સ્વાભાવિક છે. કારણ, તેઓ તો વિષયની નવીનતા (नवोऽर्थः) અને રસાળ સ્વભાવોક્તિ (जातिरग्राम्या)ના સદા આગ્રહી રહ્યા છે.

બિલ્હણ કવિઓને ઉઠાઉગીરથી બચવા ખાસ ભલામણ કરી ચેતવે છે. તે કહે છે–" હે શ્રેષ્ઠ કવિઓ ! સાહિત્યસાગરના મંથનને લીધે પ્રાપ્ત થયેલ કર્ણામૃત બરાબર સાચવજો. કેમકે તેની ઉઠાવી જવા માટે દૈત્યો જેવા કાવ્યચોરોનો વંશ વધી રહ્યો છે. "[૩]

साहित्यपाथोनिधिमन्थोत्थं
काव्यामृतं रक्षत हे कवीन्द्राः ।
यत्तस्य दैत्या इव लुण्ठनाय
काव्यार्थचौराः प्रगुणीभवन्ति ॥

પરંતુ બિલ્હણને હૈયે એ ધરપત છે કે આવા ચોરટાઓ વાસ્તવમાં કવિનું કશું બગાડી શકવાના નથી. આથી કવિઓને સધિયારો આપતાં તે કહે છે–" અથવા ભલે તે બધા મરજી પ્રમાણે ઉઠાંતરી કરે. કવીશ્વરોને કોઈ હાનિ થવાની નથી. સમુદ્રનાં ઘણાં રત્નો દેવોએ ગ્રહી લીધાં છે, તો પણ સમુદ્ર તો આજે ય રત્નાકર જ રહ્યો છે. "[૪]

गृह्णन्तु सर्वे यदि वा यथेच्छं
नास्ति क्षतिः क्वापि कवीश्वराणाम् ।
रत्नेषु लुप्तेषु बहुष्वमर्त्यै-
रद्यापि रत्नाकर एव सिन्धुः ॥

તેરમા સૈકામાં રચાયેલ सदुक्तिकर्णामृत નામના સુભાષિતસંગ્રહમાં શ્રીધરદાસે કાવ્યચૌર વિશે પાંચ શ્લોક સંગૃહીત કર્યા છે.[૫] તેમાં એક શ્લોક જલચન્દ્રનો છે.[૬] તે કહે છે—' જેમની વાણીના ઉદ્દામધ્વનિપલ્લવ વડે દિશાઓની ભીંતો પવિત્ર થઈ છે તે ધન્ય કવિઓ ભુવનને પવિત્ર કરે છે. (પણ) જેઓ બીજાની વાણીને દોહીને જીવે છે તેવા કંગાળ દુષ્ટ કવિઓને ધિક્કાર છે, તેઓ ઉભયલોકનો દ્રોહ કરનારા છે. (વળી) તેઓ હંમેશાં ભયયુક્ત મનવાળા હોય છે.

---

૨ એજન. શ્લોક ૧–૫.

૩ આચાર્ય ગિરિજાશંકર વલ્લભજી-विक्रमाङ्कदेवचरित, ગુજ. વર્ના. સોસાયટી, અમદાવાદ, આવૃત્તિ-૧, ૧૯૧૧, પૃષ્ઠ. ૨.

૪ એજન.

૫ Banerji S. C. (Ed.), Sadukti-karṇāmṛta of Śrīdharadāsa, Firma K. L. Mukhopadhyay, Calcutta, First Edition, 1965, pp 589-90.

૬ એજન, Verse 2166.

धन्यास्ते भुवनं पुनन्ति कवयो येषामजस्रं गवा-
मुद्दामध्वनिपल्लवेन परितः पूता दिशां भित्तयः ।
धिक्तान्निःस्वविलासिनः कविखलाँल्लोकद्वयद्रोहिणो
नित्याकम्पितचेतसः परगवीदोहेन जीवन्ति ये ॥

સદુક્તિકર્ણામૃતમાં બે શ્લોક વૈદ્યગદાધરના છે. ઉઠાવગીરની નિર્લજ્જ દુશ્ચેષ્ટાથી અકળાઈ ગયેલ તે કવિ એક શ્લોકમાં વાણી આગળ ક્ષમાયાચના સાથે ફરિયાદ કરતા જણાય છે કે આપનું તે તેજ ઝળહળતું નથી. જો થોડું પણ તેજ હોય તો આપને જીભના ટાંકણાથી છેદતા આ દસ્યુઓ—લૂંટારાઓ—જીવી જ કેમ શકે ?

बद्धो लम्बितचूडमञ्जलिरयं वाणि क्षमस्वानृतं
न ब्रूमस्त्वयि देवभावसुलभं न द्योतते तन्महः ।
स्याच्चेदीषदपि प्रसह्य रसनाटङ्कैः कथं खण्डश-
श्छिन्दन्तो भवतीं कवीन्द्रघटितां जीवन्त्यमी दस्यवः ॥[७]

બીજા શ્લોકમાં વૈદ્યગદાધર કાવ્યચોરને ઉદ્દેશીને કહે છે—'કોઈના સુવર્ણની ચોરી કર, ગુરુપત્નીને ભ્રષ્ટ કર, મરજી મુજબ દારૂ ઢીંચ, બ્રાહ્મણકુળનો વધ કરવામાં પાછું વળીને જો નહિ, આવું આવું કરનારનો સંગ કર. પણ આટલું તો ન જ કર. સુકવિઓના સૂક્તિખજાનામાં હાથફેરો ન કર. તે પાપ કયારેય નહિ ધોવાય.

निःशङ्कं हर काञ्चनान्यनिभृतं दारान्गुरोः शीलय
स्वच्छन्दं पिब वारुणीं जहि निरातङ्कं द्विजानां कुलम् ।
तैस्तैः पातकिभिः समं वस सुखं मा सत्कवीनां कृथाः
स्तेयं सूक्तिनिधानसद्मनि दुरुच्छेदं हि तत्किल्बिषम् ॥[८]

સદુક્તિકર્ણામૃતમાં એક શ્લોક સેલ્હક કવિનો છે.[૯] પોતાની રસસભર વાણીની તુલનામાં બીજી કોઈ વાણી ઊભી રહે તેમ કવિને જણાતું નથી છતાં તે વાણી બહાર નીકળતી નથી, ગળે જ બંધાયેલી છે. કારણ વાણીના ચોરટાઓનો ભારે ભય છે. તેની સામે કયો ઉપાય કારગત નીવડે ?

इयं गौरेका नः क्वचिदपि न संयोजनविधा-
वमुष्याः पश्यामो रसभरमुचः काञ्चिदपराम् ।
गले बद्धा दध्मो यदि न धृतिरुद्दामविधृतौ
भयं गोचोरेभ्यस्तदीह क उपायः प्रभवतु ॥

---

૭ એજન Verse 2167.

૮ એજન Verse 2168.

૯ એજન Verse 2169.

આ સુભાષિતસંગ્રહમાં કાવ્યચોર અંગે એક શ્લોક[10] જિતારિનો છે. આ કવિને પણ દુર્જન (લૂટારાઓનો) ભારે ડર છે. તે કહે છે—' હે ભાઈ! હૃદય, કંઠ, કર્ણનાં સુંદર આભૂષણ એવી સુંદર વર્ણવાળી રચનાઓ અમે બજારમાં લાવ્યા છીએ તે અમારા દૈન્યને કારણે નહિ. (સાચે જ) કર્મને ધિક્કાર છે. આ વાણી માટે તુલા, કસોટી (પથ્થર), ખરીદનાર કે પારખુ એમ કોઈ નથી. ઊલટાનો દુર્જનોનો (લૂંટારાઓનો) મોટો ડર છે.'

हृत्कण्ठश्रुतिभूषणानि बहुशो भ्रातः सुवर्णान्दपि
स्वान्यस्माभिरुपहृतानि विपणिस्थानेषु दैन्यान्न किम् ।
धिक्कर्माणि तुलैव नास्ति न कषग्रावा न मानक्रमो
न क्रेता न परीक्षकः परमभूदुच्चैर्भयं दुर्जनात् ॥

વલ્લભદેવે (પંદરમા સૈકામાં) सुभाषितावलि રચેલ છે. તેમાં બક પંડિતનો એક શ્લોક છે.

यः सत्पदस्थमिह काव्यमधु प्रसन्नं
मुष्णन्परस्य तनुते निजपदमध्ये
अस्थानदोषजनितेव पिपीलकाली
काली विभाति लिखिताक्षरपंक्तिरस्य ॥[11]

કવિ કહેવા ઇચ્છે છે કે અન્યના સત્કાવ્યને ચોરી લઈ પોતાના પદોમાં ગોઠવી દેનારની આ પંક્તિઓ અસ્થાને રહેલ કાળી કીડીની હારની જેમ ઓળખાઈ જાય છે.

જયદેવ (૧૩મો સૈકો) પણ સૂક્તિરત્નની ચોરથી રક્ષા કરવા સલાહ આપે છે.[12] रक्षणीयमिदं सूक्तिरत्नं चोरेभ्यः । આ જ બાબત પર ભાર મૂકતો એક શ્લોક પણ રચ્યો છે.

कर्णे निधाय च विधाय च कण्ठपीठे
धृत्वा च मूर्धनि नते हृदये च कृत्वा ।
चोरापहारचकितेन चिरं मयैष
त्वत्सूक्तिमौक्तिकगणः परिरक्षणीयः ॥[13]

જગન્નાથ (૧૭મો સૈકો)ની કાવ્યચોરો પ્રત્યેની ભારે નારાજગી સુપ્રસિદ્ધ છે. ગૂંદના ગાંડિયે ગાંધી કહેવડાવનારાની અવહેલના જ થાય એમ ભવિષ્ય ભાખનાર તે કહે છે— ' ઉત્તમ કવિઓના વિદ્યામંદિરોમાં વેરાયેલા થોડાક કણ લૂંટતા પામર કવિઓ પણ

---

૧૦ એજન, Verse 2170.,

૧૧ Karmarker R. D., (Ed.), The Subhāṣitāvali of Vallbhadeva, Bhandarkar Inst. Poona, Seoond Edition, 1961, page 31, Verse 191.

૧૨ ત્રિપાઠી (ડૉ.) રમાશંકર, પ્રસન્નરાઘવમ્, મોતીલાલ બનારસીદાસ, વારાણસી, પ્રથમ સંસ્કરણ, ૧૯૭૦, પૃ૪–૨૦.

૧૩ એજન, શ્લોક ૧-૧૬.

જો સમર્થ કવિઓ આગળ બડાશ માર્યા કરશે તો તો પછી આજકાલ પક્ષીઓનાં બચ્ચાં સર્પના મસ્તક પર, વરુઓ હાથીના મસ્તક પર અને શિયાળવાં સિંહોના મસ્તક પર સુખેથી પગ મૂકશે.'

लीलालुण्ठितशारदापुरमहासंपद्भराणां पुरो
विद्यासद्मनि निर्गलेत्कणमुचो वल्गन्ति चेत्पामराः ।
अद्यश्वः फणिनां शकुन्तशिशवो दन्तावलानां वृकाः
सिंहानां च सुखेन मूर्धसु पदं धास्यन्ति शालावृकाः ॥[१४]

જગન્નાથ ગર્વભેર દાવો કરે છે કે તેનું કાવ્ય નવીન છે, બીજાનું કશું લીધું નથી. કસ્તૂરિકા ઉત્પન્ન કરવા સમર્થ મૃગ ફૂલોની ગંધ શે સેવે ?

निर्माय नूतनमुदाहरणानुरूपं
काव्यं मयाऽत्र निहितं न परस्य किञ्चित् ।
किं सेव्यते सुमनसां मनसापि गन्धः
कस्तूरिकाजननशक्तिभृता मृगेण ॥[१५]

કાવ્યચોર પ્રત્યે તેના ક્રોધે તેની વાણીમાં કટુતા ભરી દીધી છે. કાવ્યચોરોથી બચવા જ તેણે મંજૂષા બનાવી છે.

दुर्वृत्ता जारजन्मानो हरिष्यन्तीति शङ्कया
मदीयपद्यरत्नानां मञ्जूषैषा मया कृता ॥[१६]

અલબત્ત અહીં નોંધવું જોઈએ કે 'અન્યનું કશું લીધું નથી' એવો જગન્નાથનો દાવો પડકારી શકાય તેવો છે.

રાજશેખરને પણ આવા કવિઓનો વિશેષ અંદાજ આવ્યો હશે કે જેથી તેણે કહ્યું--

इदं महाहासकरं विचेष्टितं
परोक्तिपाटच्चरतारतोऽपि सन् ।
सदुक्तिरत्नाकरतां गतान्कवीन्
कवित्वमात्रेण समेन निन्दति ॥[१७]

---

१४ मिश्र राधेश्याम, (सं.) (हिन्दी), भामिनीविलास, चौखम्बा, संस्कृत सीरीझ, वाराणसी, प्रथम आवृत्ति, १९६६, १-७०.

१५ आचार्य झा. बदरीनाथ (व्याख्याकार), रसगंगाधर, चौखम्बा विधाभवन, बाराणसी, १९५५, पृ. ६.

१६ मिश्र राधेश्याम (सं.) (हिन्दी), भामिनीविलास, ४-४६.

१७ Dalal C. D., Kāvyamimāṁsā, O. I., Baroda, 3rd Ed., 1934, p. 51.

આમ બાણથી શરૂ કરી જગન્નાથ સુધી પરિચિત, અપરિચિત એવા કેટલાક કવિઓનું કાવ્યચૌર્ય પ્રત્યેનું વલણ જોયું. આગમો, ફરિયાદ, નારાજગી, અકળામણ, કટુતા પૈકી કંઇક તો છે. પણ કેટલાક કવિઓ એવા હશે કે જેમણે આ બાબતમાં મૌન સેવ્યું હોય. કાલિદાસે તો મૌન સેવ્યું જ છે. કાવ્યચૌર્ય પ્રત્યે આ કવિનું મૌન તેમના વ્યક્તિત્વને અનુરૂપ છે. હૃદયની વિશાળતા અને નમ્રતાના ગુણોએ તેમને આ બાબતમાં ઉપેક્ષા સેવતા કર્યા છે. તેમને આવો બળાપો કરવો ઠીક જણાયું ન હોય એનું કારણ એ પણ હોય કે મૌલિકતાનો સાચો અર્થ તેઓ વિશેષ સમજ્યા હોય. મૃગેન્દ્રની અદાથી આ કવીન્દ્રે મગતરા જેવા અપહારકોની નોંધ સુદ્ધાં લીધી નહિ. તેમનાં કાવ્યો સાખ પૂરે છે કે આ મહાકવિએ તો અનુહરણને પણ અતિગૌરવાન્વિત કર્યું છે. તેમની આ પંક્તિઓ સૂચક છે.

> अथवा कृतवाग्द्वारे वंशेऽस्मिन्पूर्वसूरिभिः ।
> मणौ वज्रसमुत्कीर्णे सूत्रस्येवास्ति मे गतिः ॥[१८]

એમ લાગે છે કે કાલિદાસનાં મૌનવ્યાખ્યાને મૌલિકતાના અર્થ અંગેના સર્વ સંશયોને છેદી નાખ્યા છે. અને ત્યારે ક્યાંક સાંભળેલું, પાશ્ચાત્ય વિદ્વાન Heineનું વાક્ય યાદ આવી જાય છે. "Nothing is sillier than this charge of plagiarism." આપણા ગુજરાતી કવિ કલાપીની આ પંક્તિઓ પણ ધ્યાનમાં રાખવા જેવી છે.

> બ્રહ્માંડ આ તો ગૃહ તાતનું છે
> આધાર સૌનો સહુને રહ્યો જ્યાં.
> લે છે સહુ કૈં સહુને દઈ કૈં
> આભાર સૌનો સહુ ઉપરે છે.[૧૯]

અહીં કાવ્યચૌર્ય પરત્વે કવિઓનો જે અભિગમ પ્રકટ થયો તેના પર તેમના વ્યક્તિત્વે પણ અસર પાડી છે. બાણ, જગન્નાથ અને કાલિદાસના વ્યક્તિત્વમાં ઘણો તફાવત છે. અન્ય અપરિચિત કવિઓના કાવ્યકર્મ વિશે આપણે અતિ અલ્પ જાણીએ છીએ ત્યારે બીજું તો શું કહી શકાય? પણ એટલું તો સ્પષ્ટ જ છે કે જ્યાં અન્ય કવિઓ સપાટીને જ સ્પર્શે છે ત્યાં કાલિદાસ મૌલિકતાને તેની 'અખિલાઈ' સાથે પિછાણે છે. આ કારણે જ કદાચ તેઓ ઝનૂનપૂર્વકના (સાભિનિવેશ) આક્રોશથી દૂર રહ્યા છે. એમાં પણ તેમના કવિકુલગુરુત્વનો વિજય છે. તેમનું આવું વલણ પણ તેમની મહાનતાનું સૂચક છે.

---

૧૮ चतुर्वेदी सीताराम, कालिदासग्रन्थावली, भारत प्रकाशन मन्दिर, अलिगढ, तृतीय संस्करण, सं. २०६९ (રઘુવંશ, ૧-૪), પૃષ્ઠ ૧

૧૯ ભટ્ટ વિ. મ., 'સાહિત્યનો સ્વાધ્યાય' પૂર્વાર્ધ, રવાણી પ્રકાશન ગૃહ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૩, પૃષ્ઠ ૧૨૨ પર ઉદ્ધૃત કલાપીના 'ઋણ' કાવ્યની પંક્તિઓ.

તા. ૨૪, ૨૫ ડીસેંબર, '૮૫માં મ. સ. વિશ્વવિદ્યાલયમાં મળેલ ગુજરાત રાજ્ય યુનિવર્સિટી કૉલેજ સંસ્કૃત અધ્યાપકમંડળના અધિવેશનમાં રજૂ કરેલ લેખ.

પ્રાચીન ભારતમાં ગુલામીપ્રથા*

એમ. આર. પટેલ*

સામાન્યત: ગુલામી મધ્યકાળની એક ભયાનક બાબત લેખાય છે. તેનો સંબંધ આફ્રિકાના હબસી લોકોની સાથે જોડવામાં આવે છે. યુરોપના ગોરા તેમજ અરબસ્તાનના આરબ વ્યાપારીઓ ગુલામીના મોટા સંચાલકો હતા. જગતના ઇતિહાસમાં આ બધી બાબતો વિશે ઘણું લખાયેલ છે પરંતુ ભારતમાં પણ પ્રાચીન કાળમાં ગુલામીની પરિસ્થિતિ હતી તે વિશે ઘણીવાર અજ્ઞાન પ્રવર્તે છે. વસ્તુઃ પ્રાચીન ભારતમાં પણ દાસપ્રથા અસ્તિત્વમાં આવી હતી. તેના પુરાવા પ્રાચીન ધર્મગ્રંથોમાં અનેકરૂપમાં પ્રાપ્ત થાય છે.

દાસ શબ્દ 'दा' स નો પર્યાયવાચી છે. હલાયુધ કોશમાં[1] દર્શાવ્યા મુજબ તેનો અર્થ એ વ્યક્તિ થાય છે કે જેને શ્રમનું પારિતોષિક ચૂકવવામાં આવે એટલે કે જેને ભરણપોષણ માટે પૈસા-ધન મૂલ્ય ચૂકવવામાં આવે. શ્રીજૈનાગમશબ્દસંગ્રહમાં[2] 'दास' પું (दास) દાસ; નોકર, ચાકર એવો કરવામાં આવ્યો છે.

ભગવદ્દગોમંળમાં[3] ગુલામ ૧. પુ. કામ કરનારો માણસ ૨. (અ). પુ. ખરીદ કરેલો ચાકર, લૂંડો, હલકો વેચાતો લીધેલો નોકર, દાસ, લખતથી બંધાયેલો વગર પગારનો નોકર : જૂના સમયમાં જ્યારે માણસોને વેચવાનો ધંધો ચાલતો ત્યારે મોટા અને પૈસાદાર લોકો બજારમાંથી ઢોરની માફક માણસને ખરીદ કરતા. આવા ગુલામો પાસે તેમના માલિકો મરતા સુધી વૈતરું કરાવતા તથા તેમના પર જુલમ ગુજારતા. ગુલામી અંગે ભગવદ્દગોમંડળમાં[4] આ પ્રમાણે

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક નવેમ્બર ૧૯૮૮-ફેબ્રુઆરી ૧૯૮૯ પૃ. ૭૭-૮૪.

* ઈતિહાસ વિભાગ, સ. પ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.

* માતાના મઢ (કચ્છ) મુકામે તા. ૩૦, ૩૧ ડિસે. '૮૬ અને ૧લી જાન્યુ, '૮૭ના રોજ ભરાયેલા ગુજરાત ઇતિહાસ પરિષદના ૧૪મા અધિવેશનમાં વંચાયેલ નિબંધ, પરિષદના સૌજન્યથી.

૧ 'दास्यते दीयते भृति मूल्यादिकं यस्मै सः ।'

જોશી જયશંકર, હલાયુધકોશ, સરસ્વતીભવન, વારાણસી, પ્રથમ સંસ્કરણમ્, શકાબ્દા: ૧૮૭૯ પૃ. ૩૫૩.

૨ રત્નેશ્વરજી, શ્રી જૈનાગમશબ્દસંગ્રહ, પ્ર. સંઘવી ગુલાબચંદ્ર જસરાજ, વાંકાનેર, સં. ૧૯૮૩, પૃ. ૪૩૪.

૩ ભગવતસિંહજી, ભગવદ્દગોમંડલ, ભાગ-૩, પ્ર. મહારાજા ભગવતસિંહજી, ગોંડલ, ૧૯૪૬, પૃ. ૨૮૮૨.

૪ એજન, પૃ. ૨૮૮૩.

માહિતી મળે છે. ગુલામી ૧. સ્ત્રી. ખુશામદ ૨. (અ). સ્ત્રી. ગુલામગીરી, દાસપણું, ગુલામપણું. ગુલામી ઘણા જૂના કાળમાં હતી. જો કે સુધરેલા દેશોએ ગુલામી કાઢી નાખી છે તો પણ તે હજુ કેટલાક દેશોમાં છે.

બૃહદ્ ગુજરાતી કોશમાં[5] જણાવ્યા અનુસાર દાસપ્રથા સ્ત્રી (સં) પગાર આપ્યા સિવાય ગુલામ તરીકે માણસને રાખવાનો રિવાજ, ગુલામીપ્રથા. જ્યારે અંગ્રેજીમાં તેને 'Slavery' અથવા 'Slavery system' કહેવામાં આવે છે પરંતુ એક નોંધપાત્ર બાબત એ છે કે ગુલામી-પ્રથાનું વ્યાપક રૂપ અમેરિકા અને આફ્રિકા વગેરે દેશોના ઇતિહાસના સંદર્ભમાં જોવા મળે છે.

ભારતમાં ગુલામીપ્રથાના પ્રારંભ વિશે વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે. દા. ત. મનહર ગોપાલ ભાર્ગવ તથા વિનોદચન્દ્ર પાંડય[6] કહે છે તે મુજબ ભારતમાં ગુલામી પ્રથાનો ઇતિહાસ ખૂબ જૂનો નથી. તે ભારતીય સંસ્કૃતિનું અંગ પણ નથી વૈદિક યુગ તેમજ ઉત્તર વૈદિક યુગમાં આ પ્રકારની કોઈ સંસ્થા અસ્તિત્વમાં ન હતી. જ્યારે ઓમપ્રકાશ[7] નોંધે છે કે પ્રાચીન સમયથી ગુલામીપ્રથા ભારતીય સમાજના અંગરૂપ હતી. ભારતની સૌથી પ્રાચીન સંસ્કૃતિ હડપ્પા છે. ભારત અને પશ્ચિમ એશિયા વચ્ચે વ્યાપારિક સંબંધો હતા. મેસોપોટેમિયાની સંસ્કૃતિમાં ગુલામીપ્રથા હતી. તેથી અનુમાન થઈ શકે કે મોહનજોદડો અને હડપ્પાના સમાજમાં ગુલામીપ્રથા અસ્તિત્વ ધરાવતી હશે. કેટલાક ગુલામો સંભવ છે કે બે ઓરડાઓવાળા ઘરોમાં રહેતા હશે. તેમનું એમ માનવું છે કે વૈદિક યુગમાં પણ ગુલામીપ્રથા પ્રચલિત હતી. ગુલામો રાજાઓ ઉપરાંત પુરોહિતો તેમજ અભિજાત વર્ગના ક્ષત્રિઓની સેવાચાકરી કરતા હશે.[8] ભગવત-શરણ ઉપાધ્યાયના[9] મત મુજબ ભારતીય દાસોની પરંપરા ખૂબ પ્રાચીન હતી. ઋગ્વૈદિક આર્યોના સમાજમાં દાસોનું બાહુલ્ય હતું. ઋગ્વેદમાં[10] આર્યો અને દાસો વચ્ચે થયેલા સંઘર્ષનાં અનેક ઉદાહરણો જોવા મળે છે. અનાર્યયુદ્ધમાં પરાજિત થતાં તેમને પકડીને ગુલામ બનાવવામાં આવતા. આવા ગુલામો આર્યોની સેવા કરતા. આ ગુલામોને પશુઓની જેમ ભેટ આપવામાં આવતા. યુદ્ધમાં જિતાયેલી દાસસ્ત્રીઓને પણ આર્યો પત્નીઓ તરીકે રાખતા. જો કે આર્યોએ ગુલામોનાં કેટલાંક ગામો પણ લૂટ્યાં હતાં. તે સમયે તેમની વીરાંગનાઓ પોતાના પતિઓની સાથે

---

૫ શાસ્ત્રી કે. કા., બૃહદ્ ગુજરાતી કોશ, ખંડ ૨ જો, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૧, પૃ. ૧૧૪૪.

૬ ભાર્ગવ મનહર ગોપાલ અને પાંડેય વિનોદચંદ્ર, પ્રાચીન ભારત મે સામાજિક ઔર આર્થિક જીવન, અધ્યાય: ૧૦, સીતાપુર રોડ, લખનઉ, ૧૯૮૬, પૃ. ૧૦૦.

૭ ઓમપ્રકાશ, પ્રાચીન ભારતકા સામાજિક ઇતિહાસ, મૈકમિલન ઇંડિયા લિમિ, નઈદિલ્હી, દ્વિતીય સંસ્કરણ, ૧૯૮૨, પ્રકરણ-૧૦, પૃ. ૧૬૦.

૮ એજન: પૃ. ૧૬૧.

૯ ઉપાધ્યાય ભગવતશરણ, ભારતીય સમાજકા ઐતિહાસિક વિશ્લેષણ, પીપલ્સ પબ્લિશીંગ હાઉસ મુંબઈ, ૧૯૭૩, પ્રકરણ ૧૨, પૃ. ૨૦૬-૭.

૧૦ મૅક્સમૂલર, ઋગ્વેદ (૮. ૫૬, ૩૧૯-૩૬, ૧૨૬, ૩૧૦, ૬-૫ ૧૮૯૦-૯૨) પ્ર. વૈદિક સંશોધનમંડલ, પૂના, બીજી આવૃત્તિ, ૧૯૩૩, વૉલ્યુમ ૪.

દેશની સ્વતંત્રતા માટે યુદ્ધમાં લડતી હતી અને ઘણીવાર બંદીવાન પણ થઈ જતી.[૧૧] રાજાઓના મહેલો દાસીઓથી ઊભરાતા.[૧૨] રાજાઓ, સ્વજનો તથા પુરોહિતોને ગાયો, ભેંસો, ઘોડા વગેરેની સાથે દાસીઓ પણ દાન તરીકે આપતા[૧૩] દા. ત. રાજા ત્રસદસ્યૂએ સૌભારિ કણ્વને પચાસ દાસીઓ દાનરૂપે આપી હતી.[૧૪] લગ્નપ્રસંગે પુરોહિત નવવિવાહિતાને આશીર્વાદ આપતાં કહેતા કે '**शंनो भव द्विपदे शं चतुष्पदे**'[૧૫] તેમાં '**द्विपद**'નું તાત્પર્ય દાસી જ સાથે છે. ઋગ્વેદના પ્રથમ મંડળ તથા દશમા મંડળમાં 'દાસ' શબ્દનો ઉપયોગ પરિચારિકાના અર્થમાં થયેલ છે અથર્વવેદના ઉલ્લેખ અનુસાર દાસ કરતાં દાસીઓની સંખ્યા વધારે હતી[૧૬] અને તેઓ હંમેશાં ઘરનું કામકાજ કરતી. છાંદોગ્ય ઉપનિષદમાં દાસીઓની ગણના અન્ય સંપત્તિની જેમ કરવામાં આવેલી છે. તેમની સરખામણી ગાય, બળદ, ઘોડા, હાથી, ખેતર, મકાનો વગેરે મિલકતની ચીજવસ્તુઓ સાથે કરેલી છે.

વૈદિક યુગમાં ગુલામ ધન આપીને મુક્ત થઈ શક્તો.[૧૭] ઉત્તરવૈદિક યુગમાં મહદ્અંશે દાસ ઘરનાં કામો જેવાં કે અનાજ સાફ કરવું, ઘંટી ફેરવવી, પાણી ભરવું અથવા યજ્ઞસમયે નોકરનું કામ કરતા.[૧૮] ઐતરેય બ્રાહ્મણમાં[૧૯] દર્શાવ્યા મુજબ અંગના રાજાએ આત્રેય પુરોહિતને ૧૦ હજાર દાસીઓ દાનમાં આપી હતી.

મહાભારતમાં પણ ગુલામો વિશે નોંધપાત્ર માહિતી મળે છે દા. ત. તે અરસામાં બધા ગુલામો અનાર્ય ન હતા. કેટલાક વિદ્વાનો કહે છે કે રામ અને કૃષ્ણ બંનેમાં શુદ્ધ આર્ય લોહી ન હતું. જે વ્યક્તિ પૂર્ણ રીતે પોતાના સ્વામીને આધીન બની જતી, એ ગુલામ ગણાતી.[૨૦] તે અરસામાં ગુલામનો સ્વામી તેની પત્નીનો માલિક પણ સમજવામાં આવતો.[૨૧] મહાભારતમાં

---

૧૧ એજન, ૧, ૩૨, ૧૧.

૧૨ **राजेव हि जनिभिः**

(ઋ: ૭, ૧૮, ૨, ૨, ૧૬, ૨, ૧૦, ૯૫, ૯૭૧).

૧૩ એજન: ૬, ૨૭, ૮; ૮, ૬૮, ૧૭.

૧૪ એજન (૮, ૧૯, ૩૮; ૫, ૪૭, ૬).

૧૫ એજન: ૧૦, ૮૫.

૧૬ રુથ આર. એન્ડ વ્હિટનેય, ડબલ્યુ. ડી, પંડિત એસ. પી., અથર્વવેદ: ૭, ૯૦-૯૧. બર્લિન, મુંબઈ, ૧૮૯૫-૯૮, ૧૯૫૬.

૧૭ ઋગ્વેદ: ૬, ૨૨-૧૦, પાદનોંધ ૧૦ પ્રમાણે.

૧૮ ઓમપ્રકાશ, પ્રાચીન ભારતકા સામાજિક ઇતિહાસ, પ્રકરણ-૧૦, પૃ. ૧૬૧-૬૨.

૧૯ ઔફ્રેકહટ ટી, કીથ એ, બી. (ભાષાંતરકાર), ઐતરેય બ્રાહ્મણ ૨૯. ૮, બોન, ૧૮૬૯, કેમ્બ્રિજ, ૧૯૨૦.

૨૦ સુકથનકર વી. એસ એન્ડ બેલ્વલકર એસ. કે. મહાભારત શાંતિપર્વ: ૨૪૫/૩૯, મહાભારત ભીષ્મપર્વ-૪૧૫, મહાભારત આરણ્યકપર્વ ૨, ૭૨ ૧૬, એજન ૧/૭૭. ૨૨. પૂના, પ્રકાશન અનુક્રમે ૧૯૪૯-૫૩, ૧૯૪૫-૪૭, ૧૯૩૬.

૨૧ મહાભારત ૨, ૬૩, ૨૮-૩૦.

વર્ણન છે કે જ્યારે યુધિષ્ઠિર દ્રૌપદીને જૂગટુ રમતાં હારી ગયો તે સમયે કૌરવોએ તેની સાથે જે પ્રકારનો વ્યવહાર કર્યો તે દાસીની અધમ સ્થિતિનો ખ્યાલ સ્પષ્ટ કરે છે. દાસીના સતીત્વની રક્ષાનું કોઈ ઉત્તરદાયિત્વ સમાજ પર ન હતું.[૨૨]

ઓમપ્રકાશ[૨૩] નોંધે છે કે તે અનુસાર મહાભારતમાં ચાર પ્રકારના ગુલામોનું વર્ણન થયેલું છે.

(૧) યુદ્ધમાં પકડાયેલા : ભીમસેને જયદ્રથને હરાવીને તેને પોતાની ગુલામી સ્વીકારવા વિવશ કર્યો હતો.

(૨) જુગારમાં હારીને : જ્યારે યુધિષ્ઠિર જુગારમાં દ્રૌપદીને હારી ગયા ત્યારે તેને દાસી ગણવામાં આવી હતી

(૩) દાન આપવામાં આવેલી દાસીઓ : યુધિષ્ઠિરે રાજસૂયયજ્ઞના અવસર પર બ્રાહ્મણોને દાસીઓ દાનમાં આપી હતી.

(૪) ખરીદેલ : એક બ્રાહ્મણ જ્યારે રાક્ષસને માટે ગુલામ ન ખરીદી શક્યો ત્યારે બદલામાં પોતાના કુટુંબના કોઈ એક સભ્યને આપવાનું વિચારતો હતો.

આ માહિતી પરથી કહી શકાય કે ઉત્તરવૈદિક યુગમાં બધા ગુલામો શૂદ્ર જાતિના ન હતા. તેમાંના ઘણાખરા તો ક્ષત્રિય હતા, જે યુદ્ધમાં પરાજિત થવાથી કેદ પકડાયા હતા. નોંધપાત્ર બાબત એ હતી કે તે અરસામાં જે લોકો દેવું ન ચૂકવી શકતા તેઓ ગુલામ બનતા. તેઓ પણ શૂદ્રોથી અલગ રહ્યા હશે પરંતુ ઉચ્ચ જ્ઞાતિના ગુલામો અમુક સમય પછીથી ધન આપીને મુક્તિ મેળવી શકતા. પરંતુ નીચી જ્ઞાતિના લોકો પોતાની આર્થિક સ્થિતિને પરિણામે આજીવન ગુલામીમાં જ સબડતા રહેતા હતા.

સૂત્ર સાહિત્યના[૨૪] ઉલ્લેખ મુજબ પ્રાચીન યુગમાં ગુલામીપ્રથાનો ખૂબ વિકાસ થયો હતો. તેનું મુખ્ય કારણ એ હતું કે ખેતી મોટા પાયા પર થવા લાગી. વસિષ્ઠ ધર્મસૂત્રમાં દર્શાવ્યું છે કે કેટલાક એવા બ્રાહ્મણો હતા કે જેમની પાસે ૧૦૦૦ બળદો હતા. આ બ્રાહ્મણો શ્રમિકો અને દાસો પાસે ખેતી કરાવતા. લાટ્યાયન શ્રૌતસૂત્રમાં અન્ન અને હળની સાથે બે દાસ આપવાનો નિર્દેશ છે.[૨૫]

પ્રાચીન પાલિગ્રંથોમાં પણ એવા જમીનદારોના ઉલ્લેખ છે કે જેમની પાસે ૮૦૦ એકરથી ૮૦૦૦ એકર સુધી જમીન હતી. તેઓ આ જમીન પર દાસો અને શ્રમિકો દ્વારા ખેતી કરાવતા.

---

૨૨ એજન ૨, ૬૦, ૫૭.

૨૩ ઓમપ્રકાશ, પ્રાચીન ભારતકા સામાજિક ઇતિહાસ, પ્રકરણ ૧૦, પૃ. ૧૬૨–૩.

૨૪ વસિષ્ઠ ધર્મસૂત્ર : ૨૯–૧૮, ૧૯.

૨૫ ઓમપ્રકાશ, પ્રાચીન ભારતકા સામાજિક ઇતિહાસ, પ્ર. ૧૦, પૃ. ૧૬૩.

જાતકકથાઓ દ્વારા જાણવા મળે છે કે સામાન્ય ખેડૂત પણ કોઈ કોઈવાર ખેતીકાર્યમાં દાસીની મદદ લેતા હતા.[૨૬] વળી તેમાં એ પણ દર્શાવ્યું છે કે ઘણાખરા દાસો શૂદ્ર વર્ણના હતા. આ નિષ્કર્ષ "सुद्दो वा सुद्द दासो वा" વાક્યરચનાથી મળે છે, જેનો પ્રયોગ બુદ્ધદેવે પ્રથમ ત્રણ વર્ણોની ગણના કર્યા પછી શૂદ્રની સ્થિતિ સ્પષ્ટ કરવાના હેતુથી કર્યો છે.[૨૭] 'सुद्द दासो वा'નો અનુવાદ કોઈ વ્યક્તિને ગુલામ કરવો એ ખોટું ઠરશે.[૨૮] એક બાબત નોંધવી જોઈએ કે ગુલામી માત્ર શૂદ્ર વર્ણના સભ્યો પૂરતી સીમિત ન હતી. ગ્રામમુખી,[૨૯] મંત્રીગણ,[૩૦] બ્રાહ્મણ, ક્ષત્રિય અને ઉચ્ચ કુળમાં જન્મેલ લોકો પણ આ સ્થિતિમાં મૂકાતા હતા.[૩૧] પરંતુ મોટા ભાગના ગુલામો શૂદ્ર વર્ણના હતા.[૩૨] દેવું, ક્રય, પોતાની ઈચ્છા અને ભયથી ઉત્પન્ન થયેલી ગુલામી, ઉચ્ચ વર્ણોની સરખામણીમાં નીચા વર્ણમાં વધારે હતાં.[૩૩] દા. ત. એક ગાડીવાનની કન્યા, ઈસિદાસી, પોતાના પિતા દ્વારા દેવું ન ભરી શકવાને કારણે એક વેપારી દ્વારા દાસીરૂપે ઘેર લાવવામાં આવી હતી.[૩૪] પરંતુ જાતકોમાં કોઈ સ્થળે એવો ઉલ્લેખ નથી કે યુદ્ધમાં બંદી થયેલા લોકોને ગુલામ બનાવવામાં આવ્યા હતા. તે પરથી સમજાય છે કે, એવી પરિસ્થિતિમાં ગુલામોની સંખ્યા ઓછી હશે.[૩૫] કેટલાક ગુલામો ખાસ કરીને સ્ત્રીઓને ઘરાળુ કાર્યમાં જોડી દેવામાં આવતી. અન્યને ખેતીના કામમાં જોડી દેવાતા.[૩૬]

ધર્મસૂત્રોમાં દાસ-દાસીઓ વિશે નોંધપાત્ર માહિતી મળે છે. તેઓ ઘરના નોકર હતા. તેઓ રસોઈ બનાવતા, પાણી લાવતા, ચોખા સાફ કરતા, ખેતરમાં ભોજન પહોંચાડતા, સ્વામીને પંખા નાખતા, આંગણાં સાફ કરતા. જો કોઈ અતિથિ આવે તો દાસ જ તેનું આતિથ્ય કરતા. તેમને એંઠું ભોજન અને સ્વામીનાં પહેરેલાં કપડાં આપવામાં આવતાં. ગુલામ માલિક અને તેમની પત્નીના પગ પણ ધોતો. ઘરના નોકરો અને ગુલામો વચ્ચે માત્ર આટલું જ અંતર હતું કે

---

૨૬ ઓમપ્રકાશ, 'પ્રાચીન ભારતકા સામાજિક ઇતિહાસ' પ્ર. ૧૦, પૃ. ૧૬૩ (ઉરગજાતક).

૨૭ રીજડેવિડ્સ ટી. ડબલ્યુ. સેક્રેડ બુક્સ ઑફ ધી બુદ્ધિસ્ટસ્ ઈન્ડિયા, પૃ. ૧૨૮.

૨૮ એજન, પૃ. ૧૨૯.

૨૯ શર્મા રામશરણ, શૂદ્રોકા પ્રાચીન ઇતિહાસ, ધિ મેકમિલન કંપની ઑફ ઈન્ડિયા લિ., નઈ દિલ્હી, પ્રથમ સંસ્કરણ, ૧૯૭૯, પૃ. ૮૮.

૩૦ એજન, પૃ. ૮૮.

૩૧ બંદોપાધ્યાય, સ્લેવરી ઈન એનશિયન્ટ ઈન્ડિયા (કલકત્તા રીવ્યુ,) ૧૯૩૦, પૃ. ૨૫૪.

૩૨ બોસ એ. એન., સોશીયલ ઍન્ડ રુરલ ઈકોનોમી ઑફ નોર્ધન ઈન્ડિયા; વૉલ્યૂમ. ૧-૨, કલકત્તા, ૧૯૭૦, પૃ. ૪૨૭.

૩૩ જાતક. vi, પૃ. ૨૮૫ (ગાથા), વિનયપિટક, પૃ. ૨૨૪.

૩૪ જી. પી. મલસેકેરા, પાલિ ડિક્શનરી ઑફ પ્રોપર નેમ્સ; ૧, વૉલ્યૂમ-૨, ૧૯૬૭ પૃ. ૩૨૩, જુઓ ઈસિદાસી થેરી શબ્દ.

૩૫ ફિક, પૂર્વનિર્દિષ્ટ, પૃ. ૩૦૮.

૩૬ દાસીભાર, પાણિનિ વ્યાકરણ, vi, ૧. ૪૨, સૂર્યમંડળ, I, ૧૪. ૮, જાતક iii, પૃ. ૫૯, ૯૮-૯૯.

ગુલામો સ્વતંત્ર ન હતા. જ્યારે નોકર નોકરી છોડીને ગમે ત્યાં જઈ શકતા. દાસીઓ પાણી ભરી લાવતી, અનાજ સાફ કરતી અને ઘરની સાફસૂફીનું કામ પણ કરતી.[૩૭] કેટલીક કૃષ્ણવર્ણી સ્ત્રીઓ અભિજાત વર્ગની વ્યક્તિઓને ત્યાં રૂપ-પત્નીઓ તરીકે પણ રહેતી.[૩૮]

ધર્મશાસ્ત્રોના વર્ણન મુજબ બ્રાહ્મણ એક ગુલામને બદલીને બીજો ગુલામ રાખી શકતો, પરંતુ તેને વેચી શકતો ન હતો.[૩૯]

ગુલામોના વિવિધ પ્રકાર :

ધર્મસૂત્રોના વિવરણ અનુસાર કેટલીક વ્યક્તિઓ આ સમયે ધન આપીને સ્ત્રીઓને ખરીદતી.[૪૦] આ સ્ત્રીઓને રખાત તરીકે પણ રાખવામાં આવતી.[૪૧] તે સમયે કેટલાક લોકો ગુલામોનો વેપાર પણ કરતા.[૪૨]

આ માહિતી પરથી ફલિત થાય છે કે, તે અરસામાં ખરીદેલા ગુલામો તેમજ દાસીઓ સમાજમાં હતી.

પાલિ સાહિત્યમાં ગુલામો વિશેના વિવિધ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. દા. ત. વિનયપિટકમાં ગુલામોના ત્રણ પ્રકાર દર્શાવેલ છે : (૧) ઘરમાં દાસીથી જન્મેલા. (૨) યુદ્ધમાં ગિરફતાર થયેલા[૪૩] (૩) ધનથી ખરીદેલા. દીઘનિકાયમાં ચોથા પ્રકારના દાસો વિશે વર્ણન થયેલું છે કે જે સ્વેચ્છાપૂર્વક ગુલામ બન્યા હતા.

જાતકકથાઓમાં[૪૪] બીજા કેટલાક પ્રકારના ગુલામોની માહિતી પણ પ્રસ્તુત થયેલી છે દા. ત. ૧. ભયથી દાસત્વ સ્વીકારનારા. ૨. દેવું ન ભરી શકવાને કારણે. ૩. ગુનાને કારણે દંડરૂપે ગુલામ બનાવાયેલા અને ૪. જુગારમાં હારવાને કારણે દાવના પૈસા ન આપતાં બનેલા. ૫. વિનયપિટકમાં એક એવા શેઠનું વર્ણન છે કે જો જીવકવૈદ્ય તેમના માથાનું દર્દ મટાડે તો તેમના ગુલામ થવા તૈયાર હતા. તે પરથી કોઈ શરત પ્રમાણે પણ ગુલામ થતા હતા.

---

૩૭ ગૌતમ ધર્મસૂત્ર : ૨૦-૨-૪. ૯-૪૭.
આપસ્તંબ ધર્મસૂત્ર : ૧, ૫-૧૬, ૩૧, ૧-૬, ૨૦, ૨-૪-૯-૧૨.
વસિષ્ઠ ધર્મસૂત્ર : ૧૫-૧૧-૨

૩૮ આપસ્તંબ ધર્મસૂત્ર : ૧-૯-૨૭, ૧-૧૦-૧૦, વસિષ્ઠ ધર્મસૂત્ર : ૧૮-૧૭-૮.

૩૯ એજન : ૧-૭' ૧૫, એજન : ૧૧. ૩૯; ગૌતમ ધર્મસૂત્ર vii, ૧૬.

૪૦ બૌધાયન ધર્મસૂત્ર : ૧-૧૧-૨૧-૨.

૪૧ ગૌતમ ધર્મસૂત્ર : ૧૨, ૨૯, વસિષ્ઠ ધર્મસૂત્ર : ૧૬, ૧૮.
આપસ્તંબ ધર્મસૂત્ર : ૧, ૭, ૨૦, ૧૧, ૧૨, ૧૫.

૪૨ એજન : ૭, ૧૪.

૪૩ બકબ્રહ્મજાતક, અરણ્યજાતક

૪૪ વિદુરપંડિતજાતક, વેસ્સન્તરજાતક, મજ્ઝિમ નિકાય.

૬. મૃત્યુદંડથી બચવાને માટે પણ અનેક ગુનેગારો ગુલામ બની જતા. ૭. ઘણા લોકો બીજાઓને દાન પેટે પણ ગુલામો આપતા.

આમ પ્રાચીન ભારતમાં અનેક પ્રકારના ગુલામો અસ્તિત્વ ધરાવતા હતા.

ગુલામો પ્રત્યે વર્તન :

પ્રાચીન ધર્મગ્રંથોમાં ગુલામો પ્રત્યે કેવા પ્રકારનું વર્તન થતું તે અંગે પણ અનેક ઉલ્લેખો અને સૂચનો જોવા મળે છે. આપસ્તંબમાં[૪૫] ઉલ્લેખ છે કે ભલે ગૃહસ્થ પોતે ભૂખ્યો રહે, પોતાની પત્ની કે બાળકોને ઓછું ખાવાનું આપે પરંતુ તેના ગુલામને કદાપિ ભૂખ્યા રાખે નહિ. જો ગુલામ ઘરડો હોય તો શેઠની ફરજ હતી કે તે તેનું ભરણપોષણ કરે. જો કે વ્યવહારમાં એમ બનતું ન હતું. તેથી એમ કહી શકાય કે કેટલાંક કુટુંબોમાં ગુલામોને પૂરતું ખાવાનું અપાતું. તેમના પ્રત્યે સહાનુભૂતિ રખાતી પરંતુ તેમને જે ખોરાક અપાતો તે માલિક કરતાં હલકી કોટીનો હતો. એક બ્રાહ્મણ સાધુનું તો એવું પણ વર્ણન થયું છે કે તેનો ગુલામ અને નોકર પણ ભાત અને માંસ ખાય છે તથા કાશીમાં બનેલાં વસ્ત્રો પહેરે છે.[૪૬]

જાતકોના વર્ણન પરથી સ્પષ્ટ થાય છે કે ગુલામોની સાથે કુટુંબના સભ્યોની જેમ સ્નેહપૂર્વક વ્યવહાર કરવામાં આવતો.[૪૭] તેમને લખતાં-વાંચતાં શીખવવામાં આવતું અને શિક્ષણ પણ અપાતું.[૪૮] કેટલાક ગુલામો શેઠના બહુ વિશ્વાસુ પણ બનતા. તેઓ શેઠને સલાહસૂચન પણ આપી શકતા.[૪૯]

આ રીતે કટલીકવાર દાસો તરફ તેમના માલિકો પ્રેમ અને ઉદારતા પણ દાખવતા હતા.

ધર્મસૂત્રોમાં દાસોની રહેણીકરણી તથા તેમના પ્રત્યે કેવો વ્યવહાર થતો તે અંગે નોંધપાત્ર માહિતી પ્રાપ્ત થાય છે. દા. ત. ગૌતમ ધર્મસૂત્રના[૫૦] વિવરણ અનુસાર શૂદ્ર નોકરે ઉચ્ચ વર્ગ દ્વારા ત્યજી દેવાયેલ જોડા, છત્રી, વસ્ત્ર અને ચટાઈનો ઉપયોગ કરવો. જાતકકથાઓમાં[૫૧] કહ્યું છે કે ઉંદરે કાપીને ચીંથરાં કરી દીધેલ વસ્ત્રોનો ગુલામો દ્વારા ઉપયોગ થતો. નાના નાના ગુનાઓ માટે પણ ગુલામોને વિવિધ પ્રકારની સજાઓ ભોગવવી પડતી. તેમના વાળ કપાવી નાખતા.[૫૨] તેમને મારતા અથવા લોખંડની જંજીરોમાં બાંધી દેતા. તેમના હાથ અથવા પગ

---

૪૫ આપસ્તંબધર્મસૂત્ર : ૨, ૪, ૯. ૧૧.

૪૬ જાતક : ૧ પૃ. ૩૫૫.

૪૭ કાલકજાતક, કુરંગજાતક.

૪૮ કટાહકજાતક.

૪૯ સંતલીમજાતક.

૫૦ ગૌતમધર્મસૂત્ર : ×. ૫૮.

૫૧ જાતક : ૧, ૩૭૨.

૫૨ પાદનોંધ ૨૮ પ્રમાણે, પૃ. ૩૭૩.

અથવા કાન કે નાક અથવા કોઈકવાર ચહેરા અને માથાં પણ કાપી નાખતા. માલિકો ગુલામોના પગ ચીરી નાખે, આંખો કે દાંત કાઢી લે, જીભ કાપી લે, દોરડાથી લટકાવે. તેના પર ઘોડા દોડાવે, તેને શૂળીએ ચઢાવે, તેનું ખાવાપીવાનું બંધ કરી દે વગેરે પ્રકારની ક્રૂર સજાઓ પણ કરતા[૫૩] કેટલાક ગુલામો કોરડાના મારથી પીડિત અને ભયભીત બનીને આંસુ સારતા અને રાજાનું કામ કરતા.[૫૪] જો દાસ ભાગી જતા તો સ્વામી તેમની ધરપકડ કરતા. સ્વામી તેને બીજી વ્યક્તિને પણ વેચી દેતો અને ઘણીવાર જાનથી પણ મારી નાખતો. ઘણીવાર દાસ આત્મહત્યા કરતા તો કેટલીકવાર તે સ્વામીની વિરુદ્ધ બળવો પણ કરતા હતા.[૫૫] ગુલામોનું કોઈ સંગઠન ન હોવાથી તેમના સ્વામી સહેલાઈથી બળવાને દબાવી શકતા.

સૂયગડમ્[૫૬] જૈન ગ્રંથમાં ગુલામો, નોકરો અને ભારવાહક પશુઓને એક જ કોટિમાં ગણ્યાં છે. ગુલામને શેઠની સંપત્તિ સમજવામાં આવતો.[૫૭] ગુનો કરનાર ગુલામોને માલિક શારીરિક દંડ કરતા. ગુલામને મારવાનાં ઉદાહરણો પણ મળે છે, જે દાસીઓને સ્પર્શતાં છે.[૫૮] એકમાં કામની ઉપેક્ષાને કારણે અને બીજામાં દાસીએ મજૂરીના પૈસા પોતાના શેઠને આપ્યા નહીં તેના કારણે તેમને શારીરિક સજા કરવામાં આવી હતી.[૫૯]

બુદ્ધ ભગવાને ગુલામોની સ્થિતિ સુધારવા કેટલાક નિયમો બનાવ્યા હતા. ગુલામોને તેમની શક્તિ મુજબ કામ અપાતું. તેમને ભોજન અને વસ્ત્રો આપવાં, તેમની માંદગીમાં શેઠે તેમની સેવાચાકરી કરવી. ગુલામે શેઠની પહેલાં ઊઠવું, તેમના સૂતા પછીથી સૂવું. પોતાનું કામ સારી રીતે કરવું. જે કંઈ મળે તેનાથી સંતોષ માનવો. તેણે હંમેશાં પોતાના શેઠની પ્રશંસા કરવી. ગુલામોને એ સમજાવવું જોઈએ કે તેમની ગુલામી એ તેમના પૂર્વજન્મનાં કર્મોનું ફળ છે. પોતાની વર્તમાન સ્થિતિને ધીરજપૂર્વક સહન કરવી. આ જન્મમાં શેઠને પોતાની સેવાઓથી સંતુષ્ટ કરવા કે જેથી પોતે સ્વતંત્રતા મેળવી શકે.

આ રીતે બુદ્ધે શેઠ અને ગુલામોની ફરજોની સમીક્ષા કરીને સામાજિક અસંતોષ દૂર કરવા પ્રયાસ કર્યો હતો.

ઉપર્યુક્ત વિવેચન પરથી કહી શકાય કે દાસપ્રથા ભારતમાં પ્રાચીન સમયથી પ્રચલિત હતી. વૈદિક સાહિત્ય, બ્રાહ્મણગ્રંથો, મહાભારત તથા સૂત્રસાહિત્યના ગ્રંથો તેમ જ જાતકકથાઓ દ્વારા તેના અસ્તિત્વને સમર્થન મળે છે.

---

૫૩ વૈદ્ય પી. એલ. સૂયગડમ: ૧૧. ૨ ૨૦, ૧૧, ૨. ૬. ૩, મુંબઈ, ૧૯૨૮, પૃ. ૫૪.

૫૪ ઓમપ્રકાશ, 'પ્રાચીન ભારતકા સામાજિક ઇતિહાસ' મેકમિલન ઈન્ડિયા લિમિ., નઈ દિલ્હી, દ્વિતીય સંસ્કરણ, ૧૯૮૨, પ્ર. ૧૦, પૃ. ૧૬૫ (માંઝુમનિકાય).

૫૫ એમ. સી. ક્રિન્ડલ જે. ડબલ્યુ, 'એન્સીયન્ટ ઈન્ડયા એઝ ડીસ્ક્રાઈબ્ડબાય મેગેસ્થનીસ એન્ડ એરીયન, કલકત્તા, ૧૯૨૬.

૫૬ વૈદ્ય પી. એલ., સૂર્યગડમ્: ૧. ૪, ૨. ૧૮, મુંબઈ, ૧૯૨૮, પૃ. ૫૫.

૫૭ બી. રોસબોલ, 'જાતકદ' ખં. ૬-૭, લંડન, ૧૮૯૫-૯૭.

૫૮ રોસન, ઈ. જે., કેમ્બ્રિજ હિસ્ટ્રી ઑફ ઈન્ડિયા, કેમ્બ્રિજ, ૧૯૨૨, પૃ. ૨૦૫.

૫૯ એજન: પૃ. ૨૦૫.

'સત્યમ્ શિવમ્ સુંદરમ્ : એક વિવરણ'*

પ્રદીપસિંહ ચૂંડાવત*

'સત્યમ્ શિવમ્ સુંદરમ' આ ત્રણ શબ્દો આપણા દેશના સાહિત્યમાં ઘણા પ્રાચીન સમયથી વપરાશમાં છે. આ શબ્દો કયાંક દાર્શનિક અર્થમાં, કયાંક સાહિત્યિક અર્થમાં, તો કયાંક ધર્મના પ્રતીક તરીકે ઉપયોગમ આવતા રહ્યા છે. 'ધર્મ' શબ્દની માફક જ 'સત્યમ્ શિવમ્ સુંદરમ્'નો ઉપયોગ પણ કેટલાય સ્વરૂપે થાય છે. આ લેખમાં મહારાજા સયાજીરાવ વિશ્વ-વિદ્યાલયના મુદ્રાલેખ 'સત્યમ્ શિવમ્ સુંદરમ્'નું સમાજલક્ષી વિવરણ કરવામાં આવ્યું છે. સાથે સાથે એ પણ જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે આ આદર્શ કઈ રીતે જીવનપદ્ધતિ અને જીવનદર્શન માટે મહત્ત્વપૂર્ણ છે.

એક દૃષ્ટિકોણથી જોઈએ તો 'સત્યમ્ શિવમ્ સુંદરમ્' માનવજીવનના ધ્યેય માટે પ્રયોજવામાં આવે છે. ધર્મશાસ્ત્ર અને નીતિશાસ્ત્રના રચયિતાઓએ મોક્ષપ્રાપ્તિને માનવજીવનનું લક્ષ્ય માન્યું છે. મોક્ષવિચાર ખૂબ જટિલ હોઈ એને અહીં માત્ર સંક્ષેપમાં જ સમજીશું. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થમાં કામ અને મોક્ષ સાધ્ય (goals) છે. જ્યારે ધર્મ અને અર્થ સાધન (means) છે. કામસુખ ભૌતિક અને ઇન્દ્રીયજન્ય છે. જ્યારે મોક્ષસુખ સીધું મન દ્વારા મળે છે, અને તે અશરીરી છે. બીજા શબ્દોમાં મોક્ષસુખ એટલે ભૌતિક વસ્તુઓના અભાવથી પ્રાપ્ત ન થઈ શકતા સુખને આપણા જ્ઞાન દ્વારા મનથી પ્રાપ્ત કરવું. એવું જણાવાયું છે કે પ્રત્યેક મહાપુરૂષના જીવનમાં મોક્ષસુખ વત્તુંઓછું હોય જ છે.

મોક્ષ વડે પ્રાપ્ત થતું આ સુખ અત્યન્ત સૂક્ષ્મ છે પણ મોક્ષસુખની આ વ્યાખ્યા પ્રવાહી અને અનુકૂલનક્ષમ છે. મોક્ષસુખનું જો યોગ્ય વૈજ્ઞાનિક વિવેચન ન થાય તો તે મુશ્કેલીમાં મુકા શકે છે. મોક્ષસુખનું સ્વરૂપ જો પૌરાણિક, અવૈજ્ઞાનિક, અવ્યાવહારિક, અસામાજિક અને અકર્મકારી હશે તો તે જેમ સૈકાઓથી થતું આવ્યું છે તેમ તેનાથી વ્યક્તિ અને સમાજ બન્ને બૌદ્ધિક અનિશ્ચતતામાં રહેશે અને અહિત થતું રહેશે. પરંતુ મોક્ષસુખના સૂક્ષ્મ સ્વરૂપનું જો વૈજ્ઞાનિક વિમોચન કરીએ અને તેના વ્યાવહારિક રૂપને ચકાસીએ તો તે "સત્યમ્, શિવમ્, સુંદરમ્" રૂપે પ્રકટ થાય છે. ટૂંકમાં કહીએ તો, આ સૂક્ષ્મ અને અમૂર્ત આનંદનું રૂપ જ "સત્યમ્ શિવમ્ સુંદરમ્" છે. આ વિશેષ આનંદને આપણે અધ્યાત્મની સંજ્ઞા પણ આપી

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧–૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર ૧૯૮૮–ફેબ્રુઆરી ૧૯૮૯, પૃ. ૮૫-૯૦

* સમાજશાસ્ત્ર વિભાગ, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા.

* I am thankful to Mr. Amit Dholakia for translating this article from Hindi to Gujarati.

શકીએ "સત્યમ્ શિવમ્ સુંદરમ્" એ ત્રણ આદર્શની સિદ્ધિ માટે કરેલો અવિરત પ્રયત્ન અને સંઘર્ષ જ ઉચ્ચ જીવનની સાધના છે.

"સત્યમ્ શિવમ્ સુંદરમ્" આ ત્રણ આદર્શોનું સ્પષ્ટીકરણ નિમ્નલિખિત રીતે કરી શકાય છે.

સત્યમ્ : સત્યમ્નો અર્થ છે સત્યની નિરંતર શોધ કરવી. મનુષ્યે પોતાનું જીવન જ્ઞાનપ્રાપ્તિને સમર્પિત કરી તમામ પ્રકારનાં રહસ્યોની ખોજ કરવી જોઈએ. જ્ઞાનની સીમા અનંત છે. જ્ઞાનની શોધ માટે બે સાધનો છે.–વિજ્ઞાન અને દર્શન. વૈજ્ઞાનિક જ્ઞાનની શોધ અવલોકન (Observation) અને પ્રયોગો (Experiments) દ્વારા કરે છે અને જ્યાં તેની પહોંચ નથી તે અંગે તે મૌન રહે છે. દર્શનશાસ્ત્રી વિવેક (Rationality) અને તર્ક (Logic)ની સહાયથી સત્યશોધન કરે છે. આ રીતે જ્ઞાન (Knowledge) તથા સત્ય (Truth)ની અનંત ખોજ ચાલુ રહે છે. મનુષ્ય જ્ઞાનની દૃષ્ટિએ પશુથી અનેકગણો વધુ વિકસિત છે. મનુષ્ય અને પશુમાં આ અંતર છે. જે વ્યક્તિ જ્ઞાનપ્રાપ્તિ પરત્વે ઉદાસીન છે તે પશુની વધારે નિકટ છે.

સત્યની તલાશમાં મનુષ્યે તર્કશાસ્ત્રનો સહારો લેવાનો છે. નહીંતર તે રહસ્યવાદ (Mysticism)ની જાળમાં સપડાઈ જશે. આની સાથે મનુષ્યે વિવેકી હોવું પણ જરૂરી છે. વિવેકથી તે સત્ય અને અસત્યની પરખ કરી શકે છે. વિવેકહીનતાને લીધે મનુષ્ય વૈરાગ્ય, ચમત્કાર, પૌરાણિકતા વગેરેના ચક્કરમાં પડી ગૂંઝવણમાં મુકાઈ જઈ શકે છે. અનાવશ્યક મોહ (Attachment) પર વિજય મેળવી તમામ પ્રકારના પૂર્વગ્રહો (Prejudices)થી બચવું તે વિવેકી બનવા માટે અગત્યનું છે. સ્વાર્થપ્રિય અને પૂર્વગ્રહયુક્ત બનવાથી સત્યને પામી શકાતું નથી.

સામાન્ય રીતે મનુષ્ય પોતાની જ માન્યતાઓ અને શ્રદ્ધાને સાચાં માને છે. આ ઉચિત નથી. આદર્શ તો આ છે કે 'જે મનુષ્યનું છે તે જરૂરી નથી કે સત્ય હોય પણ વાસ્તવમાં જે સત્ય છે તે જ મનુષ્યનું હોવું જોઈએ".

કેટલાક લોકો કાળમોહી હોય છે; જેમ કે કોઈ નવાને સત્ય માને છે તો વળી કોઈ પ્રાચીનને. નવીનતા કે પ્રાચીનતાનો અનાવશ્યક મોહ સત્યપ્રાપ્તિ માટે અવરોધક છે. જે પ્રાચીન છે તે બધું જ સુંદર અને સત્ય નથી; કે નથી પૂર્ણ નવીનતા અસત્ય અને અસુંદર. વિવેકી માણસો સર્વાંગી કસોટી કરીને પ્રાચીનતા અને નાવીન્યમાં નિહિત સત્ય શોધી કાઢે છે અને તે જ સત્યનો સ્વીકાર કરે છે. અવિવેકી મનુષ્ય બીજાના અભિપ્રાય પર અવલંબન રાખે છે. સંક્ષેપમાં આપણે કહી શકીએ કે સત્યપ્રાપ્તિ ત્યારે જ સંભવ છે જ્યારે મનુષ્ય પોતાને બધા જ અનાવશ્યક મોહ અને પૂર્વગ્રહથી મુક્ત કરી લે છે.

સત્યપ્રાપ્તિમાં એક અન્ય આવશ્યકતા વિવેકબુદ્ધિ (discrimination)ના ગુણની છે. સમ્યક્ વિવેકબુદ્ધિ મનુષ્યને તટસ્થ પરીક્ષક બનાવે છે જેનાથી તે સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ કરી શકે છે. સત્યપ્રાપ્તિ માટે બીજી એક મહત્ત્વપૂર્ણ આવશ્યકતા સમન્વય (Synthesis)ની

દષ્ટિની છે. અહીં સમન્વયનો અર્થ તરેહતરેહના વિચારોનો સંગ્રહમાત્ર નથી. સમન્વયનો મતલબ છે બધી જાતનાં જ્ઞાન અથવા વિચારોને યથાસ્થાને રજૂ કરવાં. ઈંટ, પથ્થર, લાકડું, ચૂનો ઇત્યાદિનો ગંજ એ એક વાત છે અને તેની સામગ્રીને સુવ્યવસ્થિતપણે જોડીને ઈમારત તૈયાર કરવી એ એક અલગ વાત છે. સંગ્રહ એ ઈંટ, પથ્થર, ઇત્યાદિનો ગંજ છે અને ઇમારત એ સમન્વય છે. સત્યપ્રાપ્તિનો પણ આ જ નિયમ છે. માણસે અધિકતમ જ્ઞાન અને અનુભવ મેળવવાં જોઈએ. પરંતુ આ જ્ઞાનનો સંગ્રહ ત્યારે જ સાર્થક થશે જ્યારે મનુષ્ય સમન્વયવાદી દષ્ટિ ખિલવશે.

સંક્ષેપમાં કહી શકાય કે સત્યપ્રાપ્તિ માટે મનુષ્યે વિવેકી બનવું જોઈએ. વિવેક કેળવવા માટે વિચારાત્મકતા, સમન્વયદષ્ટિ, પરીક્ષણાત્મકતા, અનાસક્તિ, અને વિશાળ જ્ઞાનની આવશ્યક્તા છે. સાથે જ, ભ્રાંતિ (Confusion) અને અંધવિશ્વાસ (Superstition)થી બચવા માટે વૈજ્ઞાનિક દષ્ટિકોણ અને બુદ્ધિવાદનો સહારો લેવો જરૂરી છે.

શિવમ્–શિવમ્નો અર્થ છે કલ્યાણકારી (Welfare).

શિવમ્ માનવજીવનને આદર્શ અને કલ્યાણકારી બનાવે છે. જો મનુષ્ય કેવળ સત્ય કે જ્ઞાન પ્રાપ્ત કરી લે અને તેનામાં શિવત્વ કે કલ્યાણની ભાવના નહિ હોય તો સંભવતઃ તે શૈતાની બની જશે. મનુષ્ય જ્ઞાનનો ઉપયોગ સ્વાર્થ માટે કરીને સમાજનું બૂરું કરી શકે છે. આમ સત્યમ્ની જેમ જ શિવમ્ પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે

શિવમ્ની પ્રાપ્તિ માટે મનુષ્યમાં ધર્મસમભાવ, જાતિસમભાવ, નરનારીસમભાવ, અહિંસા, ઇત્યાદિ જેવા અનેક ગુણોનો વિકાસ થવો જરૂરી છે. આ ગુણોની પ્રાપ્તિ માટે મનુષ્ય તાત્ત્વિક રીતે ચારિત્ર્યવાન અને પરોપકારવૃત્તિવાળો હોવો જોઈએ. સામાજિક સુખની વૃદ્ધિ કરવાવાળાં કાર્યોમાં પ્રવૃત્તિ અને કષ્ટ તથા દુઃખ વધારનારાં કાર્યોમાંથી નિવૃત્તિ–આ શિવમ્નો રાજમાર્ગ છે. મહાપુરુષો કેવળ સત્યના બળ પર મહાન નથી હોતા, પણ સત્યની સાથે સાથે ઉપર્યુક્ત શિવમ્ને લીધે મહાન બને છે. શિવમ્ની રૂપરેખા આપનાર શાસ્ત્રને આપણે નીતિશાસ્ત્ર (Ethics) કહી શકીએ.

સુંદરમ્—સુંદરમ્ની પ્રાપ્તિ સત્યમ્ અને શિવમ્ જેટલી જ આવશ્યક છે. સુંદરમ્ શબ્દનો પ્રયોગ કેટલાય અર્થોમાં થાય છે. લલિતકળાઓમાં સુંદરમ્ શબ્દ વધુ વપરાય છે. ત્યાં તેનો અર્થ સૌંદર્યબોધના સંદર્ભમાં થાય છે. લલિતકળાઓ (Fine Arts)માં સૌંદર્યના પોતાના માપદંડ હોય છે.

દર્શનશાસ્ત્રમાં સુંદરમ્ની વ્યાખ્યા રસશાસ્ત્રીય રૂપે થાય છે. અનેક દાર્શનિકો સુંદરમ્ના વિવરણમાં એટલા ઊંડે ઉતર્યા છે કે તેમણે ઇશ્વરપ્રાપ્તિને જ સુંદરમ્ માની લીધું છે. જો બુદ્ધિવાદી દષ્ટિએ સુંદરમ્નું વિવેચન કરીએ તો આપણે કહી શકીએ કે સુંદરમ્ જીવનની પૂર્ણતા અથવા એકરૂપતા (Harmony) છે. મનુષ્ય જ્ઞાન અને ચારિત્રની પૂર્ણ સિદ્ધિ બાદ સુંદરમ્ને પામે છે. સુંદરમ્ આ પ્રણાલીઓથી પ્રાપ્ત કરી શકાય છે.

(૧) જીવનમાં પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરીને કે સત્યદર્શન કરીને,

(૨) પૂર્ણ શિવમ્‌ની પ્રાપ્તિ કરીને,

(૩) સમાજની અપૂર્ણતા સમજી, તેનાં દુઃખો અને કષ્ટોની સાથે એકરૂપતા સ્થાપી તેમના નિવારણ માટે કરુણાની ભાવના જાગ્રત કરીને.

સુંદરમ્ એટલે એવી પૂર્ણતા અથવા એકરૂપતા જે મનુષ્ય સંપૂર્ણ ક્રમબદ્ધ સમાજમાં સ્થાપિત કરી શકે છે. તે જ્ઞાન અને ચારિત્રના સહયોગથી શક્ય થાય છે. એકરૂપતા પામવાની સાથે જ મનુષ્યનું જીવન સુંદરમ્ બની જાય છે, જે પૂર્ણતાનું જ બીજું નામ છે. સુંદરમ્ જીવનની એ ઉપલબ્ધિ છે કે જે મનુષ્યને મનુષ્યોચિત બનાવે છે. સુંદરમ્ એ સ્થિતિ છે કે જેમાં મનુષ્ય નથી દુઃખમાં ગભરાતો કે નથી સુખમાં ઉન્માદી બનતો. મોક્ષના પુરુષાર્થનું મુખ્યરૂપ આ જ છે. તે એવી અવસ્થા છે કે જેમાં મનુષ્ય નિરંતર પોતાના કર્તવ્યના માર્ગે ચાલે છે અને આ મંજિલ પર કોઈ દુઃખ આવે તો પણ વિચલિત થયા વિના પૂર્ણ આનંદિત રહે છે. સુંદરમ્‌ની સાથે સંલગ્ન એક બીજી વાત એ છે કે સુંદરમ્ મનુષ્યને કર્મયોગી બનાવે છે. કર્મયોગનો અર્થ છે–મનુષ્ય પલાયનવાદી (Escapist) ન બનતાં જીવનના કર્તવ્યપથ પર સતત ચાલતો રહે.

"સત્યમ્ શિવમ્ સુંદરમ્" માનવજીવન અને સમાજની સ્થિરતા અને સાતત્ય માટે આવશ્યક ઘટકો છે. આ તત્ત્વોથી અલગ મનુષ્ય કે સમાજના અસ્તિત્વની કલ્પના નથી કરી શકાતી. આ ત્રણેય તત્ત્વો માણસને પૂર્ણમાનવી બનાવનાર શૃંખલાની કડીઓ છે. બીજા શબ્દોમાં આપણે કહી શકીએ કે "સત્યમ્ શિવમ્ સુંદરમ્" માનવજીવનના આદર્શો છે. એમની સિદ્ધિ જ મનુષ્યજીવનનું અંતિમ લક્ષ્ય હોવું જોઈએ, તે જ પરમાદર્શ છે. આ આદર્શોની પ્રાપ્તિ જ માનવજીવનને સફળતા પ્રદાન કરે છે

અહીં એક પ્રશ્ન ઉઠાવી શકાય છે–શું આ ત્રણે આદર્શોની પૂર્ણરૂપે પ્રાપ્તિ કરી શકાય છે? આ આદર્શોની સીમાઓનો અંત નથી. આ આદર્શ જીવનયાત્રાનું ધ્યેયબિંદુ છે. તેમની સિદ્ધિ માટે સતત પ્રયાસ જ જીવનનો ઉદ્દેશ છે. જીવનરથનું ચક્ર તેમની પ્રાપ્તિ માટે અનવરત ચાલતું રહેવું જોઈએ, સાથે સાથે તેમનો રસાસ્વાદ પણ થતો રહેવો જોઈએ. આ આદર્શોની પ્રાપ્તિના હેતુસર કરેલો સંઘર્ષ જ શ્રેષ્ઠ અને દિવ્ય જીવન છે. આ આદર્શો પામવા માટે જે માનવી પ્રયત્નો નથી કરતા તે જીવિત હોવા છતાં પણ પશુસમાન કે મૃતઃપ્રાય છે

ટૂંકમાં આપણે કહી શકીએ કે "સત્યમ્ શિવમ્ સુંદરમ્" આ ત્રણ આદર્શોની પ્રાપ્તિ જ માનવને મનુષ્યોચિત બનાવે છે. આ જ આદર્શોથી મનુષ્યનું વ્યક્તિત્વ નિખરે છે અને તેનું જીવન સુખી અને આનંદપૂર્ણ બને છે. જ્યારે આ આદર્શોનું સક્રિય પાસું કર્મયોગી આત્મસાત કરે છે ત્યારે તે કરુણાથી આર્દ્ર બનીને સમાજને વધુ પૂર્ણ બનાવે છે અને સંપૂર્ણ ક્રમબદ્ધ સમાજની સાથે રહીને એક અપૂર્ણ સમાજને વધુ સુખી અને આનંદયુક્ત બનાવે છે. મનુષ્ય કેવળ પોતાના જીવનને પૂર્ણ બનાવીને સંતોષ નથી લેતો પરંતુ સુંદરમ્‌ની ઉપાસના કરીને સમાજને પરિપૂર્ણ બનાવવાના મહાયજ્ઞમાં રત પણ રહે છે. "સત્યમ્ શિવમ્ સુંદરમ્" એ માનવ અને સમાજ બંનેની પૂર્ણતા અને બંનેના આનંદની પ્રાપ્તિનો રાજમાર્ગ અને અંતિમ ધ્યેય છે.

સંદર્ભગ્રંથો

Banerjee, N. V., *The Spirit of Indian Philosophy*, Arnold-Heinemann, New Delhi, 1974.

Bhyrappa, S. L., *Truth and Beauty : A Study in Correlation*, The Maharaja Sayajirao University of Baroda, Baroda, 1965.

Javadekar, A. G., *Approach to Reality*, Oriental Institute, Baroda, 1957.

OUR NEW RELEASES

	Rs.
Discipline : The Canonical Buddhism of the Vinayapitaka—John C. Holt	50
Encyclopedia of Indian Philosophies—Karl H. Potter	
Vol. I : Bibliography 2nd rev. edn.	250
Vol. II : Introduction to the Philosophy of Nyaya Vaisesika	150
Vol. III : Advaita Vedanta. Part I	175
Fragments from Dinnaga—H. N. Randle	40
Fullness of the Void—Rohit Mehta	85 (Cloth) 60 (Paper)
Global History of Philosophy 3 Vols—John C Plott.	195
Hindu Philosophy—Theos Bernard	50 (Cloth) 30 (Paper)
History and the Doctrines of the Ajivikas—A. L. Basham	75
History of the Dvaita School of Vedanta—B. N. K. Sharma	200
History of Indian Literature Vol. I—M. Winternitz	100
History of Pre-Buddhistic Indian Philosophy—B. Barua	125
Indian Sculpture—Stella Kramrisch	60
J. Krishnamurti and the Nameless Experience—Rohit Mehta	55 (Cloth) 45 (Paper)
Language and Society-Michael C. Shapiro and Harold F. Schiffman	130
Life of Eknath—Justin E. Abbott.	50 (Cloth) 35 (Paper)
Madhyamaka Buddhism: A Comparative Study—Mark Macdowell	50
Nyaya Sutras of Gotama—Tr. by Nand Lal Sinha	80
Peacock Throne : The Drama of Mogul India—Waldemar Hansen	120
Philosophy of Nagarjuna—K. D. Prithipaul	65
Prapancasara Tantra—Ed. by Arthur Avalon	100 (Cloth) 75 (Paper)
Select Inscriptions. Vol. II—D. C. Sircar	200
Serindia 5 Vols—Sir Aurel Stein	3000
Sexual Metaphors and Animal Symbols in Indian Mythology—Wendy Doniger O'Flaherty	100
Siksha Samuccaya : A Compendium of Buddhist Doctrine—Cecil Bendall & W.H.D. Rouse	60
Suresvara on Yajnavalkya—Maitreyi Dialogue (Brhadaranyakopanisad 2 : 4 and 4 : 5)—Shoun Hino	125
Tantraraja Tantra—Ed. by Arthur Avalon & Lakshaman Shastri	120 (Cloth) 100 (Paper)
Vedic Mythology, 2 Vols—Alfred Hillebrandt; tr. by Sreeramula Rajeswara Sarma	220

For Detailed Catalogue, please write to :—

MOTILAL BANARSIDASS

Bungalow Road, Jawahar Nagar, Delhi-110007 (India)

છોટાઉદેપુરવિસ્તારના આદિવાસી મેળાઓ*

સનત્ ભટ્ટ*

उत्सवप्रियाः खलु मनुष्याः કહીને કાલિદાસે માનવસ્વભાવના એક ગહન છતાં લાલિત્યસભર પાસા તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. ઉત્સવો અને મેળાઓને કોઈ પણ પ્રજાની સામુદાયિક ચેતનાના ઉત્તમ આવિષ્કારો તરીકે ઓળખવા પડે તેમ છે. કોઈ પણ એક સમુદાયે કેટલા અને કેવા ઉત્સવો અને મેળાઓ વિકસાવ્યા છે એ સમુદાય વિશે ઘણું બધું કહી જાય છે. હકીકતમાં તો એમાંથી જ એમના સામુદાયિક વ્યક્તિત્વનો સાચો પરિચય મળી જાય છે. છોટાઉદેપુરની આજુબાજુનો વિસ્તાર આખા વરસ દરમિયાન ભરાતા નાનામોટા અનેક મેળાઓથી ધમધમતો અને કિલ્લોલતો રહે છે. તેમાં ય આ વિસ્તારના આદિવાસીઓ જે મન મૂકીને અને જાત ભૂલીને આ મેળાઓ માણે છે તે તો સાવ વિરલ છે. એમની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ, એમની માન્યતા અને શ્રદ્ધા, એમનાં દેવ-દેવીઓ અને વિધિઓ, એમનાં ગીતો, વાદ્યો અને એમનાં નૃત્યો.. ટૂંકમાં એમની સમગ્ર સંસ્કૃતિનો સાચો અને સીધો પરિચય આ મેળાઓમાંથી મળી રહે છે.

આ વિસ્તારના આદિવાસીઓનું જીવન એટલે સવારથી સાંજ સુધી કઠોર પરિશ્રમની વણતૂટી હારમાળા. કારમા અભાવ અને પ્રતિકૂળ પરિસ્થિતિ સામે તેઓ સતત ઝૂઝતા રહે છે અને છતાં એમની ન્યૂનતમ પ્રાથમિક આવશ્યકતાઓ પણ મોટે ભાગે તો વણસંતોષાયેલી જ રહે છે. પરંતુ ઉત્સવ કે મેળાના પ્રસંગે આ પ્રજાનું કોઈ જુદું જ સ્વરૂપ જોવા મળે છે. એમને નાની નાની ટોળીઓમાં મેળો માણવા જતાં જોવાનો પણ એક લ્હાવો છે. વાંસળી કે પીસવાના સૂર અને કરતાલના તાલ સાથે લયબદ્ધ પગલે નાચતાંકૂદતાં, ગીતો ગાતાં કે પછી આપસ-આપસમાં ટોળ-ટીખળ કરતાં દરેક ટોળી આગળ વધતી જાય છે. યુવાનોએ નવાં સીવડાવેલાં રંગીન ખમીસ ચડાવ્યાં હોય, રંગબેરંગી કાપડને આમળેટિયાં ચઢાવી, માથા ઉપર બે ચાર આંટા વીંટાળી ફાળિયું બાંધ્યું હોય, એક વાંસળી હાથમાં અને વધારાની બે-ચાર વાંસળીઓ ખભે લટકાવી હોય; યુવતીઓએ એમની વિશિષ્ટ શૈલીમાં ઘેરા ભડકીલા રંગનાં લુગડાં પહેર્યાં હોય, શરીર પર જાતજાતનાં ઘરેણાંઓ પહેર્યાં હોય, અને દરેકના હાથમાં એક કરતાલ હોય. બૂટ-ચંપલ તો મોટે ભાગે કોઈના પગમાં ન હોય. ઉપર ગણાવેલી વસ્તુઓ પણ કોઈની પાસે

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર '૮૮-ફેબ્રુઆરી '૮૯, પૃ. ૯૧-૯૪

* ૧૯, નિર્મળ સોસાયટી, છોટાઉદેપુર, જિ, વડોદરા.

* એક ટૂંકા રેડિયોવાર્તાલાપ માટે તૈયાર કરવામાં આવેલી આ નોંધમાં જાણીતા અભ્યાસી અને સંશોધક શ્રી શંકરભાઈ તડવી પાસેથી પ્રાપ્ત થયેલી માહિતીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

હોય તો કોઈની પાસે ન ય હોય. તેમ છતાં આંખોમાં ઉલ્લાસ આંજી સૌ મેળાની દિશામાં આગળ વધે. આમ મેળાના સ્થળે પહોંચતાં પહેલાં તો તેઓ ક્યારનાં ય મેળાની ભાવનામાં તણાવા લાગ્યાં હોય છે.

આ વિસ્તારના મેળાઓ તો ઘણા છે, પરંતુ એમાં કવાંટની ઘેર અને છોટાઉદેપુરનો દશેરાનો મેળો પ્રધાન છે. બન્ને ખૂબ મોટા મેળાઓ છે, જેમાં લોકો હજારોની સંખ્યામાં ભાગ લે છે. આજુબાજુના એટલે કે વડોદરા, પંચમહાલ કે ભરૂચ જિલ્લાના આદિવાસીઓ ઉપરાંત મધ્યપ્રદેશ કે મહારાષ્ટ્રના દૂરદૂરના પ્રદેશોના આદિવાસીઓ પણ એમાં ઉલ્લાસભેર ભાગ લે છે. કવાંટની ઘેર દિવસનો મેળો છે. આમ તો સવારથી માણસો આવવાં શરૂ થઈ જાય છે પરંતુ ખરો મેળો અગિયાર-બાર વાગે જામે છે. ચારે કોરથી કિડિયારાની માફક માણસો ઊભરાતાં જ જાય અને જોતજોતામાં ગામનાં બજારો, રસ્તાઓ અને ગલી-કૂંચીઓમાં માણસો પૂરનાં પાણીની જેમ ફરી વળે છે. ગામનું સામાન્ય જીવન કેવળ સ્તબ્ધ થઈ ઉત્સાહની હેલીએ ચઢેલા આ માનવ-મહેરામણને નિહાળ્યા જ કરે છે. રસ્તાઓ ઉપર ગીત ગાતા, નાચતાકૂદતા સમૂહો આમથી તેમ ઘૂમે છે. પહોળી જગાઓમાં કે મેદાનોમાં આદિવાસી સમૂહો પાવા, કરતાલ અને ઢોલના નાદ સાથે વર્તુળાકારે એમનું આગવું નૃત્ય જમાવે છે. ઘેરૈયાઓએ આખા શરીરે હળદર, કંકુ અને લોટ વડે ચીતરામણો કર્યાં હોય છે. કોક કોકની કમરે મોટામસ ઘૂઘરાઓના હારડાઓ ખમકતા હોય છે. કોઈ વાઘ તો કોઈ વાંદર, કોઈ તીર-કામઠા સાથે શિકારી તો કોઈ લાકડાની મોટી રમકડા-બંદૂક સાથે પોલિસ બન્યું હોય છે. (પુરુષોએ) સ્ત્રીઓનો વેશ ધારણ કરેલી, મેંશથી ઘૂંટેલા કાળા મ્હોં વાળી કાળી-બુ-કંટોલીના ઠમકાઓ તો કંઈ ઓર જ હોય છે. ધીમે ધીમે નૃત્ય જામતું જાય, લય વધતો જાય, અને અંગની લચક વધારે કમનીય થતી જાય છે. વચમાં વચમાં આનંદની કિકિયારીઓ પણ પડે છે. નૃત્ય તો ચાલુ જ રહે છે. દરમિયાન એકના ખભા ઉપર બીજો અને તેના ખભા ઉપર ત્રીજો એમ માનવપિરામિડના અવનવા આકારો પણ રચાતા જાય છે. વળી નવા સમૂહો પણ આવતા જ જાય અને પોતાની આગવી રંગતમાં ડૂબી જાય છે.

છોટાઉદેપુરના દશેરાના મેળાની તાસીર આનાથી સાવ નોખી છે. બધા મેળાઓમાં આ રાત્રિમેળો સૌથી મોટો છે. અને આ વિસ્તારના આદિવાસીઓને મન એનું ઘણું મહત્ત્વ છે. નજીકનાં ગામડાંઓના આદિવાસીઓ તો બપોર ઢળતાં જ દશેરો માણવા માટે આ તરફ આવવા માંડે છે. છોટાઉદેપુર આવતા બધા રસ્તાઓ પાવો વગાડતા, નાચતા-કૂદતા આદિવાસીસમૂહોથી જીવંત બની જાય છે. બસ કે ટ્રેનમાંથી પણ મોટા સમૂહો ગામમાં ઠલવાય છે. પરંતુ છોટાઉદેપુરની ધરતી પર એમનો પહેલો પગ સૂર અને તાલ સાથે મૂકાય. પૂર્વ તરફથી પ્રવેશતા સમૂહો પોસ્ટ-ઑફિસ પાસેના મહારાજાના બાવલાને ફરતાં ચાર-પાંચ ચક્કર લગાવે, માનતાનું નાળિયેર ફોડે અને આગળ વધે છે. ધીરે ધીરે ભીડ વધતી જાય અને આઠ-નવ વાગ્યા પછી તો સામાન્ય માણસને રસ્તે ચાલવાની પણ મુશ્કેલી પડે. કોઈને હડસેલ્યા વિના અથવા તો ધક્કો ખાધા વિના એક ડગલું પણ આગળ વધી શકાય નહીં. પુરુષોના હાથમાં નાની-મોટી વાંસળીઓ હોય અને સ્ત્રીઓના એક હાથમાં કરતાલ હોય તથા બીજો હાથ સાહેલીની કમર પર હોય. દરેક સમૂહ પોતાને અનુકૂળ એવી જગા શોધી વર્તુળાકારે નૃત્ય શરૂ કરી દે. અમુક સમૂહોની તો વરસોવરસની જગા પણ નક્કી જ હોય. સૂર અને તાલ સાથે નાચતા સમૂહો ધીમે ધીમે બજારના રસ્તાઓ

અને આજુબાજુની ગલીઓમાં પથરાઈ જાય છે. દશેરાની રાત પૂરતું તો ગામ આખું નાચતા-કૂદતા આદિવાસીઓને હવાલે થઈ જાય.

સમૂહની દરેક વ્યક્તિ પોતાની આગવી રીતે નિજાનંદમાં સંપૂર્ણ લીન હોય. બહારની દુનિયાનું અસ્તિત્વ જાણે એને માટે છે જ નહીં. અથવા તો બહારની દુનિયા એટલે એને માટે તત્કાળ પૂરતું તો સમૂહના પાવાઓનો સૂર, કરતાલનો તાલ અને નૃત્યનો લય. આ નાદ અને લય સાથે એ એકાકાર બની જાય છે. આમ નિજાનંદમાં ડૂબેલા અને સમૂહ સાથે એકાકાર થયેલા આ આ આદિવાસીઓના મોં ઉપર એક અનેરો આનંદ લીંપાયેલો જોવા મળે છે. લય વધે. પુરુષો આનંદની ચિચિયારીઓ કરે. કયારેક કોઈ એકલદોકલ આસ્તેથી વર્તુળની બહાર સરકી જાય તો કયારેક બે-પાંચ નવાં માણસો ઉમેરાઈ જાય. પાવા ઉપર વાગતાં ગીતો બદલાતાં રહે. પરંતુ વર્તુળ તૂટે નહીં ને નૃત્ય તો ચાલુ જ રહે. મુખ્ય બજારના દક્ષિણ છેડા તરફ કવાંટ તરફનાં ગામડાંઓના પાંચ-સાત સમૂહો એમનાં આગવાં નૃત્યો જમાવે છે. યુવતીઓ અને યુવાનો એક હારમાં સામસામે ગોઠવાઈ જાય છે. યુવતીઓ કોઈ ગીત ઉપાડે અને યુવાનો એ જ ગીતને પાવામાં વગાડે. અને સાથે સામસામેની બન્ને હાર રેંટિયાના ફાળકાની માફક ચકર ચકર ફરે. અન્ય સમૂહોની માફક અહીં વર્તુળ રચાતું નથી.

કયારેક તો એક સમૂહનું નૃત્ય ચાલુ જ હોય ત્યાં બીજો સમૂહ નાચતાંગાતાં પોતાના ગન્તવ્ય તરફ ગતિ કરતો ધસમસતો આવી પહોંચે છે. પહેલું વર્તુળ તૂટી જાય છે, અને ધસમસતો સમૂહ પસાર થઈ જાય છે પણ વળી પાછું પહેલા સમૂહનું વર્તુળ જાણે આપોઆપ રચાઈ જાય છે. સામાન્ય આદિવાસીજન અત્યંત ભીરુ અને અંતર્મુખ હોય છે. પરંતુ આ દિવસ એમના જૂના હિસાબો પતાવી લેવાનો પણ દિવસ છે. સામાન્ય મારામારીથી માંડીને ખૂન થવા સુધીની ઘટનાઓ બની જાય છે. મારામારીનાં સાધનો તો લેવા જવાનાં છે જ નહીં. સૂટ્ટા તરીકે ઓળખાતા જાડા વાંસના બનાવેલા મોટા મોટા પાવાઓ એ જ એમનાં હથિયાર. ચારે બાજુ બધા સમૂહો પોતપોતાની મસ્તીમાં નાચતા હોય ત્યાં બે પાંચ જણ કોઈ એકની પર અચાનક તૂટી પડે. સોપો પડી જાય. પૂરે ચઢેલી જમના બાલકૃષ્ણને માથે લઈ જતા વસુદેવને માર્ગ આપી દે તેમ ક્ષણ પહેલાં માણસોથી ઊભરાતો રસ્તો સાવ કોરોકટ થઈ જાય. વ્યવસ્થા માટે ચારે કોર ફરતા પોલીસો આવી ચઢે અને તેઓ એમનું કામ કરે. બે-પાંચ મિનિટ બધું સ્તબ્ધ થઈ જાય પરંતુ થોડી વારમાં તો બધા સમૂહો પાછા પોતપોતાની જગાઓ પર ગોઠવાઈ જાય અને જાણે કશું જ બન્યું ન હોય એમ નૃત્યોની રમઝટ શરૂ થઈ જાય.

આ વિસ્તારનો આદિવાસીસમાજ પ્રમાણમાં ઘણો મુક્તસમાજ છે. યુવક-યુવતીઓ એકબીજા સાથે પ્રમાણમાં ઘણી છૂટથી હળેભળે છે. તેમાં ય આ દિવસ તો તેમના મિલન-સંવનનનો છે. હૈયે હૈયું ભીંસાય એવી ભીડમાં આજુબાજુની સમગ્ર દુનિયાને ભૂલી જઈ યુવક-યુવતીઓ એકમેકને દૂરથી મુગ્ધતાથી જોયા જ કરે-અથવા તો એકમેકને સાવ નજીકથી મળે પણ ખરાં. મિત્રો અને સાહેલીઓની આડમાં ચાટુકિતઓમાં વાતો કરે, ટોળટપ્પા કરે, ક્યારેક તો સીધાં અડપલાં પણ કરી લે. કંઈ નહીં તો પોતાની મનની માનેલી વ્યકિતને દૂરથી અનિમેષ નયને મુગ્ધ રીતે જોયા જ કરે. ભવિષ્યની યોજનાઓ ઘડાઈ જાય. ભાગી જવાના અથવા ઉપાડી જવાના બનાવો પણ આ મોકા ઉપર સામાન્ય.

છોટાઉદેપુરમાં નવરાત્રિ એટલે નવ દિવસનો ઉત્સવ. દસમા દિવસે તો ગામ આખું આદિવાસીઓને હવાલે પાવાના માદક સૂરો સમગ્ર વાતાવરણને ભર્યું ભર્યું અને નશામય બનાવી દે. જો કે સંસ્કૃતિના આક્રમણની અસરો હવે દેખાવા માંડી છે. એટલે આ મૂળ રંગત ક્યાં સુધી ટકશે એ કંઈ કહી શકાય નહીં.

હોળી પછીના દિવસોમાં ગામેગામ ચૂલ-ચાલના મેળાઓ યોજાય છે. એ સૌમાં પંચમહાલ જિલ્લાના લીમખેડા તાલુકાના બાંડીબાર ગામે ભરાતો મેળો તો સાવ નોખો તરી આવે તેવો છે. એને ગોળગધેડાના મેળા તરીકે ઓળખવામાં આવે છે. ગામની ભાગોળે મેદાનમાં એક ઊંચો થાંભલો રોપવામાં આવે છે-જેના ઉપર એક પોટલીમાં ગોળ અને સવા રૂપિયો મૂકી તેને આ થાંભલા ઉપર બાંધવામાં આવે છે. મહુડાના દારૂના નશામાં ચૂર આદિવાસી યુવતીઓ હાથમાં પાતળા વાંસની સોટીઓ લઈ થાંભલાને ફરતે ગીતો ગાતી, ગોળ ગોળ નૃત્ય કરે છે. યુવાનો થાંભલા તરફ આવવા જાય તો યુવતીઓ તેમને સોટીઓ મારી દૂર ભગાડી મૂકે છે અને નૃત્ય ચાલુ રાખે છે. કોઈ સાહસિક યુવાન સોટીઓના મારને અવગણી થાંભલે ચઢી જાય અને બાંધેલી પોટલી છોડી ગોળ ચારે તરફ ઊડાડે. પહેલાંના જમાનામાં તો આ યુવાનને સમૂહમાં નૃત્ય કરતી યુવતીઓમાંથી પોતાને મનપસંદ યુવતી સાથે લગ્ન કરવાનો હક મળતો એવું પણ કહેવાય છે. ગોળ લેવા જતાં યુવાનોને યુવતીઓના હાથે ગધેડા જેવો માર ખાવો પડતો હોવાથી આ મેળાનું નામ ગોળગધેડાનો મેળો પડ્યું છે.

હેરણ નદીને કાંઠે આવેલા ચાવરિયા ગામે ફાગણ વદ પાંચમને દિવસે એક અનૂઠા પ્રકારનો મેળો યોજાય છે. આ એક દિવસનો મેળો છે. ગામેગામથી આદિવાસી સમૂહો નાચતા-ગાતા ચાવરિયા આવી ગામના મુખીના આંગણામાં ભેગા થવા માંડે છે. ધીમે ધીમે આખું આંગણું ભરાઈ જાય છે. બપોરે બે-અઢીના સુમારે સહુ નૃત્ય કરતાં, ઢોલ; કરતાલ, પાવા વગાડતાં; ગીતો ગાતાં નદીકિનારે પહોંચે છે. પહેલાં તો દેવીના સ્થાનકે ભોગ ચઢાવવામાં આવે છે અને પછી બધાં માછલાં મારવા નદીમાં ઉતરે છે. પુરુષોના હાથમાં જાળ હોય છે અને સ્ત્રીઓના હાથમાં આછવા નામે ઓળખાતી નાની જાળ હોય છે. કોઈ કોઈ જાળને બદલે લુગડા કે કાપડની ખોઈનો પણ ઉપયોગ કરે. મૂળે તો નદીમાં પાણી જ સાવ થોડું છીછરું હોય ત્યાં ઝાઝાં માછલાં તો હોય જ ક્યાંથી ? પરિણામે આખી ક્રિયા એક પ્રતીકાત્મક વિધિરૂપ બની રહે છે. અહીંના આદિવાસીઓ એવું માને છે કે આ રીતે માછલાંઓને પજવવાથી કાળો કાળો કુદુરાણો નામે ઓળખાતો એમનો એક દેવ રાજી થાય અને આ પ્રદેશમાં સારો વરસાદ મોકલી આપે.

આ વિસ્તારના મેળાઓ તો અનેક છે અને સૌની કોઈને કોઈ વિશેષતા પણ હોય છે. પરંતુ આખરે તો એમનાં વર્ણનો વાંચવા કે સાંભળવા કરતાં ખરી મઝા તો મેળાઓમાં સદેહે હાજર રહી એનો આનંદ લૂંટવામાં અને અન્ય લોકોના આનંદમાં સહભાગી થવામાં રહેલી છે.

શ્રીમંત મલ્હારરાવ ગાયકવાડ વિશેનું એક ઐતિહાસિક કાવ્ય

વિજયા લેલે

આપણી સંસ્કારનગરી વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરનો હસ્તપ્રતભંડાર ખૂબ સમૃદ્ધ છે. ઘણી દુર્લભ હસ્તપ્રતો એમાં મળી આવે છે. એમાંની એક પોથીમાં (ક્રમાંક ૨૪૬૨૦). ગાયકવાડ રાજવીઓના કુટુંબમાં શ્રીમંત મલ્હારરાવ ગાયકવાડના શાસનકાળ દરમ્યાન બનેલી કેટલીક હકીકતોનું સ્થૂળ સ્વરૂપમાં વર્ણન જોવા મળે છે. શ્રીમંત ખંડેરાવ મહારાજા, મહારાણી જમનાબાઈ અને ખાસ કરીને મલ્હારરાવ મહારાજાની આસપાસ આ પ્રસંગો ગૂંથાયેલા છે.

કાવ્યના લેખક પોતાને ગંગાધરશાસ્ત્રીના પૌત્ર તરીકે **(पौत्रेण गंगाधरशास्त्रिण:)** ઓળખાવે છે. આ ગંગાધરશાસ્ત્રી પટવર્ધન ઈ. સ. ૧૮૧૫માં ગાયકવાડ રાજ્યના વકીલ તરીકે પેશવા પાસે પૂના ગયા હતા. ત્યાં પૂનાથી નજીક પંઢરપુરમાં પેશવાના સરદાર ત્રિંબકજી ડેંગળેના હાથે દગાબાજીથી એમનું ખૂન થયું. તેમના પૌત્ર કૃષ્ણરાવશાસ્ત્રીએ આ કાવ્ય લખ્યું છે. ગંગાધરશાસ્ત્રીનું વંશવૃક્ષ નીચે પ્રમાણે છે.

ગંગાધરશાસ્ત્રી પટવર્ધન (*મૃત્યુ ૧૮૧૫)

- ભીમાશંકર (*મૃત્યુ ૧૮૫૩)
  - કૃષ્ણરાવ (*મૃત્યુ ૧૮૮૩) (પ્રસ્તુત કાવ્યના કવિ)
- બાળકૃષ્ણ
- વિનાયક

ગંગાધરશાસ્ત્રીના સૌથી મોટા પુત્ર ભીમાશંકરના પણ મોટાપુત્ર હોવાથી વારસાઈથી અને વ્યક્તિગત લાયકાતને કારણે તેઓ ગાયકવાડ રાજવીઓના રાજ્યકારભાર સાથે સીધી રીતે

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર ૧૯૮૮-ફેબ્રુઆરી ૧૯૮૯, પૃ. ૯૫-૧૦૨

* આ ત્રણે વ્યક્તિઓમાંથી કોઈની પણ જન્મતારીખ મળતી નથી.

સંકળાયેલા હતા. તેઓ બહુશ્રુત અને કાવ્યરચના કરવા માટે સમર્થ હતા. ખંડેરાવ મહારાજાના શાસનકાળ દરમ્યાન એમના નાનાભાઈ મલ્હારરાવે ગાદી હસ્તગત કરવાની ઇચ્છાથી ખંડેરાવ પર જે વિષપ્રયોગનો પ્રયત્ન કર્યો હતો તેમાં પ્રસ્તુત કવિનો હાથ છે એવી શંકાથી ખંડેરાવે તેમને ૧૮૬૩માં કેદ કર્યા હતા. આ કેદમાંથી એમની થોડા સમય માટે મુક્તિ થઈ હતી પરંતુ ફરીથી બીજા કોઈ પ્રકરણમાં એમને સંડોવવામાં આવ્યા અને વડોદરા નજીક કર્નાળીમાં તેમને નજરકેદમાં રાખવામાં આવ્યા. એ અવસ્થામાં જ ઈ. સ. ૧૮૮૩માં એમનું મૃત્યુ થયું. આ કાવ્યમાં આવતા સયાજીરાવના નિર્દેશ (**कुमारमधिपं**) પરથી આ કાવ્ય કવિની નજરકેદની અવસ્થામાં જ લખાયું છે એવું માનવા માટે સબળ પુરાવો છે. આ કાવ્ય આજથી લગભગ સો વર્ષ પહેલાં લખાયેલું છે. કાવ્યમાં કોઈપણ જાતનો સમયનિર્દેશ મળતો નથી.

આ કાવ્ય અન્ય ઐતિહાસિક કાવ્યો કરતાં કાંઈક જુદા પ્રકારનું છે. આ કાવ્યને એક ગુપ્તકાવ્ય તરીકે ગણાવી શકાય. કાવ્યની શરૂઆત કાલિકાદેવીના પૂજનયોગ્ય પ્રદેશના નિર્દેશથી થાય છે અને અંતના લગભગ ચાર શ્લોકો ગાયકવાડવંશના કુલદેવતાઓના સ્તવનરૂપે છે. પહેલી નજરે આ કાવ્યમાં કોઈક ઐતિહાસિક વિગતો ગૂંથાઈ હશે એવો ખ્યાલ આવતો નથી. કોઈ ગુપ્ત વિગતોનો અથવા દુષ્કૃત્યોનો ઉલ્લેખ કરવો હોય ત્યારે કવિ હંમેશાં **अपूर्वसर्वम्** (શ્લોક-૧) **समस्तकृत्यम्** (શ્લો. ૨૧) **अपूर्वम्** (શ્લો. ૨૨) જેવા મોઘમ શબ્દો વાપરે છે. આ કાવ્યમાં ઘણા અંગ્રેજ વ્યક્તિવિશેષનાં નામો મળી આવે છે એ આ કાવ્યની એક બીજી વિશેષતા છે. આ વ્યક્તિઓની સંપૂર્ણ માહિતી આજે પણ મળી શકે છે.

કાવ્યની શરૂઆતના શ્લોકમાં '**श्रीकालिकापूजनवासयोग्य**' પ્રદેશમાં વ્હાઈસરૉય લૉર્ડ નૉર્થબ્રુકના આગમનનો નિર્દેશ છે. તેઓએ મલ્હારરાવને મળવા માટે આમંત્રણ આપવા છતાં તેઓ કાંઈક બહાનું કાઢીને સભામાં ન ગયા હતા. (રાણીના તાજની કઈ બાજુએ રાજાએ બેસવું એ મુદ્દો આ વિવાદ પાછળ હતો). ત્યારબાદ મલ્હારરાવના રાજ્યમાં પ્રવર્તતી ગેરવ્યવસ્થાની તપાસ માટે કોઈક '**गतस्पृह**' વ્યક્તિની નિમણૂક કરવામાં આવી. આ '**गतस्पृह**' વ્યક્તિ તે સમયના વડોદરાના રેસીડેન્ટ ફેરો[1] છે.

ફેરોની નિમણૂક બાદ તેમણે રાજ્યકારભાર સુધારવા માટે રાજાની આજુબાજુના કેટલાક ખરાબ માણસોને દૂર કર્યા અને રાજાના હિત માટે વિશેષ પ્રયત્નો કર્યા. છ, સાત અને આઠમા શ્લોકમાં રાજા દુર્જનોથી, સ્વાર્થી અને લોભિયા માણસોથી વીંટળાયેલા હતા તેનું વર્ણન છે. મલ્હારરાવની કારકિર્દી દરમ્યાન બે ત્રણ વખત એમના ભ્રષ્ટ કારોબારની તપાસ માટે કમિશનો નિમાયાં હતાં. આ કમિશન સર રિચર્ડ મીડના નેતૃત્વ હેઠળ ૮-૧૧-૧૮૭૩ના દિવસે નિમાયું હતું. એ કમિશનનો ઉલ્લેખ દસમા શ્લોકમાં છે. મીડ એક અત્યન્ત કાબેલ અધિકારી હતા અને એમની પ્રશંસા અગિયારમા શ્લોકમાં કરવામાં આવી છે. પ્રજાજનોએ મલ્હારરાવનાં બધાં દુષ્કૃત્યોની મીડને જાણ કરી. આ બધી ઘટનાઓથી મલ્હારરાવ ગભરાઈ ગયા અને કેટલાક હોશિયાર અધિકારીઓ નિમવાની બ્રિટિશ સરકારે જે સૂચના આપી હતી તે તેમણે સ્વીકારી.

---

1 ૧૮-૩-૧૮૭૩ના રોજ તેઓ વડોદરાના રેસીડેન્ટ તરીકે નીમાયા હતા.

તે અનુસાર સર દાદાભાઈ નવરોજીની ૧૮૭૪ના ફેબ્રુઆરીમાં વડોદરાના દીવાન તરીકે નિમણૂક થઈ. તેરથી સોળમા શ્લોક સુધી દાદાભાઈએ દીવાન તરીકે અલ્પસમય માટે જે સેવા બજાવી હતી તેનો નિર્દેશ છે. (નિમંત્રિતા **पारसिजातिकस्य**) ત્યાર બાદ અહીંના ભ્રષ્ટ કારોબારથી કંટાળીને ૭-૧-૧૮૭૫માં એમણે રાજીનામું આપ્યું તેનો ઉલ્લેખ જોવા મળે છે. કવિ અઢાર અને ઓગણીસમાં શ્લોકમાં મલ્હારરાવના દુષ્કૃત્યોની પરંપરાનું બીજું એક પાસું બતાવે છે. લક્ષ્મીબાઈ નામની એક પરિણિત સ્ત્રી સાથે ૧૮૭૪ મેમાં એમણે લગ્ન કર્યાં. પ્રજાજનોએ પુષ્કળ અણગમો વ્યક્ત કર્યો પરંતુ રાજાએ એ તરફ ધ્યાન ન આપ્યું. આ બધી ઘટનાઓથી અહીંના રેસીડેન્ટ ફેરો અને મહારાજા વચ્ચેનો સંઘર્ષ વધતો ગયો. તેથી ફેરોની અહીંથી બદલી કરાવીને એમની જગ્યાએ ૪-૧૨-૧૮૭૪ના રોજ સ્પેશીયલ કમીશનર એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ તરીકે સર લુઈ પેલીની નિમણૂક કરવામાં આવી. એમની બદલી થયા પછી અહીંથી હોદ્દો છોડી જતા પહેલાં એમના બંગલામાં જ એમના ઉપર વિષપ્રયોગ કરવામાં આવ્યો. સરબતમાં ઝેર નાંખવામાં આવ્યું હતું. અને અહીંના ડૉ. સીવર્ડે તેનું પૃથક્કરણ કર્યું હતું. તેનો નિર્દેશ બાવીશમાં શ્લોકમાં છે. આ બનાવ એટલે જાણે દુષ્કૃત્યોની પરંપરાની ચરમસીમા હતી. ૧૫-૧-૧૮૭૫ના દિવસે એમને કેદ કરવામાં આવ્યા અને ડૉ. સીવર્ડના બંગલામાં જ નજરકેદમાં રાખવામાં આવ્યા. વિધિ કેટલી બળવાન હોય છે એનું વર્ણન ત્રેવીસથી છવ્વીસ શ્લોકોમાં જોવા મળે છે. સત્તાવીસમા શ્લોકમાં આ બનાવની તપાસ માટે છ જણાનું[2] (**षट्कं**) જે કમિશન નિમાયું હતું તેનો ઉલ્લેખ છે. એમાં ત્રણ બ્રિટિશ અને ત્રણ ભારતીય સભ્યો હતા. પહેલા ત્રણ સભ્યોએ મલ્હારરાવને દોષી ઠરાવ્યા પરંતુ બીજા ત્રણ સભ્યોએ એમને નિર્દોષ જાહેર કર્યા. મલ્હારરાવે પોતાના વકીલ તરીકે લંડનથી બૅરીસ્ટર સાર્જન્ટ બાલેંટાઈનને બોલાવ્યા હતા તેનો નિર્દેશ ૨૯મા શ્લોકમાં છે. આમ છતાં મલ્હારરાવનું અત્યાર સુધીનું વર્તન ધ્યાનમાં લેતાં હિન્દુસ્તાન સરકારે (બ્રિટિશ સરકારે) ૧૧-૪-૧૮૭૫ના રોજ એક જાહેરનામું બહાર પાડ્યું અને ૧૯-૪-૧૮૭૫ના રોજ મલ્હારરાવને પદભ્રષ્ટ કર્યા. ૨૨-૪-૧૮૭૫ના દિવસે તેઓને રાજકેદી તરીકે મદ્રાસ લઈ જવામાં આવ્યા તે બીનાનો નિર્દેશ એકત્રીસમા શ્લોકમાં મળી રહે છે. રાજા પદભ્રષ્ટ થયા છતાં બીજા રાજા માટે કોઈપણ જોગવાઈ કરવામાં આવી ન હતી. નવાબ અને રાજે પાંઢરેને રાજ્યગાદીના સંરક્ષણનું કામ સોંપવામાં આવ્યું હતું. પણ રેસીડેન્ટે ભરદરબારમાં તેમનું અપમાન કર્યું હોવાથી આ સમયે તેઓ ત્યાં હાજર ન હતા. આવી 'અરાજક' અવસ્થા લગભગ પાંચ છ દિવસ ચાલી. તેથી વડોદરા રાજ્ય ખાલસા કરવાની અંગ્રેજ સરકારની બૂરી દાનત છે એવી શંકા પ્રજાજનોના મનમાં ઉત્પન્ન થઈ. તેથી મલ્હારરાવના અનૌરસપુત્ર (લક્ષ્મીબાઈના પુત્ર) જીયાજીરાવને અગ્રણી સરદારોએ મળીને ગાદીએ બેસાડ્યા. શહેરના ચારે દરવાજા બંધ કર્યા અને જીયાજીરાવના નામનો ઢંઢેરો પીટ્યો. રાજ્યના સંરક્ષણ માટે અહીંયાના રેસીડેન્ટ પેલીએ રાજેપાંઢરે અને નવાબની નિમણૂક કરી હતી. પરંતુ રેસીડેન્ટે ભરદરબારમાં તેમનું અપમાન કર્યું હતું તેથી એ સમયે તેઓ ત્યાં હાજર ન રહ્યા. આવી અરાજક અવસ્થાને કારણે લોકોએ તોફાન શરૂ કર્યું.

૨ આ વ્યક્તિઓનાં નામ નીચે પ્રમાણે છે. સર રીચર્ડ કૌંચ, મિ. મેલ્વીલ, સર રીચર્ડ મીડ, અલિજા બહાદૂર, મહારાજ જયાજીરાવ શિંદે, જયપુરના મહારાજા રામસિંહ બહાદૂર અને સર દિનકરરાવ

આ તોફાનની જાણ થતાં વેંત જ રેસીડેન્ટ ફેલીએ કેપ્ટન જેકસનના નેતૃત્વ હેઠળ વડોદરા શહેરને સર કરવા માટે લશ્કર મોકલ્યું. લશ્કર જોતાં અહીંના લોકોએ પથ્થરમારો શરૂ કર્યો. તેનો નિર્દેશ એકત્રીસમા શ્લોકમાં છે. કેપ્ટન જેકસને લોકોને સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો પણ લોકોએ એમનું માન્યું નહિ. છેવટે તોપમારો ચલાવીને દરવાજા તોડવાનો એમણે હુકમ કર્યો. ત્યારે લોકો ગભરાયા અને 'અમને કોઈક રાજા આપો' એવી વિનંતી કરી. બીજી બાજુ જમનાબાઈના દત્તક લેવાની મંજૂરી મેળવવા માટેના પ્રયત્નો ચાલુ જ હતા. એમના આ પ્રયત્નો સફળ થયા અને એમને દત્તક લેવાની રજા મળી. પોતાને અને પુત્રીની જિંદગીને મલ્હારરાવ તરફથી દગો થશે એ બીકે જમનાબાઈ ૩-૧-૧૮૭૨ના દિવસે વડોદરા છોડી ગયાં હતાં. વડોદરાની પ્રજાને શાંત પાડવા માટે અને દત્તકવિધાનના કામને ગતિ આપવા માટે જમનાબાઈને અહીં ફરીથી સન્માનપૂર્વક બોલાવવામાં આવ્યાં. ૨-૫-૧૮૭૫ના દિવસે તેઓ વડોદરા આવ્યાં. (**समागता पूर्वनृपस्य पत्नी**)-શ્લોક ૩૮, **संप्रेषिता पूर्वनिवासभूमौ**..શ્લોક ૩૯). રાજ્યકારભાર સારી રીતે ચલાવવા માટે ૧૦-૫-૧૮૭૫ના દિવસે સર ટી. માધવરાવની દીવાન તરીકે નિમણૂક કરવામાં આવી (**वाडववैष्णवाग्र्यः**). એકતાલીસથી તેતાળીસ સુધીના શ્લોકોમાં આ કાબેલ અને હોશિયાર દીવાનનું ગુણવર્ણન જોવા મળે છે. ૨૭-૫-૧૮૭૫ના દિવસે સયાજીરાવનું દત્તકવિધાન થયું અને તે જ દિવસે એમનો રાજ્યાભિષેક પણ થયો.

પિસતાળીસથી અડતાળીસ શ્લોકમાં ગાયકવાડવંશની કુલદેવતાઓની સ્તુતિ છે. શરૂઆતમાં બહુચરાજીમાતા '**कुमारमधिपं**' (બાળરાજા સયાજીરાવ), શ્રી રાજરાજેશ્વરી **नृपसुतं** અને શ્રીકાલિકા માતા '**नूतनं भूपसूनुं**'નું રક્ષણ કરો એવી પ્રાર્થના કરવામાં આવી છે. આ બધાં મંદિરો વડોદરામાં હાલમાં જોવા મળે છે. અડતાળીસમા શ્લોકમાં આવતો '**गौरी**' શબ્દ કદાચ દેવીના સામાન્ય સ્વરૂપ તરીકે પણ વપરાયો હોય. છેલ્લાં શ્લોકમાં આ સર્વવૃત્તાન્ત 'ગંગાધરશાસ્ત્રીના પૌત્ર' કૃષ્ણરાવે હંમેશાં રાજાનું હિત ધ્યાનમાં રાખીને નિવેદિત કર્યો છે એમ જણાવ્યું છે. પોથીમાં કોઈ જાતનો સમયનિર્દેશ મળતો નથી.

કવિની શૈલી બહુ સરળ અને પ્રાસાદિક છે. આ કાવ્યમાં કોઈ ખાસ નોંધપાત્ર અલંકારો વપરાયા નથી. આ કાવ્યમાં કાવ્યગુણ તો છે જ પણ એને કાવ્ય તરીકે મૂલવવા કરતાં એક ઐતિહાસિક વૃત્તાન્ત તરીકે મૂલવવું વધુ યોગ્ય થશે.

હસ્તપ્રતનું વર્ણન: પોથીક્રમાંક ૨૪૬૨૦, પ્રાચ્યવિદ્યામંદિર, વડોદરા. માપ ૪૮ × ૫૩ સે. મી. આ પોથી એક જ કાગળ ઉપર એકજ બાજુએ કાળી શાહીથી સુવાચ્ય અક્ષરોમાં વ્યવસ્થિત રીતે લખાઈ છે. પોથીમાં કુલ ૩૯ લીટીઓ છે અને દરેક લીટીમાં ૫૮ થી ૫૯ અક્ષરો છે. કાગળ ઘણે ઠેકાણે ઘડીમાંથી ફાટી ગયો છે. આ પોથી પટવર્ધનકુટુંબમાંથી જ સંસ્થાને ભેટ તરીકે પ્રાપ્ત થઈ છે તેથી એ કવિની જ હસ્તપ્રત (autograph) હોય એવી ઘણી શક્યતા છે. પોથીમાં એક પણ અશુદ્ધિ નથી એ એક નોંધપાત્ર હકીકત છે.

श्रीकालिकापूजनवासयोग्ये सुखप्रदे देशवरे च तस्मिन् ।
लार्डाख्यगौरश्च समागतोऽभून्नार्थब्रुको मान्यवरः सुकीर्तिः ॥ १ ॥
विलासपुर्यां च स जातुताम्रः प्राप्तो दिदृक्षुश्च नृपान्वरिष्ठान् ।
तेनातिमान्येन निमन्त्रितोऽपि नरेन्द्रवर्यो न गतः सभायाम् ॥ २ ॥
पश्चात्समस्तैश्च सुबुद्धगौरैर्मुद्राङ्कितं सर्वमपूर्वकृत्यम् ।
राज्ञः प्रजेशस्य विचारयित्वा नियोजितः कोऽपि गतस्पृहश्च ॥ ३ ॥
म्हाल्सापतिः पालनकर्मदक्षो ह्यासीद्यदा गुर्जरचक्रवर्ती ।
तदा स फेरो विनियोजितोऽभूत् कर्तुं व्यवस्थां नितरां सुमान्यः ॥ ४ ॥
आगत्य तेनातिविचक्षणेन दूरीकृतो नेटिवविप्रनैजः ।
पश्चान्महीपस्य हिताय नूनं यत्नः कृतोऽयं परमाग्रहेण ॥ ५ ॥
ये ये जनाः स्वार्थपराश्च सन्ति तेषां निवासो न हि युक्त एव ।
अतः समस्तान्खलु दुर्जनान् वै निष्कासितुं तेन कृता प्रतिज्ञा ॥ ६ ॥
दयालु सत्त्वस्थ रजोगुणस्थो नरेन्द्रवर्यो प्रसितः परेण ।
तदा समस्तैर्नृपवल्लभैश्च हितार्थवाक्यं कथितं न सत्यम् ॥ ७ ॥
एवं महीपो हि वशीकृतस्तैः स्वकीयलोकान् कृतवान् सकष्टान् ।
तस्मात्समस्तैर्नृपपूजनीयैस्सुमान्यगौरश्च कृताश्रितोऽभूत् ॥ ८ ॥
विचार्य तेनातिसुबुद्धिना वै कृत्यं तदीयं जनविप्रियं च ।
वरिष्ठगौराय निवेदितं तत् यज्जातमत्यन्तमपूर्वसर्वम् ॥ ९ ॥
लार्डेन पश्चात्सुनृपस्य राष्ट्रे नियोजितं तेन कमीशनं च ।
तत्रापि गत्वा किमु साधिता वै समस्तलोकैर्मनसेष्टसिद्धिः ॥ १० ॥
[१]मीडस्तु वृद्धः सगुणः सधैर्यस्तत्रागतो मान्यवरश्च गौरः ।
आगत्य राष्ट्रे सुपरीक्षितं तन्नरेन्द्रकृत्यं कथितं च सर्वैः ॥ ११ ॥
तस्यां कमेट्यां च नृपाश्रिता ये समागता अर्थपराश्च सर्वे ।
ये केचन प्राक्तनधन्यमन्यास्तेषां समाजो न गतः सभायाम् ॥ १२ ॥
एवं विदित्वा परचक्रगुह्यं सुभीरु जातो नृपतिस्तदानीम् ।
तेनैव राज्ञा परमादरेण निमन्त्रितः पारसिजातिकश्च ॥ १३ ॥
स प्राज्ञमन्त्री पुरुषो महात्मा समागतोऽप्यन्यजनैः समेतः ।
परं च तस्यापि मतिस्तु कुण्ठिताकृतातिनीचैर्नृपवल्लभैश्च ॥ १४ ॥

---

१ પોથીમાં અહીં મિ સુધારીને મી કર્યું છે.

नरेन्द्रवर्यस्य मनश्च नूनं वशीकृतं दुष्टनृपाश्रितैर्यैः ।
तेषां जनानां स्थितिचालने च यत्नः कृतस्तेन सुमन्त्रिणापि ॥ १५ ॥

तथापि राज्ञः कृतनिश्चयाद्वै न तस्य शक्तिश्चलिता कुतश्चित् ।
पश्चाच्च तेनातिसुदीर्घदृष्ट्या त्यक्तं वरिष्ठं नृपकार्यजातम् ॥ १६ ॥

गते च तस्मिन्सचिवे बलिष्ठे निराश्रितोऽभून्नृपनन्दनोऽसौ ।
परं च राज्ञा न विचारितं तद्यद्भावि भव्यं विपरीतदिष्टम् ॥ १७ ॥

कुमुद्वनं प्राप्य यथा मिलिन्दो मधुप्रलोभाद्रमते च तत्र ।
तद्वन्महीपो हि सरोरुहाक्ष्यां संसक्तजातोऽतिविमूढबुद्ध्या ॥ १८ ॥

तस्या विवाहो जनविप्रियस्य हेतुर्हि जातो जगतीतले च ।
तस्मिन्निषेधेऽपि कृते च राज्ञा नाङ्गीकृतं वाक्यमनुत्तमं वै ॥ १९ ॥

पश्चात्स गौरो नितरां सुरुष्टो जातस्तदानीं नृपतेश्च दैवात् ।
तथापि ताम्रैः सुयथार्थदृष्ट्या निष्कासितोऽन्यश्च पिलिर्नियुक्तः ॥ २० ॥

तेनैव ताम्रेण सुशोधितं वै यद्दत्तपूर्वं गरलं परस्मै ।
तस्मिन्विचारेऽपि समस्तकृत्यं नृपस्य दोषेण सुशङ्कितं च ॥ २१ ॥

निश्चित्य सर्वं मनसा बुधेन बन्दीकृतोऽसौ नृपपूज्यमानः ।
पश्चात्समाहूय समस्तलोकान् यज्जातपूर्वं प्रकटीकृतं हि ॥ २२ ॥

श्रुत्वा च राज्ञः परमं विकर्म जनाश्च सर्वे रुरुदुः स्वदुःखात् ।
तथापि ताम्रेण न मोचितोऽसौ दैवं गरिष्ठं सुखदुःखकाले ॥ २३ ॥

तेषां समाजेषु न कोऽपि शक्तो जातस्तदानीं नृपमुक्तये च ।
अत्रैव हेतुः समयो बलीयान् यो मित्रवर्गं कुरुते सुशत्रुम् ॥ २४ ॥

यदा हि दैवं प्रतिकूलमास्ते कालोऽपि तादृक् भवतीति सत्यम् ।
तयोर्हि नित्यं स्थितिराह वेदोऽप्यभिन्नसत्त्वा जगतः प्रकाशे ॥ २५ ॥

कालेन सर्वं जगतः प्रभुत्वं स्वाङ्गीकृतं दैवबलेन नूनं ।
तस्मात्समस्तैः परितो विलोक्य विचारणीया खलु तस्य शक्तिः ॥ २६ ॥

पश्चान्नरेन्द्रस्य कृतेर्विचारं कर्तुं नियुक्ता हि नृपाश्च गौराः ।
तेषां च षट्कं किल दूरदेशात् प्राप्तं तदानीं परिशोधनाय ॥ २७ ॥

निर्णीय तैस्त्यक्तनृपासनस्य तदीय[1] कृत्यं गरलप्रयुक्तं ।
दत्ता च पश्चात्खलु संमितश्च स्वबुद्धिवादेन सुभिन्नभिन्ना ॥ २८ ॥

---

१ પોથીમાં सर्वं च સુધારીને तदीयं કર્યું છે.

यदा च राज्ञः कृतपक्षकारी समागतो लंडनदेशवासी ।
बार्लिंटनाख्यस्तु तदैव तेन यत्नः कृतो हिन्दुजनैश्च मान्यः ॥ २९ ॥

तथापि दुष्कर्मवशेन तस्य नृपासनं हस्तगतं न जातम् ।
एतादृशं तेन सुकष्टदैवात् दुःखं च भुक्तं प्रतिबन्धजन्यम् ॥ ३० ॥

गते समस्ते च महीपवर्यो दुर्दैववेगात्बहुपीड्यमानः ।
सोद्वेगवृत्त्या निजजन्मदेशं त्यक्त्वा प्रयाणं कृतवान्सुदूरे ॥ ३१ ॥

कृते प्रयाणे च सुदुःखदेऽपि सर्वे जना धैर्यबलाश्रिताश्च ।
व्याजेन केनापि दुरुद्यमं वै चक्रुस्तदानीं नृपत्यक्तभूमौ ॥ ३२ ॥

तस्मिन्स कोलाहलतत्परे च जनस्य वृन्दे कृतधैर्यगौरः ।
दृषत्प्रहारादपि दुर्जनानां दुःखी स जातः खलु जाक्सनश्च ॥ ३३ ॥

यदा च भूमिर्नरदेवशून्या तदा हि तस्यां निखिलाश्च लोकाः ।
उद्विग्नबुद्ध्या च समस्तमैक्यं कृत्वा तदानीं प्रथिता भवन्ति ॥ ३४ ॥

एवं कलव्यात्मनि लोकरीतिं सुस्थापितोऽन्यः किल भाग्यशीलः ।
तेनैव कृत्वा परमा सुशांतिर्जाता हि पश्चात् वटपत्तने च ॥ ३५ ॥

तस्मिन्नवीने च कुमारराज्ञि सर्वे जना दैवबलं ह्यमंस्त ।
परं च केनापि सुमन्दवृत्त्या स्वसत्त्वलाभे हि कृतः प्रयत्नः ॥ ३६ ॥

प्राप्तं च तेनापि फलं सुकष्टं त्यक्ता तदानीं निजदेशभूमिः ।
इदं विदित्वा खलु वंशजैस्तत् परं सुमौनं वचसा धृतं तैः ॥ ३७ ॥

ततश्च राज्ञस्तनुरक्षणे च समागता पूर्वनृपस्य पत्नी ।
जम्नेति नाम्ना खलु सुप्रसिद्धा नियोजिता श्रेष्ठवराश्च मान्या ॥ ३८ ॥

स्मृत्वा तदत्यन्तमनर्घ्यकृत्यं राज्ञा कृतं यत्परिपालने वै ।
वरिष्ठगौरैर्बहुमानयुक्ता संप्रेषिता पूर्वनिवासभूमौ ॥ ३९ ॥

ततश्च तस्यां नृपराजधान्यां समागतो वाडववैष्णवाग्र्यः ।
आगत्य तेनातिसुशोधयित्वा मान्यं कृतं श्रेष्ठममात्यकृत्यम् ॥ ४० ॥

सुगुप्तमन्त्रे च महाप्रवीणो धुरंधरो ताम्रवरैश्च मान्यः ।
कर्तुं व्यवस्थां हि नृपाश्रितानां नियोजितोऽस्मिन् किल धर्मराज्ये ॥ ४१ ॥

तस्यैव विज्ञस्य महाप्रतापात् सुस्थापितं नेटिवमंत्रिकृत्यम् ।
एवं न चेत्तर्हि कुतो वरिष्ठैर्विवर्जितः स्वीयजनोऽपि बुद्ध्या ॥ ४२ ॥

एतादृशं यो गुणवान् गृही च समागतोऽदृष्टवशेन धन्यः ।
तस्यैवमाज्ञां शिरसा वहन्तु सर्वे जना कालगतिं हि दृष्ट्वा ॥ ४३ ॥

तस्मात्समस्तैः किल साभ्युपायैः संसेवनीयो बहुदूरदृष्ट्या ।
एवं कृते सर्वजनस्य दिष्टं सुसाधितं स्याच्च यथार्हमेव ॥ ४४ ॥

श्री बाला बगला बलस्य जननी बालस्य चेष्टा प्रिया
माङ्गल्या बहुमानदा बहुचरा बह्वर्थदात्री मुहुः ।
पञ्चाधिष्ठितपञ्चमं च विलसत्कामेशदेहाश्रिता
सा पायाज्जननी कुमारमधिपं श्रीसुन्दरी शारदा ॥ ४५ ॥

कौमारी शिखिवाहना बहुनुता भालेन्दुकान्ता चला
लावण्यातिशया बलिष्ठबलिनी ब्रह्मेन्द्रसंपूजिता ।
कालस्यापि कला कलंकरहिता स्वाहा स्वधारूपिणी
सा पायात्किल मातृका नृपसुतं श्रीराजराजेश्वरी ॥ ४६ ॥

कौबेरी कीरहस्ता मणिमुकुटधरा पानबोधप्रमत्ता
चेन्द्राणी चातिवीर्या परदमनकरी भाग्यदात्री भवानी ।
कामाक्षी कामपत्नी कलिमलदहना कालिका केलिगुह्या
सा पायाद्भोगरम्या नृपसदनगता नूतनं भूपसूनुम् ॥ ४७ ॥

गौरी सौष्ठवमण्डिता परगुहा पञ्चप्रकारार्चिता
कार्याकार्यविचक्षणा शिवनुता शर्मप्रदा शाम्भवी ।
जातं जातमनन्तलोकभुवनप्रख्यातमाना सदा
सा पायात्किल भाग्यमण्डिततनृपश्रीयन्त्रबिन्दुस्थिता ॥ ४८ ॥

एतादृशं पूर्वनृपस्य कृत्यं संकीर्तितं तेन कृतं यदस्ति ।
पौत्रेण गंगाधरशास्त्रिणस्तत् विचार्य भूपस्य हितं सदैव ॥ ४९ ॥

નોંધ—શાસ્ત્રી પટવર્ધનકુટુંબનો શ્રીમંત સયાજીરાવ મહારાજા (ત્રીજા) સાથે થયેલો મૂળ પત્રવ્યવહાર બતાવવા માટે શ્રીમધુસૂદન ઉર્ફે તાત્યાસાહેબ પટવર્ધનની આભારી છું.

સન્દર્ભગ્રંથ—૧ શાસ્ત્રી પટવર્ધન અને શ્રીમંત સયાજીરાવ વચ્ચેનો મૂળ પત્રવ્યવહાર

२ हिन्दुस्थानचे शिरोभूषण महाराणी जमनाबाईसाहेब गायकवाड यांचे चरित्र लेखक–सखाराम गणेश मुजुमदार, सरकारी छापखाना, १९०५.

૩ વડોદરાનરેશ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ત્રીજા ભાગ ૧, લે. ચિમનલાલ મગનલાલ ડૉકટર, તા. ૨૫–૪–૪૩, સયાજી સાહિત્યમાળા પુષ્પ ૨૮૩ મું.

અમદાવાદનો સમુદ્રકિનારો અને તેની વસવાટ પર અસરો

ર. ના. મહેતા, રસેશ જમીનદાર*

પ્રાસ્તાવિક :

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ચાલતા અમદાવાદવિસ્તારના ઐતિહાસિક સંશોધનમાં અમદાવાદનો વિકાસ તપાસતાં તેના ભૂપૃષ્ટની કેટલીક હકીકતો મળતી હતી, તે પૈકીની ભૂપૃષ્ટ અને સાબરમતીના પ્રવાહની કોયડારૂપ લાગતી પરિસ્થિતિ પર નવો પ્રકાશ પડ્યો છે તેની અત્રે ચર્ચા કરી છે.

માનવવસવાટની પ્રક્રિયાની પાર્શ્વભૂમિકારૂપ પૃથ્વી પર અસ્થિરતા અને સ્થિરતાનાં બલાબલથી ભૂસ્વરૂપમાં ફેરફારો થયા કરે છે તે વાત ભૂસ્તરશાસ્ત્રમાં સારી રીતે જાણીતી છે અને સામાન્ય લોકો પણ તેના કેટલાક અંશોથી પરિચિત હોય છે. પૃથ્વીનાં બાહ્યાભ્યંતર બલોની અસરથી આ પ્રક્રિયા ચાલે છે, તેનાથી ઉત્પન્ન થતાં ભૂ-સ્વરૂપો, પર્વતો, નદીઓ, તેમ જ તેની વિવિધ રચનાઓ દ્વારા સૃષ્ટિસૌંદર્ય તેમ જ તેની વિકરાળતા દષ્ટિગોચર થાય છે. તેનું અધ્યયન અતીતમાં થયેલા નૈસર્ગિક ફેરફારોની નષ્ટ સ્મૃતિને પ્રત્યભિજ્ઞા દ્વારા આપણી સમક્ષ ખડી કરે છે.

સામાન્યત : ગુજરાતના સપાટકાંપના પ્રદેશમાં બદલાયેલાં ભૂસ્વરૂપોનું અધ્યયન ઘણું મર્યાદિત રહ્યું છે. પરંતુ અહીં પણ બદલાયેલાં ભૂ-સ્વરૂપો સચવાયેલાં છે અને તેની વસવાટ પર અસર થાય છે, તેની વિગતો અત્રે નિરૂપી છે.

ભૂસ્વરૂપ :

અમદાવાદ સાબરમતી નદીના પૂર્વ કાંઠાપર આવેલું અને ક્રમશ : પશ્ચિમ કાંઠા પર વિકસેલું નગર છે. તેની પર સાબરમતીના મુખ્ય પ્રવાહની અને પ્રાદેશિક ધોવાણથી વિકસેલા ભૂપૃષ્ટની અસરો દેખાય છે.

આ ભૂપૃષ્ટ અને ભૂ-સ્વરૂપની વિવિધ અસરો અમદાવાદના વસવાટ પર થઈ છે. તેનું અધ્યયન કરતાં પહેલાં અમદાવાદના ભૂસ્વરૂપના કેન્દ્રમાં રહેલી સાબરમતી નદીની કેટલીક માહિતી આવશ્યક છે.

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર ૧૯૮૮-ફેબ્રુઆરી ૧૯૮૯, પૃ. ૧૦૩--૧૧૨

* ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪.

અમદાવાદ પાસે વહેતી સાબરમતીનું માહાત્મ્ય પદ્મપુરાણના ઉત્તર ખંડમાં આપેલું છે. અરવલ્લીની ગિરિમાળામાં અંબાભવાનીના તીર્થ નજીકથી ઉત્પન્ન થયેલી સાબરમતી ઉત્તર-ગુજરાતમાં મહેસાણા અને સાબરકાંઠા તથા અમદાવાદ જિલ્લામાંથી ઊંચી ભેખડો વચ્ચે વહે છે.

આ ઊંચી ભેખડો અને ઊંડાં કોતરોને લીધે તેનું શ્વભ્રવતી, સાભ્રમતી, સાબરમતી નામ યથાર્થ લાગે છે. આવી સાબરમતી નદીની પરિસ્થિતિ અમદાવાદ સુધી છે. પરંતુ અમદાવાદ પાસે શ્વભ્રવતી સાબરમતી તેનું ભૂસ્વરૂપ બદલે છે.

અમદાવાદની દક્ષિણ બાજુએ સર્પાષઆરો આવેલો છે. આ આરાથી થોડે દૂર કંકોડી કે કમકોરીનાં કારખાનાનો તેમજ શમરદીપ ટેકરાને નામે જાણીતા વિસ્તારો આવેલા છે. આ વિસ્તારો ટેકરા પર છે, તેની દક્ષિણે સપાટ જમીન છે. આ સપાટ જમીનની તપાસ કરતાં તે છેક સમુદ્ર સુધી ધીમે ધીમે ઢળતી જાય છે. એમ અમદાવાદની દક્ષિણ અને પશ્ચિમ તરફના ભાલપ્રદેશની તપાસ કરતાં સમજાય છે. અહીં સાબરમતીનો પ્રવાહ માત્ર પાંચેક મીટર કરતાં વધુ ઊંચાઈની ભેખડો ધરાવતો નથી, તેથી જેણે વિજાપુર, વડનગર પાસેના વિસ્તારોની ભેખડો જોઈ હોય તેને આ સાબરમતી નદીની ભેખડો જોતાં આશ્ચર્ય થાય અને સ્વાભાવિક પ્રશ્ન ઊભો થાય કે સાબરમતીએ અમદાવાદની દક્ષિણે કયાં કારણોથી પોતાનું સ્વરૂપ બદલ્યું હશે?

કાર્યપદ્ધતિ :

આ પ્રશ્નનો જવાબ આપવા માટે ભૂતળની ઊંચાઈ, ભૂસ્વરૂપની વધારે તપાસ, ભૂગર્ભ-જલ, સૂક્ષ્મ જીવોના અશ્મીભૂત અવશેષો આદિની તપાસ કરવાની જરૂર પડે. આ તપાસ કરવામાં મુખ્ય મુશ્કેલી કાયદાકીય છે. આપણા દેશમાં સારા નકશાઓ છે. પરંતુ સમુદ્રકાંઠાવિસ્તારના નકશાઓ આપણાં સંશોધનો માટે પ્રતિબંધિત હોવાથી તેનો ઉપયોગ કરવા માટે મુશ્કેલી છે. તેને માટે તેની પરવાનગી માગવાની લાંબી પ્રક્રિયામાં ઊતરીને તેનો ઉપયોગ કરવા માટે ઘણો સમય જોઈએ. તેથી આ માર્ગ અપનાવવાને બદલે અમદાવાદના પ્રતિબંધ સિવાયના વિસ્તારોની માહિતી મેળવીને, તેમ જ બીજી અપ્રતિબંધિત માહિતીને આધારે કામ કરવું પડે છે. આ કામ માટે સ્થાનિક ઊંચાઈની માપણી કરીને તેની મદદથી કેટલીક માહિતી મેળવી. કેટલીક માહિતી સ્થળ–પરીક્ષા દ્વારા મેળવવામાં આવી અને બીજી માહિતી પ્રત્યક્ષ તપાસ દ્વારા એકત્રિત કરી છે. આ કાર્યથી મળેલી માહિતીને પ્રગટ સાહિત્ય સાથે સરખાવીને તેનું અર્થઘટન કર્યું છે.

મોજણી :

અમદાવાદમાં સાબરમતી નદીના પ્રવાહની કેટલીક વિલક્ષણતાઓ પર અન્વેષકોનું ધ્યાન પ્રમાણમાં ઓછું ખેંચાયું છે. અહીં ઉસ્માનપુરા અને પશ્ચિમના ભાગો પર તપાસ કરતાં નદીની અગાસીઓ તૈયાર કરવાની અને ધોવાણની પ્રક્રિયાઓની અસરો દેખાય છે.

આ અગાસીઓ જોતાં સાબરમતી નદીથી એક અગાસી આશરે પાંચ મીટર ઊંચી છે, અને બીજી અગાસી આશરે સાડા પાંચ મીટર વધુ ઊંચાઈએ છે અને સૌથી ઉપરની જમીન

બીજા અઢી મીટરની ઊંચાઈ પર છે. આમ સૌથી ઉપરની સપાટીથી વિવિધ નીચાણુ પર આવેલી સપાટીઓની દરિયાની સપાટીથી ઊંચાઇ ગણવી હોય તો તે આ પ્રમાણે ગણાય. વાડજ, કાલુપુર જેવા વિસ્તારો દરિયાની સપાટીથી આશરે ૫૦–૫૨ મીટરની ઊંચાઈ પર છે. તેથી સાબરમતીની ઉપલી અગાસી આશરે ૪૭ મીટર અને તેની નીચેની અગાસી આશરે ૪૨ મીટર છે અને નદીની સપાટી આશરે ૩૭ મીટર છે. આ માપો વધુ સૂક્ષ્મ તપાસમાં થોડાં ઘણાં બદલાવા સંભવ છે. આ સપાટીઓમાં સૌથી ઉપર આશ્રમ રોડ, તેની નીચે હરિહરેશ્વર મહાદેવ, તથા આયુર્વેદિક ભવન અને રીઝર્વ બેન્કનું મકાન અને નીચે રામજીમંદિર આદિ વિસ્તારો છે.

આ અગાસીની તપાસ કરતાં કેટલીક બાબતો સ્પષ્ટ થાય છે. ખાસ કરીને સાબરમતી નદીના પશ્ચિમ ભાગમાં તપાસ કરવામાં આવતાં ઉપરોક્ત પરિસ્થિતિ ઠક્કર કૉલેજ વિસ્તારમાં દેખાય છે. અહીં સાબરમતી નદીના તળથી પ્રથમ અગાસી આશરે પાંચ મીટર ઊંચાઈ પર છે. પરંતુ અહીં તેની ઉપરની સપાટી આ સ્થળથી થોડે દૂર છે. આ વિસ્તાર પર આવેલી સળ પડતાં ભૂસ્વરૂપની પરિસ્થિતિમાં પ્રશાન્તપાર્ક સોસાયટીની સપાટી પર બીજી અગાસી અને હાલના સરખેજ રોડ પર સૌથી ઉપલી સપાટી હોવાનું સમજાય છે.

આ વિસ્તારમાં વાસણા, વેજલપુર, મકરબા, સરખેજ વિસ્તારમાં અર્ધચંદ્રાકાર ભેખડ દેખાય છે. આ ભેખડની ઊંચાઈ આશરે ચારમીટર હોઈ તે વિભાગમાં પાછળથી થયેલાં ધોવાણો, થોડા ઘણા જમીનની ઊંચાઈના ભેદો જોતાં આ ભેખડની નીચેની સપાટી પણ હરિહરેશ્વર મહાદેવ, પ્રશાન્તપાર્ક વિસ્તારના જેટલી આશરે ૪૭ મીટરની ઊંચાઈ દર્શાવે છે. તેની નીચેની સપાટી પર સ્કાઉટ કેન્દ્ર, ઠક્કર કૉલેજ, પ્રકાશ કૉલેજ આદિ ભાગો આવેલા છે. આ નૈસર્ગિક પરિસ્થિતિને લીધે ૧૯૭૨ની રેલમાં નીચાણવાળી અગાસી પર પાણી ભરાઈ ગયાં હતાં.

આ સમગ્ર તપાસમાં સાબરમતી નદી પર દેખાતી નીચલી અગાસીની સપાટી પૂર્વ તેમજ દક્ષિણ અને પશ્ચિમ તરફ એકસરખી ઊંચાઈ ધરાવતી અને ક્રમશઃ ઢળતી દેખાય છે.

આ બદલાયેલી પરિસ્થિતિ સાબરમતી તથા ખારી, મેશ્વો આદિ નદીઓ પણ દર્શાવે છે. તેથી નદીના કાંઠાની ઊંચાઈ આશરે પાંચ મીટરથી ઘટી જઈ ને આશરે અઢીથી ત્રણ મીટર જેટલી હોવાનું સેલ્વેથી શરૂ કરીને ભાલપ્રદેશની જુદી જુદી નદીઓમાં દેખાય છે. આમ અમદાવાદની દક્ષિણે અને પશ્ચિમે ઘણા મોટા પ્રદેશ પર દેખાતું ભૂસ્વરૂપ તેની જુદી જુદી ઊંચાઈઓની ચર્ચા જરૂરી છે.

સ્થળ	ઊંચાઈ મિટરમાં	વિવેચન
દિલ્હીદરવાજા	૫૦. ૨૯	અમદાવાદ વિસ્તારની આ ઊંચાઈ જોતાં આ વિસ્તારની સરેરાસ ઊંચાઈ ૫૦. ૫૧ મીટરની ગણાય
પ્રેમદરવાજા	૫૧. ૮૨	
નારણપુરા	૫૦. ૨૯	
કાલુપુર સ્ટેશન	૫૨. ૫૦	
મણિનગર	૫૦. ૦૦	
વટવા	૪૬. ૫૦	
ગેરતપુર	૩૮. ૦૦	

સાબરમતીની આશ્રમરોડ પાસેની પરિસ્થિતિ :

સાબરમતીનું તળ અમદાવાદની સરેરાશ ઊંચાઈથી આશરે બારમીટર નીચું છે એમ તેની ગાંધીપુલ પાસેની ૧૧ મીટર અને એલીસબ્રીજ પાસેની ૧૨ મીટર ઊંચાઈથી જણાય છે. સરદારપુલ, નહેરૂપુલ નીચાણવાળા, ધોવાણના વિસ્તારો પર છે તે સૂચક છે. આમ આ પરિસ્થિતિમાં સાબરમતીનું તળ અમદાવાદવિસ્તારમાં ૫૦ મીટર કરતાં ૧૨ મીટર ઓછું અર્થાત્ સમુદ્રની સપાટીથી આશરે ૩૮ મીટર પર છે. તે અમદાવાદની દક્ષિણે વધુ નીચું સ્વાભાવિક રીતે થાય છે.

અમદાવાદવિસ્તારમાં સાબરમતી નદીના પશ્ચિમ કાંઠાપર નવરચનાથી થયેલી અગાસીઓ ઉપર જણાવ્યું તેમ આશરે ૪૨ મીટર અને ૪૭ મીટર પર છે. આ પરિસ્થિતિ જોતાં વટવાની ઊંચાઈ આશરે ૪૭મીટર અર્થાત્ સાબરમતીની ઉપલી અગાસી સાથે સામ્ય ધરાવે છે, અને ત્યાંથી ગેરતપુર પર નીચાણ ૩૮ મીટર છે, તે હાલની સાબરમતીની અમદાવાદવિસ્તારની ઊંચાઈ સાથે સામ્ય ધરાવે છે. ગેરતપુરથી જમીનની સપાટીની રેલ્વે તેમજ પશ્ચિમના વિસ્તાર પર ખાસ ઊંચાઈ વધતી નથી તે જોતાં ૩૮ મીટર એ સામાન્ય ઊંચાઈ છે, આમ અમદાવાદની દક્ષિણે ઘટી ગયેલી ઊંચાઈ અને અમદાવાદની સ્થાનિક ઊંચાઈ કેટલોક અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત કરે છે.

મોજણીની આ પ્રક્રિયા દરમિયાન અમદાવાદના ભૂપૃષ્ઠનું બીજું સ્વરૂપ સ્પષ્ટ થયું. આ સ્વરૂપ અહીંના અર્ધચંદ્રાકાર સ્વરૂપના વિવિધ ટીંબા કે ટેકરાનું હતું. આ સ્વરૂપની પરીક્ષા કરતાં તે વેજલપુરવિસ્તારમાં શ્રેયસથી શરૂ કરીને નવરંગપુરાના યુનિવર્સિટીવિસ્તારોમાં ફેલાયલા છે, તદુપરાંત જોધપુર અને થલતેજના આવા ટેકરાઓ છે. સાબરમતીની પશ્ચિમે ગંજ શહીદ, દાણીલીમડા, કાંકરીઆ, ઘોડાસર, વટવા, હાથીજણ આદિ વિસ્તારોમાં તે ફેલાયેલા છે. વટવા, જોધપુર, થલતેજ તેમજ શ્રેયસ અને ગંજશહીદ પર તે સ્પષ્ટ દેખાય છે. જ્યારે બીજા ભાગોમાં તેની પર વસેલાં નગરથી તે કંઈક અસ્પષ્ટ થયા છે.

આ તમામ ટેકરાઓનું ભૂસ્વરૂપ પવનથી ઊડતા રેતનું છે. તેની દિશા જોતાં તે નૈઋત્યથી ઈશાન તરફ જતા પવનો સૂચવે છે. તેની ભૌગોલિક પરિસ્થિતિ જોતાં તે તમામ ટેકરાઓ આશરે ૪૭ મીટર કરતાં ઉપરની સપાટી પર દેખાય છે. તેથી એક વાત સ્પષ્ટ થાય છે કે આ ટેકરાઓ જ્યારે બન્યા ત્યારે ૪૭ મીટર અને તેની ઉપરની સપાટીએ જમીન હતી. તેની નીચેની સપાટી પર શું હશે એ સ્વાભાવિક પ્રશ્ન ઊભો થાય છે.

હાલ આ સપાટી એ જમીન છે. તે ક્રમશઃ દરિયા તરફ ઘટતી જાય છે. તેની પર ટેકરાઓનો અભાવ છે. આ જમીન હાલ ભાલને નામે જાણીતી છે. આ ભાલપ્રદેશનું સામાન્ય લક્ષણ તેની ઉપરની કાળી જમીન, તેના તળમાં મોટે ભાગે ખારું પાણી છે. આ પરિસ્થિતિ દસક્રોઈ વિભાગમાં પ્રમાણમાં ઓછી છે. પરંતુ અહીં પણ મીઠાપાણીનો પુરવઠો વધુ પ્રમાણમાં ખેંચી લેવામાં આવે તો પાણી ખારું થઈ જવાનો સામાન્ય અનુભવ છે.

અમદાવાદવિસ્તારમાં વેજલપુર તરફ તપાસ કરતાં વેજલપુર, શ્રેયસ આદિના ઊંચાણવાળા ભાગોમાં મીઠું પાણી અને જુહાપુરા જેવા વિસ્તારોમાં ખારું પાણી મળતું દેખાય છે. સાણંદથી વિરમગામ તરફ જતાં પણ આવી પરિસ્થિતિ પેદા થાય છે તે નોંધવાની જરૂર છે. પાણીની આ પરિસ્થિતિની વિભાજનરેખા પણ ૪૭ મીટર અને તેની નીચેની ૩૮ મીટરની ભૂમિ પર હોવાનું સમજાય છે.

સ્થળ–નામો :

આ અવલોકનો પરથી આ ભૂસ્વરૂપના ફેરફારો સ્પષ્ટ દેખાય છે. તેનો પડઘો કેટલાંક સ્થળ–નામોમાં પડેલો દેખાય છે. આ સ્થળનામો પૈકી જોધપુરનો ટેકરો, થલતેજ કે શોલાનો ટેકરો, ગંજશહીદનો ટેકરો આદિ સ્પષ્ટ છે. પરંતુ ઘોડાસર અને હાથીજણ જેવાં નામો પણ ટેકરાનું સૂચન કરે છે. આ સ્થળ–નામો સાથે ખામધ્રોળ જેવાં નામો જોતાં તેમાં ખામ અર્થાત ભેખડ અને ધ્રોળ અર્થાત કંઈક ઢાળવાળી જગ્યાનું સૂચન થાય છે. તદુપરાંત સપ્તર્ષિ આરા પાસેનું સ્તંભતીર્થ પણ આવું નામ છે. આ નામો પરથી આ વિસ્તારના ભૂભાગ પર અસરકારક નામાભિધાન થયું હોવાનું સ્પષ્ટ થાય છે.

અશ્મીભૂત અવશેષો અને ઓજારો :

આ પરિસ્થિતિમાં આ વિસ્તારની સૂક્ષ્મ તપાસ આવશ્યક છે. સદ્ભાગ્યે આ તપાસમાં અહીંના ટેકરાઓ પરથી અન્ત્યાશ્મયુગના અવશેષો ડૉ. પ્રિયબાળા શાહ, વસંતલાલ ત્રિવેદી, ગુજરાત રાજ્યના પુરાતત્ત્વખાતાએ, તથા મ્યુઝિયમના ડૉ. ભોમિક તથા ધારસિંહ બારોટ અને લેખકે મેળવ્યા હતા.

પરંતુ તેના કરતાં વધુ મહત્ત્વનાં ભૂસ્તરીય સંશોધનમાં પ્રો. સુકુમાર મેઢના કાર્યથી આ ટેકરાઓમા ફોરામીનીફેરા નામના સૂક્ષ્મ જીવોનું અસ્તિત્વ જાણવામાં આવ્યું છે, તેથી આ ભૂસ્વરૂપ સમજવા માટે કેટલોક માર્ગ ખુલ્યો છે.

અર્થઘટન :

આ સમગ્ર પરિસ્થિતિ જોતાં સરખેજથી વાસણા સુધીની ભેખડોને કોઈ નદીનો અથવા સાબરમતીનો જૂનો પ્રવાહ હોવાની માન્યતાનાં બાધક પ્રમાણો ઊભાં થાય છે. કારણ કે આ ભેખડો સાબરમતી નદીની પૂર્વમાં પણ લાંબા અંતર સુધી જાય છે. એ પરિસ્થિતિનાં બે અર્થઘટનો શક્ય બને છે. પ્રથમ અર્થઘટનમાં જૂની નદીના પ્રવાહની માન્યતાને આગળ વધારવી હોય તો તે નદી પૂર્વથી પશ્ચિમ વહેતી હોવાની કલ્પના કરવી પડે, પરંતુ તેવો કોઈ નદીનો પ્રવાહ કે તેની સ્પષ્ટ માહિતી ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી આ માન્યતા સ્વીકારવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

બીજા અર્થઘટન પ્રમાણે સાબરમતીનો પ્રવાહ અમદાવાદની દક્ષિણે પૂરો થઈ જતો હતો અને વિશાળ પટમાં મળી જતો હતો એમ સ્પષ્ટ દેખાય છે. આ વિશાળ પટ આશરે ૪૦

કિલોમીટર કરતાં વધુ પહોળો હતો તેથી સાબરમતીના હાલના પ્રવાહની આશરે અડધા કિલોમીટરની પહોળાઇની સરખામણીમાં ઘણો વધારે હોવાથી સાબરમતી નદીનું સ્વરૂપ જ બદલાઈ જાય છે. તેથી આ સમગ્ર વિસ્તારમાં સાબરમતી ભેખડ વિનાની અને પોતાનો તટ વારંવાર બદલતી દેખાય છે.

નદીઓના અધ્યયનમાં આવી પરિસ્થિતિ નદીના સાગરસંગમ પાસે જ શક્ય બને છે, તેથી આ ભૂસ્વરૂપ સાગરસંગમનું સૂચક હોવાનું સાધાર અનુમાન થઈ શકે છે અને તેને સેટેલાઈટે લીધેલાં ચિત્રો, તેમ જ નકશાઓ પુષ્ટ કરે છે.

જો આ સ્થળે સાગરસંગમની કલ્પના કરવામાં આવે તો સમુદ્રકાંઠાની અન્ય પરિસ્થિતિમાં ત્યાં ઉત્પન્ન થતા રેતના અર્ધચંદ્રાકાર ટીંબાઓ ધ્યાન ખેંચતા હોય છે, તેવી પરિસ્થિતિ આ પ્રદેશમાં દેખાય છે. તેની સાથે આ ટીંબાઓમાંથી સમુદ્રમાં થતાં સૂક્ષ્મ પ્રાણીઓના અશ્મીભૂત અવશેષો પણ મળ્યા છે.

સામાન્યત: આ સૂક્ષ્મ પ્રાણીઓના અવશેષો ટીંબામાંથી મળે તો તેથી એક વિવાદ સર્જાય છે. આ અવશેષો પવન ઘણે દૂર સુધી ઊંચકી જતો હોવાથી તે જમીન પર દૂરના ટીંબામાંથી મળવાનો સંભવ છે. પરંતુ ભૂસ્વરૂપ અને બીજા પુરાવાઓ સાથે આ પુરાવો સમુદ્રને કાંઠે આ પ્રદેશ હોવાના અનુમાનને પુષ્ટ કરે છે.

આમ આ પુરાવાઓ સમગ્ર દષ્ટિએ અમદાવાદ પાસેના સમુદ્રકાંઠાના હોવાનું અનુમાન બળવાન કરે છે, અને તે બધાં સાધક પ્રમાણોની મદદથી આ પ્રદેશમાં અમદાવાદનો વિસ્તાર એક વખતે સમુદ્રતટ પર હતો એમ દર્શાવે છે.

આ સમુદ્રની આજની સમુદ્ર સપાટીથી વધુમાં વધુ ઊંચાઈ ૪૭મીટર કરતાં વધારે ન હતી અને સામાન્ય સપાટી આશરે ૩૮ મીટર હતી તેથી આશરે નવ મીટર જેટલા વિસ્તારમાં તેનાં ભરતીઓટની સીમા હોવાનું અનુમાન થઈ શકે છે.

કાલગણના :

આ સમુદ્ર આ સ્થળે ક્યારે હશે એ સ્વાભાવિક પ્રશ્ન ઉત્પન્ન થાય, તેને માટે સૂક્ષ્મ કાલગણના આવશ્યક છે, પરંતુ તેને માટેની કેટલીક સૂચક હકીકતો મળે છે.

અમદાવાદવિસ્તારના થલતેજ, શ્રેયસ, વટવા જેવા વિસ્તારોમાંના ટેકરાઓ પરથી અન્ત્યાશ્મયુગનાં પથ્થરનાં ઓજારો મળ્યાં છે. આ યુગની પ્રાચીનતા બાબત વિચારણા કરતાં ભારતના વિવિધ ભાગોમાંથી તેની સમયમર્યાદા ઈ. સ. પૂર્વે ૨૫૦૦ થી શરૂ કરીને આશરે ઈ. સ. પૂર્વે ૧૩૦૦૦ સુધી વિસ્તરતી દેખાય છે. આ પરિસ્થિતિમાં અમદાવાદની આ વસાહતોને ગુજરાતમાંથી મળેલા સમયાંકન પ્રમાણે આશરે ઈ. સ. પૂ. ૨૫૦૦ ની આજુબાજુની ગણવામાં આવે તો જે ટેકરા પર આ વસતી છે તે ટેકરાઓ આશરે પાંચ હજાર વર્ષ પર અસ્તિત્વ ધરાવતા હોવાનું સાધાર અનુમાન થાય.

જો અન્ત્યાશ્મ યુગની પ્રવૃત્તિનાં સૌથી જૂનાં પ્રમાણો જોવામાં આવે તો આ સમયગાળો વધુ પાછળ લઈ જવામાં વાંધો આવે એમ નથી. આ સંસ્કૃતિના અવશેષો વાતાવરણની નજરે આધુનિક વાતાવરણની પરિસ્થિતિ દર્શાવે છે. આ પરિસ્થિતિ સમગ્ર વિશ્વમાં છેલ્લાં આશરે બારેક હજાર વર્ષથી હોવાનો મત છે. તેમ જ ગુજરાતમાં હાલની કાળી માટી બનવાની પ્રક્રિયાની તપાસ કરતાં તેનો ઇતિહાસ પણ આશરે આઠ દશ હજાર વર્ષનો થવા જાય છે.

આમ પુરાવસ્તુના અવશેષો તથા કુદરતી પરિસ્થિતિનું સમગ્ર અવલોકન કરતાં અમદાવાદનાં તથા ભાલપ્રદેશનાં ભૂપૃષ્ટ, જમીન આદિનું સ્વરૂપ દશેક હજાર વર્ષ પહેલાં ઘડાઈ ચૂક્યું હતું. આથી અમદાવાદમાં મળતી કાંઠાની પરિસ્થિતિ બાબત વિચારણા કરવી પડે છે. સમગ્ર દષ્ટિએ આ પરિસ્થિતિ આશરે દશ હજાર વર્ષ કરતાં વધુ જૂની હોવાનું સાધાર અનુમાન થાય છે.

પરંતુ આ કામ કરતાં તે કેટલું વધુ પ્રાચીન હશે તેનો ઉત્તર વધુ સંશોધનોની અપેક્ષા રાખે છે. જો માત્ર સાબરમતીની ઉત્તર ગુજરાતની ભેખડોની કાલનિર્ણયની પરીક્ષા પર આધાર રાખીને વિધાન કરવું હોય તો આ સમય ૪૦,૦૦૦ વર્ષ કરતાં જૂનો ગણાવાનો સંભવ છે. પરંતુ તેની વધુ પરીક્ષા કરવી ઉચિત છે, અને ત્યારબાદ આ સમયાંકનમાં વધુ ચોકસાઈ આવશે.

અમદાવાદના વસવાટ પર અસરો

સામાન્યતઃ મનુષ્યનો વસવાટ વિવિધ ભૌગોલિક પરિસ્થિતિઓ પર આધાર રાખે છે. તેમાં વરસાદ, હવા પાણી આદિની સાથે સ્થાનિક ભૂપૃષ્ટ પણ મહત્ત્વનો ભાગ ભજવતું હોવાનું સામાન્ય વિધાન કરી શકાય, પરંતુ આ સામાન્ય જ્ઞાનનો જુદાં જુદાં સ્થળોએ કેવો ઉપયોગ થાય છે, અને તેની માનવવસવાટ પર કેવી અસર થાય છે તે બાબત વિગતવાર અધ્યયન આવશ્યક છે. સાબરમતીનદીનાં ભૂપૃષ્ટાદિની અમદાવાદ પાસેની આ ભૌગોલિક પરિસ્થિતિની તેના સ્થાનિક ઇતિહાસ અને ભૂમિના ઉપયોગ પર કેટલીક અસરો સ્પષ્ટ થાય છે તેની ચર્ચા અત્રે કરી છે.

અમદાવાદની માનવવસવાટની પ્રક્રિયા જોતાં તેનો પ્રારંભ ઊંચા ટેકરાઓ પર થયો હોવાનું સ્પષ્ટ થાય છે. અહીંના અન્ત્યાશ્મયુગના માનવવસવાટની નિશાનીઓ થલતેજ, શ્રેયસ, વટવા, આદિ ટેકરાઓ પર મળી છે. તેથી આ ટેકરાઓ પર આ યુગમાં બીજી ઘણી જગ્યાએ જોવામાં આવતા માનવવસવાટની માફક આ પ્રક્રિયા દેખાય છે.

પવનથી બનેલા રેતના અર્ધચંદ્ર ટેકરાઓની તળેટીમાં 'બોડાં'ને નામે ઓળખાતાં છીછરાં સરોવરો કે તળાવો તૈયાર થાય છે, તેવાં તળાવો વેજલપુરનું મલાવ, થલતેજનું બોડકાદેવનું સ્થાન, જોધપુરાના ટેકરાના પૂર્વના ભાગોમાં ભરાઈ રહેતું પાણી, તથા યુનિવર્સિટીવિસ્તારમાં ભરાતું પાણી, આંબાવાડીની જૂની તલાવડી, લખુડી તળાવ તેમ જ પૂર્વમાં કાંકરિયા જેવાં તળાવો મૂળ રેતીના ટીંબા નીચે હતાં અને પાછળથી માનવપ્રયત્નથી તે ઊંડાં તથા ઘાટવાળાં બનાવવામાં આવ્યાં છે.

અમદાવાદના પશ્ચિમ વિસ્તારોમાં જૂની વસતી માત્ર નદીને કાંઠે તેમ જ રેતના ટીંબા પર કે તેનાથી દૂર હતી, તેનું કારણ પણ આ ટેકરાઓની નીચે ભરાઈ રહેતાં પાણી હોવાનો સંભવ છે.

આ વિસ્તારોનો ઉપયોગ આ સદી સુધી થયો ન હતો. તેનો આજે ઉપયોગ કરવા માટે બહારથી માટી લાવીને વસવાટની જગ્યા થોડી ઊંચી બનાવવાના પ્રયત્નો અને ખર્ચના મૂળમાં કુદરતી પ્રક્રિયા છે.

તદુપરાંત પાલડી અને તેની દક્ષિણે નજર કરતાં સ્પષ્ટ થાય છે કે જૂના નીચાણવાળા ભાગોમાં જૂની વસતી મળતી નથી. પરંતુ આધુનિક વિકાસમાં રેલની શકયતાના સંભવને ઓછો ગણીને, આ વિભાગમાં જમીનની કિંમત ઓછી ગણાતી હોઈ ત્યાં ઘણી બાંધકામ મંડળીઓએ મકાનો તૈયાર કર્યાં તેમાં જ્યારે રેલ આવે ત્યારે પોતાની વર્ષોની મહેનતે મેળવેલી ઘરવખરીનો નાશ થતો ત્યાંના રહેવાસીઓએ જોયો છે તે કુદરતી રચનાની ઉપર વિજય મેળવ્યાના તથા સસ્તી કિંમતે આવાસ મેળવ્યાના ક્ષણિક સંતોષનું ફળ હોવાનું પણ લાગે છે.

અમદાવાદની મુખ્ય વસતીએ પોતાનું રહેઠાણનું સ્થાન પ્રાચીન ભૂસ્વરૂપના ઊંચાણવાળા ભાગ પર રાખેલું હતું તેથી રેલ વખતે તે વિસ્તારોમાં ઓછું નુકસાન થાય છે. અહીં નદીનાં ધોવાણની પ્રક્રિયાથી જે ભાગની ઊંચાઈ ઓછી હતી તે ભાગમાં રસ્તાઓ તૈયાર કર્યા હતા, તેની પાસેની દુકાનોની તથા મકાનોની રચનામાં ઊંચા ઓટલાનો ઉપયોગ સામાન્ય હતો. આ પ્રકારની વસવાટની પ્રક્રિયા નદીકાંઠાનાં ઘણાં નગરોમાં જોવામાં આવે છે.

અમદાવાદમાં ખાસ કરીને દાણીલીમડા તથા કેલીકોની દક્ષિણે નીચાણવાળા ભાગોમાં ઘણું પાણી ભરાઈ રહેતું અને સામાન્ય ઢોળાવ આ દિશામાં હોવાથી અહીં સુએજ ફાર્મનો પણ વિકાસ થયેલો દેખાય છે. પરંતુ ત્યાં મોટી વસતીનો વિકાસ પ્રમાણમાં ઓછો અને આધુનિક છે.

તદુપરાંત આ નીચાણવાળા પાણી ભરાઈ રહેતા વિભાગમાં ડાંગર જેવા પાક દશક્રોઈમાં અને ભરાઈ રહેલાં પાણી સૂકાયા પછી ભાલમાં થતા ઘઉં જેવા પાકો પર પણ આ ભૌગોલિક અસરો હોવાનો પૂરતો સંભવ છે. પરંતુ આ લેખમાં અમદાવાદની આજુબાજુના વિસ્તારને લક્ષમાં રાખેલો હોઈ આ બાબત વધુ ચર્ચા કરી નથી.

સાબરમતી નદી પણ અમદાવાદની દક્ષિણે તેનું મોટી ભેખડો વચ્ચે વહેવાનું સ્વરૂપ છોડી દઈને ઘણા પહોળા વિસ્તારમાં વહેતું નીચી ભેખડોવાળું સ્વરૂપ ધારણ કરે છે, તેથી તેના પ્રવાહો બદલાય છે અને તેથી તેના કાંઠાનાં ગામોમાં ફેરફાર થાય છે. નદીની રેતી અને કાંપની પરિસ્થિતિ બદલાય છે તેની વિગતો અમદાવાદ ગેઝેટીઅરની ૧૮૭૯ની આવૃત્તિના પાંચમા પાના પર આપી છે અને તે રત્નમણિરાવે ગૂજરાતના પાટનગર અમદાવાદના પૃ. ૮ પર ઉધ્ધૃત કરી છે. આ ભૂસ્વરૂપ સમુદ્રની સપાટી બદલાયા પછીનું છે.

આમ સામાન્યત: ગુજરાતના સપાટ કાંપવાળા પ્રદેશમાં અમદાવાદ આવેલું છે. એ માન્યતા વ્યવસ્થિત સ્થાનિક અધ્યયનથી બદલાય છે, એટલું જ નહીં પણ અમદાવાદની દક્ષિણે નીચા પ્રદેશમાં વહેતી અને પોતાનું વહેણ બદલતી સાબરમતી, ખારી જેવી નદીઓએ તેની વ્યવસ્થિત ભેખડોવાળી ભૂમિ પર ગઈ સદીમાં વહેણ બદલવાની સંભાવનાઓ ઊભી કરી હતી.

આ સંભાવનામાં શ્રીગુજે ઊભી કરેલી કલ્પનાને રત્નમણિરાવે ટેકો આપીને માણેકનદીનો પ્રવાહ બદલાયો હોવાની ચર્ચા તેમના ગ્રંથના ચોથા પ્રકરણમાં વિસ્તારથી કરી છે પરંતુ તેમના નિર્ણયો કંઈક અસ્પષ્ટ રહ્યા હતા. અમદાવાદ નદીના કાંઠાનું નગર છે. તેથી નદીની બન્ને બાજુએથી તેમાં જુદાં જુદાં નાળાં આવતાં, તેવા નાળામાં ડફનાળુ, ચંદ્રભાગા, ખારુનું નાળું આદિનું સ્પષ્ટ સ્વરૂપ અમદાવાદમાં જાણીતું છે. તે પ્રકારનું કાલુપુર–દરિયાપુર વિસ્તારમાંથી આવતું નાળું ચંદ્રભાગાની માફક માણેકનદીને નામે ઓળખાયું એટલું જ નહીં પણ આ નામ બીજાં નાળાંને માટે પણ આપવામાં આવ્યું. આમ નદીકાંઠાનાં નાળાંને સંભવતઃ અમદાવાદની દક્ષિણે જોવામાં આવતી સાબરમતીની પ્રક્રિયા સાથે ભેળવી દઈને અથવા માત્ર કલ્પનાને બળે તેને માટે મોટી નદીના સ્વરૂપની નિરાધાર કલ્પના ઊભી કરી હોવાનું સ્પષ્ટ થાય છે.

તદુપરાંત અમદાવાદ, આશાવલ અને કર્ણાવતીના વસવાટની પ્રક્રિયા પર પણ આ ભૌગોલિક પરિસ્થિતિની અસરો દેખાય છે. અહમદશાહે વસાવેલું પોતાનું નિવાસ–સ્થાન અમદાવાદ સાબરમતીની ઊંચી ભેખડ પર છે, તેની બન્ને બાજુએથી જૂનાં નાળાં પસાર થતાં હતાં. આશાવલ આજના આસ્ટોડિયા, ઢાળની પોળ, રાયપુરવિસ્તારના ઊંચા ભાગ પર હતું. આશાવલનાં જૂનાં રામનાથ, કામનાથ જેવાં શિવાલયો તે ગામ બહારનો વિસ્તાર દર્શાવે છે. કર્ણદેવ સોલંકીનું લશ્કરી મથક કર્ણાવતી સપ્તર્ષિઆરા, કેલીકોની દક્ષિણે સારાનગર આદિ વિસ્તારમાં હતું. આ વિસ્તાર પણ ઉંચી ભેખડ પર હતો એમ 'કર્ણાવત્યાં સ્તંભતીર્થે' લખાણવાળા શિલાલેખ પરથી સ્પષ્ટ થાય છે.

આથી અમદાવાદના પુરોગામી વસવાટો, અમદાવાદનો પોતાનો વસવાટ અને તેના અનુગામી વસવાટો ભૌગોલિક પરિસ્થિતિ લક્ષમાં રાખીને થયા હતા. આ પરિસ્થિતિ આજના જમાનામાં પ્રમાણમાં ઓછી ધ્યાનમાં લેવામાં આવે છે, તેથી રેલ જેવા પ્રસંગોએ મુશ્કેલી સર્જાય છે.

આભારદર્શન :

અમદાવાદના ઇતિહાસના સંશોધનનો વિચાર સ્વીકારીને તેનું આયોજન તથા પ્રવૃત્તિને ઉત્તેજન આપવા માટે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક અને ઇતિહાસવિભાગના અધ્યક્ષશ્રી રામલાલ પરીખનો આભાર માનું છું.

અમદાવાદનાં ક્ષેત્રકાર્યમાં સહકાર્ય કરનાર પ્રો. રસેશ જમીનદાર, ડૉ. પંકજ દેશાઈએ આ કાર્યની સ્થળ–તપાસમાં અનેકવિધ સ્થળોની મુલાકાત સાથે લીધી છે તેમનો આભાર માનું છું. આ કાર્ય માટે માપણીનાં સાધનો મ. સ. યુનિવર્સિટીના પુરાવસ્તુવિદ્યા વિભાગે પૂરાં પાડ્યાં હતાં

તે માટે પ્રો. હેગડે અને તેમના સાથીઓનો ઋણી છું. માપણીમાં ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ શ્રી મોતી અને સલીમે સહકાર આપ્યો હતો.

આ લેખની વિવિધ વિગતોની ચર્ચા કરવા તથા તેમાં સૂચનો કરવા માટે પ્રો. ડૉ. મેઢ, શૈલેષ નાયક જેવા ભૂસ્તરવિદ્યાના તજજ્ઞો તથા આ નિબંધનો કેટલોક ભાગ મેરીન આર્કિયોલૉજીના અધિવેશનમાં રજૂ થયો ત્યારે તેની પર ચર્ચા કરનાર વિદ્વાનોનું પણ ઋણ સ્વીકારું છું.

ક્ષત્રપકાલીન મસ્તક

રજની ત્રિવેદી*

ગુજરાતમાં અનેક સ્થળોએથી ક્ષત્રપકાલીન સ્થાપત્યો,[1] શિલ્પો પ્રાપ્ત થયેલ છે. તે પૈકી તળાજાનો એભલમંડપ, જૂનાગઢ પાસે ખાખરા કોડિયાનો મહેલ તરીકે ઓળખાતી સંભવતઃ બૌદ્ધગુફાઓ, ઉપરકોટની ગુફાઓ, બાવાપ્યારાના મઠ તરીકે ઓળખાતી ગુફાઓ, બોરિયાનો સ્તુપ, ઈંટવાટેકરીના ખોદકામમાંથી પ્રાપ્ત થયેલ રુદ્રસેન–વિહાર–સાણાની ગુફાઓ, જેતપુર પાસે ખંભાલિયાની ગુફાઓ, ઝગડીયા પાસે કડિયાડુંગરની ગુફાઓ, દેવની મોરીનો સ્તુપ, શામળાજીમાંથી પ્રાપ્ત થયેલ શિલ્પો પૈકી ગણોનાં શિલ્પ, માતા[2] બાળક, ભીલડીવેશે[3] પાર્વતી, ચામુંડાદેવીનું[4] શિલ્પ, શામળાજી મેશ્વોનદીના બંધમાંથી પ્રાપ્ત થયેલ ગ્રીક દેવતા એટલાશની[5] પ્રતિમા, ખેડબ્રહ્માનું[6] એકમુખલિંગ, કાકાનીસિંહણ[7] (સૌરાષ્ટ્ર), સોજીત્રા[8], દોલતપુર,[9] (કચ્છ), નાં ક્ષત્રપકાલીન મસ્તકો, જૂનાગઢ, અમરેલી, કારવણ, વડોદરા, કામરેજ, વગેરે સ્થળોએથી પ્રાપ્ત થયેલ પકવ[10] મૂર્તિકાઓ : (TERRACOTTA) ગુજરાતનાં જુદાં જુદાં સ્થળોએથી પ્રાપ્ત થયેલ ક્ષત્રપકાલીન શિલાલેખો, તામ્રપત્રો, સિક્કાઓ, ઈ.સ.ની પ્રથમ સદીથી ચોથી સદી સુધી ગુજરાતમાં પ્રવર્તતા ક્ષત્રપકાલીન સામ્રાજ્યનું સમર્થન કરે છે.

આ લેખના લેખકને સાદરા (તા. દહેગામ) ગામની ભાગોળે સાબરમતી નદીના પૂર્વના તટપ્રદેશ પરથી અન્વેષણમાંથી વધુ એક ક્ષત્રપકાલીન શિલ્પ પ્રાપ્ત થયું છે (આકૃતિ ૧). આ શિલ્પ ઘણું નાનું ૨‌॥ × ૪॥ × ૨ સે.મી.ના પ્રમાણમાં લીલા મરકત પાષાણમાંથી કંડારવામાં આવ્યું છે. કમનસીબે આ મસ્તક ઘણું ઘસાયેલું હોવાથી કંઠહાર અને પ્રભાવલી આ છબીમાં સુસ્પષ્ટ દેખાતાં નથી. આ શિલ્પ કોઈ ખંડિત મૂર્તિનો ભાગ નથી. સ્વતંત્ર સપાટ આસન પર બેસાડેલું છે. ઘી જેવા ચીકણા પદાર્થના મર્દનથી કાળું જણાય છે. કેશને સેંથી પાડી સુંદર રીતે ઓળવામાં આવ્યા છે. લંબગોળ મુખ, ગાલ ઉપસેલા અને ભરાવદાર છે. વિસ્ફારિત નેત્ર ખેડબ્રહ્માના એકમુખ લિંગ સાથે સરખાવી શકાય. નાસિકા પ્રમાણમાં વધુ લાંબી અને તેનો અગ્રભાગ ખંડિત છે. ઓષ્ટ વધુ પડતા જાડા છે. મસ્તકની પાછળ ઉપરના ભાગમાં સાંકળી પ્રભાવલી દર્શાવવામાં આવી છે. તેની ઉપર ઊભી પ્રકાશરેખાઓ દર્શાવવામાં આવી છે. આ શિલ્પ કોઈ હિન્દુદેવીનું (સંભવિત પાર્વતી ?) હોવું જોઈએ. આ શિલ્પને કર્ણપત્ર, ચક્રચૂડામણિ, મકુલમાલાથી અલંકૃત કરાયું છે. સન્મુખથી જોતાં મુખાકૃતિ, કંઠહાર, કાકાની[11] સિંહણના મસ્તકને મળતો આવે છે.

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧–૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર ૧૯૮૮– ફેબ્રુઆરી ૧૯૮૯, પૃ. ૧૧૩–૧૧૪.

* રાજપથ કલબ સામે, થલતેજ, અમદાવાદ.

શિલ્પશૈલીની દૃષ્ટિએ આ શિલ્પ બીજી સદીથી ચોથી સદીમાં મૂકી શકાય. ૧૯૭૮માં આ લેખના લેખકને અન્વેષણમાં[૧૨] ક્ષત્રપકાલીન ઈંટ ૧૫ x ૨।। x ૧૧ : પ્રાપ્ત થયેલ. સાથે સાથે લાલ ઓપવાળાં વાસણનાં ઠીકરાં : (RED POLISHED WARE) પ્રાપ્ત થયાં હતાં.

સંદર્ભગ્રંથ

૧ ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, મૌર્યકાલથી ગુપ્તકાલ, પાન. નં. ૩૭૮

૨, ૩, ૪, ૬ SCULPTURES FROM SAMALAJI AND RODA PLATE 23, 25. 38, 54

5 Journal of the Oriental, Institute. VOL XI, NO. 4, pp. 309

૭, ૮, ૯, ૧૦, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, મૌર્યકાલથી ગુપ્તકાલ, પાન નં. ૩૯૨.

૧૧ Journal of the Oriental Institute, Vol. X Plate I (1960)

૧૨ ગુજરાત સમાચાર, ફેબ્રુઆરી ૯, ૧૯૭૮, પાન નં. ૨.

પ્રાચ્ય વિદ્યામંદિર: એક પરિચય

હસુ યાજ્ઞિક*

એમ. એસ. યુનિવર્સિટી રીસર્ચ સીરિઝમાં 'બૃહદ્—આરણ્યક ઉપનિષદ: સમીક્ષાત્મક અધ્યયન' પ્રસિદ્ધ થાય છે અને તે અનુષંગે પ્રાચ્યવિદ્યા મંદિરમાં સરસ્વતીપૂજન અને ઓપન હાઉસ યોજાયું છે તેમાં ઉદ્‌ઘાટનપ્રવચન માટે નિમંત્રણ આપવા બદલ અને આપ સહુ સારસ્વતો વચ્ચે ઉપસ્થિત રહેવાનું સદ્‌ભાગ્ય મળ્યું એ બદલ આપ સહુનો ખાસ તો સંસ્થાનો આભારી છું. આ નિમિત્તે મુખ્ય વ્યાખ્યાન આપવા માટે મારા અધિકાર કરતાં આપના પ્રેમની માત્રા વિશેષ છે, તે હું સમજું છું. આ સંસ્થા અને તેનાં પ્રકાશનોથી હું પરિચિત છું. એટલું જ નહિ, કથાસાહિત્યના મારા વિશેષ અભ્યાસમાં મને ગાયકવાડ ઓરિએન્ટલ સીરિઝનાં કેટલાંક પ્રકાશનોનો લાભ મળ્યો છે. તેનું મારા પર જે ઋણ છે, તે હું સ્વીકારું છું. કોઈ કૃતિ વિશે કોઈ વિવેચક કશું કહે ક, કોઈ ભાવક એ વિશે કશું કહે એ—બે વચ્ચે તાત્ત્વિક ભેદ છે. મારો અધિકાર એક ભાવક કે અભ્યાસીનો છે.

મને બહુ પ્રચલિત એવો એક શ્લોક, કહો કે સુભાષિત આ ક્ષણે યાદ આવે છે:

> પુસ્તકસ્થા તુ યા વિદ્યા પરહસ્તગતં ધનં
> કાર્યકાલે સમુત્પન્ને ન સા વિદ્યા ન તદ્ધનં

ગુજરાતીમાં પણ કહેવાય છે કે, ગરથ ગાંઠે અને વિદ્યા પાઠે, આ વિધાન કે સંસ્કૃત સુભાષિત જૂના સમય સંદર્ભ માટે સાચું હતું, એટલું આજના સંદર્ભે કદાચ સાચું નથી. પૈસાને બેંકમાં રાખીને અને વિદ્યાને પુસ્તકમાં રાખીને આપણે આપણો વ્યવહાર આજે નભાવી શકીએ છીએ, કેમ કે ચેકથી અને સંદર્ભના હવાલાથી ગરથનો અને અરથનો ઉપયોગ આપણે કરી શકીએ છીએ. એટલે પુસ્તકમાં રહેલી વિદ્યા ક્યારેક કોઈકને જરુર ઉપયોગી બને છે. પરંતુ આપણું પરંપરાગત જે જ્ઞાન કેવળ હસ્તપ્રતમાં જ રહી ગયું, તે સંદર્ભમાં તો પુસ્તકોને આપણે આપણું ઉદાહરણ ટકાવીને કહીએ તો બેંકમાં પડેલા પૈસા છે. પણ હસ્તપ્રતમાં રહેલું જ્ઞાન ક્યાંક કશેક છુપાયેલા ચરુ જેવું છે. છુપાયેલા ચરુના ધનનો ધન તરીકે કોઈ ક્યારેય ઉપયોગ કરી શકતું નથી, અને કાળક્રમે તેનો, શક્ય છે કે, નાશ પણ થાય. નસીબજોગે કે પછી અકસ્માત, એ ધનનો ચરુ જો કોઈની નજરે ચઢી જાય તો તે વ્યક્તિ પૂરતો ધન તરીકેનો તુષ્ટિગુણ અદા કરી જાય, પણ સમાજને તો એનો ક્યારેય કોઈ લાભ ન જ મળે.

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, નવેમ્બર ૧૯૮૮-ફેબ્રુઆરી ૧૯૮૯, પૃ. ૧૧૫-૧૧૮.

* એમ ૧૧-૧૪૩, વિદ્યાનગર સોસાયટી, હિમ્મતલાલ પાર્ક પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

જ્ઞાનના દટાયેલા ચરુઓનો સમાજલક્ષી વિનિયોગ કરવામાં ઘણો મોટો ફાળો પ્રાચ્યવિદ્યા મંદિરનો છે. અને તે માટે પ્રાચ્યવિદ્યાના અભ્યાસીઓ આ સંસ્થાના ઋણી છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, પાલી અને જૂની ગુજરાતી કે અન્ય ભારતીય ભાષાઓની હસ્તપ્રતોમાં જે પડયું હતું તેને પ્રગટ કરવામાં ગાયકવાડ ઓરિએન્ટલ સીરિઝ અને સીંઘી ગ્રંથમાળાનો બહુ મોટો ફાળો છે. સંસ્કૃત ભાષાની હસ્તપ્રતોનું સંરક્ષણ અને પ્રકાશન કરતી ગુજરાતમાં ભો. જે. અધ્યયન સંશોધન ભવન, લાલભાઈ દલપતભાઈ પ્રાચ્યવિદ્યા મંદિર, સંસ્થાઓ છે. મુંબઈમાં ભારતીય વિદ્યાભવન અને ફાર્બસ જેવી સંસ્થાઓ છે. પૂનાનું રીસર્ચ ઈન્સ્ટિટયુશન કાર્ય કરે છે તેમ દક્ષિણમાં પણ આ પ્રકારનાં કાર્ય કરતી સંસ્થાઓ છે. પ્રાચ્યવિદ્યાની આ સંસ્થાઓમાં વડોદરાનું પ્રાચ્યવિદ્યા મંદિર વિશેષ નોંધપાત્ર છે. ૧૮૯૩માં શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડે ભારતભરમાં પડેલી વ્યક્તિગત કે સંસ્થાકીય માલીકીની પ્રાચીન ગ્રંથોની હસ્તપ્રતો એકઠી કરી અને તેનું પ્રકાશન કરવાની યોજના હાથ ધરી. આથી શ્રી અનંત કૃષ્ણ શાસ્ત્રીએ તે સમયે દેશભરમાંથી લગભગ દસ હજાર જેટલી હસ્તપ્રતો એકત્રિત કરી અને આ શહેરની સેન્ટ્રલ લાયબ્રેરીએ જાળવી.

અહીં ઉપસ્થિત સર્વ અભ્યાસી જાણે જ છે કે જે કંઈ આ રીતે સચવાયું, તે તો આપણા અમૂલ્ય વારસાના ખજાનાની રત્નકણીઓ જ છે. આપણે જાગ્યા એ પહેલાં તો આપણાં કેટલાંય અનુપમ રત્નો અન્ય દેશોમાં ગયાં હતાં અને આપણી પરિસ્થિતિ, આપણું જ ધન અને આપણી જ વિદ્યાઓ માટે વિદેશ જવું પડે, એવી હતી. આ સ્થિતિમાં પણ આઠ-નવ દાયકા પહેલાં આપણે જાગ્યા, એથી ઘણું બધું વિદ્યાધન લુપ્ત થતું બચાવી શકાયું અને ૧૯૧૫માં ગાયકવાડ ઓરિએન્ટલ સીરિઝનો પ્રારંભ થતાં ૧૯૧૬માં 'આપણાં ઉત્તમ ધૂળધોયા' શ્રી સી. ડી. દલાલ સંપાદિત કાવ્યમીમાંસાનું પ્રકાશન થયું અને એ પછી તેનો આજ સુધીનો વંશવિસ્તાર ૧૭૧નો છે. એમાં ભાષા, સાહિત્ય, કલામીમાંસા, અને તત્ત્વજ્ઞાનના ઉત્તમ ગ્રંથોનું પ્રકાશન થયું છે. પૂર્વમીમાંસાનો દુર્લભ ગ્રંથ 'સાબરભાષ્ય', વૈષ્ણવ આગમોમાં શ્રેષ્ઠ ગણાતો 'પદ્મસંહિતા', બૌદ્ધ યોગાચાર શાખાનો મહત્ત્વનો ગ્રંથ 'તત્ત્વસંગ્રહ', સંગીત વિષે 'સંગીતોપનિષત્સારોદ્ધાર' અને નાટયશાસ્ત્રનો પ્રસિદ્ધ 'ભરતમુનિપ્રણીત નાટયશાસ્ત્ર, રાજનીતિને લગતો 'રાજવ્યવહારમયુખ' અને મલ્લવિદ્યાને લગતો 'મલ્લપુરાણ' જેવા ગ્રંથો આ શ્રેણીમાં પ્રગટ થયા છે. પર્શિયન અને એરેબિક ભાષામાં રચાયેલા 'નિરાંત-એ-અકબરી' જેવા ઐતિહાસિક ગ્રંથો અને પોર્ટુગીઝ ભાષા અંગેના ગ્રંથો પણ આ શ્રેણીમાં પ્રગટ થયા છે. એક એકથી ચઢિયાતાં, અદકેરાં રત્નો જેવાં આ પ્રકાશનો છે અને ભારતીય સંસ્કૃતિ, સાહિત્ય, કલા, તત્ત્વજ્ઞાન કે ઇતિહાસનો અભ્યાસ કરવા માટે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. વિદ્યાના ઉત્તમ ગ્રંથોનું વંચાણ અને વેચાણ આટલાં વર્ષો પછી અને આટલા આપણા શૈક્ષણિક વિસ્તાર (વિકાસ કહી શકીશું ?) પછી પણ પ્રાણપ્રશ્ન છે. આમ છતાં આ શ્રેણીનાં કેટલાંક સદ્ભાગી પુસ્તકોની ત્રણ-ચાર આવૃત્તિએ અવતરવાનો ઇતિહાસ રચ્યો છે. 'નિત્યોત્સવ' દેવીઉપાસનાનો ગ્રંથ છે અને એની ચોથી આવૃત્તિ તેની લોકપ્રિયતા, અદ્વિતીયતા અને ઉપયોગિતા પુરવાર કરે છે. આ શ્રેણીમાં વિશેષ ઉપલબ્ધિ તો જોવા મળે છે, વાલ્મીકિરામાયણની સમીક્ષિત આવૃત્તિના પ્રકાશનમાં. આપણા પ્રાચીન ગ્રંથોમાં બહુ મોટો પ્રશ્ન પ્રક્ષેપના અંશોને દૂર કરી મૂળ પાઠના નિર્ણયનો છે. ૧૯૫૧થી

૧૯૭૫ સુધી વાલ્મીકિ રામાયણની વિવિધ હસ્તપ્રતોનો અભ્યાસ કરી અને સાત ભાગોમાં સમીક્ષિત આવૃત્તિ પ્રસિદ્ધ કરી. જાણવા મળ્યું છે તે પ્રમાણે, યુનિવર્સિટીના દૃષ્ટિપૂર્વકના આ કાર્યથી પ્રેરાઈને યુ. જી. સી. એ એમ. એસ. યુનિવર્સિટીને વિષ્ણુપુરાણની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવાનું સોંપ્યું છે, જે પૂર્ણતાને આરે છે. માર્કંડેયપુરાણની સમીક્ષિત આવૃત્તિનું કાર્ય પણ આરંભાયું છે. ભાંડારકર ઓરિએન્ટલ, રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ–પૂનાએ મહાભારતની સમીક્ષિત આવૃત્તિ પ્રગટ કરી અને એક પ્રવાહ શરૂ થયો. તેને વડોદરાનું પ્રાચ્યવિદ્યા મંદિર મહાનદનું સ્વરૂપ સંસિદ્ધ કરાવવામાં સફળ થયું છે. પ્રાચ્યવિદ્યાના ગ્રંથો પુનઃમુદ્રિત કરવાની આવશ્યક્તા સર્વને વિદિત છે જ. ગાયકવાડ ઓરિએન્ટલ સીરિઝના લગભગ ૧૨૨ જેટલા ગ્રંથો અપ્રાપ્ય બન્યા છે. આ પ્રકારના ગ્રંથોનું નિર્માણ–પ્રકાશન વિકટ પ્રશ્ન છે તો પુનઃપ્રકાશન મહાવિકટ પ્રશ્ન છે. આથી જરૂરી ગ્રંથોનું પુનઃમુદ્રણ થાય એ રાજ્ય તથા સમાજનું ઉત્તરદાયિત્વ છે. આ પ્રકારની સંસ્થાઓ માટે પ્રકાશનનું પણ પૂરા સામર્થ્યથી પહોંચવાનું શક્ય બને એવી સ્થિતિ ન હોય ત્યાં પુનઃમુદ્રણ હાથ ધરી જ શી રીતે શકાય ? આમ છતાં કેન્દ્ર સરકાર, ગુજરાત સરકાર અને સાહિત્ય અકાદમી તથા તેની સંસ્કૃત સલાહકાર સમિતિએ સક્રિય વિચારણા કરી છે અને કેટલીક વ્યવસ્થા ગોઠવી શકાશે તો તેના પુનઃમુદ્રણનું પણ શક્ય બનશે.

પ્રાચ્યવિદ્યાની આ સંસ્થાએ ગુજરાતીમાં 'સ્વાધ્યાય' અને અંગ્રેજીમાં 'ધ જર્નલ ઓફ ધ ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ' એ બે સંશોધન ત્રિમાસિકો નિયમિત રીતે પ્રસિદ્ધ કર્યાં છે અને સંશોધકો તથા અભ્યાસીઓને ઉત્તમ તક પૂરી પાડી છે. મને પણ આ સામયિકોનો જે લાભ મળ્યો તેના ઉલ્લેખનો લાભ હું જતો નહીં કરું. પ્રેમકથા પરના મારા મહાનિબંધના 'વાર્ડવા' પછી મારા વિદ્યાગુરુ ડૉ. હરિવલ્લભ ભાયાણીસાહેબે તેમની લાક્ષણિક શૈલીમાં કહેલું : 'લો, લગ્ન તો થયાં પણ પછી છોકરાં થાય, તો જ લગ્નની ચરિતાર્થતા'. ત્યારે નિશ્ચય કરેલો અને બાવીસેય બસ નહીંથી ટકી રહેતો. બાવીસ વર્ષના અધ્યાપનમાં પ્રત્યેક વર્ષે એક નવા વિષયનો અભ્યાસ કરી સંશોધનલેખો તૈયાર કર્યા. ક્યાંક વ્યાખ્યાનોરૂપે, તો ક્યાંક દિવાળી અંકોમાં, એનો ઉપયોગ કર્યો. પણ બીજાં છોકરાં જાળવે કોણ ? વાર્તા અને નવલ માટે એડવાન્સમાં પુરસ્કાર આપનાર મળે, જ્યારે સંશોધક-લેખકને તો સામો પુરસ્કાર આપતાં ય છોકરાંના સંબંધ-સગપણનું ન ગોઠવાય, એવી આપણી સ્થિતિ. પરંતુ કથાસાહિત્યના સંસ્કૃત ભાષાના મારા આવા પાંચેક લેખો 'સ્વાધ્યાય'માં છપાયા, એનો મને ગર્વ અને આનંદ છે. આ ઉલ્લેખ આ પ્રકારના સંસ્થાકીય સંશોધન-સામયિકોની અનિવાર્યતા દર્શાવવા જ કર્યો છે.

પ્રાચ્યવિદ્યા મંદિર માત્ર વિદ્વત્ પરિષદ બનીને પુસ્તકપ્રકાશનક્ષેત્રે સીમિત નથી રહી, તે એક વિકાસશીલ સુચિહ્ન ગણાય. પ્રાચ્યવિદ્યાનાં સંશોધનાત્મક પુસ્તકો પ્રગટ કરવા ઉપરાંત સર્વજનરસિક શ્રીસયાજી સાહિત્યમાળા અને શ્રી સયાજી ગ્રામવિકાસમાળા, શિશુજ્ઞાનમાળા અને સ્ત્રીઓ માટેની શ્રી સયાજી ઉપયોગી માતુશ્રી જમનાબાઈ 'સ્મારક ગ્રંથમાળા' પણ પ્રગટ કરી છે અને એમાં પ્રાચ્યવિદ્યાના આ વટવૃક્ષને આ પ્રકારની વિવિધ શાખામાં ૬૫૦ પુસ્તકોરૂપી પર્ણ પ્રગટ્યાં છે. પ્રાચ્યવિદ્યા જેટલું જ મહત્ત્વ આધુનિક ટેકનોલોજીનું છે. પુસ્તક દ્વારા જ્ઞાનનો પ્રચાર કરવા સ્થપાયેલી આ સંસ્થાએ આથી જ શ્રી સયાજી સાહિત્યમાળામાં સૂર્યશક્તિ અને પેટ્રોલિયમના ઉપયોગો વિશેનાં પુસ્તકો પ્રગટ કર્યાં છે.

વ્યાખ્યાનની શરૂઆત પણ અર્થશાસ્ત્રની પરિભાષામાં કરી તેથી મારી ઔચિત્યબુદ્ધિ તેનું સમાપન પણ એ પરિભાષાને લક્ષમાં રાખવા પ્રેરે છે. વ્યક્તિનું અને સમષ્ટિનું કાયમી રોકાણ પુસ્તકો છે. કાર્યશક્તિનો સિદ્ધાંત એ જન્મે, રૂપાંતર પામે પરંતુ તેનો નાશ ન થાય,–શબ્દને પણ લાગુ પડે જ છે, માટે તો એને બ્રહ્મ કહ્યો છે જે શબ્દમાં સામર્થ્ય છે, તે શબ્દ અક્ષર બને છે. પુસ્તક લખાય અને છપાય, ગ્રંથાલયમાં ખરીદાય અને કબાટમાં મૂકાય, આમાં કેટકેટલું અંદરનું ખર્ચાય, એ પ્રશ્નને એકબાજુ રાખો, કેટકેટલું બાહ્ય કે સ્થૂલ વિત્ત ખર્ચાય એનો જો વિચાર કરીએ તો, કોઈ પુસ્તકને, કલ્પો કે કોઈ વાચકે વર્ષો સુધી ક્યારેય વાંચ્યું નથી, છતાં તેમાં ખર્ચાયેલાં બેવડાં વિત્ત ક્યારેય નિરર્થક જતાં નથી. પ્રખ્યાત સંસ્કૃત કવિ પોતાના સર્જનનો આસ્વાદ નિરવધિ આ કાળમાં કોઈકનો પાકશે જ ! એવી શ્રદ્ધા ધરાવે છે, તેવી જ શ્રદ્ધા છપાયેલા અને તત્કાળ નહીં વંચાતા પુસ્તક માટે પણ રાખવા જેવી છે. મારા અભ્યાસમાં મેં પચાસ વર્ષથી ખરીદાઈને પડેલાં પુસ્તકને અનાઘ્રાત સ્થિતિમાં મેળવ્યું છે. અને ત્યારે એમાંથી જે જરૂરત પોષાઈ, તેનો વિચાર કરતાં મને લાગ્યું છે કે, આ પુસ્તકનો પચાસ વર્ષમાં હું પહેલો જ વાચક છું, છતાં એ ગ્રંથાલયમાં જે રોકાણ કર્યું તે સાર્થક છે. કેમ કે તે મારા માટે જ હતું. ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝનો સાચો પાઠ પણ કેટકેટલું અકળ ઉકેલી આપે છે તેનો મને અનુભવ છે. માધવાનલકામકંદલા દોગ્ધકપ્રબંધનું મૂળ મદનપુરાણમાં છે, તેવું મારા બધા જ પૂર્વસૂરિઓ જણાવતા હતા. મારા ગળે એ વાત નહોતી ઉતરતી. મદનનું જો ખરેખર, ગરુડ, ગણેશ કે વિષ્ણુ જેવું પુરાણ રચાયું હોય તો મદનનાં પ્રચલિત બે ત્રણ કથાનકો ઉપરાંત બીજાં કથાનકો તો અન્ય સ્રોત્રમાં મળે જ. એ મળતાં ન હતાં, કામદેવના અવતાર પણ પ્રદ્યુમ્ન જેવાં ગણ્યાંગાંઠ્યાં. અને તો પૂરી ને પાકી ખાતરી હતી કે આવું કોઈ પુરાણ નથી. ડૉ. એમ. આર. મજમુદારે સંપાદિત કરેલું પુસ્તક જોયું અને બધાંયે-સાચો પાઠ આપ્યા પછી ખુદ ડૉ. મજમુદારે પણ કરેલી ભૂલ પકડાઈ. કૃતિનો મૂળ પાઠ

'મહોદધિ પયપૂર્ણથી ચંચૂ ભરી નઈ'

એમ હતો. જેનું ભ્રષ્ટરૂપ 'મયણપુરાણ'થા થઈ ગયેલું. એમાંથી જ કૃતિ મૂળનો ગોસમોટાળો થયો. એક સાચો પાઠ જો આટલું ઉકેલી આપતો હોય તો એક આખું પુસ્તક જીવનને કે યુગને કેમ ન ઉકેલે ?*

---

* પ્રાચ્યવિદ્યા મંદિરમાં મંગળવાર, તા. ૧૮મી ઓક્ટોબર, ૧૯૮૮ના રોજ યોજાયેલ સરસ્વતી-પૂજા અને 'ઓપનહાઉસ' સમારંભ પ્રસંગે આપેલા હાર્દરૂપ પ્રવચનના આધારે.

ગ્રન્થાવલોકન

માયાપ્રવેશ (કાવ્ય): લેખક: સુરેશ દલાલ, પ્રકાશક: મિહિકા પબ્લિકેશન્સ, ૧૩૩ હસા મહાલ, દલામલ પાર્ક, પ્રેસિડન્ડ હોટલની પાસે, કોલાબા, મુંબઈ-૪૦૦૦૦૫ મૂલ્ય: વીસ રૂપિયા, પૃ ૧ થી ૧૬ + ૧ થી ૪૦

ભાઈશ્રી સુરેશ દલાલ કાવ્યસર્જનક્ષેત્રે ખૂબ ખૂબ સક્રિય એવા આપણા આધુનિક કવિ છે 'માયાપ્રદેશ'માં તેઓ કવિતાની એક નવતર દિશાગાં એમની લેખિની દોડાવે છે. નિવેદનમાં તેઓ કહે છે તેમ "આ કાવ્યનું મૂળ સ્થૂળ રીતે જુદા જુદા જોયેલા ફોટોગ્રાફ્સમાં છે. ...સૂક્ષ્મ રીતે આ કાવ્યનું મૂળ કરુણામાં છે." કવિએ જુદા જુદા ફોટોગ્રાફ્સ જુદા જુદા સમયે જોયા હશે પણ એમના ચિત્તમાં એ બધા સર્જનની ક્ષણે એકઠા, એકાકાર થયા છે ને એમનું 'ધ્યાન ધરતાં' એમને આ કવિતા સ્ફુરી છે,

કવિતા કયારે કયાંથી આવશે એ કોઈથી કહેવાય એવું નથી, હા, આવ્યા પછી કવિ ને ભાવક એનું મૂળ શોધે ને કવચિત્ પામે પણ ખરા. 'માયાપ્રદેશ' એવા સંગ્રહના નામાભિધાનમાં સ્થૂલ રીતે જોઈએ તો ફોટોગ્રાફ્સ એટલે અસલની છાયા, માયા ને એમાં પ્રવેશ એવો અર્થ નીકળે, પણ કલાકૃતિના સંદર્ભમાં સ્થૂલમાંથી સૂક્ષ્મમાં, માયામાંથી સત્યમાં પહોંચવાનો ઉપક્રમ એવો અર્થ ઘટાવી શકાય. ભાઈશ્રી હરીન્દ્ર દવે એમના પ્રાક્કથનમાં આ ઉપક્રમને બરાબર સ્પષ્ટ કરી આપે છે.

કવિ ઝપાટાબંધ અછાંદસમાં પંક્તિઓ ઉપર પંક્તિઓ રચતા જાય છે ને પદાર્થો તેમ ભાવવિચારને સપાટામાં લે છે. કયારેક પ્રાસાનુપ્રાસ, ઝડઝમક ને અલંકાર પાસેથી પણ તેઓ ધાર્યું કામ કઢાવી લે છે. એમની પાસે સર્જનક્રિયા દરમિયાન કેટલીક શાણી ને સત્યની ઝાંખી કરાવતી ઉક્તિઓ જાણે અચાનક ને આપોઆપ આવે છે. એક બે ઉદાહરણો જોઈએ :

બીજાઓનું જીવન જીવીએ ત્યારે જ
પોતાનું જીવન પણ બનતું હોય છે.
× × ×
આપણે આપણી લગોલગ હોઈએ
અને આપણાથી અલગ હોઈએ
ત્યારે જ કશું ભીંસમાં આવે છે.

જયંત પાઠક

* * *

'મનોગતા'નું મનોગત અને કલા : લેખક અને પ્રકાશન: કવિશ્રી જયાનન્દ લ. દવે, 'ભવભૂતિ' ૩૧/ડી, શારદાનગર સોસાયટી, રાજકોટ-૩૬૦૦૦૫, પ્રથમ આવૃત્તિ: ૧૯૮૮, પૃષ્ઠસંખ્યા: ૧૨૮, કિંમત: ૧૯ = ૫૦ વિક્રેતા: પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ

'મનોગતા'ના કવિશ્રી જયાનન્દ લ. દવે આમ તો છેક ૧૯૩૭થી ગુજરાતી કવિતાક્ષેત્રમાં સક્રિય છે પણ તેમનો કાવ્યસંગ્રહ 'મનોગતા' નામે છેક હમણાં ૧૯૮૮માં પ્રગટ થાય છે ત્યારે ગુજરાતસરકારની સાહિત્યઅકાદમી એમના આ સંગ્રહને 'નવોદિત'ના વિશિષ્ટ અર્થમાં એના પ્રકાશનમાં મદદગાર થાય છે; પણ આ કવિ 'નવોદિત' નથી તેમ જ 'આધુનિકતા'ના વિશિષ્ટ સાંકેતિક અર્થમાં તે 'આધુનિક' પણ નથી; પણ કવિતા જો સિદ્ધ થતી હોય તો તે સદા નૂતન જ હોય છે, એટલે કે સાચી કવિતા તો સનાતન જ હોય છે.

પ્રા. શ્રી જયાનંદ દવેના આ કાવ્યસંગ્રહ 'મનોગતા'માં કુલ ૧૨૮ પૃષ્ઠોમાં કુલ ૧૧૪ જેટલી નાની મોટી કૃતિઓનો સમાવેશ થયો છે; આ નાની મોટી કૃતિઓનાં શીર્ષક જ જોઈ જવાથી કવિનું 'મનોગત' પરખાઈ આવે છે. વિદ્વાન કવિવિવેચક ડૉ. ભાનુપ્રસાદ પંડ્યાએ એનું આમુખ લખ્યું છે ને સંગ્રહના અંત ભાગમાં ગાંધીયુગના કેટલાક સંગ્રહોમાં જોવા મળે છે તેવી પોતાની કૃતિઓ વિશે કવિની પોતાની ટૂંકી નોંધ છે જે કૃતિના આસ્વાદમાં ઉપયોગી નીવડે તેવી છે. ૧૯૩૭ થી ૧૯૮૮ સુધીના અર્ધસદી જેટલા ગાળામાં કવિએ સંગ્રહ પ્રગટ કરવાનું વિચાર્યું નહીં તે પણ નોંધપાત્ર સંયમ ગણાય તેવી વાત છે; કવિએ પોતાના નિવેદનમાં આ વિશે આમવાત કરી છે "જેવાં છે તેવાં આ કાવ્યો મારી મનોગત ભાવસૃષ્ટિને મૂર્ત કરે છે એ વિચારને આ કાવ્યોને ગ્રંથસ્થ કરવાના નિર્ણય માટે મેં પર્યાપ્ત ગણ્યો છે". આ વિલંબની પાછળ કવિ પોતે તો આળસ ને ઉપેક્ષાવૃત્તિને કારણભૂત ગણે છે, પણ એને સંયમ પણ કહી શકાય ને થોડીક નમ્રતા પણ ગણી શકાય, કારણ કે કવિશ્રી પોતાને 'સર્જક'ની કોટિના નથી ગણતા. પણ આ સંગ્રહ એમને 'સર્જક' તરીકે સ્થાપી શકે તેમ છે તે વાત ડૉ. ભાનુપ્રસાદે એમની પ્રસ્તાવનામાં સદૃષ્ટાન્ત કરી જ છે ને તે યોગ્ય લાગે છે.

ડૉ. પંડ્યાએ કવિના સંવેદ્ય વિષયોમાં પ્રાર્થનાભાવ, જીવનમાંગલ્ય, દાંમ્પત્ય, વ્યક્તિવિશેષને ભાવાર્ઘ્ય, પર્વવિશેષ, રાષ્ટ્રપ્રીતિ વગેરે ગણાવ્યા છે અને એક ખાસ લાક્ષણિકતા તરફ ધ્યાન દોર્યું છે કે 'આ રચનાઓમાં પ્રાણમય ભૂમિકા કરતાં મનોમય ભૂમિકા વિશેષ પ્રગટી છે" આથી પ્રસ્તાવનાકારે યોગ્ય રીતે જ તારવ્યું છે કે 'મનોગતા'નાં કાવ્યોમા આપણને પ્રાસાદિક વિશદતાનો અનુભવ થાય છે.

'મનોગતા'ના છંદો પણ ગાંધીયુગની કવિતાના જાણીતા છંદો જ છે. મંદાક્રાન્તા, શિખરિણી, સ્રગ્ધરા, વસંતતિલકા વગેરેને કવિ ગાંધીયુગની રીતે જ યોજે છે તે છંદોમિશ્રણ પણ કરે છે. કવિની છંદો ઉપર સરસ હથોટી પણ છે; પ્રા. ઠાકોરના યુગના કવિ હોવા છતાં તેમના પ્રશિષ્ટ સંસ્કૃત છંદો સૌષ્ઠવપૂર્ણ છે ને બાની પ્રાસાદિક ને મધુર છે: કેટલીક છંદાપંક્તિઓ તો સારી પેઠ ઘૂંટાઈને આવી હોય એમ પણ લાગશે. માત્રામેળ છંદોમાં પણ કવિની પ્રશસ્ય ગતિ રહી છે. કાવ્યસ્વરૂપો વિશે વિચારીએ છીએ તો ય લાગે છે કે કવિ ગાંધીઠાકોરયુગનાં સાહિત્ય-સ્વરૂપોનો આશ્રય લઈ પ્રવર્તે છે; 'મનોગતા'માં સોનેટ છે, ગીત છે, મુક્તક છે, પ્રલંબ છાંદસ-કૃતિઓ પણ છે અલબત્ત એમાં ગઝલકૃતિ નથી; પણ એ પણ સમજી શકાય છે કે કવિ સંસ્કૃત ભાષાના પીઢ અધ્યાપક વર્ષો સુધી રહ્યા છે એટલે સંસ્કૃત ભાષાના સંસ્કારને અભિરુચિ સર્વત્ર વર્તાય છે: એથી સંસ્કૃતેતર સ્વરૂપોમાં રુચિ ન હોય તો કોઈ આશ્ચર્ય નથી.

આ સંસ્કૃતસંસ્કારને કારણે જ એમને હાથે આપણને 'ઋગ્વેદને' જેવું એક નોંધપાત્ર કાવ્ય મળે છે ને કવિતાની સમગ્ર બાની સંસ્કૃતભાષાના સંસ્કારે અભિજાત ને ઉઠાવદાર સૌષ્ઠવપૂર્ણ રહી છે. એકંદરે ભાવ-ભાષા-લયમાં કવિકર્મ જોતા 'મનોગતા'ના કવિશ્રી ભલે એક ઉત્તમ સર્જકની છાપ ઉપસાવતા નથી; પણ એમની કવિતામાં 'સર્જકતા' નથી એમ તો કહી શકાશે નહીં. ગાંધીયુગમાં સુંદરમ્, ઉમાશંકર, સ્નેહરશ્મિ, બેટાઈ, મનસુખલાલ ઝવેરી જેવા પ્રમુખ કવિઓ ઉપરથી ધ્યાન હઠે તો શ્રી જયાનંદ દવે જેવા કવિઓની કવિતાનું યથાતથ ન્યાય આપે તેવું મૂલ્યાંકન થઈ શકે અને એ હવે પછી પણ ક્યારે ય થશે તો ડૉ. ભાનુપ્રસાદ પંડ્યાની પ્રસ્તાવનાથી બહુ જુદું નહીં હોય.

સંગ્રહને અંતે કવિએ આ 'મનોગતા'ની સૃષ્ટિને સંબોધી એક લઘુ કાવ્ય પણ મૂક્યું છે ને કહ્યું છે કે

"અનાદર, ઉપેક્ષણા, અભિમતત્વ શું પામશો?
અમિશ્ર, પ્રતિભાવશૂન્ય હૃદયે વદું 'આવજો'"

તેમાં કવિની નમ્રતા માત્ર જ છે, પ્રસ્તાવનાકાર ડૉ. પંડ્યાના આ મત સાથે આપણે સંમત થઈશું કે "શ્રી જયાનંદભાઈએ આજની પલટાતી કાવ્યવિભાવના વચ્ચે એમનાં કાવ્યો ૧૯૮૮માં પ્રસ્તુત કરતાં સંકોચ અનુભવવાની જરૂર નથી."

ઉશનસ્

* * *

ચારુચયન : (કવિ ડાહ્યાભાઈ પટેલનાં ચૂંટેલાં કાવ્યો) સંપાદક : જેઠાલાલ ત્રિવેદી, પ્રકાશક :–ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧, પ્રથમ આવૃત્તિ : ૧૯૮૯, પૃ. સંખ્યા ૩૦૪, મૂલ્ય : ૭૦ રૂપિયા.

કવિ. બેરીસ્ટર શ્રી ડાહ્યાભાઈ પટેલના કાવ્યગ્રંથો : 'અંકુર', 'સ્ફુરણા', 'દર્દીલ-ઝરણાં', 'કાવ્ય-પરિમલ', 'મોહનગાંધી મહાકાવ્ય-ભાગ ૧થી ૬ અને એક અનામી આગામી કાવ્યસંગ્રહમાંથી ચયન કરેલાં નાનાં મોટાં લગભગ એકસો-બાવન ગુજરાતી કાવ્યો અને એમના આ કાવ્યગ્રંથોમાંથી પ્રો. ભૂપેન્દ્ર ત્રિવેદી, શ્રી જેઠાલાલ ત્રિવેદી, શ્રી. પી. ટી. સૂચક, પ્રો. રામ-પ્રસાદ દવે અને શ્રીમતી કલ્પના મોહન બારોટે અંગ્રેજીમાં અનુવાદિત કરેલાં ચાલીસ કાવ્યોનો 'ચારુચયન' એ શ્રી જેઠાલાલ ત્રિવેદીએ સંપાદિત કરેલ કાવ્યસંપુટ છે. આશરે લગભગ સાડા ત્રણ હજાર પૃષ્ઠોમાં પથરાયેલ આ કાવ્યધનને લગભગ ત્રણસો પૃષ્ઠોમાં સમાવવાનું કાર્ય કેટલું તો દુષ્કર છે એ તો સંપાદનનાં રામબાણ વાગ્યાં હોય તે જ જાણે!

આ કાવ્યોનું વર્ગીકરણ વિષયવાર કરવાને બદલે સંપાદકે સ-કારણ કાવ્યસ્વરૂપવાર કર્યું છે...જેમ કે સૉનેટવિભાગ, ગીત-ગેય વિભાગ, ગઝલો અને પ્રકીર્ણ. ગાંધીવિષયક ૬૦ કાવ્યોનો એક વિભાગ સ્વતંત્ર છે. ગઝલોમાં આવતા, ગુજરાતી વાંચકોને ભારે લાગતા લગભગ

એકસોને સોળ ફારસી શબ્દોનો શ્રી જમિયતભાઈ પંડ્યાએ તૈયાર કરેલો 'શબ્દકોશ' પણ આપ્યો છે જે અત્યંત આવશ્યક ને ઉપયોગી છે. બધા જ વિભાગનાં કાવ્યોનું અતિ સંક્ષેપમાં સંપાદકે તૈયાર કરેલું 'વિવરણ' પણ વ્યક્તિ, સ્થળ અને વિચારને સમજવામાં સહાયરૂપ બને તેમ છે. 'ચારુચયન'નાં કાવ્યોની રચનાસાલ કે જે તે કાવ્યસંગ્રહોની પ્રકાશન–સાલનો ઉલ્લેખ કયાંય જોવા મળતો નથી...બાકી જો એ ઉપલબ્ધ થયો હોત તો કવિની કાવ્યકલાનો વિકાસ સમજવામાં સહાયભૂત થાત.

યૌવનના ઉગમકાળે ભાગ્યે જ એવો કોઈક કવિ હશે, જેણે પ્રણય-વિષયક કાવ્યો ન લખ્યાં હોય! નર્મદ કલાપી-જેવા કવિઓ એ પ્રણયભાવને આત્મલક્ષીસ્વરૂપે નિરૂપે કે 'કાન્ત'-બળવંતરાય ઠાકોર જેવા કવિઓ પરલક્ષીસ્વરૂપે નિરૂપે. આત્મલક્ષી-પરલક્ષી સ્વરૂપમાં ગુણદૃષ્ટિએ ભેદ પાડવાની કોઈ જરૂર નથી...અભિવ્યક્તિની સચોટતાને સફળતાના ધોરણ લેખે લક્ષમાં લેવું ઘટે.

'ચારુચયન'માં સૉનેટ અને ગઝલોમાં મુખ્યત્વે પ્રણયભાવનું નિરૂપણ વિશેષ ધ્યાન ખેંચે છે..એમાંય અનુભૂતિની તીવ્રતા અને અભિવ્યક્તિની સચોટતા, સૉનેટ કરતાં ગઝલોમાં પ્રભાવક રીતે વ્યક્ત થઈ છે. પ્રણયના આલેખનમાં કવિને કોઈ આવરણ નડતું નથી. એની અભિવ્યક્તિમાં નિખાલસતા ને સીધાપણું છે. કવિ કલાપીનું અહીં કોઈને સ્મરણ થાય તો નવાઈ નહીં! કયાંક કયાંક આંગ્લ કવિ પી. બી. શેલીની પણ અસર વરતાય છે. સંક્ષેપમાં એકંદરે એમનાં પ્રણયકાવ્યોની ગતિવિધિ માટે કહેવું હોય તો એમ કહી શકાય કે:

'પ્રણયની પણ તૃપ્તિ થતી નથી
પ્રણયની અભિલાષ જતી નથી.'

આ વિચારભાવને એમનાં અને સૉનેટ અને ગઝલોમાં નૈસર્ગિક વાચા મળી છે.

પ્રથમ વિભાગ સૉનેટનો છે જેમાં પ્રણય–વિરહ–મિલન માધુરીનું કયાંક મૌલિક, કયાંક અનુકરણાત્મક કે કયાંક આંગ્લ-બંગાળી સાહિત્યના સંસ્કારરૂપે ભાવ ને વિચારનું નિરૂપણ થયું છે. આ વિભાગનાં ત્રીસ સૉનેટોમાંથી નવ પૃથ્વીછંદમાં, સાત મંદાક્રાન્તામાં અને ચૌદ શિખરિણીછંદમાં રચાયાં છે. શબ્દ-શક્તિના પ્રમાણમાં છંદનિરૂપણ અને એનું ઔચિત્ય વિશેષ ધ્યાન ખેંચે છે. જો કે બંધારણની દૃષ્ટિએ 'કદીય નહીં દૂર મુજથી' (પૃ. ૨૮) એ સૉનેટ નથી. સૉનેટના અષ્ટક-ષટ્ક-ચતુષ્ક-યુગ્મકમાં રૂપની ચુસ્તતા જળવાઈ નથી. 'આત્માના આસને' રહસ્યવાદી છાંટવાળું રવીન્દ્રનાથની અસર ઝીલતું સારુ સૉનેટ છે પણ વ્યક્તિપ્રેમ કે દેશપ્રેમની સીમાઓને અતિક્રમી ઉપર ઊઠતું સારુ સૉનેટ તો છે 'વિશ્વસંવેદના'. આ સૉનેટ વર્તમાન-જાગતિક અજંપો, સંઘર્ષો અને અવિશ્વાસ પ્રત્યે અંગુલિનિર્દેશ કરી જાય છે.

ફારસી સાહિત્યની અસરને કારણે આપણે ત્યાં કલાપી, મસ્તકવિ બાલશંકર મણિલાલ ન. દ્વિવેદી વગેરેએ સારી ગઝલો લખી છે. એ મસ્તરંગના કવિઓની અસર ઝીલી કવિ ડાહ્યાભાઈએ પણ 'ઈશ્કનો બંદો દિનુ' એ વિભાગમાં ત્રીસેક સારી ગઝલો આપી છે. એમાં ઈશ્કે

હકીકી ને ઇશ્કે મિજાજી બંને પ્રકારની ગઝલો છે. સંગ્રહની ઘણી ગઝલોમાં ફારસી શબ્દોનું ભારણ વરતાય છે પણ એવી ય ચારેક ગઝલો છે જેમાં સરળતા સાથે સચોટતાનો સુયોગ સધાયો છે.

'ચારુચયન'ના ગીતવિભાગમાં લગભગ ૪૫ ગીતો છે. સૉનેટ અને ગઝલોનો મુખ્ય વિષય પ્રણય છે તો આ ગીતોનો પણ પ્રધાનભાવ પ્રણયનિરૂપણનો જ છે. પ્રકૃતિગીતો પણ પ્રણયના ઉદ્દીપનવિભાવરૂપે નિરૂપાયાં છે. ગીતોમાં પ્રત્યેક પંક્તિ ઘૂંટાયેલી હોવી ઘટે. કવિને રાગનું સારુ જ્ઞાન છે...યોગ્ય ભાવને અનુરૂપ રાગનું નિરૂપણ કરવાની સૂઝ-સમજ છે પણ, 'વસન્ત-આગમને', 'બંધ ન કરશો દ્વાર', 'કોણ અનંતે ગાય'? જેવાં બધાં ગીતો નથી. 'ભવન પધાર મુરારિ' ગીતમાં 'ગીતગોવિંદ'ની પ્રવાહિતા અને 'વસંતવિલાસ' ફાગુ જેવા આંતરપ્રાસ જોવા મળે છે. 'ઉદિત પ્રભાતે મંગલ ટાણે' 'આકાશે એક તારલિયો થઈ' અને 'ક્રાંતિનું ગીત'માં રવીન્દ્રનાથ ટાગોરની અસર વરતાય છે. 'મેં તો પરભુથી વાતો કરી' એ ગીતમાં કવિ ભાલણ અને સૂરદાસના જેવું બાલમાનસનું નિરૂપણ છે. કલ્પના-ઉડ્ડયન માટે 'દ્વારે આગમન' અને 'રમું રસરંગ મોરા વાલમા'નો આદિ-ઉપાડ સુન્દર છે.

કવિ-પ્રેયસી અરુણાએ, સૂક્ષ્મરૂપે કવિહૃદયને સર કર્યું છે. અનેક કૃતિઓમાં એનો સંદર્ભ ઠામઠામ જોવા મળે છે. કવિ એને અર્ધ-દૈવી સત્ત્વ માને છે. દૈવી સત્ત્વની માન્યતા પ્રીતિના ઊર્ધ્વીકરણ માટે અનિવાર્ય હશે. કવિ બોદલેયર આપોલોનીને ચાહતા હતા. એમનો એ પ્રણય ઝાઝો નભ્યો નહિ. એકવાર એમની પ્રેયસીની ન્હાની બ્હેને મશ્કરીમાં કવિને પૂછ્યું કે 'તમે શું હજીય મારી મોટી બહેનને ચાહો છો'? ત્યારે કવિએ આપેલો જવાબ યાદ રાખવા જેવો છે :—

'The Common herd are lovers,
The poets are idolators'.

મતલબ કે 'સામાન્ય લોકો પ્રેમમાં પડે છે, કવિઓ મૂર્તિપૂજા કરે છે'. આવી મૂર્તિ-પૂજાની અભિવ્યક્તિ વિશ્વ-કાવ્યસાહિત્યમાં વિરલ નથી. આ કવિ પણ એમાં અપવાદરૂપ નથી.

'ગાંધી-કાવ્ય'-વિભાગની લગભગ મોટાભાગની નાની-મોટી-દીર્ઘરચનાઓમાં કેન્દ્ર-સ્થાને આ ધ્રુવસત્ય ગર્ભિત છે.

'માટીની મૂર્તિઓમાં કો અજરાજીત રેડંતું?
ધર્મ-યુદ્ધે શિવ-શક્તિ-સ્વરૂપે કોણ ઝૂઝતું?
કેવી આ ગાંધીઓની છે અનન્ય ભક્તિ ઈશ્વરી!
સમર્થ વીર્યવાનોની દૈવી-શક્તિ મહેશ્વરી.' (પૃ. ૧૭૧)

'મોહનગાંધીમહાકાવ્ય'ના 'વિગ્રહપર્વ' (ભાગ-૫) અને 'વિજયપર્વ' (ભાગ-૬)-માંથી 'ચારુચયન'માં કવિનાં ખંડકાવ્યો જેવા જે દીર્ઘ કાવ્યખંડો લીધા છે તેમાં કવિની આયોજન-શક્તિ, તાદૃશ વર્ણનશક્તિ, ભાવને અનુરૂપ નૂતન છંદનિરૂપણ કરવાની શક્તિ અને

પુરોગામી ચાર પર્વોની તુલનાએ પાક પામેલી શબ્દશક્તિનું સુપેરે દર્શન થાય છે. શુદ્ધ બલિદાનની ગૌરવગાથા નિરૂપતો પદ્મજા-ગૌરાંગનો પ્રેમત્યાગભીનો રોમહર્ષણ દીર્ઘ કિસ્સો વાંચતાં **આ સત્યની પ્રતીતિ થશે.**

'પ્રકીર્ણ' વિભાગમાં, 'રસોર્મિસ્મરણ'નો પૂર્વાર્ધ,' 'પ્રિય સુંદરીને' 'શ્રાવણી-સ્મરણો', 'સ્વ. ઊર્મિલાને' તથા 'સરિતાની માતા નાઈલને', આટલાં કાવ્યો વિશેષ ધ્યાનાર્હ છે. શબ્દશક્તિ અને લાઘવસિદ્ધિથી ઘણાં કાવ્યો આથી ય સારાં બની શકયાં હોત

'ચારુચયન'નાં આ કાવ્યો વાંચતાં એક વાતની સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે કવિશ્રી ડાહ્યાભાઈનું ચિત્ત અતીત સંવેદનશીલ ને માનસ અત્યંત ગ્રહણશીલ છે. એમનું અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, ફારસી ભાષા-સાહિત્યનું જ્ઞાન દાદ માગી લે તેવું છે. ભાષા-પ્રભુત્વ ઉપરાંત વિવિધ છંદોનું પરિશીલન ઠીક ઠીક પાકું છે. એમનામાં કલાપીની ઋજુતા ને બાલશંકરની મસ્તી છે...પણ કાન્ત જેવી શબ્દશક્તિ ને લાઘવની ન્યૂનતા સાલે છે. વર્ષોના પરદેશનિવાસને કારણે એ પરંપરા ને સર્જાતા સાહિત્યનો પૂરો લાભ પામી શકયા નથી. 'ચારુચયન'નું આ સંપાદન ગાગરમાં સાગર સમાવવા જેવો કે કુંવરબાઈનું મામેરું પૂરવા જેવો સંનિષ્ઠ પુરુષાર્થ છે. આ બંનેય પુરુષાર્થી-સારસ્વતોને આપણે જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા.

રણજિત એમ. પટેલ
(અનામી)

* * *

જ્ઞાનગંગોત્રી : ગ્રંથશ્રેણી–ભારતદર્શન ૩ (સ્વાતંત્ર્યસંગ્રામ–૧) : લે. સ્વ. મૂળશંકર ભટ્ટ, ચંદ્રકાન્ત પટેલ અને ભોગીભાઈ ગાંધી, સંયોજક પ્રો. કે. સી. પટેલ, મુખ્ય સંપા. ભોગીભાઈ ગાંધી, પ્ર. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, પ્રાપ્તિસ્થાન બાલગોવિંદ બુકસેલર્સ, બાલાહનુમાન, અમદાવાદ, પહેલી આવૃત્તિ, ૧૯૮૮, પૃ. ૧૨ + ૨૪૨ + ૩૮ (ડબલ ક્રાઉન), કિંમત રૂા. ૪૦ = ૦૦.

સરદાર પટેલ યુનિવર્સિટીએ 'જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી' પ્રસિદ્ધ કરવાનું ભગીરથ કાર્ય હાથમાં લીધું છે એટલું જ નહિ, પરંતુ એને સારી રીતે પાર પાડવાના સંનિષ્ઠ પ્રયાસો પણ કર્યા છે. આ ગ્રંથશ્રેણીના ૨૫ ગ્રંથો પ્રગટ થઈ ગયા છે અને આ ૨૬મો ગ્રંથ છે. એટલે કે હવે માત્ર ચાર ગ્રંથો જ પ્રગટ થવાના બાકી છે. 'નિવેદન'માં જણાવવામાં આવ્યું છે તેમ "આ ગ્રંથશ્રેણી કૉલેજકક્ષાના વિદ્યાર્થીઓ અને શિક્ષિત નાગરિકોને લક્ષમાં રાખી તૈયાર કરવાનું નિરધાર્યું છે." (પૃ. VII).

આ શ્રેણી અન્વયે 'ભારતદર્શન'ના બે ગ્રંથો (આદિયુગ અને મધ્યયુગ) પ્રસિદ્ધ થઈ ગયા છે અને આ ત્રીજો ગ્રંથ છે, જેમાં ભારતનો સ્વાતંત્ર્યસંગ્રામ આલેખાયો છે. આ ગ્રંથના લેખકો છે સ્વ. મૂળશંકર ભટ્ટ, પ્રા. ચંદ્રકાન્ત પટેલ અને શ્રી ભોગીભાઈ ગાંધી. ત્રણે ય લેખકો

ઇતિહાસના અભ્યાસી અને રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા છે. મૂળશંકર ભટ્ટે સણોસરા અને આંબલામાં સ્વ. નાનાભાઈ ભટ્ટ સાથે કામ કર્યું હતું. પ્રા. ચંદ્રકાન્ત પટેલે ગુજરાત વિદ્યાપીઠમાં વર્ષો સુધી ઇતિહાસના અધ્યાપક તરીકે સેવા આપી છે, જ્યારે શ્રી ભોગીભાઈ ગાંધી પીઢ લેખક અને ઇતિહાસના અભ્યાસી હોવા ઉપરાંત એમણે સ્વાતંત્ર્યસંગ્રામમાં પણ સક્રિય ભાગ લીધો હતો. પુસ્તકનું મૂલ્યાંકન કરતો અભ્યાસયુક્ત 'પ્રવેશક' જાણીતા વિચારક, લેખક અને વક્તા આચાર્ય શ્રી યશવંતભાઈ શુકલે લખ્યો છે.

આ ગ્રંથમાં કુલ ચાર ખંડ છે. પ્રથમ ખંડ 'ઐતિહાસિક ભૂમિકા'માં ત્રણ પ્રકરણ છે, જેના લેખક સ્વ. મૂળશંકર ભટ્ટ છે. પ્રથમ પ્રકરણમાં યુરોપીય પ્રજાઓ કયાં કારણોને લીધે હિંદમાં આવવા પ્રેરાઈ અને હિંદમાં એમણે કઈ રીતે વ્યાપારી અધિકારો મેળવ્યા તે દર્શાવવામાં આવ્યું છે. બીજા પ્રકરણમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ વહીવટીતંત્રની સ્થાપના કરવા જે મથામણ કરી તેનો ખ્યાલ આપવામાં આવ્યો છે. ત્રીજા પ્રકરણમાં અંગ્રેજ સરકારે પોતાના સ્વાર્થને ખાતર હિંદના ઉદ્યોગો અને વ્યાપારને તોડી પાડી હિંદની અર્થવ્યવસ્થા અને લોકોની આર્થિક સમૃદ્ધિને કેટલી હદ સુધી નુકસાન કર્યું તેનો ચિતાર આપવામાં આવ્યો છે. જો કે આ ખંડમાં અંગ્રેજોએ રાજકીય સત્તાનો વિસ્તાર કઈ રીતે કર્યો અને છળકપટ કરી રાજાઓનાં રાજ્યો પડાવ્યાં તે અંગે વિશેષ પ્રકાશ પડાયો હોત તો વધારે યોગ્ય ગણાત.

બીજા ખંડમાં કુલ સાત પ્રકરણ છે, જેમાં લેખક પ્રા. ચન્દ્રકાન્ત પટેલે સ્વાતંત્ર્યસંગ્રામનો ઇતિહાસ આલેખ્યો છે. આ ખંડનાં પ્રકરણોમાં રાષ્ટ્રીય જાગૃતિનાં પરિબળો, રાષ્ટ્રીય કોંગ્રેસનાં પ્રથમ વીસ વર્ષ, સ્વદેશીઆંદોલન, દેશમાં અને વિદેશમાં વિપ્લવવાદી પ્રવૃત્તિઓ, હોમરુલ, ખિલાફત તથા અસહકારની ચળવળ, ક્રિપ્સમિશન વગેરે વિશે વિસ્તૃત માહિતી આપી છે. દરેક પ્રકરણમાં અલગ રીતે કેટલીક વિશેષ માહિતી પણ અપાઈ છે. ઉ. ત. પૃ. ૯૪ ઉપર ગાંધીજીના એડોલ્ફ હિટલર ઉપરના તા. ૨૪-૧૨-૧૯૪૦ના પત્રનો 'થોડોક ઉતારો' આપવામાં આવ્યો છે. આ ઉતારાનો સારાંશ જો પકડીએ તો ગાંધીજી એમાં જણાવે છે, "તમારાં ઘણાં કાર્યો દાનવતા-ભર્યાં અને માનવીગૌરવને ન છાજે એવાં છે. હું જાણું છું કે જીવન વિશેની તમારી દૃષ્ટિ આ પ્રકારની લૂંટોને સારાં કાર્યો તરીકે લેખે છે...અમે અંગ્રેજોના પ્રભુત્વનો વિરોધ કરીએ છીએ. એનો અર્થ એવો નથી કે બ્રિટિશપ્રજાને હાનિ પહોંચે એમ અમે ઇચ્છીએ છીએ. અમે તેમનો હૃદયપલટો કરવાને તાકીએ છીએ, રણક્ષેત્ર પર તેમનો પરાજય કરવાને નહિ". ગાંધીજી આ પત્ર દ્વારા એવી સ્પષ્ટતા કરવા માગતા હતા કે તેઓ વિશ્વયુદ્ધમાં અંગ્રેજોનો પરાજય નહીં પરંતુ વિજય ઇચ્છે છે. આ બાબત અંગ્રેજોને ગમે એટલું જ નહિ પરંતુ હિટલરને દાનવ તરીકે ઓળખાવે તો પણ અંગ્રેજો પ્રસન્ન થાય એ સ્વાભાવિક છે.

ખંડ–૩નાં ત્રણ પ્રકરણોમાં શ્રી ભોગીભાઈ ગાંધીએ સમગ્ર બ્રિટિશ યુગ દરમિયાન મુસ્લિમોની સ્થિતિ અને સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન તેમના પ્રતિભાવોનું આલેખન કર્યું છે. વિશેષમાં મુસ્લિમસુધારકો અને શિક્ષણશાસ્ત્રીઓ વિશે માહિતી અપાઈ છે. ખંડ–૪નાં સાત પ્રકરણોના લેખક પણ શ્રી ભોગીભાઈ ગાંધી છે. આ ખંડમાં એમણે ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને પાકિસ્તાનના મુખ્ય પ્રણેતા મહમદઅલી ઝીણાનાં જીવન અને કાર્યની તટસ્થ તથા

તલસ્પર્શી સમીક્ષા કરી છે. આ બંને ખંડોમાં આઝાદીજંગ વિશેની અપ્રગટ પરંતુ રસિક વિગતો આપવામાં આવી છે. ઉ. ત. પાકિસ્તાનનું અલગ રાજ્ય થવા બદલ મુસ્લિમ લીગનો આભાર માનવા કોઈએ એમને સૂચવ્યું ત્યારે એમણે તુમાખીભર્યા સ્વરે જણાવ્યું હતું, "કોણે તમને કહ્યું કે પાકિસ્તાન મેળવવામાં મુસ્લિમ લીગે કામ કર્યું છે? પાકિસ્તાન તો મેં મારા સ્ટેનોગ્રાફર મારફત મેળવ્યું છે." (પૃ. ૨૨૭)

ચાર ખંડો ઉપરાંત ૧૪ પુરવણી, ૯ ફોટો–ચિત્ર સમુચ્ચય અને વ્યક્તિઓની સૂચિ પણ આપવામાં આવી છે, જે પુસ્તકની ઉપયોગિતામાં વધારો કરે છે. જરૂરી હોય ત્યાં નકશાઓ મૂકવામાં આવ્યા છે. પુસ્તક માહિતી અને મૌલિકતાની દૃષ્ટિએ સમૃદ્ધ છે. છતાં મુખ્ય સંપાદક શ્રી ભોગીભાઈ ગાંધી 'સંપાદકીય'માં જણાવે છે તેમ "આ ગ્રંથ હકીકતે અધૂરો છે. સ્વાતંત્ર્યસંગ્રામમાં પોતપોતાની રીતે ભાગ ભજવનારાં બીજાં અનેક પરિબળો અહીં અણસ્પર્શ્યાં રહ્યાં છે–જેમ કે રાષ્ટ્રીય કૉંગ્રેસમાંના ઉદ્દામો, દેશના અનેક પક્ષો-જૂથો, સમાજવાદીઓ, રૉયવાદી કમ્યુનિસ્ટો અને ટ્રેડ યુનિયનો તથા કિસાનસભાઓ, ઉપરાંત, દેશી રજવાડાંની બેવડી ગુલામી નીચે ભીંસાતી પ્રજાની સ્વાધીનતાની લડતો–આ બધાનું વિવરણ બાકી જ છે જે હવે પછીના ૨૭મા ગ્રંથમાં રજૂ કરવા ધાર્યું છે." (પૃ. VI)

અંતમાં એમ કહી શકાય કે જ્ઞાનગંગાની વિવિધ ધારાઓને ગુજરાતી ભાષામાં વહેતી કરવાનો આ ભગીરથ પ્રયાસ છે. શ્રી યશવંતભાઈ શુક્લે એમના 'પ્રવેશક'માં જણાવ્યું છે તેમ "આ દળદાર ગ્રંથ એક સાથે ઇતિહાસનું અને ઐતિહાસિક સામગ્રીનું બેવડું કર્તવ્ય બજાવે છે." (પૃ. X) સર્વ શૈક્ષણિક સંસ્થાઓએ આ ગ્રંથશ્રેણી વસાવવા જેવી છે.

મુગટલાલ પો. બાવીસી
૪/૪, શ્રી સાંઈ એપાર્ટમેન્ટ્સ
હવાડિયા ચકલા પાછળ,
સૂરત–૩૯૫ ૦૦૩.

* * *

હોળીગીતો : લેખક અને પ્રકાશક : ડૉ. જયાનંદ જોશી, ૧૦/૬૧, રાયચંદ રોડ, નવસારી–૪૫, ૧૯૮૭, આ. ૧, કિંમત : રૂા. ૧૮ = ૦૦. પૃ. ૧૦૨.

પ્રસ્તુત પુસ્તકમાં, રાજપીપલાવિભાગ, વલસાડ-ડાંગ જિલ્લાનાં કેટલાંક હોળીગીતો પ્રકાશિત થયાં છે. 'રાજપીપળાવિભાગની આદિવાસી બોલી અને લોકસાહિત્ય' એ વિષયના પોતાના મહાનિબંધના એક અંશરૂપે 'રાજના આદિવાસી છેલિયા' લેખકે આ પહેલાં પ્રકાશિત કરેલ છે. એના અનુસંધાનમાં આ બીજું પુસ્તક હોળીના તહેવારો દરમ્યાનનું આદિવાસીઓનું આનંદયુક્ત જીવન અને એના ઉદ્‌ગારરૂપે ગવાતાં ગીતોની વિસ્તૃત સમજ આપે છે. વનવાસીઓના વસંત-જ્વરના પર્વરૂપ હોળીમાં રમાતા ઘેરનૃત્યના બે પ્રકારોમાં એના સ્વરૂપની માહિતી સાથે ઘેરનૃત્યના ભાવસ્વરૂપનો પણ પરિચય આપીને લેખકે પોતાની સહૃદયતા અને અવલોકનશક્તિનો પણ પરિચય આપ્યો છે. પ્રકૃતિના સાન્નિધ્યમાં આદિવાસીઓ પોતે જ પ્રકૃતિસ્વરૂપ કેવી રીતે બની રહે છે તેની

ચર્ચા સાથે રીંગણી, મરચી, મોર, તનમનિયા, કાંટા, આંબા અને આંબાહાફૂસી વગેરે ભાવપ્રતીકોની વિશદ છણાવટ લેખકના આદિવાસીઓના જીવનમાં ઊંડા રસની પ્રતીતિ કરાવે છે. આંબાહાફૂસીના પ્રતીકની ચર્ચામાં સામાજિક પ્રશ્નોને પણ સ્પર્શ કર્યો છે.

લેખકે એકત્ર કરેલા એંસી ગીતોના નમૂનાઓમાંથી એકાવન નમૂના રજૂ કર્યા છે. હોળીગીતોનું સ્વરૂપ અને બંધારણની ચર્ચા અભ્યાસપૂર્ણ છે. મૈથિલી હોળીગીતો અને રાજસ્થાની ગીતો સાથેની તુલના લોકસાહિત્યમાં રહેલ સમાનતાના મુદ્દાને સ્પર્શે છે. શબ્દોમાં મરાઠી અસરની લેખકે નોંધ લીધી છે. લોકસાહિત્યનાં અન્ય સંપાદનોમાં મળતા પાઠભેદો પણ અત્રતત્ર જોવા મળે છે. લોકજીવનની લેખકની સમજ શબ્દનાં અર્થઘટનોમાં જોઈ શકાય છે. ગીતો ક્યાંથી પ્રાપ્ત થયાં તેની માહિતી ગીતને અંતે મૂકી છે તે પ્રમાણભૂતતા સૂચવે છે. અર્થની સ્પષ્ટતા માટે લોકબોલીમાં પ્રચલિત શબ્દોના પાદટીપમાં આપેલ અર્થ ઉપકારક નીવડે છે. લોકજીવનમાં રાજપીપલાના મહારાજા વિજયસિંહજીનું સ્થાન 'હોળીનાં કથાત્મક ગરબાગીતો'માં 'વિજયસિંહજીનો ગરબો' દ્વારા જાણી શકાય છે. 'ડાંગીહોળી અને હોળીગીતો'માં 'બાળકોની રમતનું હોળીગીત' લોકસાહિત્યમાં બાળકોના પ્રદાનની માહિતી આપી જાય છે. લોકસાહિત્ય એ આપણો બહુમૂલ્ય સાંસ્કૃતિક વારસો છે. આવાં પુસ્તકોનું લેખન-પ્રકાશન એ વારસાની જાળવણીરૂપ લોકસાહિત્ય બની રહે છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર, **દેવદત્ત જોશી**
મ. સ. યુનિવર્સિટી, વડોદરા.

* * *

નવાં મૂલ્યોની શોધમાં : શુમાખર તથા ટોફ્લરના વિચારોનું દોહન, ગુજરાતીમાં રજૂઆત–ભુવનેશ ઓઝા, પ્ર. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, વડોદરા–૫, ૧૯૮૫, આ. ૧, કિ. રૂ. ૯=૦૦, પૃ. ૨+૭૧.

પ્રવેશકમાં લેખકે જણાવ્યું છે તેમ પુસ્તિકાના પ્રથમ વિભાગમાં ડૉ. શુમાખરના વિખ્યાત પુસ્તક Small is beautifulને અને બીજા વિભાગમાં એલ્વિન ટોફ્લર સાથે થયેલી પ્રશ્નોત્તરીને રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

પહેલા વિભાગમાં–અર્વાચીન જગત, વિકાસનાં સાધનો, ત્રીજું વિશ્વ, તંત્ર અને માલિકી વગેરે પ્રકરણો છે. બીજા વિભાગમાં–આર્થિક માળખામાં મહાપરિવર્તન, ભવિષ્યમાં કામ કેવી રીતે ગોઠવાશે?, જાપાન આદિ રાષ્ટ્રો વિષે ખોટી માન્યતાઓ, મૂડીવાદ અને સમાજવાદની પેલે પાર, માહિતી–પદ્ધતિઓ અને સંદેશાવ્યવહારનું પ્રદાન વગેરે પ્રકરણો સાથે પુરવણીરૂપે 'એલ્વિન ટોફ્લરના જીવનમાં ડોકિયું' છે.

ઉત્પાદન, અઢળક સંપત્તિ, અર્થશાસ્ત્ર, અર્થવ્યવસ્થા, શ્રમ, માનવીય અર્થશાસ્ત્રી અને અર્વાચીન અર્થશાસ્ત્રી, વિજ્ઞાન અને નીતિ, અધ્યાત્મવિદ્યા, અણુવિદ્યુતમથકો, અણુશક્તિનો

કહેવાતો શાંતિમય ઉપયોગ, ટેકનોલૉજી, મોટાં તંત્રો અને નાનાં તંત્રો, બેકારી, જેવા પ્રશ્નોની ચર્ચા આધુનિક જીવનની સમસ્યાઓનો વૈશ્વિક સંદર્ભમાં પરિચય અને ઉકેલ આપે છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર,
મ. સ. વિશ્વવિદ્યાલય,
વડોદરા.

દેવદત્ત જોશી

* * *

નૂતન ગીતાંજલિ : લેખક: ત્રિવેદી ઘનશ્યામ માણેકલાલ, **પ્રકાશક:** શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ, અમદાવાદ–૯, જાન્યુઆરી ૧૯૮૮, પૃષ્ઠ: ૮ + ૧૨૦, કિંમત: રૂા. ૬ = ૦૦

સંસ્કૃત કાવ્યો અને સંસ્કૃત નાટકોનાં પદ્યોના સમશ્લોકી અનુવાદો આપણે ત્યાં સારા પ્રમાણમાં ઉપલબ્ધ છે. પંડિતો અને કવિઓએ તે માટે પ્રશસ્ય પ્રયાસો કર્યા અને તેમાં તેઓને યશ પણ સાંપડ્યો. પરંતુ ગુજરાતી, હિન્દી કે ઈતર ભાષાનાં પદ્યો, સ્તુતિઓ અને પ્રભાતિયાંનો સંસ્કૃતાનુવાદ અથવા સંસ્કૃત છાયા કરવી એ કઠિન પરિશ્રમ માંગી લે તેવું કાર્ય છે. આવું અપ્રતિમ અને પ્રશસ્યતર કાર્ય કરવાનું શ્રેય પ્રસ્તુત પુસ્તકના રચયિતા શ્રી ઘનશ્યામભાઈને ફાળે જાય છે.

તેમણે ભવાઈ જેવા ગુજરાતી નાટ્યપ્રકારને અનુસરી નાટકો રચીને સંસ્કૃત નાટ્યસાહિત્યમાં નવો ચીલો પાડી સમૃદ્ધ બનાવ્યું છે. પરંતુ પ્રસ્તુત ગ્રંથમાં તેમણે ગુજરાતમાં પ્રસિદ્ધ ગીતોને તેમની ગેયતા–રાગ, ઢાળને યથાવત્ રાખીને સંસ્કૃતભાષાનું કલેવર આપ્યું છે.

જેમ કે: વૈષ્ણવજન તો તેને રે કહીએ (૩), જળકમળદળ છાંડી (૪), નાગર નંદજીના લાલ (૫), મારી હૂંડી સ્વીકારો (૭), જાગને જાદવા (૮), ઊંચી મેડી તે મારા સંતની (૯), મા તું પાવાની પટરાણી (૧૩), તમે કિયાં તે ગામનાં ગોરી (૨૨), યશોમતી મૈયાસે (૨૩), ધૂણી રે ધખાવી (૨૭) વગેરે લોકપ્રિય ગીતો સહિત કુલ ૧૧૧ પદ્યોની સંસ્કૃત છાયા આપવાનો પ્રયાસ કર્યો છે.

તદુપરાંત માતૃવંદના (૩૯), અયે ભરતભૂમેઃ પુત્રાઃ (૫૫), સાષ્ટાંગં પ્રણામાઃ (૫૬), સમાન માતૃભૂમિવિષયક ગીતો; સંસ્કૃતસ્ય અધ્યયનં અવશ્યં કરણીયં (૫૨), છાત્રા રે (૬૬) વગેરે જેવા સંસ્કૃતઅધ્યયનમાં રુચિ જગાવનારા ગરબા; વરાકોઽહં ગચ્છામિ (૫૭), અયિ યુવતિ (૭૦), એકા યુવતિઃ એકો યુવા (૭૨), સંયોગે વિયોગઃ (૭૫) જેવાં આધુનિક શૈલીમાં લખાયેલાં અપદ્યાગદ્ય કાવ્યો; શ્રીમદ્ ભગવદ્ ગીતાની આરતી (૧૧૦) અને છેલ્લે ગુરુ ગોવિંદ દોઊ ખડે (૧૧૧)નો સંસ્કૃત અનુવાદ આપીને પુસ્તકની સમાપ્તિ કરી છે.

બધાં ગીતોમાં રસપુષ્ટિ સચવાઈ રહી છે. તેની ગેયતા માટે ઉપયોગી લય, તાલ પણ સચવાયાં છે. છતાં ય કેટલીક સામાન્ય ક્ષતિઓ સુધારી શકાઈ હોત તો પુસ્તક નિર્દોષ બની શકયું હોત. જેમકે:—

૧ ત્વં દેહિ ભદ્રં (૨. ૩)ને બદલે પ્રદેહિ ભદ્રં, ૨ અહં મેવાડસ્ય નિવાસિની (૨૨)ને બદલે અહં મેવાડદેશસ્ય નિવાસિની, ૩ "યશોમતી મૈયાસે બોલે નંદલાલા"ના અનુવાદ કથમહં શ્યામઃ (૨૩)માં પદ્યાનુવાદકની સહેજ સમજફેર લાગે છે. શ્રી બાલકૃષ્ણ તેમની માતાને પ્રશ્ન પૂછે છે અને જશોદા કૃષ્ણને શ્યામપણાનાં કારણો જણાવે છે એમ મૂળ વાતને ફેરવીને રાધા પ્રશ્ન પૂછે છે કે "કૃષ્ણ તમે કેમ કાળા છો?" અને શ્રીકૃષ્ણ તેનો જવાબ આપે છે. તે ત્રણ પંક્તિ આ પ્રમાણે છે:—

> શ્યામવર્ણં કૃષ્ણં પૃચ્છતિ રાધિકા
> અહં તુ ધવલા ત્વં કથં શ્યામઃ (૨)
> સસ્મિતં ઉવાચ કૃષ્ણઃ શૃણુ મમ રાધે (૨)

એ પંક્તિઓને નીચે પ્રમાણે ફેરવીને ફેરફાર કરીએ તો આખુંય પદ્ય ખૂબ સુંદર થાય છે.

> શ્યામવર્ણ કૃષ્ણઃ પૃચ્છતિ જનનીં
> રાધા તુ ધવલા કથમહં કૃષ્ણઃ (૨)
> સસ્મિતમુવાચ માતા શૃણુ મમ પુત્રક (૨).

(૪) યત્ સંસ્કૃત ભાષા મૃતા ચ રે (૫૨)ને બદલે યત સંસ્કૃત ભાષાધુના મૃતા રે.

(૫) સજ્જા ભવન્તુ સર્વે માતુઃ સેવા–અર્થં કર્તવ્યપાલનાર્થં (૫૫)માં લયભંગ થાય છે તે બદલીને સજ્જા ભવન્તુ માતુઃ સેવાર્થં કર્તવ્યાર્થમ્ કરવું.

(૬) રમ્યઃ સુષ્ઠુ સુન્દરઃ સ્વપ્નસ્તુ ભગ્નઃ (૬૦)ને બદલે રમ્યઃ સુષ્ઠુ સુન્દરસ્તુ સ્વપ્નો ભગ્નો યો મે ત્વદીયઃ વગેરે જેવા ફેરફારો કર્યા હોત તો માત્રામેળ કરવા માટે હ્રસ્વને દીર્ઘ અને દીર્ઘને હ્રસ્વ ઉચ્ચારવા ખેંચતાણ કરવી ન પડત.

(૭) દેહિ મેઽગ્નિકણમ્ (૧૦૮)માં 'ચિનગારી' શબ્દ માટે પ્રયુક્ત શબ્દ 'અગ્નિ-કણ' જરા ભારે લાગે છે. અરે ઉપનિષદમાં વિસ્ફુલિંગ શબ્દ વપરાયો જ છે.

(૮) પદ્ય–૧૧૧માં ગુરુગોવિન્દૌ ઉભૌ મિલિતૌ, કસ્મૈ કસ્મૈ કરોમિ પ્રણામાન્. કૃપા હિ ગુરુદેવસ્ય યેન દર્શિતો ગોકુલનાથઃ

અહીં છંદોભંગ તો છે જ પણ સાથે સાથે બે ક્ષતિઓ ચોખ્ખી નજરે પડે છે. કસ્મૈ કસ્મૈ એમ ચતુર્થી વિભક્ત્યન્ત પદ નમઃ ઉપપદની સાથે આવે જ્યારે ક્રિયાપદ તરીકે તો

કર્મવિભક્તિ જ આવે. બીજી પંક્તિમાં 'ગોવિંદ'ને બદલે 'ગોકુલનાથ' શબ્દ કઠે છે. મૂળ પદ્યનો જ પ્રામાણિકપણે સ્વીકાર કરવો ઘટે. ઇષ્ટદેવના નામથી અંતિમ મંગલ કરવાની ઈચ્છા હોય તો સ્વસંપ્રદાયનું કોઈક પદ્ય મૂકી શકાયું હોત. આમ તે પદ્યને કંઈક આ રીતે મૂકી શકાય—

ગુરુગોવિન્દયુગં સ્થિતં કતરં પ્રણમામીહ
ઉપકારો હિ ગુરોર્યેન વિષ્ણુર્નીતોऽક્ષિગોચરમ્.

કોઈ પણ ભાષાના ગેય પદ્યને સંસ્કૃતમાં રૂપાંતરિત કરતી વખતે કે તે જ ઢાળમાં સંસ્કૃત રચના કરતી વખતે એક વાત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. ગુજરાતીમાં કે અન્ય ભાષામાં દીર્ઘને હ્રસ્વ કે હ્રસ્વને દીર્ઘ બોલવામાં વાંધો આવતો નથી, પણ સંસ્કૃતમાં તે અનિવાર્ય છે. તેથી મૂળપદ્યની દરેક પંક્તિની જેટલી માત્રા હોય તેટલી જ માત્રા સંસ્કૃત રચનામાં ગોઠવાય તો ખેંચતાણનો સવાલ ઊભો ન રહે.

ઉદાહરણાર્થે વડોદરાના સુપ્રસિદ્ધ પંડિત વિદ્યાભાસ્કર મણિશંકર વ. ઉપાધ્યાયની 'યશોમતી મૈયાસે'ના ઢાળ પર રચાયેલી સંસ્કૃત રચના અત્રે પ્રસ્તુત કરું છું.

નન્દિનાऽથ નાદિતે મુરજે ઘનશંકી
કલાધરઃ કેકામયોજયત્ કેકી । (૨)
ભયતો ભોગી તદાનીમુપાગાદ્ ભવાનીં (૨)
શિવે પાહિ પાહીત્યવોચદ્ મૃડાનીમ્ ।
સ્મિતેનાऽऽહ લોકમાતા શરણ્યેऽથ શંભો
કુતસ્તે ભયં ભ્રાતઃ સ્વકારુણ્યસિન્ધો (૨)...વગેરે વગેરે.

ઉપર જણાવેલી ક્ષતિઓને નગણ્ય કરવામાં આવે તો પુસ્તક ઉપયોગી છે અને ખાસ કરીને શાળાના વિદ્યાર્થીઓને ગવડાવવા માટે અને તે દ્વારા સંસ્કૃત પ્રચાર–પ્રસારમાં સારું માધ્યમ પૂરું પાડવામાં અવશ્ય આવકારદાયક રહેશે. તેનાં ગીતોની મીઠાશ અને લયબદ્ધતા સદૈવ કંઠાભરણ બની રહેશે એવી શુભેચ્છા.

સંસ્કૃત વિભાગ જયદેવ જાની
કલાસંકાય, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા.

* * *

કિશોરકેસરી : કર્તા–પૂજાલાલ, પ્રકાશક–પૂજાલાલ, શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી–૬૦૫ ૦૦૨. (દ. ભારત); મુદ્રક : વિનય પ્રિન્ટિંગ પ્રેસ, વાળંદની વાડી, પ્રકાશ સીનેમા પાછળ, અમદાવાદ. મૂલ્ય રૂ. ૬ = ૦૦.

ગુજરાતી કાવ્યસાહિત્યમાં કવિશ્રી પૂજાલાલે અનેક પ્રકારનાં કાવ્યો લખ્યાં છે. આંતરચેતના પ્રત્યે અભિમુખ હોય તેવી વ્યક્તિઓમાં કવિશ્રી પૂજાલાલનું સ્થાન ઘણું ઊંચું છે. બાલ-કિશોરો માટેનાં એકાણું કાવ્યોના આ સંગ્રહમાં પ્રતિભાશીલ, સર્જક કવિ શ્રી પૂજાલાલ 'કાનનની વિશાળતામાં વિહાર' કરાવે છે.

પ્રભુને અનુલક્ષીને લખાયેલાં 'બાલપ્રાર્થના', 'મારો મારો મારો', 'પ્રભુનું જગત', 'ભોળાનાં', 'બોલાવે છે', 'રામને આરામે', અને 'કોણ?' કાવ્યોમાં પ્રભુજીને પ્રેમના પ્રણામ સ્વીકારવાનું કહી દિવ્ય આશિષ દ્વારા ઈશ્વર સાથે એકતા સાધવાનું સૂચવે છે. આખું જીવન પ્રાર્થનામય કરવાનું કહે છે. પ્રાર્થનાથી સંયમ દ્વારા આત્માનું બલ વધે છે. આકાશની સુંદરતા અને ભવ્યતાનો ખ્યાલ કવિ 'કોણ?' કાવ્યમાં આ રીતે વ્યક્ત કરે છે:

"ઓહો! આવડું મોટું ઓલું આભ!
કોણ ત્યાં રહેતું હશે?
જોઉં આભના ગાભ પર ગાભ
કોણ લહે લહેતું હશે?
તારા ઉપર તગે બીજા તારા
જાણે મોતીના કયારા પર કયારા!"

આમ કવિએ આ સૃષ્ટિને સાનંદકુતૂહલ નયને નિહાળી ચિંતન અને મનન દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાની કલા રજૂ કરી છે. અહીં પ્રશ્ન દ્વારા ઉત્તર પણ સૂચવી શકાય એવી કવિની સિદ્ધિ એમની શબ્દકલામાં વ્યક્ત થાય છે.

'ભગવતી માતા', 'તારો જ તારો' અને 'જગદંબા'નાં કાવ્યોમાં માનાં દર્શન પરમ સુખદ અને મંગલકારી છે એમ દર્શાવ્યું છે.

દેશાભિમાનનાં 'હિંદી અમે', 'હિંદ મારો છે દેશ', 'આઝાદ ભારતના', 'બાલજોધ', 'ચીનની દગાખોર ચડાઈ વખતે', 'પેકિંગ સુધી', 'ચડાઈ ચડાઈ', 'રણમોઝાર રણમોઝાર', 'પુત્રને માની રણ-વિદાય', 'ચાલો જઈએ ગોવા', (ફિરંગીઓ સામેની ઝુંબેશ સમયે લખાયેલું), 'ફિરંગીઓને', 'એક અવાજે', 'બાવનવીર', 'આગે બઢો!' કાવ્યોમાં નિર્ભયતા, હિંમત અને ફના થવાની તૈયારી એ સૌ વીરત્વનાં લક્ષણો વ્યક્ત થાય છે.

'બાલજોધ' કાવ્યમાં દુનિયાને દંગ કરનાર વીર કેવો હોય તે દર્શાવ્યું છે.

"છો લાખ આવે મુજ સામે
સવાલાખ સરખો હું હામે
માને નામે મરદતણું મુજ
માથું યે આપીશ.!"

'રણમોઝાર રણમોઝાર' અને 'પુત્રને માની રણ–વિદાય' કાવ્યોમાં કવિએ વીરરસ બહેલાવ્યો છે. આ બન્ને કાવ્યોમાં કેટલીક પંક્તિઓ લગભગ સરખી જ છે. 'રણમોઝાર રણમોઝાર' કાવ્યમાં કવિ કહે છે:

"ભરો કદી ના પાછી પાની
જાનતણી કરવી કુરબાની
ધર્મધજાનું રક્ષણું કરતાં
વિજયમાળ કે વિમાન વરજો રણમોઝાર રણમોઝાર"

અહીં રસની દૃષ્ટિએ કવિશ્રી ન્હાનાલાલનું 'વીરની વિદાય' કાવ્ય યાદ આવે છે.

'ફિરંગીઓને' કાવ્યમાં ભારતની શક્તિનો પરિચય કરાવ્યો છે. 'નાનકડો નટવર' કાવ્યમાં કવિની કલ્પના ઉત્પ્રેક્ષા દ્વારા વ્યક્ત થાય છે.

"દોડે છે ત્યારે બાલ–મૃગલું દોડયું જાણે
પાળીને પોષવા જેવું"

'ઉજાણીએ' કાવ્યમાં કવિની વિગતપૂર્ણ શબ્દચિત્ર આલેખવાની શક્તિનો પરિચય થાય છે. 'આવતી કાલ' કાવ્યમાં આવતી કાલ તો 'મડદાલ' જેવી છે એટલે 'આજ સાથ પ્રીતિ છે.'

'હિંદી છું હું' અને 'આઝાદ હિંદુસ્તાન' કાવ્યોમાં વિદ્યાકલાઓનો વિકાસ અને નવસર્જનોનું વર્ણન કરી આઝાદ હિંદુસ્તાનનો મહિમા વ્યક્ત કર્યો છે.

ઝૂલણાના લયમાં 'વિજય' કાવ્ય રજૂ કર્યું છે. કવિ કહે છે:

"ના ગયા હોય જ્યાં કોઈ તું જા તહીં
પરમ પદ પામ, ન વિરામ બીજે કહીં."

'આપું આમંત્રણ' કાવ્યમાં કોઈ જ્યાં ગયા નથી ત્યાં જવા માટે આમંત્રણ આપે છે. જલદીથી જવું છે એટલે

"વાર કરો ના, યાર ઉતાવળા થાઓ લેવાને લહાવો."

'ચાર ચોબા' કાવ્યમાં હાસ્ય દ્વારા મથુરાથી આવેલા ચાર ચોબાઓનું શબ્દચિત્ર ઉપસાવ્યું છે.

"ચાલે છે હાથીની ચાલે એ ત્યારે ઝૂલે છે દુંડ ઉદાર,
અધમણિયા ને મણિયા દૂધપાકે ખાલી નથી એ લગાર."

'દાદાજીનો લીમડો' કાવ્યમાં લીમડો કડવો છે પણ ગુણમાં મીઠો છે એ ભાવ વ્યક્ત કર્યો છે. 'વાછડો ઘૂઘરિયાળો' કાવ્યમાં ઉપમા દ્વારા વાછડો કેવો છે તે દર્શાવ્યું છે:

"દૂધિયલ ફીણુ શો ધોળો આ વાછડો ઘૂઘરિયાળો."

'ફૂલ! હસે છે કેમ!' 'રૂપાળાં', 'અમને વા'લાં ફૂલ' અને 'એ ફૂલડાં!' કાવ્યોમાં ફૂલડાંના રંગોની ઝલક અને સૌરભ મહેકે છે.

'મગરની મસિયાઈ' કાવ્યમાં નાનાં મોટાં જંતુના કાળ જેવી ઘરોળીનું વર્ણન વિસ્તારપૂર્વક કર્યું છે. 'શિયાળાને પડકાર', 'આવી ઉતાવળી વસંત', અને 'વસંત આવી', કાવ્યોમાં વિવિધ સુંદર ચિત્રાંકનો જોવા મળે છે.

'આવી ઉતાવળી વસંત' કાવ્યમાં શિયાળાની અસહ્ય ઠંડી સામેનો કંટાળો દૂર કરવા કવિ પ્રથમ પંક્તિમાં જ 'ટળ્યો શિયાળો' એમ કહે છે જાણે હાશ હવે એ નહિ આવે એ ભાવ 'ટળ્યો' શબ્દમાં વ્યક્ત થાય છે અને હવે જેની રાહ જોવાય છે એવી 'ઉતાવળી વસંત' આવી રહી છે. હૂંફાળા વાયરાથી એ બધાને હસાવે છે અને કુંજકુંજમાં વિલસે છે. 'વસંત આવી' કાવ્યમાં 'સંગીતોના જલસાઓમાં' વસંત રમતી આવે છે. કાવ્યની અંતિમ પંક્તિઓમાં કવિ કહે છે:

"વનવન અવનવ આગ લગાડી
જોબનવંતી જાય અગાડી
જગતે જીવન-ઝલક જગાડી
તૃપ્તિ દેતી ભમતી
કાન્ત-કલેવર કામણગારી
વસંત આવી રમતી."

'ઘનઘોર' કાવ્યમાં મેઘરાજને ગાજવીજ સાથે 'રેલમછેલ મચાવી' મૂકવા પ્રાર્થના કરે છે.

'ઝરણું' કાવ્યની શરૂઆતની પંક્તિઓમાં સંગીત અને નૃત્યના ભાવો શબ્દોમાં અસરકારક રીતે આ પ્રમાણે વ્યક્ત થાય છે:

"ઝમઝમ કરતું ઝરણું જાતું રમઝમ રમણે રાચે;
થનન થનન થન મગન મગન મન નવ નવ નાદે નાચે.
લોલ લહરીઓ લહરાતું, લસબસ લસબસ કરતું
ગીતો પર ગીતો ગાતું ને હૈયું મારું હરતું."

કાવ્યને ઉપકારક થઈ શકે એ રીતે કવિ ભાષા અને ભાવ ઉપરના પ્રભુત્વથી ભાવાનુકૂલ વર્ણો પસંદ કરે છે.

'પ્યારાં પંખીડાં' કાવ્યમાં વિવિધ રંગની પાંખવાળા અને 'નમણી નિર્મળ' આંખવાળા પંખીડાને પોતાની સાથે રહેવા માટે આમંત્રે છે. 'દેવોના દેશના' કાવ્યમાં

કિરસ્નાઓને 'ભત્રભત્રની ભેટ' લેવા દેવા કવિ આમંત્રે છે. 'ચાંદલિયો', 'અપ્સરા', 'આકાશગંગા', 'આકાશના તારા', 'રે કોણે?' કાવ્યોમાં આકાશનું સૌંદર્ય અને વૈભવ વ્યક્ત થાય છે.

'આવ દિવાળી આવ', અને 'દશ ઉપર બે' કાવ્યોમાં જીવનનો ઉલ્લાસ વ્યક્ત કરી 'નવ વર્ષ' કાવ્યમાં

"સીંચી સુધા દે સ્નેહની તું બંધુતા બહલાવજે!"

એમ કહી મિત્રતાની ભાવના વ્યક્ત કરી છે.

આમ, વિવિધ ભાવોને નવી દૃષ્ટિથી રજૂ કરવાની કલામાં કવિની વિશિષ્ટતા છે.

વિષયનિરૂપણ અને ભાષાની દૃષ્ટિએ આ કાવ્યોનું અધ્યયન રસપ્રદ બનશે.

પુષ્પા પરીખ

'યમુનાકુટીર'
૧૪, જોયાગેટ સોસાયટી
પ્રતાપનગર
વડોદરા–૪

* * *

: સાભાર સ્વીકાર :

૧ **સંસ્કૃત વાક્યસંરચના :** લે. વી. એમ. ભટ્ટ, પ્ર. અશ્વિનકુમાર બી. શાહ, સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના, રતનપોળ, અમદાવાદ, પૃ. xvi + ૫૧૨, કિંમત : રૂા. ૮૫ = ૦૦

૨ **આ શહેરમાં (સુરેશ દલાલનાં નગરકાવ્યો) :** સં. જયા મહેતા અને ઉત્પલ ભાયાણી, પ્ર. મિહિકા પબ્લિકેશન્સ, ૧૩૩ હસા મહાલ, દલામલ પાર્ક, પ્રેસિડન્ટ હોટલની પાસે, કફ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૫, પૃ. ૨૬ + ૧૦૯ + ૩, કિંમત : રૂા. ૩૫ = ૦૦.

૩ **ચારુચયન (કવિશ્રી ડાહ્યાભાઈ પટેલનાં ચૂંટેલાં કાવ્યો) :** સં. જેઠાલાલ ત્રિવેદી, પ્ર. કાન્તિલાલ ગોવિંદલાલ શાહ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૨૪ + ૩૦૪, કિંમત : રૂા. ૭૦ = ૦૦.

૪ **ભટનું ભોપાળું : સ્રોત અને સંદર્ભ :** લે. મનોજ દરૂ, પ્ર. આરતી થિયેટર્સ, સરસપુર કૉલેજ છાત્રાલયનું મકાન, મિરઝાપૂર, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૧૬૦, કિંમત : રૂા. ૨૫=૦૦.

૫ **ઋતુકલ્પ :** લે. દાઉદ જરગેલા 'કંટક', **પ્ર.** ઉપર મુજબ પૃ. ૮૮, કિંમત : ૨૦=૦૦

૬ **રુય્યકનો અલંકારવિચાર :** લે. અજિત ઠાકોર, **પ્ર.** કુલસચિવશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર–૩૮૮ ૧૨૦, પૃ. ૮ + ૧૧૬ + ૪, કિંમત : રૂા. ૨૭ = ૦૦

૭ **કૃષ્ણચંદ્ર ભટ્ટાચાર્યનું તત્ત્વચિંતન :** લે. હરસિદ્ધ મ. જોષી, **પ્ર.** અધ્યક્ષ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૩૮૦ ૦૦૬, પૃ. ૧૪ + ૨૬૦ + ૨, કિંમત : રૂા. ૩૮ = ૦૦.

૮ **લોકનાટ્ય–ભવાઈ :** લે. કૃષ્ણકાન્ત કડકિયા, **પ્ર.** એમ. પી. જડિયા, કાર્યકારી કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૩૮૦ ૦૦૯, પૃ. ૧૨ + ૧૭૪, કિંમત : રૂા. ૨૧ = ૦૦.

૯ **શ્રી હેમચન્દ્રાચાર્ય અને તેમણે રચેલ શ્રી મહાદેવબત્રીશી–સ્તોત્ર :** લે. શીલચન્દ્ર વિજયજીગણિ, **પ્ર.** જૈન ગ્રન્થ પ્રકાશન સમિતિ, ખંભાત, પૃ. ૨૪, કિંમત : રૂા. ૫ = ૦૦.

૧૦ **હેમસ્વાધ્યાયપોથી :** સંયોજન, અક્ષરલેખન અને અનુવાદક શીલચન્દ્ર વિજયજી-ગણિ, પ્ર. ઉપર મુજબ, પૃ. ૧૬૬, કિંમત : રૂા. ૪૦ = ૦૦.

રજીસ્ટ્રાર, શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ ૧, નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ–૪૦૦ ૦૨૦ નાં પ્રકાશનો.

૧૧ **ધૂમકેતુ અને દ્વિરેફ વાર્તાયન :** સં. સુરેશ દલાલ, પૃ. ૧૫ + ૯૨, કિંમત : રૂા. ૪૦ = ૦૦.

૧૨ **ધીરુબહેન પટેલ–કુંદનિકા કાપડિયા (વાર્તાયન–૨) :** સં. સુરેશ દલાલ અને જયા મહેતા, પૃ. ૧૬ + ૮૦, કિંમત : રૂા. ૪૦ = ૦૦.

૧૩ **અરસપરસ :** લે. પન્ના નાયક, પૃ. ૧૨ + ૧૩૪, કિંમત : રૂા. ૫૦ = ૦૦.

૧૪ **ઘનશ્યામ દેસાઈ + ઉત્પલ ભાયાણી :** સં. સુરેશ દલાલ અને જયા મહેતા, પૃ. ૧૬ + ૫૨, કિંમત : રૂા. ૪૦ = ૦૦.

૧૫ **કાવ્યછટા :** સં. સુરેશ દલાલ અને જયા મહેતા, પૃ. ૪ + ૬૪, કિંમત : રૂા. ૧૫ = ૦૦

૧૬ **ગદ્યછટા :** સં. સુરેશ દલાલ અને જયા મહેતા, પૃ. ૨ + ૮૨, કિંમત : રૂા. ૨૦ = ૦૦

Regd. No. 9219/63

મુદ્રક : શ્રી પ્રહ્લાદ નારાયણ ભાવાસ્ટાવ, મેનેજર, ધી મ. સ. યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહલ રોડ, વડોદરા; સંપાદક અને પ્રકાશક: મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા વતી ડૉ. રામકૃષ્ણ તુ. વ્યાસ, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા-૩૯૦ ૦૦૨, ડીસેમ્બર, ૧૯૯૦.